
જગત્સુહૃદ્



શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ
અમદાવાદ





જગત્સુહૃદ્

શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ,
અમદાવાદ

જગત્સુહૃદ્ રંગ અવધૂત

(જીવન-કવન-દર્શન)

લેખનસહયોગ

પ્રો. ડૉ. શ્રીમતી ઉમા દેશપાંડે

શ્રીમતી શ્રુતિ ત્રિવેદી

શ્રી દિનેશ પાઠક

શ્રી રંગપ્રસાદ પાઠક

શ્રી નવીનભાઈ પાઠક

શ્રી વિકલભાઈ પાઠક (કીર્તનકેસરી)

ડૉ. દેવદત્ત જોષી

પરામર્શન : સંપાદન : સંવર્ધન

ડૉ. ધીરુભાઈ જોષી

ડૉ. સુભાષ દવે

સંયોજન :

ડૉ. ઈન્દુભાઈ દવે

પ્રદ્યુમ્નભાઈ પટેલ

શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્
પરસ્પરદેવો ભવ



જગત્સુહૃદ્

જગત્સુહૃદ્ રંગ અવધૂત

(જીવન-કવન-દર્શન)

પ્રકાશનહક્ક : શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટ, મેડીકેર, ટાઉનહૉલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

આવરણ : શ્રી અરવિંદ પટેલ, એરિસ ગ્રાફિક્સ, અમદાવાદ

મુદ્રણ : સૂર્યા ઑફસેટ, આંબલીગામ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

પ્રકાશનતિથિપર્વ : અક્ષયતૃતીયા, ચતુર્થી વિ. સં. ૨૦૫૮ (૧૫/૧૬મી મે, ૨૦૦૨)


પ્રતસંખ્યા : ૧,૫૦૦

પ્રાપ્તિસ્થાન : (૧) નારેશ્વરસંસ્થાન
(૨) શ્રીરંગમંદિર, ભાગવત વિદ્યાપીઠ, સોલા.
(૩) શ્રીદત્તમંદિર, સેક્ટર-૨૮, ગાંધીનગર
(૪) શ્રી અવધૂત કુટીર, લીંચ, જિ. મહેસાણા
(૫) શ્રી રંગ અવધૂત સાહિત્ય કેન્દ્ર, બી.એચ. કોમ્પ્લેક્ષ, ઉત્કર્ષ પેટ્રોલ પંપ, કારેલી બાગ, વડોદરા

અર્પણ



જગત્સુહૃદ્



''सर्वं ब्रह्मरसात्मकम् भगवते देवाय तस्मै नमः''

– જયંતીલાલ આચાર્ય

❖

એવી આશિષ આપ રંગા ! એવી આશિષ આપ,
પગલે પગલે ચાલી તારાં, કરીએ મન નિષ્પાપ !

X X X

માનવતાના ભાવો ભરીએ, હૈયું એવું આપ !
મસ્તી એવી રેલંછેલે, જાઓ સૌ સંતાપ,
રંગા ! જાઓ સૌ સંતાપ.
બાળક તારાં લાયક બનીએ, જેવો તું છે બાપ.

– ધીરુભાઈ જોષી

❖

ભવ્ય પ્રેરણા આ નિઃસ્વાર્થ પ્રવૃત્તિની દીધી જેણે,
વિનમ્ર ભાવે સૌ ધરીએ આ સઘળો યશ એને ચરણે !
રંગ અમોને થાય કદી ના અહંતણો ઉન્માદ રે !

– વિઠ્ઠલભાઈ પાઠક

॥ ॐ श्रीरङ्ग अवधूताय नमः ॥



જગત્સુહૃદ્

સંકલ્પફલન

લિંચનિવાસી પૂ. પ્રેમ અવધૂતજીની પ્રેરણા અને આશિષથી 'સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત સંશોધન પ્રકલ્પ' શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટે હાથ ધરેલો છે. એ પ્રકલ્પનું પ્રથમ પુષ્પ 'શરણાગતનો તારણહાર' વિ.સં. ૨૦૫૮, કાર્તિક સુદ નોમને દિવસે શ્રીરંગજયંતીપર્વનિમિત્તે નારેશ્વરસ્થાનમાં સમસ્ત અવધૂત પરિવારની હાજરીમાં પૂ.નરહરિદાદાના હાથે શ્રી રંગપ્રભુનાં ચરણોમાં સમર્પિત કર્યું હતું. વિ. સં. ૨૦૫૮, મહા સુદ, વસંતપંચમીના પર્વે તે ગ્રંથની બીજી આવૃત્તિ પણ લોકાર્પિત કરવાનો અવસર પ્રાપ્ત થયો. અવધૂતપરિવારે ગ્રંથને ઉમળકાથી આવકાર્યો છે, એનો સંતોષ લઈ, સૌનો આભાર માનવાની તક લઉં છું.

આજે ફરી એવો બીજો અવસર આવ્યો છે, સંકલ્પફલનનો.

શ્રીરંગપ્રભુનું એક અપૂર્વ જીવનચરિત્ર તૈયાર થાય તો પ્રગટ કરવાનો સંકલ્પ હતો. 'સશ્રીઅસંપ્ર'ના ઉપક્રમે બીજા પુષ્પરૂપે 'જગત્સુહૃદ્' શીર્ષકથી પ્રસિદ્ધ થતા ગ્રંથનિમિત્તે એ સંકલ્પ આજે સાકાર થાય છે, ત્યારે સદ્‌ગુરુની નિઃશેષ કૃપાવર્ષાનો અનુભવ ઝીલતાં ભાવવિભોર થાઉં છું.

અવધૂત નિવાસ ટ્રસ્ટ નારેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી મુ.ડૉ. ધીરુભાઈ જોષી અને અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટના સભ્ય મુ.ડૉ. સુભાષ દવેના અથાક શ્રમ વિના સંકલ્પફલનનો આ અવસર ક્યારેય ન આવી શકત એમ હું અતિશયોક્તિ કર્યા વિના સ્વીકારું છું. બંને સદ્‌ગુરુબન્ધુઓનો આ કાર્ય માટે સહૃદયી સથવારો મળ્યો છે. બંનેને પૂજ્યશ્રી નિઃશ્રેયસ માર્ગે ઝડપી પ્રગતિ કરાવે, એવી કૃતજ્ઞતાનાભાવથી પ્રાર્થના કરું છું. અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વરના પ્રમુખ વંદનીય મુ. જયંતીલાલ આચાર્યજીએ 'આવકાર' વચનો આપી મને ઉપકૃત કર્યો છે. ડૉ. શ્રીમતી ઉમાબેન દેશપાંડે, શ્રીમતી શ્રુતિ ત્રિવેદી, શ્રી દિનેશભાઈ પાઠક, શ્રી રંગપ્રસાદ પાઠક, શ્રી નવીનભાઈ પાઠક શ્રી વિઠ્ઠલભાઈ પાઠક અને ડૉ. દેવદત્ત જોષીએ આ ગ્રંથનિર્માણમાં સક્રિય લેખનસહયોગ



જગત્સુહૃદ્

આપ્યો છે, તે બદલ હૃદયપૂર્વક તેઓ સૌનો આભાર માનું છું.

નારેશ્વરમાં 'શ્રી રંગસેવાસદન'નું નિર્માણ કરી મારો વાનપ્રસ્થી નિવાસ શ્રીરંગપ્રભુની ભક્તિમાં ગાળવાનો મારો સંકલ્પ આજથી અમલમાં મૂકવાનોય આ અવસર છે. એક નવું પ્રકરણ મારી જીવનકૃતિનું શરૂ થાય છે. શ્રીરંગપ્રભુદત્ત, મારા જીવનની આ ધન્ય ક્ષણ છે. માતા-પિતાનું પુણ્યકારી સંસ્કારબીજ પૂ. મોટાભાઈ દિનેશભાઈ અને અરુણભાઈ દ્વારા દેખભાળભરી માવજતથી અને સદ્‌ગુરુકૃપાની વર્ષાથી અંકુરિત થતું હું અનુભવું છું. મારાં પત્ની અ.સૌ. પન્ના અને મારાં સંતાનોનો સંવાદી સૂર મારા જીવનને તપઃશીલ રાખે એવી નમ્રતાપૂર્વક અંતઃકરણથી અપેક્ષા રાખું છું.

શ્રીરંગ ચૅરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં સર્વશ્રી મુ. નવનીતભાઈ પાઠક, જિતુભાઈ ઠક્કર, પ્રદ્યુમ્નભાઈ પટેલ, મુ. વિષ્ણુભાઈ પારેખ, નીતિનભાઈ પટેલ, અંબાલાલભાઈ પટેલ વગેરેનો સક્રિય સહકાર મારું બળ રહે છે.

મુદ્રણશુદ્ધિની સેવાઓ પ્રો. કુલીનભાઈ ઉપાધ્યાય, નરોત્તમભાઈ પટેલ અને શ્રી ટી. આર. જોષીએ આપી મને ઉપકૃત કર્યો છે. બંને સંપાદક મહાનુભાવોએ પણ છેલ્લી નજર મુદ્રણશુદ્ધિ માટે મારા આગ્રહવશ શ્રમ લીધો છે તેનાથી હરખાઉં છું.

'જગત્સુહૃદ્'ના પ્રકાશન માટે પ્રાપ્ત આર્થિક સહયોગ નીચે પ્રમાણે છે :

રૂ. ૨૫,૦૦૦-૦૦	શ્રી રતિલાલ જેઠાલાલ પંડ્યા તથા પરિવાર (અમેરિકા)
રૂ. ૧૦,૦૦૦-૦૦	શ્રી અવધૂત પરિવાર, લીંચ (ઉત્તરગુજરાત)
રૂ. ૧૦,૦૦૦-૦૦	શ્રી દશરથસિંહ ઝાલા (અમદાવાદ)

ટ્રસ્ટ વતી સર્વનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સૂર્યા ઑફસેટના માલિક શ્રી જિતેન્દ્ર પુરોહિત અને શ્રી મુદ્રેશ પુરોહિત અને તેમના કર્મચારીમંડળના સ્નેહસહકારથી 'જગત્સુહૃદ્'નું પ્રકાશન નિર્ધારિત દિવસે લોકાર્પણ પામે છે, એ માટે સૌનો આનંદપૂર્વક આભાર માનું છું.

ઈન્દુભાઈ દવે
શ્રીરંગ ચૅરિટેબલ ટ્રસ્ટ,
અમદાવાદ

શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

ઉદ્દેશ : આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ



જગત્સુહૃદ્

પ્રવૃત્તિઓ :
- રક્તદાન, રોગનિદાન કેમ્પ્સનું આયોજન
- ભૂકંપ, અતિવૃષ્ટિ જેવી દૈવી આપત્તિઓના ભોગ બનેલાઓને સહાય-સેવા
- જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર અને સહાય
- નારેશ્વર, ગરુડેશ્વર, ગોધરા (પૂજ્યશ્રીનું જન્મધામ) હરદ્વાર જેવાં તીર્થક્ષેત્રોના પ્રવાસનું આયોજન
- ચોવીસ કલાક માટેનું અખંડ નામસ્મરણ-આયોજન
- જ્ઞાનશિબિરઆયોજન
- આધ્યાત્મિક ભજન સાહિત્યની કેસેટ્સ તૈયાર કરાવવી
- પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજશ્રી વિરચિત દુર્લભ સાહિત્યનું પુનઃ પ્રકાશન હાથ ધરવું
- **આજ સુધી પ્રકાશિત ગ્રંથો અને કેસેટ્સ**

૧. અવધૂતી મસ્તી ભા. ૧, ૨, ૩ લેખક જમિયતરામ અધ્વર્યુ (નવી આવૃત્તિ)
૨. નિત્યદર્શન (ચિત્રાવલિ)
૩. શરણાગતનો તારણહાર : સંપાદન : ડૉ. ધીરુભાઈ જોષી અને ડૉ. સુભાષ દવે
૪. દિવ્યદૃષ્ટિ (ચિત્રાવલિ)
૫. જગત્સુહૃદ્ : સંપાદન : ડૉ. ધીરુભાઈ જોષી અને ડૉ. સુભાષ દવે
૬. કેસેટ્સ : (૧) પૂજ્ય શ્રી રંગ અવધૂતજીનાં ભજનો (૨) દત્તનામસ્મરણ (૩) રંગ અવધૂત રે રંગ અવધૂત (૪) ૐ શ્રી રંગ અવધૂતાય નમઃ
૭. શ્રી રંગ સેવાસદન, નારેશ્વર નર્મદાતટ

- મૌનમંદિર
- ઉપાસના કેન્દ્ર, આધ્યાત્મિક શિબિરો, સત્સંગભજન, યુવા સંસ્કાર શિબિર વગેરેનું આયોજન
- નારેશ્વર (લીલોડ, સાયર, દીવાબેટ વગેરે) પરિસરના ગામડાંનાં બાળકોને વિદ્યોત્તેજક સહાયો
- આધ્યાત્મિક પુસ્તકાલય.

ॐ श्रीरंगः प्रसन्नोऽस्तु

આવકાર



જગત્સુહૃદ્

'જગત્સુહૃદ્' (જીવન-કવન-દર્શન) ગ્રંથનું રચન અને પ્રકાશન સમસ્ત અવધૂતપરિવારને પ્રસન્ન કરશે, એ સાથે સૌ કોઈ આધ્યાત્મિક પિપાસુઓને પણ પ્રેરણા આપશે.

પૂજ્યશ્રી રંગ અવધૂત બાપજીના જીવન વિશે નાના-મોટા ચરિત્રગ્રંથો લખાયા છે; પણ મહાપુરુષોનાં ચરિત્રો તો લખાતાં જ રહેવાનાં; લખાતાં રહેવાં જોઈએ પણ. વિભૂતિઓનાં વિરાટ વ્યક્તિત્વને શબ્દબદ્ધ કરવામાં કસોટી થતી હોય છે. 'જગત્સુહૃદ્'નું લેખકવૃંદ એ કસોટીમાંથી સફળતાપૂર્વક બહાર આવ્યું છે. 'શ્રીરંગપત્રમંજૂષા' ભા. ૧, ૨ ગ્રંથમાં પૂજ્યશ્રીના મિત્રો પરના પ્રાયઃ અને અલ્પસંખ્યામાં કેટલાક મહાનુભાવો પરના પત્રોનો સંચય પ્રગટ થયો છે. કિશોરાવસ્થા અને તરુણાવસ્થાની વ્યક્તિત્વછબી, આ પત્રોમાંથી પમાય છે. 'જગત્સુહૃદ્'નાં સર્જનમાં 'અનાર્ય'માંથી 'આર્ય' અને 'અક્ષરજીવન'નાં પ્રકરણોનાં લખાણોમાં એ વ્યક્તિત્વછબી સમર્પક શ્રદ્ધેયતાથી જીવંત બની છે. પ્રકરણ-૩માં 'અવધૂતદર્શન' રજૂ થયું છે. એમાં 'અમર આદેશ' અને 'અવધૂતી આનંદ' ગ્રંથોનો એવો જ સમર્પક વિનિયોગ થયો છે.

સંસ્કાર-ઉત્કર્ષની ખેવનાવાળા સૌ કોઈ શિષ્ટજનોને આ ગ્રંથમાંથી પસાર થવાનો પ્રસંગ આવે તો માનવતા-પ્રેમી એક મહામાનવની મૂર્તિની ઓળખ કરવાનો મનગમંત પ્રસંગ પોતાને મળ્યાની ધન્યતાનો અનુભવ કરશે એ એવો મને વિશ્વાસ છે.

એક અનોખી દૃષ્ટિએ આ ગ્રંથ રચાયો છે, એવી મને પ્રતીતિ થાય છે. પ.પ.પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજના હૃદયશરણે પૂજ્યશ્રીનું જીવન સમર્પિત હતું. 'શ્રી વાસુદેવનામસુધા' ગ્રંથમાં પોતાના આ સદ્‌ગુરુને વંદનાપૂર્વક કૃતજ્ઞતાનું નિવેદન કરતાં પૂજ્યશ્રીએ લખ્યું છે કે 'અનાર્યમાંથી' 'આર્ય' મને કરનાર સદ્‌ગુરુ શ્રીવાસુદેવને હું નમસ્કાર કરું છું. સદ્‌ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા જીવનભર જીવવામાં જે તપશ્ચર્યામાંથી તેઓશ્રીને પસાર થવાનું બન્યું, અને જે શિખરે પહોંચાયું તેનો આલેખ, આત્મકથાની ગરજ સારે તેવા પૂજ્યશ્રીના પત્રો વડે જ આ પ્રથમ બે પ્રકરણોમાં છે. ભગવાને જ એમના પિતાશ્રીને કહ્યું હતું કે 'મારે તારે ત્યાં જન્મવું છે.' આ હકીકતને ધ્યાનમાં રાખીએ તો આ મહામાનવ એક ભગવદાવતાર જ હતા, એમાં શંકા નથી.

પરંતુ તેમણે તો એક સામાન્ય મનુષ્ય તરીકે જન્મ ધરીને ક્રમે ક્રમે અવતારી પુરુષ તરીકે પ્રસ્થાપિત થયા, એ રીતે જીવનવ્યવહાર ચલાવ્યો છે, જેથી તેનું અનુકરણ કરનાર પણ દૈવી માનવ બની શકે. બીજા પ્રકરણમાં અક્ષર-આરાધનનો આલેખ પ્રથમવાર જ આવો સુરેખ રીતે પ્રાપ્ત થયો છે. વળી, આવી ગ્રંથમીમાંસાઓ એક જ સ્થળે પહેલીવાર મળે છે. 'અવધૂતીદર્શન'માં ક્ષર-અક્ષર-અક્ષરાતીતની ભૂમિકાએ અવધૂતનું દર્શન કરાવી અલૌકિક છતાં લોકગમ્ય ઉડાનવાળી વિચારધારા પ્રસ્તુત થયેલી છે. પરિશિષ્ટો પણ હકીકતોના સંદર્ભે અનિવાર્ય હોય તેવાં જોડ્યાં છે, તે આવકાર્ય છે.



જગત્સુહૃદ્

આ ગ્રંથ સમયોચિત છે. સમાજના શિક્ષિતવર્ગો માટે આવો અભ્યાસપૂર્ણ ચરિત્રગ્રંથ આવશ્યક હતો જ. વ્યવસાયપરસ્તીમાંથી ઈશ્વરપરસ્તીનો જીવન્ત જીવનસંદેશ એટલે જ પૂજ્યશ્રીનું જીવન. અને એની ફલશ્રુતિ એટલે નારેશ્વરની તપોભૂમિ, બૃહદ્અવધૂતપરિવાર, પૂજ્યશ્રીપ્રેરિત આધ્યાત્મિક સર્જન-ચિંતન, નિઃશુલ્ક અન્નક્ષેત્ર, રાહતક્ષમ દરે આરોગ્યસેવાઓ, શિક્ષણક્ષેત્રે સહાયક પ્રવૃત્તિઓ, નંગાને વસ્ત્રદાન, જીવનઘડંત ઉત્સવો; ટૂંકમાં કહું તો અનેકરંગી લોકસંગ્રહાત્મક પ્રવૃત્તિઓની પરંપરાનું આજે પણ એમની કૃપા વડે સાતત્ય.

ગ્રંથસંયોજક ડૉ. ઈન્દુભાઈ દવે તથા સંપાદક સર્વશ્રી ડૉ. ધીરુભાઈ જોષી, ડૉ. સુભાષ દવે અને અન્ય સમસ્ત લેખકવૃંદને હાર્દિક અભિનંદન આપી આ ગ્રંથને આવકારું છું.

જયંતીલાલ આચાર્ય
પ્રમુખ : અવધૂત નિવાસ ટ્રસ્ટ,
નારેશ્વર



જગત્સુહૃદ્

ॐ श्री रंगः प्रसन्नोऽस्तु

ઉપાસન

'સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત સંશોધન પ્રકલ્પ'ના ઉપક્રમે પૂજ્યશ્રી અવધૂતજીની ઉપાસનાના ફલરૂપ બીજું પુષ્પ 'જગત્સુહૃદ્'* ગુજરાતી ભાષી આધ્યાત્મિક પિપાસુઓને ભેટ ધરતાં પ્રસન્નતા અનુભવીએ છીએ.

શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદના ડૉ. ઈન્દુભાઈ દવેને સંકલ્પ-સ્ફુરણા થઈ હતી કે સદ્‌ગુરુ પૂ. રંગ અવધૂત મહારાજશ્રીનું એક અપૂર્વ ચરિત્ર લખાવું જોઈએ. સત્સંકલ્પ સાકાર થતો જ હોય છે, એનો પરચો એટલે 'શરણાગતનો તારણહાર' અને 'જગત્સુહૃદ્' ગ્રંથપુષ્પોનું પ્રગટીકરણ. સંકલ્પસ્ફુરણને એમણે સજીવ રીતે ઝીલ્યો; પ્રામાણિકતાથી સંયોજનશ્રમ ઊઠાવ્યો ને નિષ્ઠાબળે સંકલ્પફલનનો ધન્ય અવસર રચાયો. સપરિવાર ડૉ. ઈન્દુભાઈ દવે પર પૂજ્ય બાપજીની મહેર નિરંતર રહો, અને આવાં સત્કાર્યો સંપન્ન કરવાની શક્તિ આપો, એવી પૂજ્યશ્રીને જ પ્રાર્થના.

'જગત્સુહૃદ્'ની નિર્માણકથા સૌ સમક્ષ મૂકવાનું મન છે. ગ્રંથનિર્માણની પળેપળ પૂ. સદ્‌ગુરુ અવધૂતજીની સૂક્ષ્મ ઉપસ્થિતિ માણી છે. આ ગ્રંથની શબ્દસૃષ્ટિ એ અંતરયામીની લીલા છે.

સર્વશ્રી પ્રો. ડૉ. ઉમાબેન દેશપાંડે, શ્રુતિ ત્રિવેદી, દિનેશભાઈ પાઠક, રંગપ્રસાદ પાઠક, નવીનભાઈ પાઠક, વિકલભાઈ પાઠક અને ડૉ. દેવદત્ત જોષીનો લેખનસહયોગ સક્રિય રહ્યો છે. તેઓનો ગ્રંથની પરિકલ્પનાની બેઠકોથી માંડીને રુચિ-અનુસાર ગ્રંથ-અંતર્ગત અધિકરણોનાં લેખન-આયોજન તેમ જ તે પછી અધિકરણોને લિખિતસ્વરૂપમાં સમયસર સુપ્રત કરવા સુધીનો સઘન સહયોગ સ્તુત્ય છે. આ સાથે શ્રી નવનીતભાઈ પાઠકનો, બેઠકોની ચર્ચાઓમાં સક્રિય રહેલો સહયોગ, પણ યાદ આવે જ. 'ગુરુલીલામૃત' ગ્રંથનો શબ્દકોષ રચવા માટે

* આરંભમાં આ ગ્રંથનું સૂચિત શીર્ષક 'પૂ. શ્રી રંગ અવધૂત : વિભૂતિ અનેવાઙ્મય' હતું જુઓ : 'શરણાગતનો તારણહાર'નું સંપાદીય લખાણ.

પ્રારંભિક કાર્ય તેમણે જારી રાખ્યું છે. મુ. પ્રો. ડૉ. અરુણોદય જાનીસાહેબ, પ્રો. ડૉ. રમણલાલ પાઠક, શ્રીમતી પદ્માબેન ર. પાઠકે પણ પોતાની રીતે આ પ્રકારના શબ્દકોષ માટેની નોંધો કરેલી છે. આવો શબ્દકોશ તૈયાર થયા પછી તેના પ્રકાશ માટેનો અવસર પૂજ્ય બાપજી રચશે. અને શ્રીરંગ ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી તેનું ત્યારે પ્રકાશન પણ હાથ ધરવાનું નક્કી થયું જ છે.



જગત્સુહૃદ્

અધિકરણોને ગ્રંથરૂપે પ્રસ્તુત કરવા માટે પરામર્શન, સંવર્ધન અને સંપાદનની પ્રક્રિયા દરમિયાન ગ્રંથશીર્ષકથી માંડી પ્રકરણ શીર્ષકો અને સામગ્રીનું લિખિત સ્વરૂપ-બધું ઠીક ઠીક ફેરફાર પામતું ગયું. અણધારી સ્ફુરણાઓ થઈ આવે, ફેરફાર કેવા કરવા, શા માટે કરવા વગેરે. પૂજ્ય પ્રેમ અવધૂતજીનું માર્ગદર્શન આ અંગે મેળવતા રહીએ. એઓશ્રી સાથે તેમજ ડૉ. ઈન્દુભાઈ દવે સાથે પ્રલંબ 'ટેલીફોનિક ટોક્સ' ચલાવીએ !

'નારેશ્વરનો નાથ' ચરિત્રગ્રંથ પછી બીજો અધિકૃત ચરિત્રગ્રંથ રચવો, એ કેવળ દુસ્સાહસ લાગતું ! મૈત્રીકાવ્યસમો 'શ્રી રંગપત્રમંજૂષા' ગ્રંથ ઝીણી નજરે વાંચવાની સ્ફુરણા થઈ ને અવધૂતજીના 'અનાર્ય'માંથી 'આર્ય' બનવાના, અંતઃકરણસ્થિત સદ્‌ગુરુ સ્વામિહારાજશ્રીની કૃપાવર્ષાથી, શૂન્યશિખરે આરોહણના થયેલા પુરુષોત્તમપુરુષાર્થ વિશે અમારા અંતઃકરણમાં અજવાળું અજવાળું થયું ! સમગ્ર ગ્રંથમાં એ અજવાળું પ્રસારવાનો અમારો નમ્ર પ્રયત્ન છે.

પ્રત્યક્ષ-પરોક્ષ રીતે આ ગ્રંથ નિર્માણમાં અમને સૂચન-સહાય આપનારા સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ.

– ધીરુભાઈ જોષી,
સુભાષ દવે



જગત્સુહૃદ્

જગત્સુહૃદ્ રંગ અવધૂત

(જીવન-કવન-દર્શન)

અજવાળું

૧. 'અનાર્ય'માંથી 'આર્ય'

૨. અક્ષરજીવન

૩. અવધૂતદર્શન

પરિશિષ્ટ : ૧. ક્ષરજીવનાવલિ

૨. અક્ષરજીવનાવલિ

૩. અર્ચનાવલિ

૪. અવધૂતપ્રશસ્તિ

૫. નારેશ્વરસંસ્થાન



જગત્સુહૃદ્





જગત્સુહૃદ્

(૧) 'અનાર્ય'માંથી 'આર્ય'

''माणवं पाण्डुरंङ्गाख्यं स्वप्नदर्शनमात्रतः ।
चकारार्यं त्वनार्याद्यो वासुदेव नमोऽस्तु ते ।।''७३॥

'श्रीवासुदेवनामसुधा'

''બ્રહ્મચારી પાંડુરંગને જેણે સ્વપ્નમાં દર્શન આપીને જ અનાર્યમાંથી આર્ય બનાવ્યો, એવા હે વાસુદેવ ! તને નમસ્કાર હો !

स्वयं हि दत्तः प्रकटीकृतो नो
लीलाकृता मानुषवत् सदैव ।
शनैः शनैः केचिदमंस्त देवम्
तदा स्वरङ्गो हरिधाम्नि लीनः ।।
श्रीदत्त पोते पण गुप्त रे'ता
लीला करी मानुष शी अरे हा,
समे समे सुर ज मानता को
त्यां तो स्वरंगे हरिमां समातो.

પાંડુરંગ વળામે (હુલામણું નામ બાબુ)નો જન્મ ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાં કાર્તિક સુદ નોમ વિક્રમ સંવત ૧૯૫૫ના રોજ (તા. ૨૧મી નવેમ્બર ૧૮૯૮, સોમવાર) થયો હતો. ઉત્તરપ્રદેશના હરિદ્વાર નગરમાં કાર્તિક વદ અમાવાસ્યાના રોજ (તા. ૧૯મી નવેમ્બર ૧૯૬૮) તેઓ રંગ અવધૂત મહારાજશ્રી તરીકે બ્રહ્મલીન થયા હતા. ગુજરાતરાજ્યના તીર્થક્ષેત્ર તપોભૂમિ નારેશ્વરધામમાં માગસર સુદ બીજ, વિ.સં. ૨૦૨૫ (તા. ૨૧-૧૧-૧૯૬૮)ના રોજ તેમનો અંત્યેષ્ટિસંસ્કાર સંપન્ન થયો હતો. પોતાનાં માતા-પિતાની ઓળખ અવધૂતજીએ 'શ્રીગુરુલીલામૃત'ના જ્ઞાનકાંડના અધ્યાય ૧માં આ પ્રમાણે આપી છે :

''વંદુ વિઠ્ઠલ તાતને, સદ્‌ગુણની જે ખાણ,
માતા રખુમાબાઈને કરું કોટિ પ્રણામ. ૮૩

પછી પોતાની કૌટુમ્બિક ઓળખ વિગતે વર્ણવતાં લખે છે કે,

મહારાષ્ટ્ર બ્રાહ્મણ તણી પેટા જ્ઞાતિ જેહ,
કહ્યાડે સંજ્ઞા ધર્યો તેમાં નિમિત્તદેહ. ૮૫
અત્રિ ગોત્ર ત્રિપ્રવર ને ઋગ્વેદ પવિત્ર;
આશ્વલાયનસૂત્ર ને શાકલશાખા ચિત્ર. ૮૬
યજ્ઞજાતિગોત્રાદિમાં વાસુદેવ ગુરુરાય
થયા તીર્ણ, તત્સંગથી થઈ પુણ્ય આ કાય. ૮૭
વળામે ઉપનામ છે, પાંડુરંગ અભિધાન. ૮૮



જગત્સુહૃદ્

અવધૂતજીનો શૈશવકાળ દુર્દૈવ રહ્યો છે ! પિતાનું શિરછત્ર નહીં, આર્થિક સદ્ધરતા નહિ ! પણ ધર્મવત્સલ માતા રુકમણિનું રક્ષાકવચ એ જીવનકાળની વિષમતાઓને જીરવી લેવાની તેમને સૂઝબૂઝ ભળાવે છે. માતા-પિતા દ્વારા દૈવી આસ્થાનો બંધાતો ગયેલો સંસ્કાર, ઉપવીત-દીક્ષાપ્રસંગ નિમિત્તે નરસોબાની વાડીના ક્ષેત્રમાં પરિવ્રાજિકાચાર્ય શ્રીવાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજનાં દર્શન થતાં એક અકળ ભાવિ ઘટનાનો સંકેત રચાય છે : ઉત્સુકતાથી દર્શનતત્પર બાળ પાંડુરંગને જોઈને સ્વામીજીએ ઉદ્‌ગાર કાઢેલા કે ' આ મારો બાળક છે.' પછી પૂછ્યું કે, 'અલા બાળક તું કોનો ?' ત્યારે બાળ પાંડુરંગે તુર્તજ કહેલું કે, 'હા, તમારો જ.' વય કાચી પણ મન નિર્મળ, તેથી શિરછત્રરૂપ સ્વામીજીને અંતઃકરણ સમર્પિત થઈ ગયું. ત્યારથી જ હૃદયમાં જે સ્પંદનો સ્વામિસદ્‌ગુરુ માટે સ્ફુર્યા હશે તેનો જ ઉદ્‌ગાર ભાવિમાં આવો થઈ આવ્યો : ''જય જય ગુરુ મહારાજ ગુરુ, જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ / જીવનદોરી તુજને સોંપી નિશ્ચિંત જગમાં ફરું./કાયા વાચા મનથી તુજની, સેવા નિશદિન કરું. / પાપપુણ્ય અરપી તુજ ચરણે, અક્ષય શાન્તિ વરું.'' ('અવધૂતી આનંદ' પૃ.૩૩ : આવૃત્તિ દસમી). અવધૂતજી સ્વૈરાલાપોમાં કહેતા કે 'તમને બધાંને મારું માથું મારા ધડ ઉપર દેખાય છે, પણ વાસ્તવિક રીતે તો મારું માથું મારા ગુરુમહારાજના ખોળામાં તે દિવસનું (ઉપવીતદીક્ષા પછીનો દર્શનદિવસ) મૂકી દીધેલું છે, તે હજુ પણ ત્યાંનું ત્યાં જ છે. એ મેં ત્યાંથી ઉઠાવ્યું જ નથી.* આ ઉદ્‌ગારોમાં જ અવધૂતજીની પાંડુરંગ-ભૂમિકાના તબક્કે

* સરખાવો : ''ગુરુમહારાજના મારા પર અનેક ઉપકાર છે. મારામાં જે કંઈ રામ છે તે કેવળ એમની જ કૃપા છે'. (શ્રીરંગપત્રમંજૂષા : પત્રકમાંક ૧૦૧)

જ અંતર્હિત આધ્યાત્મિક વિભૂતિમત્તાના બીજનો વિસ્મયાદરથી અણસાર પામી શકાય છે.



જગત્સુહૃદ્

નરસોબાનીવાડીમાં થયેલાં સંતકૃપાના મૂક અનુભવે પાંડુરંગના અંતઃકરણને ગુરુગુંજથી અકળ રીતે સભર કરી દીધું છે. નરસોબાથી નીકળી કોલ્હાપુર નગરમાં નજીકના સગા મામલતદારને ત્યાં મુકામ થયો છે; રાત્રીની નિદ્રામાં પાંડુરંગને સ્વપ્ન આવે છે : આર્દ્રભાવે આર્તસ્વરે ઈશ્વર-દર્શનની ઝંખનાનું એ સ્વપ્ન છે. સદ્‌ગુરુ-દર્શનથી ઝંખના શાંત થઈ છે. સદ્‌ગુરુએ શાનમાં કરેલો આદેશ છે : 'પોથી વાંચ, પોથી વાંચ'. રોમાંચક આદેશને ઉકેલવાની જાગૃત મથામણો નિર્મળ પાંડુરંગથી ત્યારથી અનાયાસ થયા કરે છે.

નિર્દંશ અને નિર્દોષ ટીખળ-વિનોદની વયમાં સંધ્યાવંદન, ષટ્‌કર્મ, પંચાયતનદેવપૂજન, સ્તોત્રોપાસનના આચારોથી સમૃદ્ધ રહેતા પાંડુરંગે ઘરમાં જ પૂ.મા અને પૂ. મામાશ્રીની એકવાર વાતચીત સાંભળી ને તેમના અકળ ભાવિને નિશ્ચિત ગતિ મળ્યાનો બીજો સંકેત આપણે ઓળખી શકીએ છીએ. પ્રસંગ આવો છે : મોઘે જોષીમામાને સદ્‌ગુરુ સાંઈબાબાએ પુત્રૈષણાપરિતૃપ્તિ માટે 'પોથી' (સરસ્વતીગંગાધરરચિત 'શ્રી ગુરુચરિત્ર': મરાઠી ઓંવીબદ્ધ ઔપાસનિક ગ્રંથ)ની પ્રસાદી આપી હતી, અને નિત્ય એક અધ્યાયનો પાઠ કરવાનો આદેશ આપ્યો હતો. આજ્ઞા આદરપૂર્વક શિરોમાન્ય રાખીને નિયમબદ્ધ ગ્રંથોપાસના કરતાં તેમને ઘેર પુત્રજન્મ થયો હતો. હવે મોઘેજીને વ્યવસાય-જીવનને કારણે 'પોથી'ની પવિત્રતા સાચવવામાં થતા વિક્ષેપોને કારણે કોઈ યોગ્ય અધિકારી પાત્ર મળે તો આ વરદગ્રંથની સદ્‌ભાવભેટ ધરવી હતી. બાળ પાંડુરંગના ચિત્તમાં, 'પોથી' શબ્દે 'પોથી વાંચ'નો સ્વપ્નાદેશ યાદ આવી ગયો. પૂ.માજીની સંમતિ મેળવી શ્રીમોઘેજીએ ભાણા પાંડુરંગને ગ્રંથપ્રસાદી આપી. સ્તોત્રોપાસન, સંધ્યાકર્મ અને માનસિક નામસ્મરણના સાધનમાં હવે 'પોથી' સ્વાધ્યાયતપ ઉમેરાયું ને જીવદશાનાં અંતઃકરણસ્થિત મળ, વિક્ષેપ અને આવરણની શુદ્ધિની પ્રક્રિયા ગતિશીલ થાય છે. 'શ્રીગુરુલીલામૃત'ના કર્મકાંડની નિર્મિતિમાં આ પોથીનું ઋણ છે, તો સ્વ-ચરિત્રનિર્મિતિમાં આ પોથીનો પ્રાણસંચાર છે, એની આપણને પ્રતીતિ થાય છે.

નિત્ય સ્વાધ્યાયતપે પાંડુરંગને સૂઝ આપી છે આ : ''સદ્‌ગુરુને શરણે જવું, ભાવનાપૂર્વક તેમની સેવા કરવી, ગુણોની પ્રશંસા ગાવી

વગેરે એની મેળે જ આવે છે. સદ્‌ગુરુસેવાથી થયેલી તપશ્ચર્યા દ્વારા સંચિત પાપસંસ્કારોનો નાશ થાય છે અને ચિત્ત શુદ્ધ થઈ એમની અમોઘ કૃપા, પ્રસન્નતા થાય છે અને એકવાર ગુરુની કૃપા મળે એટલે જ્ઞાનપ્રાપ્તિ માટે કેટલો વખત લાગે ? અને જ્ઞાનપ્રાપ્તિ થઈ એટલે સર્વ દુઃખોનું મૂળ એવું અજ્ઞાન ક્યાં રહેશે ? તેથી દુરિતક્ષય માટે ગુરુભક્તિ સિવાય બીજું કોઈ જ સાધન નથી.'' 'શ્રી ગુરુચરિત્ર કથામૃત' (લે. સંશોધન શ્રીકામતજી) ગ્રંથના આવકાર - પુરસ્કારરૂપે અવધૂતજીનાં લેખનમાંથી ઉદ્‌ધૃત-જુઓ : 'અમર આદેશ' આવૃત્તિ પાંચમી પૃ.૧૫૦) આ સૂઝસમજ કોઈ બૌદ્ધિક અર્થઘટનશક્તિ નથી, પણ વરદ્‌ગ્રંથના અકળ શબ્દચૈતન્યસ્વરૂપની આધ્યાત્મિક શક્તિપાતદીક્ષા છે, કારણ કે પ.પ પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજ સદ્‌ગુરુશ્રીનાં જ કૃપાવચનો છે : 'भक्त्या पारायणैरेव दत्तात्रेयो जगद्‌गुरुः दत्त्वा च मस्तके हस्तं शक्तिपातं करोति हि। 'પારાયણો જ ભક્તિથી, દત્તાત્રેય જગદ્‌ગુરુ, મસ્તકે હસ્ત મૂકીને શક્તિપાત કરે જ છે.'



જગત્સુહદ્

કિશોર પાંડુરંગ કૌટુમ્બિક સંસ્કારી વાતાવરણમાં ઉછરતા રહે છે, એ સાથે અદૃશ્ય ગુરુકૃપાએ આંતરિક શ્રીથી અકળ રીતે સંપન્ન પણ થતા રહે છે. શાળા-જીવનની આત્મીય મિત્રત્રિપુટી અને વિદ્યાગુરુઓ સાથેના કિશોર પાંડુરંગના વ્યવહાર-વર્તનોમાં ગુણ-ભાવનો કળાતો ઉભાર પણ તેમની ભાવિ અલગારી દિશાનો અણસાર આપે છે : હરિપ્રસાદ દેસાઈ, ભાલચંદ્ર બિવરે અને અંબાલાલ વ્યાસ એ મિત્રત્રિપુટીએ કહેલાં કિશોરજીવનનાં સંસ્મરણોમાંથી કિંચિત વાગોળીએ :

કોઈ તોફાની લુખ્ખા છોકરાએ નરમ પ્રકૃતિના હરિપ્રસાદ દેસાઈને મેસરી નદીના ભાઠામાં આવે તો મારવાની ધમકી આપેલી ! મિત્ર પાંડુરંગને વાત કરી ને મુકાબલો કરી લેવા માટે પોતે સાથ આપશે એવી ખાત્રી આપી. લાકડાની ઠીઠું જેવી તલવાર લઈને બંને મિત્રો પંદર-વીસ તોફાની છોકરાઓ તરફ મક્કમ પગલે પહોંચ્યા. 'મારો મારો'ની બુમરાણ થતાં પાંડુરંગે ત્રાડ પાડી કે 'ખબરદાર ! જો એક તસુ પણ આગળ વધ્યા તો ! આ તલવારથી વાઢી નાખીશ.' એમ કહીને જ્યાં તલવાર વીંઝવા માંડી, ત્યાં બાળ પાંડુરંગની મર્દાંગીનો સૌ પર એવો તો પ્રભાવ પડ્યો કે બાજી પલટાઈ ગઈ ! જે લુખ્ખાના પક્ષે રહીને નિર્દોષ નરમ હરિપ્રસાદને રંજાડવામાં હિંસક આનંદ લૂંટનારાઓ હતા તેઓ તેને ધુત્કારીને પાંડુરંગ - હરિપ્રસાદને પક્ષે



જગત્સુહૃદ્

થઈ ગયા ! લુખ્ખાગીરીની દુવૃત્તિ સામે અંતઃકરણમાં સાત્ત્વિક પ્રકોપ સહજ સ્ફુરિત થયાની આ ઘટના આધ્યાત્મિક અવધૂતી મસ્તીની બીજદશાની દ્યોતક બને છે. બીજા બાલમિત્ર ભાલચંદ્ર બિવરે રંગ અવધૂતનાં દર્શને પ્રથમવાર નારેશ્વર પહોંચે છે ત્યારે અરે આ તો બાલમિત્ર પાંડુરંગ વળામે એવો વિસ્મય તો થયેલો જ, પણ પૂજ્ય માજી અને પૂજ્ય અવધૂતજીએ તરત જ પોતાને ઓળખ્યો એની સાથે જ હૃદયમાંથી જે ઉદ્‌ગાર નીકળ્યા તે આ : ''શ્રીકૃષ્ણે સુદામાને અપનાવ્યો હતો એમ એઓશ્રીએ મને અપનાવી લીધો, સંભાળી લીધો.'' ગોધરાની તેલંગ હાઈસ્કૂલમાં અંગ્રેજી ધોરણ પમાં અભ્યાસ કરતાં રીસેસમાં પાણી પીવા માટે ભાલચંદ્ર મિત્ર પાંડુરંગને ત્યાં જાય, શુકલ કૂવાની શેરીમાં. પૂજ્ય માજીની પવિત્રતા અને આચારશુદ્ધિનાં દૃષ્ટાન્ત રૂપે પ્રસંગ નોંધતાં તે લખે છે કે રિસેસમાં હું પાણી પીવા એમને ત્યાં જતો ત્યારે માજી ઘરમાંથી પરસાળમાં પાટલો મૂકી પાણીનું પાત્ર મૂકી જતાં, તેમના હાથનું પાણી પીને મારી બુદ્ધિ સુધરી એવું મને લાગે છે.' બાળ પાંડુરંગની રસરુચિ વિશે તે લખે છે કે, ''×× સનાતન ધર્મની પરીક્ષાઓ વળામેએ ઉપલે નંબરે પાસ કરેલી. તેમની પાસે પુસ્તકો નહીં, મારી પાસેથી રાત્રે હું સૂઈ જાઉં ત્યારે લઈ જઈ સવારે હું ઊઠું તે પહેલાં પરત કરી દેતા. ×× બાર વર્ષની ઉંમરે શ્રી દિવાકર કેશવ ઓંધારેકૃત 'પરમાર્થ સોપાન' મારે ત્યાંથી મેળવીને તેમણે વાંચી લીધેલું ! આમ નાનપણથી જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિપ્રધાન સાહિત્ય વાંચવાની રુચિ. ×× નાની ઉંમરમાં ×× જ્ઞાનગાંભીર્યભર્યાં પુસ્તકોનો મર્મ સમજવાની શક્તિ હતી.'' (જુઓ : 'રેવાનો યોગી' (આવૃત્તિ ૧લી, ૧૯૭૨ પૃ.૪૬). બાલમિત્ર અંબાલાલ વ્યાસ સાથે તો ઘનિષ્ટ મૈત્રીનાતો આજીવન રહ્યો છે. ગોધરા તેલંગ હાઈસ્કૂલના સાત વર્ષના અને અમદાવાદ ગુજરાત કોલેજમાં એક વર્ષના સહપાઠી અને પછીથી મહાત્મા ગાંધીજીસ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થતા સુધી સહવિદ્યાર્થી તરીકે તેમજ અમદાવાદની મોડેલ હાઈસ્કૂલ 'આદર્શ વિનય મંદિર' રાષ્ટ્રીય શાળા બની ત્યાં એક વર્ષ સહશિક્ષક તરીકેના સહવાસોની સમૃદ્ધ સ્મૃતિમંજૂષાને ખોલતાં તે લખે છે કે '×× પ્રબળ ધાર્મિક સંસ્કારો એમનાં માબાપ તરફથી જ મળ્યા હતા. સમજણા થયા ત્યારથી જ એમને સંધ્યાદિથી પરવારી નિત્યપાઠ તરીકે પોથીનું પારાયણ કરવાનો અભ્યાસ હતો. દત્તસંપ્રદાયના સાધકો માટે એ

પોથીમાં યૌગિક પ્રક્રિયાઓનો સુગમ બોધ મળી રહેતો. બાલ્યાવસ્થામાં પડેલા સંસ્કારોએ જ પૂ. શ્રીને સાધના પૂરી કર્યા બાદ ગુજરાતમાં દત્તભક્તિનો પ્રચાર ને પ્રસાર થાય તે માટે શુદ્ધિ સંકલ્પ સાથે લેખિની તથા વાણીના માધ્યમથી અદમ્ય પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરી હશે.' (જુઓ : 'રેવાનો યોગી'-પૃ.૩)



જગત્સુહૃદ્

આચાર-વિચારની શુદ્ધિપ્રત્યેની જાગૃતિએ વ્યવહારજીવનને કસોટીમાં મૂક્યા કર્યું હશે જ, પણ પ્રબળ ઈશ્વરનિષ્ઠાને કારણે 'લક્ષ્ય'ની શોધ માટેનો પુરુષાર્થ યુવક પાંડુરંગ છોડતા નથી. જીવનનિર્વાહના રોદણાં ક્યારેય તેમણે કર્યાં નથી. મામાની જગ્યાએ યજ્ઞકાર્યમાં વિષ્ણુસહસ્રનામના પાઠ કરવા જાય પણ તેમાં દક્ષિણાની રતિભાર પણ ખેવના નહિ, બલ્કે યજ્ઞમંડપમાં કર્મકાંડી બ્રાહ્મણોની વ્યાવસાયિક મનોવૃત્તિ દેખાઈ આવે ત્યારે મનોમન સદ્‌ગુરુને પ્રાર્થના કરી લે, યજ્ઞકાર્યનો ઉદાત્ત આદર્શ ચરિતાર્થ કરાવવામાં પોતાને નિમિત્ત બનાવવા માટે. પરીક્ષા માટે ફી ભરવાની મુશ્કેલી આવે તોય ઈશ્વરાસ્થાએ કોઈ પણ પાસે હાથ ન લંબાવે, રસ્તે રઝળતી પડેલી સૌટી, તેનો માલિક મળશે તેને આપી દઈશું તેવા સદ્‌ખ્યાલે ઉપાડી ચાલતાં કલેક્ટરના પટાવાળાની બેઅદબીભરી ઉદ્ધત વર્તણૂંકનો નિર્ભીકતાથી પ્રતિકાર કરતાં તે સોટીના માલિક ગોધરાના તે સમયના કલેક્ટરશ્રી પાસેથી શાબાશી મેળવે, વિક્ષુબ્ધ થયા વિના યથાસમયે યથોચિત પ્રત્યુત્પન્નમતિનો આવિષ્કાર કરે, વિદેશી પરીક્ષક પ્રિ. રોબર્ટસનની સમક્ષ નિશ્ચિંત આત્મવિશ્વાસથી સ્વધર્મના વિધિવિધાનના મર્મોનું ઉદ્‌ઘાટન કરે *ત્યારે ચપળ પાંડુરંગની ભીતર આંતરપુરુષની પ્રત્યક્ષતા તેમની આધ્યાત્મિક ચારિત્ર્યની જ પ્રતીતિ કરાવે છે.

પાંડુરંગ હવે ૧૯ વર્ષની વયના તરુણ થયા છે. વડોદરા કૉલેજમાં અભ્યાસ કરતાં એક વર્ષ પૂરું થવા આવ્યું છે. શરીર વ્યાધિગ્રસ્ત રહે છે. કૉલેજ છાત્રાલયમાં રહેવાનું ને બહાર વીશીમાં જમવાનું રાખ્યું છે. એક્સપરિમેન્ટસ, સર્ટિફિકેટની મુસીબતને કારણે, કરવા દેશે કે નહિ, હાથની નબળાઈ પ્રશ્નોત્તર સંપૂર્ણ રીતે લખવા દેશે કે નહિ જેવી અડચણો ધૈર્યની કસોટી કરવા ઊભી છે જ. ત્યારે આ તરુણનું

* આ પ્રસંગોની વિગતો માટે જુઓ : 'નારેશ્વરનો નાથ' (લે. અમૃતલાલ મોદી) આવૃત્તિ પમી, પૃ. ૨૩થી ૪૩.



જગત્સુહૃદ્

અંતઃકરણ, પ્રિય મિત્ર અંબાલાલ વ્યાસ પરના પત્રમાં ઉઘડે છે : ''જે ઈશ્વરની કૃપાથી અત્યાર સુધીની કે જેમાંની કેટલીક ઘરનાં મનુષ્યો વગર બીજાને ભાગ્યે જ માલૂમ હોય - સર્વ મુશ્કેલીઓ દૂર થઈ તે જ ઈશ્વર શું આ વખતે ભગ્નહૃદયને નિરાશ કરી વધારે દુઃખી કરશે ? હૃદય સાક્ષી પૂરે છે કે ના !''[૫]

મિત્ર અંબાલાલ પાંડુરંગના હૃદયનો વિસામો છે. મૈત્રીપર્વનું સાતત્ય રહે એ માટે પરસ્પર પત્રવ્યવહાર વર્ષોપર્યન્ત બંને વચ્ચે રહ્યો છે. એ પત્રોનું ઉદ્દિષ્ટ પાંડુરંગ લિખિત ઉપલબ્ધ પ્રથમ પત્રમાં આ શબ્દોમાં વ્યક્ત થયું છે : ''પત્રવ્યવહાર એ એક જ્ઞાન વધારવાનું ને ખેદ નસાડવાનું સાધન છે. અને તેથી જ હું કેટલીક વખતે મારી અલ્પમતિ પ્રમાણે કેટલીક સ્વાનુભવની, સ્વનિરીક્ષણની અથવા આવી જ કઈ બાબત પત્ર દ્વારા લખું છું. જો તમો પણ તેમ કરો તો કેવું સારું ? શું આ ઈચ્છવા જેવું નથી ?'' ૧૮-૧-'૧૮નો બીજો પત્ર તત્કાલીન પ્લેગના રોગચાળાનો નિર્દેશ કરે છે. અને એ સાથે તેમના આંતરમનને છતું કરે છે : ''હવે મને પુસ્તકો નિરસ લાગે છે. એકાન્ત અધિક પ્રિય થઈ પડ્યું છે. કુદરતની લીલા હૃદય ખેંચે છે. રંગબેરંગી પક્ષીઓના મધુર નાદ, વહેતી નદીનો કલકલ ધ્વનિ, વિમલ આકાશમાં ઝબૂકતા નિર્મળ તારાઓ વગેરે નૈસર્ગિક ચીજો જોઈ મન આહ્લાદ પામે છે. આ સ્થિતિ કેવી મધુર છે ! શું તે હંમેશને માટે ટકશે ?''

તરુણ પાંડુરંગનું મિત્રવૃંદ બહોળું છે. મિત્રત્રિપુટી ઉપરાંત કાલોલના રતિલાલ ત્રિવેદી, ગોધરાના જીવણલાલ પરીખ, પંચમહાલના ભીખાભાઈ, ચંદુલાલ દેસાઈ, માણેકલાલ, નટવરલાલ, ચંદ્રશંકર શુક્લ, ચિંતામણી જોષી, ગોકળદાસ, શિવાભાઈ પાઠક, દ્વારકાદાસ, સરખેજના રતનલાલ મહાત્મા, નડિયાદના અમૃતલાલ મોદી, વગેરેના પ્રગટ ઉલ્લેખો 'શ્રીરંગપત્રમંજૂષા'માં પ્રગટ થયેલા પત્રોમાં અત્ર-તત્ર થયેલા છે. આ મૈત્રીવ્યવહાર પાછળ હૃદયમાં કેવી ઉદાત્ત ભાવના પાંડુરંગ સેવે છે ! : ''જે અસર સેંકડો પુસ્તકોથી થતી નથી, તે અસર સહૃદય મિત્રના એક લાગણીભર્યા પત્રથી થાય છે. એનો પ્રત્યક્ષ અનુભવ ઘણાં જ થોડા સુહૃદ્જનોને થાય છે કારણ કે તેવા લાગણીવાળા મિત્રો આ જમાનામાં જવલ્લે જ નજરે પડે છે. મને તેવો લાગણીભર્યો અનુભવ કરાવનાર મિત્રનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો જ છે.'' ૫૯મી

[૫] જુઓ : 'શ્રીરંગપત્રમંજૂષા' આવૃત્તિ ૨જી પૃ. ૬-૭

રંગજયંતી નિમિત્તે પ્રથમવાર જ અવધૂતજીએ ઉદ્‌બોધન કર્યું, ''પરસ્પરદેવો ભવ'' – ''એકબીજા તરફ દેવદૃષ્ટિથી જોતાં શીખો, દાનવદૃષ્ટિથી નહિ. દરેક વ્યક્તિમાં રહેલા દેવતાને -દૈવી અંશને પિછાનો અને એકબીજાનું મંગલ ઇચ્છી જગતમાં માંગલ્ય વરસાવો !'' આ ઉદ્‌બોધનનું સંસ્કારબીજ બાલ પાંડુરંગથી અવધૂતજીવનમાં એવું પ્રાણવંત સક્રિય મૂર્તિમંત રહે છે કે જગત-સમસ્ત સાથેનો તેમનો નાતો 'જગત્સુહૃદ્‌' તરીકેનો પોતે જ ઓળખાવ્યો છે.



જગત્સુહૃદ્‌

વડોદરાકૉલેજના અભ્યાસકાળમાં પાંડુરંગ 'હાઈસ્કૂલબ્લૉક' તરીકે ઓળખાતા છાત્રાલયમાં રહેતા. ગોધરાના જીવણલાલ પરીખ તેમના 'રૂમમેટ' (સહનિવાસી) હતા. તેમણે પાંડુરંગની સૌથી ગુપ્ત રીતે ચાલતી આધ્યાત્મિક સાધનાના ઇંગિતો આપેલાં છે. પ્રિય સુહૃદ્‌ અંબાલાલને પણ એક પત્રમાં પોતાની દિનચર્યા આ પ્રમાણે લખેલી છે. (પત્રક્રમાંક ૧૧) : ''હાલમાં હું છ વાગે ઊઠું છું કારણ નળ વહેલો આવતો નથી. પછી શૌચ વગેરે કરી સ્નાનસંધ્યામાંથી પરવારતાં લગભગ ૭ા વાગે છે. પછી પોણા દસ સુધી કૉલેજનો અભ્યાસ કરું છું. પછી ભોજન કરી થોડુંક વાંચી ૧૧ વાગે કૉલેજમાં જઉં છું ત્યાંથી ૪ા વાગે છૂટી ઘેર આવતાં લગભગ પાંચ થાય છે. ગુરુ તથા શનિવારે ૩ા વાગે છૂટીએ છીએ, ત્યાર પછી થોડો આરામ લઈ સંધ્યા વિ. પછી થોડો વખત ચિંતનમાં ગાળી જમી લઉં છું. તથા થોડો આરામ લઈ લગભગ ૮ાના સુમારે સુઈ જાઉં છું. અને એક ઊંઘે પા-પાાના સુમારે જાગું છું.''

૧૯૧૯ના વર્ષમાં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો હતો. ત્યારે કૉલેજના વિદ્યાર્થીઓ 'સોશ્યિલ ગેધરિંગ' કરવું -ન કરવુંના વિવાદે બે પક્ષમાં વહેંચાઈ ગયા. ત્યારે તરુણ પાંડુરંગ સ્વાભાવિક રીતે જ ગેધરીંગ ન કરવાના પક્ષે જ હતા, પણ આવું માનનારો પક્ષ અલ્પસંખ્યામાં એટલે પાંડુરંગ મિત્ર અંબાલાલને તા. ૮-૧-૧૯ના પત્રમાં લખે છે : ''અલ્પ સંખ્યાને લીધે આવા લોકોની શુભેચ્છા પૂર્ણ થાય તેમ લાગતું નથી. આપણા 'અંડરગ્રેજ્યુએટ' ભાઈઓ દુઃખીના દુઃખની દાઝ ક્યારે જાણશે ?'' મૈત્રીભાવનાની અડોઅડ પાંડુરંગના હૃદયમાં કરુણાભાવનાનું ઝરણું કેવું વહે છે, તેનો આ પત્ર અણસાર આપે છે. વિદ્યાકેન્દ્રી વ્યવહારો કરતાં કરતાંય જીવનલક્ષ્યની ઉજાગરતા પાંડુરંગે સતત પસંદ કરી છે. વિદ્યાર્થીઓની લડતો હોય, ડેબેટિંગ સોસાયટીની સભાઓ હોય, 'સ્ટુડન્ટ ફેડરેશન'ની પરિષદ હોય, આઝાદીના આંદોલનો હોય,



જગત્સુહૃદ્

લોકમાન્ય તિલકના દેહાવસાનની જાહેર શોકસભા હોય, સાંપ્રત સમાજજીવનના જે કાંઈ પ્રશ્નો હોય - સર્વત્ર યથાશક્તિ-મતિ સક્રિય પોતે થાય છે પણ અંતરનો તાર 'લક્ષ્ય'ને ગૂંજે છે, એવું 'શ્રીરંગપત્રમંજૂષા'ના પ્રાયઃ ૧૯૧૭થી ૧૯૨૮ સુધીના બધા પત્રોમાંથી સૂચિત થાય છે : 'કાગળ હોય ત્યારે વખતનો અભાવ અને વખત હોય ત્યારે કાગળનો અભાવ અને બંને હોય ત્યારે મન ભટકતું હોય કંઈ આસમાની તરંગોમાં ! ×× બધાંને ભૂલી જઈ એકમાં જ મન પરોવવાની ઇચ્છા તો છે પણ આજે તો એવી સ્થિતિ નથી આવી. ×× મારો તો પાપની સાથે જ અસહકાર છે. ×× તમારે બધાને આ 'પડ્યું પાનું સુધારી' લેવું હોય તો ઠીક છે, નહીં તો 'ગુડ બાય' ! ગાઈશ હું તો મસ્ત થઈને :

હમનસે મત મિલો લોગો, હમન ખફગી દિવાને હૈં ।
ખુશીકા રાહ ત્યાગા હૈ, કઠિનમેં જા સમાને હૈં ॥

આવવું હોય તો આવો. નહીં તો સલામ ! સલામ !! સલામ !!! (પત્રક્રમાંક ૩૩ તા. ૩-૧૦-૨૧)

''હાલમાં સાત-આઠ દિવસથી મન ઘણું જ પ્રફુલ્લિત રહે છે. કોઈ ભિખારીને અચાનક અખૂટ દ્રવ્યનો નિધિ મળી આવે તેના મનની જેવી સ્થિતિ થાય તેવી જ કંઈક મારા મનની થઈ છે. ફરક એટલો જ છે કે એને કશાકની પ્રાપ્તિ થાય છે અને મેં કંઈક ખોયું છે. પણ એ ખોવામાં કંઈ અખંડ પ્રાપ્તિનો માર્ગ નહીં હોય ? ×× કેટલીકવાર ચંદ્રની શીતળ ચાંદનીમાં બેસી હું મન સાથે એકલો હસ્યા જ કરું છું, અને હસતાં હસતાં વિચાર કરું છું કે આવું હસવાનું ચોવીસે કલાક હોય તો કેવું સારું ! ×× થોડા દિવસમાં લેખન અને વાંચનની પ્રવૃતિ ઘણી થઈ. આજે કલમ નીચે મૂકું છું. પરમાત્મા ઉપાડવાનો હુકમ કરશે ત્યારે ફરીથી ઉપાડીશ. મેં લખ્યું અને હું લખીશ એ અભિમાન મિથ્યા છે. ''હું લખું છું'' એ ભાવનાનો પૂર્ણ નાશ થયે જ માણસ લખી શકે છે'' (પત્રક્રમાંક ૩૪ તા. ૨૪-૧૧-૨૧)

''નાચવાનું મન થાય જ તો ઈશ્વરનો દરબાર ક્યાં નથી ? નાચો વસ્ત્ર કોરાણે મૂકી નગ્ન થઈ એ ભવ્ય દરબારમાં ! તમે કોઈ દિવસ રાત્રે આકાશમાં નજર નાખી છે ? કેટલા બધા તારલાઓ નાચી

રહ્યા છે એ નીલમંડપમાં ! આવો, આવો, આપણે પણ નગ્ન થઈ નાચીએ : ફુંદડી ફરીએ - એ જગતના ધણીના સભામંડપમાં ! આવો.''
(પત્રક્રમાંક ૩૭, તા. ૧૫-૩-૨૨)



જગત્સુહૃદ્

''ઈશ્વર વગર હું કોઈની પરવા જ કરતો નથી. ×× મને હાલમાં ચેન પડતું નથી. હૃદયમાં કેટલીકવાર ઘણી વ્યાકૂલતા થાય છે. બહારની દુનિયા સાથે મેં લગભગ વ્યવહાર બંધ જ કરી દીધો છે. આવી સ્થિતિમાં રજાઓમાં ગોધરે આવીને શું કરું ? ×× હું ક્યાં જાઉં ? તમે રસ્તો નહીં બતાવો ? મારી સ્થિતિ દયાજનક થઈ છે. દુનિયામાં મને રસ નથી પડતો છતાં ભૂતની માફક કામ તો કર્યા જ કરું છું.''

''મેં આ જન્મ અવિવાહિત રહેવાનું નક્કી કરી દીધું છે. હવે એને માટે શંકા નથી. ઈશ્વરની જ બીજી ઇચ્છા હોય તો જુદી વાત.

ઘરથી લગ્ન માટે કાગળ આવેલો ત્યાં પણ લખી દીધું છે. એની અસર વૃદ્ધ માતા ઉપર શી થશે ? એનો વિચાર ઈશ્વરને સોંપ્યો છે. એક સંન્યાસી અત્રે આવેલ છે. તેમની સાથે ફરવા જાઉં ? તમે શી સલાહ આપશો ? ઈશ્વરને પૂછી જ રહ્યો છું. પણ હજી જવાબ નથી.''
(પત્ર ક્રમાંક ૩૮ તા. ૨૪-૪-૨૨)

'શ્રીરંગપત્રમંજૂષા'માં પ્રસિદ્ધ એકથી ચાલીસ પત્રોનો પ્રથમ દોર અહીં પૂરો થાય છે. આ બધા જ પત્રો પ્રિય બાલસુહૃદ્ અંબાલાલ વ્યાસને સંબોધીને લખાયેલા છે. કૌટુમ્બિક પરિસ્થિતિ, પોતાનું નબળું આરોગ્ય, વિદ્યોપાસના, વિદ્યાર્થીઓનું માનસ, રોગચાળાઓ, રાષ્ટ્રીય આઝાદીના આંદોલનો, સામાજિક નિસ્બતો અને વ્યવસાય જીવનની વિટંબણાઓના સંદર્ભો માર્મિક સાહિત્યિક ગદ્યમાં નિરૂપતા આ પત્રોમાંથી પાંડુરંગની અંતઃકરણની ઉજાગરતાનો સૂક્ષ્મ ધાગો આપણી નજર સમક્ષ આવે છે. એ જ ધાગાનું – પાંડુરંગનું જીવનપુષ્પ પૂર્ણ પ્રફુલ્લિત કેવી રીતે થઈ ઉઠ્યું છે – અનુસંધાન હવે કરીએ.

રાષ્ટ્રીય હાકલને માન આપી તરુણ પાંડુરંગ વડોદરા કોલેજનો ત્યાગ કરી પંચમહાલકેસરી સર્વશ્રી વામન, મામા ફડકે, મારુતિભાઈ અને ચંદ્રશંકર શુકલ સાથે જાગૃતિના જુવાળની ક્રાન્તિમૂલક પ્રવૃત્તિમાં પરોવાયેલા, એ તો સુપ્રસિદ્ધ ઘટના છે. અસહકાર -આંદોલનની એક રચનાત્મક પ્રવૃત્તિરૂપે અમદાવાદને આંગણે ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે 'સ્વરાજઆશ્રમ' ચાલતો હતો. એ આશ્રમમાં પંચમહાલના વતની અને બાળ પાંડુરંગના જિગરી દોસ્ત



જગત્સુહૃદ્

અંબાલાલ વ્યાસ તથા ખેડા જિલ્લાના નડિયાદ શહેરના અમૃતલાલ મોદી રહેતા હતા. તરુણ પાંડુરંગ બાલમિત્ર અંબાલાલને મળવા છાત્રાલયની ઓરડીએ પહોંચ્યા. સમાનશીલ ધરાવતા અમૃતલાલ મોદી સાથે પાંડુરંગની મૈત્રી થઈ, જે આમરણાંત ચિરંતન બની એ સુવિદિત છે. સુપ્રસિદ્ધ એડવોકેટ શ્રી જયકર, શ્રી ગીદવાણીજી, મહાત્મા ગાંધીજી, સ્વામી આનંદ, કાકા સાહેબ કાલેલકર જેવી ભારતની વિભૂતિઓના નિકટના સંપર્કો, મુક્તમને છતાં વિવેકપૂર્વક આચાર-વિચારની ચર્ચાઓમાં સક્રિય રહેતા તરુણ પાંડુરંગ રાષ્ટ્રીય શાળાના શિક્ષકનો ઉમદા વ્યવસાય સ્વીકારે છે, બંને મિત્રોને પોતાની સાથે નોકરીમાં લેવડાવવામાં સહાયભૂત થાય છે. બંને મિત્રોને લાગે છે કે પાંડુરંગ ખરે જ તેઓને માટે 'ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડ' છે. ૧૯૨૧ના (સંભવત : મે-જૂન માસ) એક મંગળવારની સાંજે અંબાલાલને પાંડુરંગે પત્ર લખ્યો છે :

"×× ભાઈ અમરતલાલ મોદીની પણ જૂનથી શાળામાં વ્યવસ્થા કરી દીધી છે. જૂના મિત્રો ફરીથી કંઈક વખત ભેગા રહે એવી ઈશ્વરની ઈચ્છા જણાય છે. તમને ચોથા ધોરણનું અંગ્રેજી અને છઠ્ઠા તથા સાતમા ધોરણનું ગુજરાતી આપવાનો વિચાર છે. તમને એ કામ ઠીક તો પડશે ને ?" (શ્રી રંગપત્રમંજૂષા : પત્રક્રમાંક ૪૧)

વ્યવસાય અને વ્યવહારમાં પણ નિષ્ઠા ને ખંતપૂર્વક અન્યાર્થે અહંશૂન્ય સહકાર-સેવાની વૃત્તિને પાંડુરંગે કેન્દ્રમાં મૂકી છે. કારણ તેમનું અંતઃકરણ તો 'લક્ષ્ય'સર્મપિત રહેલું છે. આ જ પત્રમાં તે લખે છે : "મારે એકાન્તની ખાસ જરૂર છે. બીજે સ્થાનને અભાવે મેં હાલ શાળાનું મકાન જ પસંદ કર્યું છે. અત્રે એક સંન્યાસી આવેલ છે. સંસ્કૃતનો અભ્યાસ ઘણો જ સારો છે. અસ્ખલિત બોલી પણ શકે છે. એમની સાથે મારે પ્રેમ બંધાયો છે. એમણે અખંડ બ્રહ્મચર્યનો આશીર્વાદ આપ્યો છે. ×× ગાઢ સંસર્ગમાં આવનાર બધા જ મારું ભાવિ ઉજળું છે, એમ કહે છે. અન્તરાત્મામાંથી પણ એ જ નાદ નીસરે છે. જીવનની દોરી ઈશ્વરને હાથ સોંપી દીધી છે. એને ખેંચવું હોય ત્યાં ખેંચે."

૧૯૨૪ના સપ્ટેમ્બરની ૩૦મીએ અમદાવાદથી પાંડુરંગ 'ભાઈ અંબાલાલને પત્રમાં લખે છે : "દસબાર દિવસ નર્મદા તટે ફરી કાલે સાંજે ઘેર આવ્યો. કબીરવડ વગેરે સ્થળો જોયાં. દૃશ્યફળમાં વાસુદેવાનંદસરસ્વતીએ લખેલા નાના-મોટા મળીને દસબાર ગ્રંથો જોવા મળ્યા. એક ગ્રંથ 'દત્તપુરાણ' ભેટ મળ્યો. મેં તો સ્વામીજીનો

દત્તમહારાજનો પ્રસાદ જ માની લીધો. અદશ્ય ફળ વર્ણવ્યું જાય તેમ નથી. ×× તમે દૂર ગયા છે. હું દૂર-સુદૂર જવાનો વિચાર કરી રહ્યો છું જુદા જુદા માણસો મને બોલાવે છે. પૈસાનો તોટો નથી. પણ એ મોહજાળમાં હું ફસાઈ પડું તો ? મારે એ બધાને લાત મારયે જ છૂટકો. આવી જાતની નિષ્ઠુરતા કેળવ્યા વગર ઈશ્વરી હૃદયની આર્દ્રતાનો અનુભવ નહિ થાય. તમને રજા હોય ને મહિનો સાથે રહો તો ઠીક. ભવિષ્યમાં વખત ન પણ મળે' (પત્રક્રમાંક : ૪૬ પૃ.૩૭)



જગત્સુહૃદ્

'શ્રી રંગપત્રમંજૂષા'માં હવે ૧૯૨૪ ઓક્ટોબરથી ૧૯૫૦ પર્યન્ત અમૃતલાલ મોદી પર પાંડુરંગ /રંગ અવધૂતજી દ્વારા અવારનવાર લખેલા પત્રો પૈકીના ઉપલબ્ધપત્રોનો સંચય પ્રસિદ્ધ થયો છે. બાલમિત્ર શ્રી અંબાલાલ વ્યાસની જેમ જ તરુણ મિત્ર અમૃતલાલ પણ અંતરંગ સખા તરીકે અવધૂતજીના હૃદયમાં સ્થાન પામે છે. અમૃતલાલ મોદીની સેવાયજ્ઞની ભાવનાને પાંડુરંગ/ રંગ અવધૂતજીના સંસર્ગથી એવું બળ મળે છે કે મોદીજી સખા પાંડુરંગને સદ્‌ગુરુ પ્રત્યક્ષ ભગવાન સ્વરૂપે ઓળખીને પોતાનું જીવન અવધૂતજીના લોકસંગ્રહકાર્યમાં સમર્પિત કરી દે છે.*

તરુણસખા અમૃતલાલનું જીવનઘડતર સ્નેહભાવે અધ્યાત્મપિપાસુ પાંડુરંગ કેવું સમર્થ રીતે કરે છે, એનો આલેખ પણ ઉચિત બનશે.

પાંડુરંગ પોતે બિમાર છે. પંદરેક દિવસથી અતિશય તાવ આવે છે. ×× અશક્તિ દાખવે છે. આખો દિવસ લગભગ પથારીમાં જ જાય છે. આ સ્થિતિનું નિવેદન તેમણે ૧૯૨૪ના ઓક્ટોબરની ૨૫મી તારીખે અમદાવાદથી પત્રમાં ભાઈ મોદીને કર્યું છે. આ નિવેદનની સાથે જ પાંડુરંગની આંતરશ્રીને પ્રગટ કરતા ઉદ્‌ગારો હવે વાંચીએ : ''વિચારસ્ફુરણ માટે આનાથી બીજી સારી નિવૃત્તિ ન જ મળી હોત. નબળાઈનાં રોદણાં રડ્યે એ દૂર નથી થતી. એને તો પગ તળે કચડ્યે જ છૂટકો. પાપનિવારણ માટે પશ્ચાતાપ જેવું ઓસડ નથી. પણ પશ્ચાતાપ તીવ્ર અને જીગરનો જોઈએ. અંતઃકરણ રડીકકડી ઊઠવું જોઈએ. ગોલ્ડસ્મીથ કહે છે, તેમ planning sins a new એ સ્થિતિ હોય તો એ એક જાતનો દંભ કહેવાય. ×× તમને ખરેખરી લાગણી થઈ હોય તો બીજું કંઈ જ કરવાની જરૂર નથી. યોગ્ય લાગે તેટલા પૈસાથી કોઈ ભૂખ્યાને જમાડો યા નાગાને વસ્ત્રદાન કરો. એટલે તમે મેલમાંથી

* જુઓ : 'સેવામૂર્તિ શ્રી મોદીકાકા' વિઠ્ઠલભાઈ પાઠક, પ્રકાશન : નારેશ્વરસંસ્થાન.



મુક્ત થશો.'' બે મહિના પછી પાંડુરંગ બીજા પત્રમાં પોતાની સાથે અનુકૂળ હોય તો હવાફેર માટે નર્મદા તટે આવવાનો આગ્રહ કરતાં એક મહત્ત્વનો સંકેત મૂકે છે : ''આપણા ત્રણેની (અંબાલાલ વ્યાસ, અમૃતલાલ મોદી અને પોતે) સાથે એવી મુલાકાત કદાચ આ છેલ્લી જ થશે ××''

૧૯૨૫ના એપ્રિલની ૧૭મીએ શ્રી મોદી અને શ્રી અંબાલાલ વ્યાસ પરના પત્રો (શ્રી રંગપત્રમંજૂષા પત્રક્રમાંક ૫૬ અને ૭૨) ખૂબ મહત્ત્વનાં છે. પત્રક્રમાંક ૫૬ ને ૭૨ની વિગતમાં 'ઈશ્વરની દયાનો પરચો' મુખ્ય છે. વ્યવસાયજીવનને તિલાંજલિ આપી દીધી છે ! રામભરોંસે જીવન જીવવાના રાહનો પ્રયોગ આરંભાયો છે. આર્થિક સંકડામણો આવે, પૂ.માજીના આરોગ્યની ચિંતા સતાવે, શરીર આહારપોષણ માંગે-એવા એવા અનેક પ્રશ્નો મનને ચકરાવે ચઢાવે છતાં સંકલ્પબળે ઈશ્વરાધીનની સ્થિતિમાં રહેવાના પથ પર પગલું માંડી દીધું છે, એની પણ બંને દિલીદોસ્તોને પાંડુરંગ આ પત્રોથી જાણ કરે છે. હૈયાની ઉલટતા ભારોભાર લેખનમાં વ્યંજિત થઈ છે : 'ભાઈ મોદી' પરનો પત્ર ઉદ્ધૃત કરીએ :

દસેક દિવસથી કાંકરિયાની ગુફામાં રહેવા ગયો છું. આજે ગુરુવાર હોવાથી ઘેર આવ્યો છું. તમારી ચિઠ્ઠી તથા પુસ્તકો મળ્યાં. મેં લખ્યા વગર તમે પૈસા મોકલાવ્યા એ ઠીક ન કર્યું. મારે પૈસાની અત્યારે બિલકુલ જરૂર નથી એટલે મ.ઓ. પાછો મોકલ્યો છે માટે માઠું લગાડશો નહિ.

ઈશ્વર અત્યંત દયાળુ છે. એની દયાનો પરચો વારંવાર આવ્યા જ કરે છે. નોકરી છોડી રામભરોંસે ઘેર બેઠો પણ કોઈ પણ જાતની તંગી નથી. નોકરી છોડી ને થોડા દિવસ પછી બાની તબિયત અત્યંત લથડી ગઈ. ફેબ્રુઆરીનો ચઢેલો પગાર પણ આવ્યો નહોતો. લાગ્યું કે મન કી મનમાં રહી જશે પણ દત્તમહારાજે મહેર કરી. એકદમ ૭૦-૭૫ રૂા. નાં પુસ્તકો ગયાં; ×× થોડા દિવસ પછી ચઢેલો પગાર પણ આવી ગયો. એક જણે વાતવાતમાં છ ગોળીઓ આપી ને બાને પણ એકદમ આરામ થઈ ગયો. કાંકરિયાથી શરૂઆતમાં બેચાર દિવસ ઘેર જમવા આવતો. પછીથી તો એક દેવદૂતે ત્યાં જ ખૂબ આગ્રહપૂર્વક-આંખમાં પ્રેમાશ્રુ આણીને-જમવાની વ્યવસ્થા કરી. આખું કુટુમ્બ ખૂબ જ પ્રેમાળ અને ભાવિક છે અને મારે માટે ખૂબ તકલીફ ઉઠાવે છે.

મારે અને એમનો પૂર્વ પરિચય માત્ર એક બે વખત પાંચ-સાત મિનિટ વાતચીતનો જ. બધી ઈશ્વરની લીલા છે. આપણે કેવળ નિમિત્તમાત્ર છીએ એવી દૃઢ - માત્ર મોઢાની જ નહિ- શ્રદ્ધા કેળવવી જોઈએ.''



જગત્સુહૃદ્

શ્રી અંબાલાલ વ્યાસ પર આ જ દિવસે આ જ વિગતોને આલેખતો પત્ર કેટલીક અન્ય બાબતોને પણ આલેખતો હોવાથી તેનો તે તે અંશો પૂરતો ઉતારો પ્રસ્તુત ગણાશે :

''ખૂબ મઝામાં છું. ×× બાકી ઈશ્વરના દરબારમાં આપણો શો હિસાબ ? પણ ના. એની સભામાં તો કીડી-મંકોડીનો પણ હિસાબ છે. ×× એક વિચાર નર્મદા-પ્રદક્ષિણાનો છે. પણ એ સારો સાથી મળ્યા ઉપર આધાર રાખે છે. બીજો વિચાર નર્મદાકિનારે કોઈ એકાંત સ્થળે ઝૂંપડી બાંધી રહેવું એવો છે, પણ ત્યાં ઘરનાં માણસો અને બીજા ઓળખીતાઓ મને ઠરીને બેસવા દેશે કે કેમ એ પ્રશ્ન છે. એક વિચાર છ મહિના કેનરી કેળ્ઝમાં ગાળવા એવો છે. પણ એમાં મોદી પર નાહક ભાર નાખવા જેવું છે ×× એટલે છેવટનો વિચાર હિમાલય તરફ જવાનો થાય છે. એકાંતમાં રહી થોડીક ઉપાસના કરવી એવો વિચાર છે. દિવસે દિવસે વધારે ખાતરી થતી જાય છે અને પરચો પણ આવતો જાય છે કે ઉપાસનાની પરિપકવતા વગર અંતર્દ્વાર ખુલ્લાં થવાનો લેશ પણ સંભવ નથી. સ્વામી ચંદ્રશેખરની, મારે કાશી જઈને થોડોક સમય અભ્યાસ કરવો એવી સલાહ છે. પણ હજીએ પુસ્તકોના કૂચા ક્યાં સુધી ચાવવા ? વળી મારે જોઈએ છે તે પ્રકારનું નૂર મને શાસ્ત્રીઓ દ્વારા મળી શકશે કે કેમ એની શંકા છે. કદાચ તેઓ વિસ્મય પમાડે પણ હૃદયની શાન્તિ નહીં આપી શકે. તેને માટે તો तद्विद्धि प्रणिपातेन... કર્યે જ છૂટકો અને તે પણ 'श्रोत्रियं ब्रह्मनिष्ठं' પાસે. માટે શુષ્ક શાસ્ત્રાધ્યયન માટે હું કાશી તો નહિ જ જાઉં. જ્યાં શંકા પડશે ત્યાં તેનો ખુલાસો કરનાર પણ પ્રભુ મોકલી આપશે, એવી શ્રદ્ધાથી એકાન્તમાં સાધના કર્યા કરવી એ જ ઉત્તમ પક્ષ છે. મેં ચંદ્રશેખરને આ વાત સમજાવી ત્યારે તેમણે પણ મારી વાતની સત્યતા સ્વીકારી તેનું અનુમોદન આપ્યું.

માટે ઈશ્વર -ઈચ્છા હશે તો જાય છે - આ દાઢીવાળો કાયમને માટે પ્રયાણ કરે છે. ×× જતાં પહેલાં તમને અને મોદીને મળી લેવાની ઈચ્છા હતી પણ એથી નાહક ઊહાપોહ વધી પડવાનો સંભવ છે, માટે એ લાલચ દબાવી દેવી જ ઠીક છે.''



જગત્સુહૃદ્

૧૯૨૫ એપ્રિલની ૨૪મી એ શ્રી અંબાલાલ વ્યાસ પર બીજો ટૂંકો પત્ર લખાય છે; તેમાં સરખેજના રતનલાલ મહાત્મા પાસેથી હિમાલયની કેટલીક માહિતી મેળવવાની ઈચ્છા પ્રગટ કરેલી છે. હિમાલય જવા જો પોતે નીકળશે તો દાહોદ સ્ટેશને મળવાની ઈચ્છા પણ રાખે છે. હિમાલય-પ્રયાણની જાણ શ્રી મોદીને ન કરવાનું સૂચન પણ કર્યું છે અને તેના કારણરૂપે લખે છે, "એ sensitive છે. એને લાગી આવશે. હું જ લખીશ." વળી, પોતાની હૃદયસ્થિતિને કવિછટાથી નિરૂપતાં મિત્રને જણાવે છે : "ખૂબ આનંદમાં છું, પણ એમાં વિરહની ગમગીની અને યારની ભાવિ ભેટનો ઉલ્લાસ બંને છે."

તરુણ પાંડુરંગ આ દિવસોમાં એક બાજુ 'મીલ-મજૂર' જેવી જહેમતમાં જોતરાયેલા રહે છે : આશ્રમશાળાપ્રવૃત્તિ, પુસ્તકપ્રકાશનપ્રવૃત્તિ અને આધ્યાત્મિક વાચનપ્રવૃત્તિમાં કલાકો વ્યતીત થાય છે. અંબાલાલ વ્યાસનો સહયોગ મળે તો ચાર દિવસ ગિરનાર જવાનું મન ધરાવે છે, પણ ભીતરનો તાર તુર્ત જ બોલાવે છે : પણ આ બધું ઈશ્વર મને અહીં રાખે તો.' મોદીજીનાં લગ્ન થયાં છે. અમદાવાદથી અડાસ અને ત્યાંથી હવે મુંબઈ સ્થિર થયા છે. વર્ધા ને વિદ્યાપીઠમાં સેવાપ્રવૃત્તિ માટે જોડાઈ જવાના શુભેચ્છક વડીલોના આગ્રહો રહે છે પણ 'જૂન (૧૯૨૫)માં તો મારે ઊડવું છે, ×× પૂર્ણ અનુકૂળતાની રાહ જોનારને તો "हा हन्त हन्त" કહેવાનો જ વખત આવવાનો. ×× વહેલા મોડા તમે સર્વ બીના જાણી શકશો. હાલ તો "मौनं" એ જ મારું તમને 'મિત્રાનુશાસન' જેવા ઉદ્‌ગારસંદર્ભો, કાંકરિયા ગુફામાં સક્રિય સાધનાનું સોપાન માંડ્યું તે ગાળાની મનોભૂમિકાને સમજવા માટે અનિવાર્ય લાગે છે.

૧૯૨૫નો જૂન મહિનો આવી ગયો છે. ૫મી તારીખ છે. ભાઈ મોદીને તે સાંજે પાંડુરંગ લખે છે : "મન હજી અસ્વસ્થ છે. પણ એ અસ્વસ્થતામાં દુઃખ તો લેશ નથી. ततः किम्‌ની વ્યાકુળતામાં પૂરતી નિંદ નથી. શરીર પર પણ એની અસર છે. માથામાં તાલુના પ્રદેશમાં અત્યંત વેદના ઉપડી છે. વાળ કઢાવી નાખ્યા છતાં વેદના શમતી નથી. પ્રાણ મસ્તકમાં ઊર્ધ્વગતિએ ચઢવા માંડે કે શરૂઆતમાં એવી વેદના થાય છે એમ વાંચ્યું છે પણ આ વેદનાને હું વરતી નથી શકતો. કાલે ખૂબ બરફ ઘસ્યો, તેલ ઘસ્યું, પણ વેદના શમતી નથી પાંચ છ દિવસમાં ભગવાનને* મળવા વડોદરે જાઉં છું."

* જુઓ : 'નારેશ્વરનો નાથ' (લે. અમૃતલાલ મોદી) આવૃત્તિ ૫મી પૃ. ૪૮-૫૦

વળી, ૧૫મી જૂને ભાઈ અંબાલાલને પણ આ જ મનઃસ્થિતિ જણાવતાં તેમને મળવા જવાનું લખે છે : "છેલ્લા કેટલાક દિવસથી આંખમાં ઊંઘ નથી. માથામાં પણ ખૂબ વેદના થાય છે. અત્યંત રેસ્ટલેસ છે. કોઈ અંદરથી જા... જા... એમ કહી ગોદાટી રહ્યું હોય એમ થયા કરે છે. પણ કયાં એમ પૂછતાં જવાબ નથી. આઠદસ દિવસ અમદાવાદ મહામુસીબતે કાઢ્યા છે. તમારે ત્યાં (ઝાલોદ, જિ. પંચમહાલ) પણ મનને ગોઠે એમ લાગતું નથી. છતાં તમારા આશ્રમનાં દર્શન તો કરવાં જ એમ વિચારી આવું છું."



જગત્સુહૃદ્

આ જ વર્ષના જુલાઈ માસના જુદા જુદા દિવસે લખાયેલા પત્રો પૈકીનાં ચાર અંગ્રેજીમાં છે. તેમાંના બે અંબાલાલ વ્યાસ પર અને બે અમૃતલાલ મોદી પર છે. બે પત્રો જુલાઈ ૪થીના રોજ લખાયેલા છે, બે પત્રો જુલાઈની ૧૧મીના રોજ લખાયેલા છે. ચારે પત્રો ખૂબ ટૂંકા છે. આ પત્રોનું મહત્ત્વ, અધ્યાત્મસાધના માટે સંતો પાસેથી માર્ગદર્શન મેળવવા માટે અવધૂતજીની મથામણ કેવી હતી તેના પ્રગટ નિર્દેશો પૂરતું છે. સાંઈખેડાના ધૂણીવાળા બાબા પૂ. કેશવાનંદજી અને મોરટક્કાના ચંદ્રશેખર સ્વામીજી પાસે પાંડુરંગ સ્વરૂપે અવધૂતજી ગયેલા છે, તે સાધાર અહીં સ્પષ્ટ થયું છે. આ ઉપરાંત ૪થી જુલાઈના શ્રી મોદી પરના પત્રમાં જણાવે છે કે "All happy and gay. Headache all gone. Mahatma (CHANDRA-SHEKHAR SWAMIJI) orders to stay for three years more in SADHANA at Ahmedabad or Godhra" ૧૧મી જુલાઈના શ્રી અંબાલાલના પત્રમાં લખે છે કે "××wonderful dream starting tomorrow morning to see BHAGAWAN. ×× journey full of experiences." આવો જ, ૧૧મી જુલાઈએ શ્રી મોદી પર પણ પત્ર લખ્યો છે. તેમાં એક વિગત વધારે છે : 'May go to Ratanlal' ૧૧મી જુલાઈના પત્રોના ઉત્તરો મેળવવા માટે સરનામું - પાંડુરંગ વળામે, C/o. વિશ્વનાથ સખારામ, વિઠ્ઠલ મંદિર, ગોધરા-અપાયું છે. એટલે અમદાવાદનિવાસ છોડી દીધો છે, એવું ફલિત થાય છે.

૨૪મી જૂલાઈ ૧૯૨૫ થી ૭મી સપ્ટેમ્બર ૧૯૨૫ના દિવસોમાં પાંડુરંગનો મુકામ રણાપુર (નર્મદા તટ, પો. સીનોર, વાયા મીયાગામ) માધવવિજય સંસ્કૃત પાઠશાળામાં થયો છે. સરખેજ નિવાસી રતનલાલ મહાત્માને મળવાની વાત તા. ૧૧મી જુલાઈના પત્રમાં થયેલી જ છે. શ્રી અંબાલાલ વ્યાસ અને શ્રી અમૃતલાલ મોદી બંને મિત્રોને પાંડુરંગ



જગત્સુહૃદ્

૨૪મી જુલાઈએ અલગ અલગ પત્રો લખે છે. તેમાં બંને મિત્રોને પત્રવ્યવહાર માટે રણાપુરનું સરનામું દર્શાવેલું છે. ૨૪મીના આ બંને પત્રો, પાંડુરંગના સાધનાપથના એક વિશેષ સોપાનનો નિર્દેશ કરે છે : એ માટે શ્રી અંબાલાલ વ્યાસના પત્રમાં પહેલું જ વાક્ય વાંચીએ : ''દિલગીર છું કે પરબિડિયું ન હોવાથી લાંબો પત્ર લખી શકતો નથી અને હવેથી તો સાદા પત્ર માટે પણ "Reply card" મોકલશો તો જ જવાબ મળી શકશે કેમકે મેં તદ્દન નિષ્કાંચન સ્થિતિમાં રહેવાનો નિશ્ચય કર્યો છે ××''ગાડરવાડાથી સાંઈખેડા સોએક માઈલ છે. મોટર જાય છે, પણ પાસે પૈસા ન હોવાથી પગે જ સેર કરી આવ્યો. ×× સાંઈખેડાના મહાત્મા જેને જે માગે તે આપે છે. ચમત્કારથી નહિ પણ કોઈને કહીને પણ યાચના કેમ કરાય ? પાસે ઘડિયાળ હતું. એક શીખ સાથે હતો. તેને કહ્યું કે મોરટકકા જવું છે, ત્યાં સુધીનું ભાડું નથી; ઘડિયાળ રાખી થોડા પૈસા આપીશ? 'કેટલા ?' મેં કહ્યું કે ઘડિયાળના રૂા. ૨૦-૮-૦ ખરચ્યા છે. પણ તું જે આપું તે મારે કબૂલ છે. શીખે આઠ રૂપિયા આપ્યા. મોરટકકાથી મોદીને લખી રૂા. ૧૦/-નો એમ. ઓ. મંગાવી વડોદરે આવ્યો. **ભગવાને કહ્યું કે તમને મારે કંઈ જ કહેવાનું નથી. માત્ર તમે એકાન્તનું સેવન કરો ને જે સ્થિતિમાં બે ત્રણ કલાક રહી શકો છો તે જ સ્થિતિમાં ચોવીસે કલાક રહેવાનો અભ્યાસ કરો.** ખૂબ આનંદથી ત્રણેક કલાક વાતો કરી. તેમને મળવાની પ્રેરણા મોરટકકે થયેલી. વડોદરે એક બીજા ઘણા જ ઉચ્ચ કોટીના મહાત્માને મળ્યો.* ભગવાનની સલાહ પ્રમાણે તદ્દન અયાચિતવૃત્તિથી રહેવાનું નક્કી કર્યું છે. અહીંથી દસેક માઈલ દૂર રતનલાલે એક સ્થાન જોયું છે. ત્યાં ન બને તો ત્રણ ઋતુ માટે ત્રણ સ્થાન નક્કી કરી રહેવું, પંદરેક દિવસ ઘેર ને આઠેક ભગવાનના સમાગમમાં. બાકીનો સમય એકાન્તમાં.''

૧૯૨૫ની ૪થી સપ્ટેમ્બર, બુધવારની સવારે રણાપુરથી 'ભાઈ

---

* હર્દાના એક પરમહંસ (જુઓ : 'શ્રી રંગપત્રમંજૂષા' : પત્રક્રમાંક ૬૭) શ્રી મોદી પરના આ પત્રમાં, ઉમેરાયેલી અન્ય વિગતો આ છે (૧) ભગવાન સાથે વિશેષ પ્રસન્નકર ત્રીજીવારની મુલાકાતમાં મેળવલ આશિષ : 'તમે પકડેલો માર્ગ બરાબર છે.' (૨) રતનલાલે જોયેલા સ્થાનમાં રહેવાનું ન બની શકે તો વરસમાં પંદરેક દિવસ માતૃસેવામાં, આઠેક દિવસ ભગવાનના સમાગમમાં અને બાકીનો વખત એકાંતમાં' ગાળવાની યોજનાનો નિર્દેશ.

મોદી પર પાંડુરંગ પત્ર લખે છે. પોતાના એકાન્તવાસની જાણ કોઈનેય ન થાય એ વિશેની સૂચના તેમણે મોદીજીને આપી છે. પોતાના નાના ભાઈ નારાયણને પોતાની કુશળતા વગર બીજું કશુંયે ન જણાવવા સાવધાની રાખવાનો આ પત્રમાં અપાયેલો આદેશ કૌટુમ્બિક સગપણો પરત્વેની આસક્તિને છોડવાનો સંકેત બને છે. સંભવતઃ હંસરાજ-વિરચિત મરાઠી ઓંવીબદ્ધ 'વાક્યવૃત્તિ'卐 મુંબઈથી મળે તો ખરીદી મોકલાવવાની મોદીજીને થયેલી સૂચના પણ મહત્ત્વની હોવાથી આપણે ધ્યાનમાં લઈએ.૭મી સપ્ટેમ્બર, શનિવારે શ્રી અંબાલાલ વ્યાસ પરના પત્રમાં એકાંતસાધના માટે પસંદ કરેલી જગ્યાનો પ્રથમવાર નિર્દેશ થાય છે. પાંડુરંગ લખે છે : ''મારે માટે પસંદ કરેલું સ્થાન કોરલથી આ તરફ ચારેક માઈલ છે; પણ ત્યાં માર્ગશીર્ષ પહેલાં ભાગ્યે જવાય, કારણ કે વહેમી લોકો સાથે કામ લેવાનું છે.×× નવા સ્થાનની બલિહારી કંઈ ઓર છે. આસપાસ દોઢ દોઢ માઈલ સુધી કોઈ ગામ નથી. એટલે હું ને મારો રામ બેની ગોઠડી ઠીક જામશે. દોઢેક માઈલ દૂર માલોદ (નારેશ્વર રોડ) રેલ્વે સ્ટેશન છે.''*



જગત્સુહૃદ્

રણાપુરમાં પણ આ દિવસોમાં તદ્દન એકાન્તનિવાસ જ પોતે આમ તો રાખ્યો છે. તેથી સાધનાપરાયણતાનો જ આ ગાળો છે. પણ આ સાથે, વ્યાવસાયિક નિવૃત્તિ સંકલ્પને બાધક ન બને એવી લોકસંગ્રહની શિક્ષણસેવાનો અનાયાસ આરંભ થઈ જાય છે : ''રાત્રે એકાદ કલાક પાઠશાળાના સાધુઓ આગળ નારદભક્તિસૂત્રો ઉપર પ્રવચન કરું છું, ક્વચિત્ સ્તોત્રો શીખવું છું. એ વગર બાકીનો લગભગ

卐 પત્રક્રમાંક ૭૧માં 'વાક્યવૃત્તિ' કોઈક પાસેથી મળ્યાનો આનંદ વ્યક્ત કર્યા છે.

* શ્રી રતનલાલ મહાત્મા માલસરવાળા શ્રીમદ્ પરમહંસ માધવદાસજી મહારાજ તરફથી ચાલતી અંગ્રેજી શાળામાં શિક્ષક હતા. શ્રી હરગોવિંદદાસ કાનજીભાઈ સોનીના ઘરની પાછળના ફળિયામાં તે રહેતા હતા. રણાપુર મુકામ દરમિયાન બ્રહ્મચારી પાંડુરંગ ભીક્ષા શ્રી રતનલાલને ત્યાં લેતા. શ્રી હરગોવિંદદાસ સોની (હુલામણું નામ દાસકાકા)ને શ્રી રતનલાલ તરફ સદ્ભાવ. દીકરી મૂળીબેનને શ્રી રતનલાલે ગીતાજી અને પાંડુરંગવિરચિત 'ગીર્વાણભાષાપ્રવેશ' શીખવેલાં. દ્રવ્યનો સ્પર્શસુદ્ધાં નહીં કરવાના નિયમવાળા તેજસ્વી બ્રહ્મચારી પાંડુરંગથી પ્રભાવિત થઈને નારેશ્વરની સ્મશાનભૂમિમાં અનુષ્ઠાન માટે 'દત્તકુટી'નુ નિર્માણ કરવામાં દાસકાકા પાયાની ઈંટ બન્યા. પ્રભાવ પૂજ્યભાવમાં ફેરવાયો ને સપરિવાર બ્રહ્મચારી પાંડુરંગ/પૂ. રંગ અવધૂતજીના સેવકશિષ્ય બની રહ્યાં. જુઓ : 'દાસ્યભક્તિના આદર્શ મુ. દાસકાકા' પ્રકાશન : નારેશ્વરસંસ્થાન

બધોએ વખત આત્મચિંતનમાં જ જાય છે. ×× શરદપૂનમ પછી બાને મળવા ગોધરે કદાચ જવાનું થાય, પણ ત્યાં આઠ દિવસથી વધારે ભાગ્યે જ રહું. ×× કારતક મહિનો ક્યાં જશે તે નિશ્ચિત નથી. કદાચ સિદ્ધપુર જાઉં. ત્યાંથી સ્થાન તૈયાર થયે પાછો નર્મદા. મને મળવા આવવાની ખાસ જરૂર નથી. હું ખૂબ મઝામાં છું અને અનેક અનુભવો લઈ રહ્યો છું.''



જગત્સુહૃદ્

પાંડુરંગ ૧૯૨૫ના ઑક્ટોબર-નવેમ્બર અહીંતહીં ફરવામાં ગાળે છે. નર્મદાકિનારના નિવાસ માટે કુટીયા કારતકમાં તૈયાર ન કરાય એવા સાંસારિક-શાસ્ત્રને કારણે દત્તજયંતી વખતે કુટીયામાં મુકામ થશે, એવી ધારણા વ્યક્ત કરે છે ને પછી ઉમેરે છે : છતાં કાલનું ભવિષ્ય કોણ જાણે છે ? (પત્રક્રમાંક : ૭૦)

વિ.સં. ૧૯૮૨ના માગસર વદ ચોથના (ઈ.સ. ૧૯૨૫, ચોથી તારીખ, માસ ડિસેમ્બર રોજ નારેશ્વરની ભૂમિ પર પાંડુરંગે આસન બિછાવ્યું. નારેશ્વર મહાદેવના જિર્ણ શિવાલય પાસેના લીમડા નીચેનું એ સ્થાન હતું. પચીસેક કદમ દૂર એક નાનીશી છાપરી હતી. એ છાપરીમાં કમલદાસ મહારાજ નામની કોઈ વ્યક્તિ રહેતી હતી. આજુબાજુની ભીલ વગેરે વસ્તી એમને ગુરુ માનતી. છાપરીની અડાળી પાસે એક પીપળો હતો. ચોમેર ફાફડા-થુવરની ગીચ ઝાડી હતી. જમીન પર ઠેરઠેર સર્પના રાફડાઓ હતા. ચાર-આઠ ઇંચ લંબાઈ ધરાવતા ઝેરી વીંછીઓની વસતી વધારે હતી. ચંદન ઘો, પાટલા ઘો, નોળિયા, સસલાં, ઝરખ, વરૂ, રાની બિલાડા, અજગર વગેરેની પણ વસતી ખરી જ. પાંચ-સાત ગામોની વસતી માટેની આ સ્મશાનભૂમિ પણ હતી. તેથી ભૂતપિશાચયોનિની પૈશાચિક લીલાઓની લોકવાયકાઓથી ભયંકરતાની ભીતિ ભરપૂર રહે તેમ હતું. પરંતુ ઈશ્વરદર્શનની કેવળ એકમેવ ઝંખનાના આત્મબળે સાંસારિક વૃત્તિઓને જાણે ધરમૂળથી ધરબી દઈને બ્રહ્મચારી પાંડુરંગે અહીં આસન જમાવ્યું છે. 卐સદ્‌ગુરુ સ્વામિમહારાજના સ્ફુરિત આદેશને શિરોધાર્ય કરીને 'દત્તપુરાણ'ના એકસો આઠ પારાયણ-અનુષ્ઠાન માટેનો આ ઉપક્રમ પોતે રચેલો છે, એવો અફર નિશ્ચય તેમનું રક્ષકબળ બની રહે છે. આ વિરક્ત તિતિક્ષાના સંવેદનને અવધૂતજીની વાણીમાં જ ઝીલીએ :

卐 વિગતો માટે જુઓ : 'નારેશ્વરનો નાથ' (લે. અમૃતલાલ મોદી) પ્ર. ૧૧, ૧૨, ૧૩, પૃ. ૧૧૦થી ૧૬૨ આ. પમી.

હમારા અસ્થાન મરઘટઘાટ - ટેક.
મડાં જલે જહાં દિનરૈનાં સબ, પ્રેમઅગન મસ્તાન !
ખુદીપતિકા પ્રેત જલાકર, હુઈ સતી ભઈ નાર !
દુઃખ દુગ્ધા સબ રોને લાગે, માતપિતા અવસાન !
પંચભૂતકા નાચ તમાસા, પચીસ દેખનહાર !
વાસનકૂતર ભસન લગે તબ, ભાગે શ્યાળ તમ સાથ !
રંગરંગકા ધૂમ ધડાકા, દેખત ફંા નિવાત ! હમારા.

('અવધૂતી આનંદ' ભજનક્રમાંક ૯૧)



જગત્સુહૃદ્

જીર્ણશીર્ણ શિવાલય અને તેની સામેનો લીમડો એ જ કામચલાઉ નિવાસસ્થાન બનાવ્યું. માગસર માસના સૂસવાતા વાયરાના આકરા ઝપાટામાંથી કંઈક રક્ષણ મળે એવી રીતે બે દિશામાં કરાંઠાની આડ કરેલી. રણાપુરના દાસકાકાએ ત્રણેક મહિનામાં ઈંટેરી 'દત્તકુટીર' તૈયાર કરાવી દીધી. 'દત્તકુટીર' નારેશ્વર હવે બ્રહ્મચારી પાંડુરંગનો નિવાસ બન્યો છે. ૧૯૨૬ના માર્ચ મહિનાની ૧૫મી તારીખે મિત્ર અંબાલાલને આ નિવાસેથી પત્ર પાઠવે છે : મિત્ર સાથેનો અલગારીનો વિનોદ ને નમ્રતા માણવા જેવાં છે. પત્રમાંથી અંશો જોઈએ :

"××હરિપ્રસાદ (બાલમિત્ર)ની માફક એક પત્રમાં પચીસવાર ક્ષમા માગતા જોઈ ×× આશ્ચર્ય બમણું થયું છે. તમે લોકોએ આ મારી શી મશ્કરી કરવા માંડી છે ? લાજ ઢાંકવા માટે બે વેંત લંગોટી પણ જેને બીજાની પાસેથી ફાડી લેવી પડે તેવા ભિક્ષુક-શિરોમણિ પાસે ક્ષમા (પૃથ્વી) દાનની માગણી ! ક્ષમા (પૃથ્વી) દાન તો બલિરાજા જેવો દાની હોય કે પરશુરામ જેવો બળિયો હોય તે જ કરી શકે. હું કંગાલ પાસે તો તસુ ભોંય પણ નથી તો આખી પૃથ્વીની ક્યાં વાત ! પણ હા, એક રીતે હું પૃથ્વીપતિ જરૂર છું. માત્ર સમાસ ફેર છે, એટલું જ !!" (પત્રક્રમાંક ૭૩).

નારેશ્વર-નિવાસપૂર્વેથી જ પાંડુરંગનું અધ્યાત્મતેજ તો શ્રી ભગવાન* (વડોદરાના તે સમયમાં એક સિદ્ધપુરુષ) જેવાએ પોંકેલું જ એનો નિર્દેશ આપણે આગળ જોઈ ગયા છીએ. અવધૂતજીની આધ્યાત્મિકતાની સર્વતોમુખી પ્રતિભાને લોકસંગ્રહના કાર્યમાં વ્યાપક રીતે સક્રિય કરવાની સદ્‌ગુરુશ્રી સ્વામી મહારાજની પ્રેરણા હશે, તેથી જ એ નારેશ્વરમાં પધાર્યા ને પૂજ્ય માજીની મૂક પ્રેરણાથી નિત્ય સ્થિત

* જુઓ : 'નારેશ્વરનો નાથ' પૃ. ૪૮-૫૦



જગત્સુહૃદ્

થયા છે. 'રંગ બાદશાહ' અભિધાનથી દસકત લખીને મિત્ર અંબાલાલને ઉપરના જ પત્રમાં જે લખ્યું છે, તેનો મર્મ પણ અવધૂતીઓજસ ઓળખાવે છે : ''હજી હું મૌન લઈને બુદ્ધ થઈ નથી બેઠો. દત્ત ભગવાનનો દરબાર બધાને માટે ખુલ્લો છે ને આ દત્તસેવક દરેકની સેવા કરવા તૈયાર છે. જ્ઞાનચર્ચા જેવો નિર્દોષ આનંદ કયો છે ? પણ લોકોને મારી જ્ઞાનગોષ્ઠિ નથી જોઈતી. તેઓ તો મારી કહેવાતી સિદ્ધિથી પોતાના ઘરનાં નળિયાં સોનાનાં થાય, ને પોતે ઝેર ખાવાનું ચાલુ રાખે તો પણ મારા આશીર્વાદ માત્રથી અમર થાય, એ હેતુથી મારી તરફ કોકવાર દોડી આવે છે ! ને હું પોતાની અશક્તિ જાહેર કરું છું. એટલે 'મહારાજ જાણે છે બધું પણ કોઈને કંઈ કરી આપતા નથી,' એમ કહી મ્હોં મરડે છે; કોઈ મારો સાચો લાભ ન લે તેમાં મારો દોષ નથી.''

તપસ્વી જીવનનો ઉમળકા-અનુભવ મિત્ર સાથે વહેંચવો છે, એથી લખે છે : ''ખરી બાદશાહીનો આજે પ્રથમ દિવસ (રવિવાર, ફાગણવદ-પાંચમ, ૧૫મી માર્ચ ૧૯૨૬) છે. બપોરના ભોજન પછી આ પત્ર લખી રહ્યો છું. અત્યારસુધી યુવરાજપદે હતો. હવે ખુદ બાદશાહની ગાદી પર છું. આનંદનો ઉભરો શાંત પડ્યા વગર એનું વર્ણન નહીં કરી શકાય. બનાવેલું બધું પકવાન બપોરે પૂરું થઈ ગયું. સાંજે માત્ર દૂધનું નૈવેદ્ય ધરાવવાનો વિચાર હતો, પણ અબઘડી જ ભગવાન એક નાળિયેર મોકલાવે છે. દિલગીર છું કે આનંદ લૂંટનાર - આનંદમાં ભાગ પડાવનાર - કોઈ નથી. કમનસીબ દુનિયા તારા તકદીરમાં આવો આનંદ ક્યાંથી હોય ! એક, બે, ત્રણ, સાંજ પહેલાં આવવું હોય તો તે આવી જાય, નહિ તો ખેલ ખલાસ !! પછીથી ટૂકડોય નહિ મળે !!!''

અંતરનું અજવાળું બહિર્ પ્રતિકૂળતાઓને કેવી સમદૃષ્ટિથી જીરવી લે છે, એનો ખ્યાલ આપણે આ જ પત્રમાં દિવ્યાનુભવના વર્ણન પૂર્વેનો પરિચ્છેદ ધ્યાનમાં લઈએ તો જ આવે : ''બપોરે તાપ અનહદ પડે છે. કુટિમાં ટકાતું નથી. મહાદેવનું શરણ લઉં છું, પણ ત્યાંએ પરસેવાના રેલા ચાલે છે. પાસે ગોળ નથી. ગોળના પાણીનો પ્રયોગ પણ આઠેક દિવસથી બંધ છે. મંગાવું તો મળી શકે તેમ છે. પણ હું જીભ હલાવતો નથી. સાયરના ઈનામદાર તરફથી હું જ્યારે જે ચીજ મંગાવું તે બારોબાર મોદીખાનેથી મોકલી દેવાની વ્યવસ્થા થઈ છે અને એ લોકો તો એટલે સુધી ઈચ્છે છે કે હું જોઈએ તો એકપણ માટલું પાસે ન

રાખું અને રોજનું સીધું રોજ જેટલી મૂર્તિ ખાનાર હોય તે બધાનું કુંભારને કહી દૂધની સાથે મેળવી લઉં. અહીંથી હિરજીપુરા કરીને એક ગામ છે ત્યાંના એક માણસે પણ સાયરના એક માણસને ૨૫/- રૂા. આપી મૂક્યા છે ને મારે જોઈતું સીધું મોકલાવવાની વ્યવસ્થા કરવાની કહી છે. પણ હું તો एकभिक्षा न कर्तव्या वसिष्ठसदनादपि । माधूकरं प्रकर्तव्यं चन्डाल (अलं अत्यन्तं चण्डः चण्डालः) सदनादपि ।। એ યતિનિયમને વળગી રહેવાનો નિશ્ચય કરી બેઠો છું. અને હજી સુધી એક પણ ચીજ મંગાવી નથી. ભગવાન મારો ટેક કાયમ નહિ રાખે ? લાજ એને હાથ છે. એકવાર તો એકલી દાળ પીને ચલાવી લીધેલું. પણ બીજે જ દિવસે લીલોડની પાસેના ગામ કોણામાંથી લોટ ને ઘી આવી પહોંચ્યું ને મારી નિષ્કિંચનતા કોઈની નજરે ન પડી. ×× ઘનશ્યામદાસને પાંખો ફૂટી છે તે આજે સહવારે એ નાસી છૂટ્યો છે. ખરી બાદશાહી હવે જ અનુભવવાની છે. ×× મારાં હાડકાંનો મને ખ્યાલ છે. પણ આજ ૨૫-૨૭ વરસ પછી શરીર ખૂબ હરામી થઈ ગયું છે. એ બદમાસે અનેકવાર માલિકના કાયદા તોડ્યા છે, પણ માલિકે એના પર રહેમ નજર જ રાખી છે. હવે તો એને સખ્ત મજૂરીની શિક્ષા જ થવી જોઈએ; એકલા દેશનિકાલથી એ ઠેકાણે આવે તેમ નથી.''



જગત્સુહૃદ્

વિચાર ને વિચારનારનો ભેદ નષ્ટ કરવાની સાધનામાં ધાર્યું ઉડુયન પાંડુરંગ કરી ચૂક્યા છે અને તેના અલૌકિક અનુભવોમાં હવે તે મસ્તી માણે છે. સ્વકીય અનુભૂતિનાં બળે મિત્ર મોદીજીને સ્પષ્ટ સલાહ આપે છે, ''વિચારસાગરમાં તળીએ એવી ડૂબકી મારો કે વિકલ્પોના બધા બુદ્‌બુદો તદ્દન શમી જાય. જ્યાં સુધી મન વિચારોમાં-સારા કે નરસા – કોઈ પણ જાતના વિચારોમાં ભટક્યા કરશે ત્યાં સુધી શાશ્વત સુખ નથી પ્રાપ્ત થવાનું. જેમ જેમ મન નિઃસંકલ્પ થતું જશે તેમ તેમ શાંતિનું ધામ પાસે આવતું જશે. માટે વધારે વિચારો ભેગા કરવાની ઘેલછા છોડી દઈ જે હોય તેમને પણ મનમાંથી કાઢી નાંખો અને અંતઃકરણને ગંગાના નીર જેવું ચોખ્ખું બનાવો અને પછી જુઓ કે પરમાત્મા પાછળ પાછળ ફરે છે કે નહિ. cease from an excessive desire of knowing, for theirin thou shall find much distraction and delusion.'' (પત્ર ક્રમાંક ૭૬)



જગત્સુહૃદ્

૧૯૨૬નું વર્ષ દત્તકુટીર, નારેશ્વરમાં સ્થિર મુકામનું છે. મૌન અને ઉપવાસના વ્રતો અવાર-નવાર પાંડુરંગ લે છે અને સંતોષપૂર્વક વ્રતો થતાં હોવાથી ખૂબ શાંતિનો અનુભવ લૂંટતા રહે છે. વળી, શ્રી અંબાલાલ વ્યાસ અને શ્રી અમૃતલાલ મોદી સાથેનો પત્રવ્યવહાર પણ સઘન રહ્યો છે, 'શ્રી રંગપત્રમંજૂષા'ના પત્રક્રમાંક ૭૩ થી ૮૩ નું લિખિત વર્ષ ૧૯૨૬ છે. એ પત્રોને તારીખ પ્રમાણે ગોઠવીએ : (૧) ૨૩-૧-૨૬, (૨) ૧૬-૨-૨૬ (બે પત્રો), (૩) ૨૧-૨-૨૬ (બે પત્રો) (૪) ૧૫-૩-૨૬ (૫) ૧૫-૪-૨૬ (૬) ૪-૫-૨૬ (૭) ૧૪/૧૮-૫-૨૬ (૮) ૨૩-૭-૨૬ (બે પત્રો) (૯) ૨૪-૭-૨૬ (૧૦) ૨૫-૭-૨૬ (૧૧) ૩૦-૧૦-૨૬ (૧૨) ૧૯૨૬/૨૭ વર્ષ - બે પત્રો. આ પત્રોમાંથી પોતાના સાધક જીવનમાં પણ સમાજ તરફથી ઊભા થતાં વિઘ્નો, સ્વકીય સાધનાપુરુષાર્થનો આનંદ, પૃચ્છકોને આધિ-વ્યાધિ-ઉપાધિનિવારણ માટેનું ઈશ્વરપ્રેરિત માર્ગદર્શન, સ્વરચિત લેખનકાર્યોની વ્યવસ્થા અંગેની સૂચનાઓ અને મૈત્રીવિનોદ જેવા વિષયોનું આલેખન થયું છે. આ વર્ષે 'પાંડુરંગ વિ. વળામે'ના વિકલ્પે 'કામળીવાલે બ્રહ્મચારી' તરીકે પણ પોતાને ઓળખાવે છે, એ નોંધપાત્ર છે. પોતે, 'કામળીવાલે બ્રહ્મચારી' ઉપરાંત 'મહારાજ' અને 'બાવા'ની સંજ્ઞાઓથી સમાજમાં ઓળખાવા લાગ્યા છે. એથી મિત્ર મોદીને પત્રમાં વિનોદપૂર્વક લખે છે : ''તમારે 'મહારાજ' રાખવો છે ? રાખવો હોય તો મને લખજો લોકોએ મને 'મહારાજ'ની પદવી આપી છે. મેં એમને અનેકવાર કહ્યું કે મેં કોઈ ઠેકાણે 'મહારાજગીરી' કરી નથી - 'મહારાજગીરી'ની તાલીમ પણ નથી લીધી (આપણા આદિતરામ મહારાજ પાસે લીધી હોત તો અત્યારે કામ ન લાગત ?), માટે તમારી પદવી મહેરબાની કરીને પાછી લો પણ લોકો કંઈ અંગ્રેજસરકાર જેવા બેવચની થોડા જ છે કે એકવાર આપેલી પદવી છીનવી લે ?''

એ જ રીતે પોતાને કેટલાક લોકોએ 'બાવો' કહેવાનું શરૂ કર્યું, ત્યારે તે ઘટનાને સંદર્ભે પણ મિત્ર મોદીને વિનોદમાં લખે છે : ''એક પદવીથી કેમ જાણે ન ધરાયા હોયને તેમ કેટલાક લોકોએ મને 'બાવા'ની બીજી પદવી આપી છે. આ પદવીનો ચાંદ મને એનાયત કરવામાં આવ્યો ત્યારે તો મેં ખૂબ આજીજીપૂર્વક કહ્યું કે ભાઈઓ તમે ભોળા લોકો છો. તમારી ઉદારતાને ધન્ય છે. પણ બધી ઉદારતા મારે માટે જ ના વાપરી નાખશો, ખુદાની ખાતર આ પદવીમાંથી તો મને મુક્ત

કરો જ, કેમકે જે બીવડાવે તે બાવો અથવા તો જેને બેટાબેટી હોય તે બાવો ! મારામાં તો બંનેમાંની એકેય લાયકાત નથી માટે દયા કરો. પણ મારા આવા નિખાલસ ભાષણથી તો કેટલાક લોકોને મારામાં કંઈક ગાંડપણની શંકા આવવા લાગી છે, અને તેથી રખેને લોકો મને કોઈ 'ગાંડો બાવો' એવી એવી ત્રીજી ઉપાધિ આપી બેસે એ બીકથી, મેં હવેથી લોકો જે ''titles આપે તે મૂંગે મોઢે કબૂલે રાખવાનું ચાલુ રાખ્યું છે.''



જગત્સુહૃદ્

અને પછી, લાક્ષણિક છટાથી પોતાની ઓળખ વ્યક્ત કરે છે : ''પણ હું નથી Typical બ્રાહ્મણ કે નથી Typical સાધુ એટલે આસપાસના મહારાજોમાં (બ્રાહ્મણ અને સાધુઓમાં) હંસના ટોળામાં એકલવાયા કાગડાની માફક હું જુદો પડી જાઉં છું.''

મિત્ર અંબાલાલ વ્યાસે પત્રથી પાંડુરંગને સૂચન કર્યું હશે કે સત્સંગ ઉપદેશ માટેની ફેરી તેઓ ફરવાનું શરૂ કરે, જેથી જીવનનિર્વાહનો પ્રશ્ન ઉકલી જાય ! પાંડુરંગ નર્મ-મર્મની રીતિએ ૧૫મી એપ્રિલ ૧૯૨૬ના રોજ પ્રત્યુત્તર આપે છે : ''તમારો પત્ર મળ્યો ! શું તમે પણ હું ઉપદેશ આપતો ફરું એમ ઇચ્છો છો - અને તે પણે 'ગાડું ઠીક ચાલે' તેટલા માટે ? હર હર ! મેં તમારી પાસેથી એવી સલાહની અપેક્ષા જરૂર નહોતી રાખી. પણ એમાં તમારો દોષ નથી. દોષ હોય જ તો તે ઉપદેશપ્રચુર જમાનાનો છે ભાઈ ! મારું ગાડું તો નરસિંહ મહેતાના જેવું રગશિયું ચાલે એ જ ઇચ્છવા જેવું છે. ગાડું ઠીક ચાલે તો બેસનારાઓની ઠઠ જામે ને બિચારા બળદિયાનો અડદાળો નીકળી જાય !'' (પત્રક્રમાંક-૭૯) પાંડુરંગ તો સ્પષ્ટ અનુભવી ચૂક્યા છે કે '' 'દેશ' તો 'ઉપ' છે. દરેકની પાસે છે, દરેકનું નિજસ્વરૂપ છે. એ આપવાનો ન હોય, એ લેવાનો – જાતે પિછાનવાનો હોય. બતાવવાની ઓળખાણ કરાવવાની જરૂર પણ એટલા જ માટે કે એ 'પાસ ખડો' પણ નજરો મેં ન આવે' એવો હોય છે.'' એથી જ અનુભવાનંદના કોઈ સહભાગીની ખેવના કરતાં અવધૂતજીએ ગાયું છે : ''પ્યારા દેસી મિલે તો દિલ કી કહું / આન પરદેશી મેરી બાત ન બૂઝે !''

ખુલ્લાં આંખ-કાન રાખીને પાંડુરંગ જગતનું નિરીક્ષણ કરતા રહે છે. સ્મશાનવાસનો આનંદ અંતરમાં લૂંટતા રહે છે. કોઈ સદાવ્રત નંખાવા માંગે છે તો ઘસીને એ ઉપાધિ વહોરી લેવાની ના પાડી દે છે, અને સમજાવે છે કે સદાવ્રત કરતાં સત્યવ્રત તેમને વધારે પ્રિય



જગત્સુહૃદ્

છે. સાધના કરે તે સાધુ; નહીં કે સીધું ઉધરાવતા ફરે તે. આમ દાનીને ન રુચે તેવું કડવું સત્ય સંભળાવી શકે છે. સ્થાનની જમનાની કોઈ બેનપણીને પીપળાને જનોઈ દેવના પ્રસંગે બે બ્રાહ્મણે આવી મળ્યા તેને વગર માગ્યે એક એક રૂપિયો દક્ષિણા આપવાનું નક્કી કરી બંનેના નામ યાદીમાં દાખલ કરાવ્યાં, એવું જાણીને અવધૂતજી બોલી ઊઠે છે – 'એનાં કરતાં તો બાઈએ કોઈ સુપાત્ર ગરીબ બ્રાહ્મણના બાળકને જનોઈ કે વિદ્યાદાનમાં રૂપિયા ખરચ્યા હોત તો એનું વધારે કલ્યાણ થાત.'' પોતાની આવી વિચારસરણીને 'ધાર્મિક માણસ' તો નાસ્તિક જ વચનો કહીને અવગણના જ કરવાનો એ વિશે પોતે સભાન છે. આજુબાજુની અભણ ને વ્યસની વસ્તીને કારણે ઊભી થતી સમસ્યાઓના પણ અણસારો બંને મિત્રોને વારંવાર પાંડુરંગ આપ્યા કરે છે.

૧૯૨૬ના એપ્રિલનું પહેલું સપ્તાહ પૂરું થવામાં હશે, ત્યારે આઠેક દિવસ તબિયત બગડે છે : વાંતીઓનો ઉપદ્રવ થયો ! આઠ-દસ દિવસ નસો ખેંચાયા કરી ! કારણ સમજાય નહિ ! જમના નામની બાઈ જે ખાવાનું લાવેલી તે થોડું ખાધું ને એ જ દિવસે આ સ્થિતિ થયેલી. પણ જમનાને દોષ આપવાની જરાય વૃત્તિ નથી ! પાંડુરંગની પરદોષ ન જોવાની દૃષ્ટિ કેળવાયેલી હતી, તેની પ્રતીતિ કરાવતો આ પ્રસંગ ઈશ્વરોપાસનઅંતર્ગત જ સ્વચરિત્રનિર્માણની સાધનાનો પણ પ્રસંગ બને છે. ગોળના જળનું રસાયણ લેવાનો પ્રયોગ પણ સાધકજીવનને જ ઓળખાવે છે.

૧૯૨૫ ડીસે.થી ૧૯૨૬ના નવે-ડીસે.પર્યન્ત 'દત્તપુરાણ'નું અનુષ્ઠાન પાંડુરંગે લીધેલું છે. સદ્‌ગુરુ સ્વામિમહારાજના આદેશ અનુસાર આ તપ હતું; એથી અનુષ્ઠાનમાં વચમાં ખંડ ન પડે, એ માટે પોતે આગ્રહી છે. અનુષ્ઠાન પૂરું થયા વગર સ્થાન પણ ન છોડાય તો સારું એવોય આગ્રહ છે. એ સાથે એવા સાત્ત્વિક આગ્રહની સફળતા કે નિષ્ફળતા ઈશ્વરાધીન જ હોય, એમ પણ પોતે નિશ્ચિતપણે સ્વીકારે છે.

૧૯૨૬ની જુલાઈ માસની ૨૩મીનો પત્ર વિશિષ્ટ છે : ચોમાસાના દિવસો છે. વરસાદ જામ્યા છે, એનો આનંદ લૂંટાય છે. રતનલાલ મહાત્મા, ઘનશ્યામદાસ, મહંત, વિકલ- સૌ પોતપોતાની રીતે આવ્યા છે. આ સ્થિતિને વિસ્મયસુખમાં ફેરવતાં પાંડુરંગ લખે છે.'' ચોવીસે કલાક ''એકમેવાદ્વિતીયમ'નું સામ્રાજ્ય હોય છે.'' તાપનો બફારો બપોરે લાગે છે ત્યારે બહાર છાયામાં બેસે છે, અને કપોતને જુએ છે :

''એક કપોત લગભગ રોજ આવી સ્હામે નૃત્ય કરે છે. મારા પરમ ગુરુ એ કપોતરાજને હું બે હાથ જોડી નમન કરું છું કે તરત ત્યાંથી ઊડી જાય છે. એટલે તેનો મર્મ પકડે છે : એ લોકો પગે લાગવા લાગે ને નાહક શરીરનું મહત્ત્વ વધારવા માંડે કે સાધકે ત્યાંથી તરત જ ઊડી જવું એવો ગૂઢ ઉપદેશ એમાં નથી શું ?'' દત્તાત્રેય પ્રભુના ચોવીસગુરુના કથાનકમાં કપોતનું ગુરુસ્થાન પાંડુરંગ અહીં અંકે કરી બતાવે છે. એ જ રીતે અજગર-ગુરુનો સંકેત પાંડુરંગે કેવો ઝીલ્યો છે, તે એમના જ શબ્દોમાં સમજીએ : પરમ દિવસે એક ઝેરી સાપ કરડતો કરડતો રહી ગયો. કહે છે કે સાપને દાંતે તાળું હોય છે. ને કૂંચી માલિકને હાથ છે. માલિક તાળું ખોલી આવે ત્યારે સાવ કરડેને ? ત્યારથી બિચારો કુટીની ચોકી કરે છે. ને બહાર જાઉં છું કે ટટ્ ટટ્ ટટ્ કરી પોતાની આલબેલ સંભળાવે છે. હું પણ 'અવધૂત દત્ત' કહી એના સંગીતનું સ્વાગત કરું છું !'' પાંડુરંગનું અભયં સત્ત્વશુદ્ધિ'ભર્યું વ્યક્તિત્વ ખીલ્યું છે. સિદ્ધસાધકસ્થિતિનું આ લક્ષણ આપણે ઓળખી લઈએ.



જગત્સુહૃદ્

અને, છતાં, પૂર્ણતાની પિપાસા હજી છીપી નથી ! એનું હૈયાફાટ રુદન પણ આ જ પત્રમાં, આરંભે જ આપણને સાંભળવું પડે છે ! : ''દયાના સાગર ! ત્હારો દયાનો ઝરો સૂકાઈ ગયો શું ? ત્હારાં દ્વાર ઠોકી ઠોકી હાથ દુઃખી ગયા. મ્હારા પગે સોજો ચઢ્યો ! રડી રડી આંખડીનાં નીર ખૂટ્યાં !! થાકીને પાછો જઈશ તો એ ત્હારી ફજેતીના ફાળકા છે. તેમાં લોકો જાણશે દયાનું દેવાળું કાઢ્યું મરી જઈશ ત્હારે બારણે તોએ કમબખ્તી છે ત્હારી- દીનાનાથ નામ છે ત્હારું !! લોકો કહેશે દીનોનો નાથ પણ આજે દીન ને અનાથ થઈ ગયો !!''

૧૯૨૬-૨૭ (તારીખ નિર્દિષ્ટ નથી અને બે વર્ષનો નિર્દેશ છે, એથી અનુમાન થઈ શકે કે '૨૬નો ડીસેમ્બરથી '૨૭ની જાન્યુઆરી માસના ગાળામાં કોક દિવસે આ પત્ર લખાયો હોય)ની સાલવાળો પત્રકમાંક ૮૭ પાંડુરંગની સંતમહાત્માની શોધ હજી ચાલુ છે, એનો ખ્યાલ આપે છે. હાલોલ (પંચમહાલ જિલ્લો)ના તે સમયના કોક બાદશાહ બાપજી નામના મહાત્માને મળવા માટે, ગોધરાનિવાસી બાલમિત્ર હરિપ્રસાદ દેસાઈના સૂચનથી પાંડુરંગ હાલોલ જાય છે ત્રણ દિવસ માગી ખાનાર ભિખારીની માફક તે મહાત્માની છાયામાં ખુલ્લામાં પોતે પડી રહ્યા. હરિપ્રસાદે પરભારી જ જમવાની વ્યવસ્થા

કરી આપેલી ખરી. આ મુલાકાતની ફલશ્રુતિ વર્ણવતાં પાંડુરંગે આ પત્રમાં લખ્યું છે, ''×× મહાત્મા માટે મને ભાવ ન થયો.''



જગત્સુહૃદ્

નારેશ્વરથી, ૧૯૨૭ની ૨૫મી ફેબ્રુઆરીના રોજ ભાઈ મોદી સમક્ષ પત્રથી પોતાની મનઃસ્થિતિ ખુલ્લી કરે છે : ''દિવસે દિવસે મારો નિશ્ચય વધારે દૃઢ થતો જાય છે કે કોઈ એવે સ્થળે જઈ બેસવું કે જ્યાં કોઈ મને પિછાનતું ન હોય કે ન તો કોઈ કાગળ પણ લખી શકે. પરમાત્માની આજ્ઞાની રાહ જોઈ રહ્યો છું. આથી સ્પષ્ટ થાય છે કે પાંડુરંગને નારેશ્વર છોડી અન્યત્ર જવાનું મન છે. મોદીજી માટે પાંડુરંગ હવે 'તપસી' સંબોધન પ્રથમવાર પ્રયોજે છે. આ પત્રમાં જ વળી પોતાને માટે 'અવધૂત રંગ' સંજ્ઞાયે પ્રયોજેલ છે. અભ્યાસ અને અનુભવ એ બેમાં ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે, એવું સમજાવી ઉમેરે છે કે એક કણ અનુભવ હજારો ખાંડી અભ્યાસ કરતાં પણ વધારે કિંમતી છે. 'ડુકૃગકરણે' પંથના શાસ્ત્રીઓનો પોતાને કંટાળો છે, એવું સ્પષ્ટ કહી દે છે. 'ભજગોવિંદ'પંથના શાસ્ત્રીઓ કે અશાસ્ત્રીના ચરણના પોતે દાસ છે, એમ પણ દર્શાવે છે. ભણતર કરતાં ભાવની જ ઈશ્વરના દરબારમાં કિંમત છે, એવું ભારપૂર્વક નોંધે છે. ભક્તની વિનમ્રતાથી કવિવાણીમાં પોતાની ઓળખ પાંડુરંગે આમ નિરૂપી છે : (જુઓ પત્રક્રમાંક ૯૧)

હું મુરખ નાદાન, સંતો, હું મુરખ નાદાન - ટેક
સ્નાન ન જાણું, ધ્યાન ન જાણું,
પૂજા નવ પવમાન, સંતો ૦૧
દેવ ન જાણું, ધર્મ ન જાણું;
કર્મતણું નવ ભાન, સંતો ૦૨
વેદ ન જાણું, પુરાણ ન જાણું,
દર્શન નાહીં કુરાન, સંતો ૦૩
કાવ્ય ન જાણું, ભાણ ન જાણું,
છંદતાલ નહિ જ્ઞાન, સંતો ૦૪
મંદિર જાઉં ન મસ્જિદ ધાઉં,
દત્તદ્વાર હું શ્વાન, સંતો ૦૫
ભોં ભોં કરતાં જન્મ ગયો આ,
'રંગ' થજો અવસાન. સંતો ૦૬

'તપસી' શ્રી અમૃતલાલ મોદીજી 'અવધૂતેર રંગ' પાંડુરંગને સર્વ

કોઈ બાબતે મિત્રભાવે મદદરૂપ રહી સેવાતત્પર થયેલા છે. પાંડુરંગના નાના ભાઈ નારાયણ અને પૂજ્ય માજીના આરોગ્યની ચિંતાભરી કાળજી, પાંડુરંગના આધ્યાત્મિક તેમજ જીવનવિકાસપોષક સાહિત્યપ્રકાશનની વ્યવસ્થા, નારેશ્વર દત્તકુટીરમાં જરૂરિયાતો પૂરી પાડવી, અન્ય સર્વ જરૂરિયાતોનો પણ નિકાલ લાવી આપવામાં સહામભૂત રહેવું વગેરે કાર્યોમાં પોતાના સાંસારિક જીવનને નિભાવતા રહીનેય, સક્રિય પ્રવૃત્ત રહે છે. પોતાના જીવનના છેલ્લા શ્વાસપર્યન્ત અવધૂતસેવાનું તપ કરતા રહીને 'તપસી'નું પાંડુરંગદીધું ઉપનામ તેમણે સાર્થક કરેલું છે.



જગત્સુહૃદ્

અવધૂત દત્તની ધૂન ઘેર ઘેર ગાજે એમાં પાંડુરંગ રાજી છે પણ એ સાથે એના પ્રચારમાં પશ્ચિમની વાંદરીયા પદ્ધતિ અખત્યાર કરવા તેમની ઈચ્છા નથી. mouth to mouth and hand to hand and fail that by correspondence પ્રસારની પદ્ધતિ તેમને ઈષ્ટ લાગી છે. જેમને ધર્મનો એકડો પણ ખબર ન હોય તેવાઓના ધાર્મિક પુસ્તકો પર અભિપ્રાય માગવા ને તેના જોર પર ધાર્મિક સાહિત્યનો પ્રચાર કરવાની રીત તેમની દૃષ્ટિએ અધમાધમ છે.

મિત્ર મોદીજી સમક્ષ આવી વિચારધારાઓ પાંડુરંગ પ્રગટ કરતા રહે છે. ત્યાં અંતઃકરણમાં દેવ-દૃષ્ટાન્ત સંભળાયો કે 'દત્તપુરાણ' ના અનુષ્ઠાનના ઉદ્યાપન નિમિત્તે સ્વકષ્ટ ઉઠાવી ૧૦૮ દિવસમાં નર્મદા પ્રરિક્રમા કરવી; ત્યાં જ, વળી, બીજો દૈવી દૃષ્ટાન્ત પણ સાંભળ્યો કે ''બ્રહ્મચારી !* દક્ષિણમાં જા 'ગાંડો' તારી રાહ જુએ છે''.

ગાંડો કોણ ? પ.પૂ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામિમહારાજશ્રીની નિત્ય સેવામાં રહેનાર દક્ષિણ ગુજરાતના તલંગપુર નિવાસી ગુજરાતીભાષી યોગાનંદસરસ્વતી મહારાજ ગાંડામહારાજ તરીકે સ્વામિમહારાજના દત્તભક્તપરિવારમાં સુપ્રસિદ્ધિ હતા. તેમને મળવાનો એ અજ્ઞાત આદેશ ઝીલી પાંડુરંગ / 'અવધૂતે રંગ' /કામળી વાલે બ્રહ્મચારી, દક્ષિણપ્રાન્તમાં પંગરણ માંડે છે. અદૃશ્ય સદ્‌ગુરુના આદેશને ઝીલવા અને તે પ્રમાણે નિષ્ઠાપૂર્વક નિઃશંકભાવે પ્રવૃત્તિ થતા બ્રહ્મચારી પાંડુરંગનું અંતઃકરણ કેવું ઉદાત્તશુદ્ધ હતું, તેની દ્યોતક આવી ઘટનાઓ અવધૂતજીના જીવનમાં નિરંતર બનતી રહી છે. વિસ્મયકારક બાબત અહીં એ બને છે કે દક્ષિણપ્રાન્તમાં વાકડી દૂધના તટાકમાં સ્થિત ગાંડા મહારાજશ્રીને પણ

*જુઓ : 'શ્રીરંગપત્રમંજૂષા' પત્રક્રમાંક ૧૦૧, પૃ. ૯૨ આવૃત્તિ ૨જી અને 'નારેશ્વરનો નાથ' (લે. અમૃતલાલ મોદી) પૃ. ૧૬૩-૧૬૬ આવૃત્તિ ૫મી.



જગત્સુહૃદ્

સદ્‌ગુરુ સ્વામિમહારાજનો દૃષ્ટાન્ત થાય છે કે ચિંતા ન કર, હું એક બ્રહ્મચારીને મોકલું છું !' ગાંડા મહારાજશ્રીને ચિંતા પોતે રચેલા 'શ્રીગુરુમૂર્તિચરિત્ર' (ઓવીબદ્ધ મરાઠીમાં પોતાના સદ્‌ગુરુ સ્વામિમહારાજનું તૈયાર કરેલું જીવનચરિત્ર)ની ભાષાશુદ્ધિ માટેની હતી !

અકિંચન રહેતા પાંડુરંગ બ્રહ્મચારી સાકોરી પહોંચી પૂ. ઉપાસની બાબાનાં દર્શન કરી કોમરગાંવ, વૈજપુર, રોટેગાંવ, સાટોના થઈને દૂધના નદીને કિનારે આવેલા વાંકડી ગામે પહોંચે છે. આ બધી સફર કયારેક ગાડીમાં તો બહુધા પૈદલ તેમણે કરે રાખી છે !

વાંકડીમાં પૂ.ગાંડા મહારાજ સાથે મુલાકાત થઈ બંને પરસ્પર ભેટે છે. ૪થી ઓગસ્ટ ૧૯૨૭ના સોની ડાહ્યાલાલ ભગવાન અને અસૌ બહેન મૂળીને કહાણા મુકામે અવધૂતજીએ 'મહારાજ'ના દસકતથી પત્ર લખ્યો છે. તેમાં દર્શાવ્યું છે કે ગાંડામહારાજે 'ગરુડેશ્વરના સ્વામીનું એક માણસ પાસે કવિતામાં જીવનચરિત્ર તૈયાર કરાવ્યું છે, એ બધું ફેર તપાસી જઈ શુદ્ધ કરવાનું કામ' તેમને સોંપાયું છે. હૃદયમાં નર્મદાપરિક્રમાની લગન છે, 'મહારાજ મને જલદી છોડે એમ લાગતું નથી, ×× પણ મારો વિચાર એમને ખોટું ન લાગે તે રીતે છટકી જવાનો છે. ×× મહારાજની રજા લઈ જબલપુર થઈ ખેડીઘાટ આવવા નીકળવાનો વિચાર છે' તો વળી આજ વર્ષની ૨૩મી ઓગસ્ટે રણાપુર મુકામે સોની હરગોવન કાનજીને અનુભવતૃપ્તિનો એક ઉદ્‌ગાર લખી મોકલે છે :

''અલખ નિરંજન ભવદુઃખભંજન, જ્યાં દેખું ત્યાં રામ,
દર્શન પાઈ સૂરત ગંવાઈ, સઘળાં સરિયાં કામ !

X X X

હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી''

નિવૃત્તિમય અકિંચન અવધૂત હવે 'મત્ત રંગ દિવાની' થઈ ગયા છે. જ્ઞાનોચ્છિષ્ટે પેટડી ભરે છે, શૂન્યસુધાનું જલપાન કરે છે નિર્ગુણની કંથા કાંધે ધારણ કરેલી છે. અહંને ખાખ કરીને સોહંનો જ શ્વાસે શ્વાસે સથવારો મળી ગયો છે. ત્યારે ભગવાનની આજ્ઞા અને પ્રેરણા સંભળાય છે કે 'મારે કુગ્રામ વસતીમાં પડી ન રહેતાં લોકસંગ્રહાર્થ પર્યટન કરવું જોઈએ' (જુઓ-પત્રક્રમાંક ૯૮). આ પર્યટન નર્મદાપરિક્રમારૂપે પ્રથમ સાકાર થાય છે. ને પછી તો ગુજરાત અને દેશના જુદા જુદા પ્રદેશોમાં તેમ જ વિદેશમાં થતાં રહેલાં પર્યટનો

(જુઓ : 'પ્રવાસી અવધૂત' પુષ્પ ૧,૨,૩ અને સપ્તાહમાં સપ્તતીર્થ, અજ્ઞાતવાસમાં રંગજયંતી, વગેરે પુસ્તકો) તેમની વિવિધ ક્ષેત્રોને સ્પર્શતી લોકસંગ્રહદૃષ્ટિપરકતાને ઉજાગર કરે છે. વૈદિક-ઔપનિસદિક ભારતીય જીવનશ્રેયાર્થમાર્ગી સાંસ્કૃતિક વિચારધારાને આચારશુદ્ધિથી જીવન્ત કરવાના નિઃસ્વાર્થ પુરુષાર્થ નિમિત્તે જ અવધૂતજીએ પોતાના પર્યટનો માટેની સંમતિઓ સમયે સમયે આપ્યા કરી છે.



જગત્સુહૃદ્

વિ.સં. ૧૯૮૩ની ગુરુપૂર્ણિમા (ઓગસ્ટ ૧૯૨૭)ના રોજ મિત્ર અંબાલાલને પત્ર લખીને નર્મદાપરિક્રમાની ઈંતેજારી પ્રગટ કરી છે. મનમાડ, ચિતળી, સાકોરી, કોપરગામ, પેવલા, આંદરસૂલ, વૈજાપુર, શેહગાવ, સાતોના થઈને ગાંડામહારાજશ્રી પાસે કેવાં કેવાં વીતકો વેઠીને પોતે પહોંચી શક્યા, તેનું હૃદયદ્રાવક વર્ણન પણ આ પત્રમાં થયું છે. પ્રથમવાર જ ભિક્ષાની ઝોળી ભેરવ્યાનો પ્રસંગ, કોપરગામથી એકાદ માઈલના અંતરે ચકરી આવતાં થયેલી બેભાનાવસ્થા, ઈશ્વરકૃપાએ કોઈકે હાથ ઝાલી ગોદાવરી પાર કરાવ્યાનો પ્રસંગ તદ્દન અશક્ત શરીર અને અનિકેતનિવાસી સ્થિતિમાં ગુરુમહારાજને થઈ જતી પ્રાર્થના - ''પ્રભો શરીર લઈ લેવું હોય તો લઈ લે. મારે હવે તેની લેશ પણ જરૂર નથી. પણ જો એને ટકાવવાની તને આવશ્યકતા જણાતી હોય તો ચાલવાની તાકાત આપ. મારે ગુરુપૂર્ણિમા પહેલાં ગાડાં મહારાજને ત્યાં પહોંચી જવું જ જોઈએ', - સ્નાન કરી નિત્યકર્મ કરતાં અનુભવાતો ચમત્કાર - ''ટાંટિયામાં એકદમ જોર આવ્યું. ઝોળી ખભે ભેરવી ચાલવા માંડ્યું'', દસેક દિવસની જીવસટોસટ 'ભટકંતીમાં વીતકો વેઠીનેય સદ્‌ગુરુ-આદેશને બ્રહ્મચારી પાંડુરંગ સાકાર કરે છે. ગાંડામહારાજશ્રીનાં દર્શન થયાં. ચીંધ્યું કામ માથે ચઢાવવાનું જણાવી શ્રાવણ વદ નોમને દિવસે નર્મદાપરિક્રમા માટે વાકડીની વિદાય લે છે. પરલી વૈજનાથ જ્યોતિર્લિંગનાં દર્શન કરી ફરી પાછા ગાંડામહારાજશ્રીને મળી ભાદરવા સુદ બીજે નાગનાથનાં દર્શન કરી પ્રથમ નર્મદા-પરિક્રમાર્થે ગમન કરવાનો વિચાર રાખે છે. શ્રી મોદી પર ૩-૯-૨૭ના પત્રમાં આ કાર્યક્રમ જણાવાયો છે. આ જ પત્રમાં અવધૂતજીની વિચારધારાના બે મહત્ત્વનાં બિન્દુઓનો સ્પર્શ છે : ગુજરાતમાં તે દિવસોમાં જ પ્રલય થયેલો. એનાથી જે વિનાશ વેરાયેલો તેની હૃદયદ્રાવક કહાણી શ્રી મોદીજીએ મિત્ર પાંડુરંગને લખી જણાવી છે. એ કુદરતી પ્રકોપની ઘટનાને સ્થિતપ્રજ્ઞની ભૂમિકાવાળા બ્રહ્મચારી કેવી રીતે ઝીલે છે :

''કારણ વગર કાર્ય બનતું નથી. આવા ભયંકર દૈવીપ્રકોપનું પણ કંઈક કારણ હોવું જોઈએ ઊંડો વિચાર કરનારને એ કારણ સહેજે જણાઈ આવે તેમ છે. હું એની મીમાંસામાં પડવા માંગતો નથી.''



જગત્સુહૃદ્

સ્થિતપ્રજ્ઞ નિષ્ઠુર કે જડહૃદયી ન જ હોય; સર્વ કોઈ પ્રત્યે સમભાવ અને સમરસદૃષ્ટિ એ એનો વ્યક્તિત્વવિશેષ હોય. અને એનાથી જ બ્રહ્મચારી પાંડુરંગ આર્દ્રઅંતઃકરણે પરમાત્માને ઘટેલી વિનાશક કરુણ ઘટનામાં આત્મબળ માટે પ્રાર્થના કરે છે :

અભંગ - ૧

ધાંव ધાંव દત્તા કિતી વાળૂં આતા ॥ ચૈન જસે ચિત્તા યેઈ વેગીં ॥૧॥
યેઈ વેગીં દત્તા તૂંચિ માતાપિતા ॥ આન નસે ત્રાતા કોણિ જગીં ॥૨॥
*જગીં માયબાપ તૂંચિ સખા કૃપ ॥ **સ્વસ્વરૂપી થાપ બાળ તૂંઝે** ॥૩॥*
બાળ તૂંઝે માઈ અંકા વરી ઘેંઈ ॥ બોધસ્તન દેઈ મુખીં માઝયા ॥૪॥
*મુખી માઝા શોષ પઢતો વિશેષ ॥ **પ્રેમરસ ધીશ પાજી રંગા** ॥૫॥*

કારણ કે, પોતે કહે છે : 'મારું શસ્ત્ર તો પ્રાર્થના છે.'

૧૯૨૭ ઓકટોબરની આઠમી તારીખે નર્મદાતટાકથી પત્ર લખાયેલો છે. નર્મદાપરિક્રમા શરૂ થઈ ગઈ છે.

૧૯૨૮ની માર્ચ ૨૯ સુધીમાં નર્મદાપરિક્રમાનું વર્ણન કરતા પંદરેક પત્રો મળે છે. શ્રી અંબાલાલ વ્યાસ પર વધુ સંખ્યામાં આ બાબતના પત્રો છે, તો શ્રી મોદી અને દાસકાકા પર ઓછા પત્રો લખાયા છે. આ પત્રોમાંથી છૂટક છૂટક વાનગી દ્વારા પરિક્રમાવાસી પાંડુરંગના પ્રફુલ્લિત ચૈતન્યનો પરિચય થશે 'અવધૂતેર આનંદ'નું ઉપનામ ચરિતાર્થ થતું દેખાશે. :

*''૪૦-૪૫ માઈલ ચાલ્યો હોઈશ ને આપણા જૂના દોસ્ત પ્રીતમદાસે દેખો દીધો, પણ દરેક જણ પોતાનું પ્રારબ્ધ સાથે લઈને જ આવે છે, ગુરુમહારાજે એક સુથાર ભગતને પ્રેરણા કરી, એ પોતાને ઘેર લઈ ગયો ને ત્રણ-ચાર દિવસ સારી સેવા ચાકરી કરી પ્રભુ એનું કલ્યાણ કરો.'' (પત્રક્રમાંક ૧૦૩)

*''સાથે એક લોટા વગર બીજું કંઈ પણ વાસણ રાખ્યું નથી કે નથી સામાન લેવા એક વેંતભર ફાલતું કપડું. મળે છે તો દૂધ જ પી લઉં છું. કોક વાર મળે તો ચણાની દાળ કાચી જ પલાળીને ખાઈ લઉં છું. બાકી ઘણુંખરું 'ગુડપ્રકારમ' થી જ શરીર નભે છે.

卐 જુઓ : 'નર્મદાપરિક્રમા'નું વિસ્તૃત નિરૂપણ 'નારેશ્વરનો નાથ' (લે.અમૃતલાલ મોદી) આવૃત્તિ પમી, પૃ. ૧૬૭ થી ૧૯૧

કોકવાર ખજૂર પણ મળી જાય છે.'' (એ જ)

*'''હિંસક પશુઓ અને ભીલોના ડરની દહેશત જે તે બતાવે છે પણ મને વિશ્વાસ છે કે આ દાઢીવાળો અવધૂત એમાંથી નિર્વિઘ્ને પસાર થશે.'' (એ જ)

*'''મેં વેષ પણ અવધૂતી ધારણ કર્યો છે. એટલે મારી તરફ કોક કોક શંકાની દૃષ્ટિએ જુએ છે. ×× ઓર ઠાઠ જામ્યો છે, પણ તમારા નસીબમાં જોવાનું નથી તેને હું શું કરું ?'' (એ જ)

*'''દત્તજયંતી કર્યા પછી નારેશ્વરથી આગળ પ્રયાણ કરવું છે. ત્યાં થોડી વિશ્રાંતિ લઈ ઘોડાને આગળના પ્રવાસ માટે ચંદીચારો ખવડાવી તૈયાર કરવો પડશે.''



જગત્સુહૃદ્

*'''આજે તો જળસમાધિ જ થઈ જાત, પણ ગુરુમહારાજની કૃપાથી બચી જવા પામ્યો છું.'' (પત્રક્રમાંક ૧૦૪)

*'''ગઈ રાત્રે તો વાઘદાદા પણ મુલાકાતે આવી ગયા. પણ દૂરથી જ હર નર્મદે કરી ૧૫-૨૦ ફૂટ દૂરથી દર્શન કરી ચાલ્યા ગયા. પથ્થરો કૂદી કૂદીને મારો જમણો પગ માત્ર અડધો લંગડો થઈ ગયો છે. (એ જ)

*'''તપસીજીને બે પત્રો લખેલા પણ ઉત્તર નથી ! કયાં તપ કરી રહ્યા છે, તે નથી જાણતો (એ જ)

*'''શરીર સારું રહે ને કોઈ ઠેકાણે ઝાઝો રોકાઉં નહિ તો ત્રણેક મહિનામાં અવશિષ્ટ બધીએ પરિક્રમા પૂરી કરી નાખું.'' (પત્રક્રમાંક ૧૦૫)

*'''સીધું ઉંચકવાની ને જંગલમાંથી લાકડાં વીણી લાવી રાંધવાની તૈયારી હશે તો ખાવાની ખોટ નથી.'' (એ જ)

*'''સિંધમાંથી મારે માટે શી ભિક્ષા લાવશો ? જેમ ગાયના પેટમાંથી ગોરોચન નીકળે છે, તેમ ઊંટના પેટમાં પેદ્રુબાજાર નામે એક ઔષધિની ચીજ નીકળે છે. મળે તો એ થોડી મેળવી રાખશો.'' (એ જ)

*'''હું જુગજુગનો બીમાર છું. મારું દર્દ કોણ મટાડે ? મારી દવા કોણ કરે ? ગરુડેશ્વર પગ મચકોડાયો, આગળ જતાં જ્વર આવવા માંડ્યો, કેમ જાણે બધા રોગોએ સાથે મળી આ શરીર રૂપી કિલ્લાને તોડી પાડવાનો વિચાર ન કર્યો હોય ! પણ ભામટાઓ કયાં જાણે છે કે નવ દરવાજા ને ચૌદ માળના મહેલમાં બેસી આ ત્રણે લોકોનો નાથ ચૌદ બ્રહ્માંડને પોતાની ઝોળીમાં નચાવી રહ્યો છે ! એનો ખેલ ન્યારો છે.'' (પત્રક્રમાંક ૧૦૬)



જગત્સુહૃદ્

* ''પરમાત્માએ પગ ભાંગી નાંખી એ અણધારી આફત (પગ સાજો હોત તો ઝાડીનો તદ્દન વિકટ રસ્તો પણ ત્રણ દિવસમાં ઓળંગવાને હું દોડી પડત)માંથી મને બચાવી લીધો.'' (એ જ)

*''મુસાફરીથી મારો આત્મવિશ્વાસ હજાર ગણો વધ્યો છે. પરમાત્માની અચિંત્ય દયાનો સેંકડોવાર અનુભવ થાય છે.'' (પત્રક્રમાંક ૧૦૯)

*''શરીર સારું નથી હોતું ત્યારે મગજમાંથી-તમને કદાચ વિચિત્રતા લાગશે- સદ્વિચારોનો ધોધ છૂટે છે. એવે વખતે કોઈ લેખક પાસે હોય તો કેટલુંએ અવધૂતી સાહિત્ય ઝીલીને સંઘરી શકાય. હું ઘણીવાર તમને કહેતો આવ્યો છું કે બિમારીની હાલત નિહાળવા તમે પાસે હો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરો. સાચું સ્વરૂપ તો ત્યારે જ પ્રગટે છે. સાચા રણશૂરાની મરદાનગી ખાલી કવાયત કે શોખના ગોળીબારમાં નથી પ્રગટી નીકળતી એની મોજ તો રણસંગ્રામમાં જ ! જ્ઞાનીનું પણ તેમ જ છે. એના મગજની શક્તિનું માપ તો જીવલેણ માંદગીમાં જ કાઢી શકાય'' (પત્રક્રમાંક ૧૧૩)

* ''કાલ રાતથી તાપીદાસની પાછી પધરામણી થઈ છે. એને આ મહેલ બહુ ગમી ગયો હોય એમ લાગે છે. પરમાત્માની ઈચ્છા'' (એ જ)

* 'વરસાદે શું ધાર્યું છે કોણ જાણે ! પરમ દહાડે તાવ ચઢેલો ×× આખી રાત ધૂળમાં એક ઝાડ તળે ! 'દત્ત'નું બંડલ ખોળામાં લઈ કામળો ઓઢી બેસી રહ્યો. બધાં વસ્ત્રો કાદવથી તરબોળ થઈ ગયાં. ×× જ્વર May I come in sir ? એમ પૂછી જ રહ્યો છે. જવાબમાં મેં પ્રથમથી જ ''Without any reserve or hesitation એવું પાટિયું બધે દરવાજે ચોઢી દીધું છે. ચોરને ના કહ્યે એ થોડો જ શાન્ત રહેવાનો હતો ! ×× આપણે તો પ્રથમથી જ સર્વ બાબતમાં ખુલ્લા દરવાજાનો અવધૂતી નિયમ રાખ્યો છે.'' (એ જ)

* ''મારા અનુભવો લખું તો એક પુરાણ ભરાય.'' (એ જ)

* ''તાવનું કામ તાવ કરે છે ને મારું કામ હું કરું છું.'' (પત્રક્રમાંક ૧૧૪)

પૂરા ૧૦૮ દિવસ ચાલીને જ સમગ્ર પરિક્રમા આશરે ૩૨૦૦ કિલોમીટરની અવધૂતજીએ સંકલ્પ મૂજબ પૂરી કરી. હૃદયસ્થ સદ્ગુરુ સ્વામિમહારાજની સતત અંતઃપ્રેરણાને વશવર્તી રહેવાનો આ અવસર

શતાવધિ અલૌકિક અનુભવ આપનારો રહ્યો છે. બહુરંગી પરિક્રમાવાસીઓ સાથે 'જડભરત'ના વેશવર્તનથી આત્મીયભાવે સહવાસ નીભાવવાનો માહવરાએ ભાવિ લોકસંગ્રહની પ્રવૃત્તિમાં ગ્રામાભિમુખ લોકસમુદાયના જીવનવિકાસ માટે વિશેષ ઉપકારક થવા માટે પ્રવૃત્ત રહેવાનું અંતેવાસીઓને તેથી જ તેઓશ્રીએ શીખવ્યું છે.



જગત્સુહૃદ્

હવે ૧૯૨૮ના વર્ષમાં ભરૂચમાં મોટા ભાગનો નિવાસ થયો છે. સાતેક પત્રો શ્રી મોદીને, એક પત્ર પ્યારે વ્યાસજીને, એક પત્ર ગોધરાનિવાસી બાલમિત્ર હરિપ્રસાદ દેસાઈએ તો બાકીના રણાપુર મધ્યે દાસકાકા અને રતનલાલ મહાત્માને અને લીલોડ મધ્યે ખુશાલભાઈને લખાયેલા છે. અવધૂતી મસ્તીનો આ જીવંત અવસર છે. પ્યારે વ્યાસને પોતાની નિખાલસતાને પિછાનવાની વિનંતી સાથે લખે છે : ''જ્યારથી નિષ્કંચનતાને સ્વયંવરમાં વર્યો છું ત્યારથી પોતાની જાત ઉપર અને પારકા ઉપર પણ કઠોર થવાના અનેક પ્રસંગો મારી પર આવી પડ્યા છે. ×× નર્મદાકિનારે ભાગકોટને ઓવારે ધર્મશાળાના મેડે મુકામ છે. ભિક્ષા માટે હંમેશાં કલ્યાણજીભાઈને ત્યાં જવાનું ઠેરવ્યું છે. 'ગુરુમૂર્તિચરિત્ર' છપાવવાનું કામ શરૂ થઈ ગયું છે. ગાંડામહારાજશ્રીએ પ્રૂફ વાંચવા માટે મોકલાવેલા એક બ્રહ્મચારી તરીકે પોતે અહીં ઓળખાય છે, એવું જણાવે છે. પોતાની અન્ય કોઈ વિશેષ ઓળખ ન થઈ જાય એટલે વ્યાસજીને ભરૂચ ન પહોંચવા પ્રાર્થના કરે છે ! પરમાત્માની ઇચ્છા હશે ત્યારે મળી શકાશે, એવું આશ્વાસન ભળાવી ત્યાં સુધી ભગવાનનું ભજન કરવાનું સદ્‌ભાવ-સૂચન કરે છે.

૨૭-૬-૧૯૨૮નો વ્યાસજી પરનો પત્ર ચિંતાપ્રેરક છે. લખે છે : 'પરિક્રમામાં ક્યાંક ઝેરી પાણી લાગી ગયું હોય એમ લાગે છે.' અવધૂતજીનાં દેહદર્શન કરનારા સૌ કોઈ જાણે છે કે તેમનું ઉદર ફૂલેલું રહેતું હતું. તરેહ તરેહની કિંવદંતિઓ તેમના 'લંબોદર' વિશે વહેતી રહેલી છે ! પણ તથ્ય તો અવધૂતજીની કલમે જ વર્ષો પૂર્વે નોંધાયેલું છે. દેહાધ્યાસ અવધૂતજીનો છૂટી ગયો છે : '' તન કી સુધી ન જિસકો''* જેવી મનમસ્તીમાં અહર્નિશ 'દત્ત દત્ત'ની ગુંજમાં લયલીન રહીને શિવસંકલ્પ લીધો છે : ''રે મન ! મસ્ત સદા દિલ રહેના / આન પડે સો સહના ×× સમજ દુઃખસુખ નભબાદલ સમ, 'રંગ' સંગ છૂડાના''* છેક ત્રણ વર્ષ પછીય, પેટના ઉપદ્રવમાં ફેર નથી, એને

* જુઓ : 'અવધૂતી અનંદ' આવૃત્તિ ૧૦મી, ભજનક્રમાંક ૧૮૬, ૧૮૩

કેવા વિનોદથી મિત્ર મોદીને પત્રમાં વર્ણવે છે, ''પેટનો કાચબો ખૂબ જ વધી રહ્યો છે. કોક કોક વાર કરડે છે, પણ ખરો.''卐



જગત્સુહૃદ્

અવધૂતજીની લોકશિક્ષણની દૃષ્ટિનો સંકેત પણ આ ગાળામાં લખાયેલા (૧-૯-૨૮) પત્રમાં મળે છે. મોદીજીએ જન્માષ્ટમીના ઉત્સવ સંબંધી કંઈક પૂછાવ્યું છે. તેના ઉત્તરમાં લખે છે : ''જન્માષ્ટમી આનંદમાં ઉજવવી. પરમાત્માના દિવ્ય જન્મકર્મનાં ગાન કરવાં. પોતાના જન્મકર્મનો વિચાર ને નિશ્ચય કરવો. આખો દિવસ નિરાહાર રહેવું. શૂચિર્ભૂત રહી ગીતાનું ન્યાસાદિ સાથે પારાયણ કરવું. દરેક શ્લોકે આપણા કૃષ્ણલીલાના (માસાદિક્રમે કરેલી સ્તુતિમાંના)* શ્લોકનો અથવા સદ્‌ગુરુએ આપેલા કોઈ અન્ય ઈષ્ટ મંત્રનો પાઠ કરવો; પૂજન અર્ચનાદિ કરી રાત્રે જાગરણ કરવું. હરિકીર્તન કરવું ગીતનૃત્ય કરવું. અંતઃકરણમાં નિત્ય ચાલી રહેલા રાસનું અવલોકન કરવું. સર્વથા આખો દિવસ શ્રીકૃષ્ણલીલાના શ્રવણ, મનન ને નિદિધ્યાસનમાં નિર્ગમન કરવો. બીજે દિવસે સ્નાનપૂજનાદિ નિત્યક્રમથી પરવારી પ્રભુપ્રસાદ લઈ પારણાં કરવાં'' (પત્રક્રમાંક ૧૨૮) દત્તજયંતીનો ઉત્સવ નારેશ્વરમાં ઉજવાવવા માંડ્યો, તેની પાછળ તેના સ્રષ્ટા-દ્રષ્ટા અવધૂતની કેવી લોકશ્રેયની દૃષ્ટિ પ્રવર્તતી તેનો આ સંકેત છે. પરંપરાગત ધાર્મિક ઉત્સવો ને વિધિવિધાનોમાં અંતર્હિત અંતઃકરણશુદ્ધિના સંજીવની-પ્રયોગનો મર્મ ખોલવાનો પુરુષાર્થ અવધૂતજીનું નિઃશ્રેયસ તપ છે.

૧૯૨૮ના ઓક્ટોબરની પંદરમીએ શ્રી મોદીને લખાયેલા પત્રમાં તેમ જ એ પછીના અનેક પત્રોમાં આરોગ્યોપચારના ઔષધો તેમજ આધ્યાત્મિક ઉપાસના-ઉપચારની વિગતો અવધૂતજીની આયુર્વેદજ્ઞ તરીકેની અને સદ્‌ગુરુની શરણાગત વત્સલતાની બહુમુખી વિભૂતિમત્તાને ઓળખાવે છે. પોતે મર્મી યોગીની ભૂમિકાએ પહોંચી ચૂક્યા છે. છતાં ધર્મની બાબતમાં 'અક્કલસે ખુદાકો પહેચાનો રે'નો અભગિમ તેમણે ઉદ્‌બોધ્યો છે. પૌરાણિક કથાઓની સૃષ્ટિ વિશે કુશંકાઓ કરીને વાક્‌પાંડિત્યમાં રાચતાઓ તેમને પસંદ નથી. જીવનશ્રેયના પુરુષાર્થી માટે 'સત્ય-પરમાત્માસ્વરૂપનું ભજન' જ એકમેવ સાધન છે, એમ નિઃશંક તેમની સ્વપ્રતીતિ છે. પૂરા આત્મવિશ્વાસથી તેમણે કહ્યું છે

卐 'શ્રી રંગપત્ર મંજૂષા' પત્રક્રમાંક ૧૬૧

* જુઓ : 'રંગહૃદયમ્' પૃ. ૧૮૪ ૧૯૧, આવૃત્તિ ૩જી.

કે ''સાચી વાત તો એ છે કે પરમાત્મસ્વરૂપનું સત્ય જ્ઞાન થતાંની સાથે મનુષ્યની સર્વ શંકાઓનો આપમેળે લય થઈ જાય છે.''*

નાના ભાઈ નારાયણનું સ્વાસ્થ્ય કથળ્યું છે. મુંબઈમાં શિક્ષક તરીકેની નોકરી છે. પણ માંદગી ગંભીર હોવાથી એક મહિનાથી ઈસ્પીતાલમાં રહેવું પડ્યું છે ! માજી એકલાં છે. અવધૂતની કસોટીની ક્ષણ આવે છે. અનાસકત અવધૂતને કૌટુમ્બિક સંબંધ નડતો નથી ! પણ અવધૂતની જીવનસાધના અનોખી છે. પોતે ''આંખ છતાં આંધળો, છતે પગે પાંગળો, ને હાથ છતાં ઠૂંઠો' એવો અંતઃકરણથી અનાસક્તિનો આરાધક છે. પૂ. માંનું સમાધાન થાય એ માટે થોડા દિવસ મુંબઈમાં, તેથી રહેવાનું સ્વીકારે છે. મિત્ર મોદીને લખે છે, ''હું અહીં છું ને નહિ, સરખો જ છું. સાંજે માતુશ્રી સાથે પૂતળાની માફક ઈસ્પીતાલમાં જાઉં છું ને પૂતળાની માફક પાછો આવું છું. કોકવાર બે શબ્દ બોલું છું એથી મારો કંઈ જ ઉપયોગ નથી ×× પરવશતાને લીધે (તમે - મોદીજી) ન આવી શકો તો આવવાની આવશ્યકતા નથી. ભાઈને વિશ્વાસલાયક ફેર પડે ત્યાં સુધી હું જ અહીંયા રોકાઈશ. મારું શાસ્ત્ર અહીં કામ કરી શકે કેમ નથી. નહિ તો હું ગુરુમહારાજની દયાથી આઠ દિવસમાં જ તેનો ફડચો લાવી દઉં. પ્રભુની ઈચ્છા હશે તેમ બનશે.'' (પત્રક્રમાંક ૧૪૦) પ્રભુકૃપાએ નારાપણભાઈનું સ્વાસ્થ્ય સુધર્યું ને તાત્કાલિક તો ઉપાધિ દૂર થઈ. અનુષ્ઠાન પણ પોતે બતાવેલું, પણ કદાચ નારાયણને એમાં શ્રદ્ધા નહિ કે ફુરસદ નહીં હોય જેથી તે પ્રમાણે તેણે કર્યું નથી, એની અવધૂતજીને જાણ થઈ ચૂકી છે. નારાયણનું જીવન સંકટમાં છે, એની ઝાંખી પણ તેમને થઈ ગયેલી છે.



જગત્સુહૃદ્

૧૯૨૯નું વર્ષ છે. અવધૂતજી અન્ન છોડી દેવાના વિચારમાં છે. ઉપર આભ અને નીચે ધરતી તથા સામે નર્મદા વગર બીજી કશી સગવડની પોતાને કશીય ખેવના નથી. આવનાર મિત્રોને પણ અગવડો વેઠવાની તૈયારી હોય તો જ આવે, એવું નિખાલસ લખી દે છે. નારેશ્વરથી સરેખજના 'અવધૂત વિશ્રામ'માં મૂકામે અવધૂતજી આવ્યા છે. ૧૯૨૯ની ૪થી જુલાઈનો દિવસ છે. ભાઈ મોદીને આ દિવસે જે પત્ર લખાયો છે, તે પત્ર વાંચતાં આપણે આજેય આનંદિત થઈએ તો મોદીજી કેવા પ્રસન્ન થયા હશે ! લખે છે ગુરુમહારાજની લીલાનો પાર નથી બધી વાત રૂબરૂમાં કરીશ. આજે અત્રે રતનલાલના ખેતરમાં ગયો

* જુઓ : 'શ્રીરંગપત્ર મંજૂષા' પત્રક્રમાંક ૧૩૧



જગત્સુહૃદ્

છું. તમારો સંકલ્પ પ્રબળ છે. નારેશ્વર હવે આટલામાં જ કાયમનું છૂટે એમ નથી લાગતું પરંતુ તમારો બધાનો સંકલ્પ શુદ્ધ હશે તો ગુરુ મહારાજ ત્યારે અનેક લીલા કરશે.'' (પત્રક્રમાંક ૧૪૪) જો કે પત્રક્રમાંક ૧૪૮માં પાછું સૂચન છે કે 'અવધૂત નારેશ્વર વધુ રહે છે જ અથવા રહેશે જ એવું કંઈ નક્કી નથી. બધો પ્રારબ્ધ પર આધાર છે.''

તારીખ વિનાના ઓકટોબર '૨૯ના શ્રી મોદી પરના પત્રમાં 'ગુરુલીલામૃત'નો પ્રથમ વાર નિર્દેશ છે. અસ્વસ્થ શરીરને કારણે આવેશમાં ચિત્તમાંથી સ્પંદનોનાં ઝરણાં વહેવાં લાગે છે. ઓંવીબદ્ધપત્ર લખાઈ જાય છે. પ્રથમ ભાગ - 'ગુરુલીલામૃત જ્ઞાનકાંડ' દોહરા ૭૨૮૦-પૂરો થાય છે. બીજો ભાગ કાલે શરૂ થશે, એવી યોજના છે. દત્તજયંતી સુધીમાં પૂરો કરવાનો વિચાર પ્રારબ્ધને માથે રાખીને જ સેવે છે. ૧૪મી ડીસેમ્બરે નોંધે છે કે આઠેક દિવસથી લખવાનું લગભગ બંધ જેવું જ છે. આખા દિવસમાં માંડ વીસપચ્ચીસ દોહરાઓ લખે છે. લોકઉપાધિ વધી છે. શરીર આરામ માંગે છે. દત્ત જયંતી પછી, એટલે, બહાર ઉપડી જવાનો મનોરથ કરે છે. દત્તજયંતીનો મેળો જામવા માંડ્યો છે. ૨૦મી ડીસેમ્બરે મિત્ર મોદીને અવધૂતના શરીરની ફિકર ન કરવા અવધૂતી મસ્તીમાં લખે છે : ''આનંદ છે. અવધૂત સાવ નિરીચ્છ છે. પ્રારબ્ધ શરીરને પોષે છે. એને ઢોકળાં ખવડાવવાનો વિચાર સ્વપ્ને પણ શા માટે કરવો ? સેવા કરવાની શુદ્ધ વૃત્તિ એ પ્રત્યક્ષ અર્ધદગ્ધ સેવા કરતાં વિશેષ છે. માટે આ શરીરની તમારે લેશ પણ ચિંતા કરવી નહિ. ×× સ્મરણ શુદ્ધ હશે તો હું કંઈ તમારાથી દૂર નથી.''

'દત્તલીલામૃત'ની* યોજનામાં અન્ય વિચાર પોતે કરી શકતા નથી. ૧૫મી ફેબ્રુ ૧૯૩૦ના પત્રમાં પોતાને અનિકેત થવાની ઇચ્છા જાગી હોવાથી નારેશ્વર છોડી દેવાનો નિર્ણય લે છે. એથી મોદીજીને તે વર્ષની શિવરાત્રી પહેલાં મળવા માટે બોલાવે છે.

૧૯૩૦ના માર્ચની ૧૦મીનો એક પત્ર બહેન મૂળીને લખ્યો છે. કરુણઘટના ઘટી છે. બહેન મૂળીને વૈધવ્ય પ્રાપ્ત થાય છે. અવધૂતજીએ ધર્મની બેન તરીકેનો જેને દરજ્જો આપ્યો છે, તેના જીવનની અકાળ કરુણતાની અભદ્ર દશા થઈ છે ! અવધૂતજી તો ત્યારે વ્યાસક્ષેત્રમાં. પણ સદ્‌ગુરુનો આન્તર-આદેશ રણાપુર પહોંચવાનો મળ્યો એટલે ઠેઠ વ્યાસથી ચાલીને રણાપુર પહોંચે છે. બહેનને તેના

* 'શ્રીગુરુલીલામૃત'નું જ બીજું શીર્ષક છે.

અમંગલ ભાવિનું ઇંગિત તો કેટલીકવાર આપેલું જ. પણ 'શિષ્યા' મૂળીની આંતરિક સમજને અવધૂતે ઓળખી લીધેલી છે તેથી જ એને લખી શકે છે.'' મને વિશ્વાસ છે કે આ દુઃખદ ઘૂંટડો તું ધીરજથી ગળી જશે.'



જગત્સુહૃદ્

સ્વજન બહેન મૂળીને, એના શ્રેય માટે, આત્માનુભૂતિનું અજવાળું આપે છે : ''સંસાર અસાર છે. માણસને એની અસારતાનું ભાન થાય અને એ પ્રભુને પંથે પળે તે માટે ઈશ્વરી સંકેતથી માણસને આવા અસાધારણ ઝાટકા કોકવાર વાગે છે. એને જોતાં જ કોક વિરલો પૂર્વપુણ્યે કરી મોહનિંદથી જાગી ઊઠે છે અને પ્રભુનું શરણ ગ્રહી પોતાની અંદર રહેલી દિવ્યતાનો સર્વં ખલ્વિંદ બ્રહ્મ-નો સાક્ષાત્કાર કરે છે.××

મોત શી ચીજ છે ? એમાં અસાધારણ જેવું શું છે ? એક ડગલો ઉતારી બીજો પહેરવો, એક ઓરડામાંથી ઊઠી બીજા ઓરડામાં જવું, અથવા એક લોટામાંથી પાણી કાઢી બીજામાં રેડવું, એના જેવું જ એ સ્વાભાવિક છે. જેવી રીતે પવનની લહેરથી ભરદરિયે બે લાકડાં સાથે મળે અને થોડીવાર સાથે રહી એ જ પવનની લહેરથી મોજાંનો ધક્કો વાગતાં વિખૂટાં પડી જુદી જુદી દિશામાં ચાલ્યાં જાય વળી પાછાં બીજા જોડે જોડાઈ પાછાં છૂટાં પડે, તેવી જ રીતે સંસારમાં પૂર્વકર્મના યોગથી પ્રાણીઓ સાથે મળે છે અને ક્ષણવાર સાથે રહી એ કર્મયોગ પૂરો થતાં પાછાં વિખૂટાં પડે છે. અજ્ઞાનીઓ આ લાકડાંની જોડટૂટમાં સુખદુઃખ માની હસે-રડે છે અને જ્ઞાની દ્રષ્ટા થઈ કેવળ વિલોક્યા જ કરે છે - એક અદ્વૈતહાસ્યમાં જ રમ્યા કરે છે.

ભવિષ્યનો વિચાર કરવો નકામો છે. પણ હાલ તુર્ત તો તારી ફરજ મા-બાપની વૃત્તિ સંતોષી એ કહે તેમ વર્તવાની છે. અવધૂત તો કાલે દૂર ઉપડી જાય છે. પરંતુ પ્રેમીઓની પાસેથી એ તલમાત્ર પણ દૂર નથી, એવું દરેકનું અંતઃકરણ સાક્ષી પૂરશે.''

અવધૂતજીની શરણાગતવત્સલતાની આ એક સચોટ ઘટના છે. અદૃષ્ટ ભાવિનું દર્શન અને સ્મર્તુગામીત્વની દિવ્ય સિદ્ધિઓનો કશીય હોહા વિનાના અનાયાસ સહજભાવે થયેલા આ આશ્વાસક ઉદ્‌ગારો છે. દિવ્ય આશ્વાસન બહેન મૂળીને આ ઉદ્‌ગારોથી મળ્યું જ છે, એની પ્રતીતિ તેમણે રચેલી આરતીના આ શબ્દો નથી કરાવતા શું ?!

જય દેવ જય દેવ !
જય પાંડુરંગ સ્વામી, ગુરુ રંગ અવધૂત સ્વામી.
સહુના અંતરજામી, પૂરણ નિષ્કામી-જય દેવ૦
આરતી પ્રેમે ઉતારું આણી ઉમંગ,
*દર્શનથી દુઃખ ટાળ્યો, બાળો ભવસંગ-જય દેવ૦.**



જગત્સુહૃદ્

અવધૂતજી કોઈનાય અવરોધી નથી. નિજાનંદમાં નિમગ્ન રહેવું, એ જ સર્વકાળનો ઉદ્યમ સ્વીકાર્યો છે. નિરીચ્છ અવધૂતને જોઈ લોકોનું ખેંચાણ વધતું જાય છે. ત્યારે વિઘ્નસંતોષીઓ તેજોદ્વેષબુદ્ધિથી સ્થાનના પરિસરમાં તકલીફો ઊભી કરવામાં પ્રવૃત્ત થવા માંડ્યા છે. સાયર ગામે આવેલા ફોજદાર, મધરાતે બે બુકાનીધારીઓ, ને ઘવાયેલ મૃત મોર માટેનું આળ, વિષપ્રયોગ, ત્રણ મગરોની વચમાં ઘેરાવું, મંકોડા, નાગ, ચંદન ઘો, મોર વીંછીના ડંખ વગેરે પ્રસંગો卐 અજાતશત્રુ અવધૂતજીના જીવનમાં અકારણ આપત્તિઓ જેવી લાગે છે ! પ્રતિક્રિયામુક્ત રહીને સ્વયં કષ્ટ વેઠીને વિઘ્નસંતોષીઓના તેજોદ્વેષને શાંત કરવામાં વિષચર પ્રાણીઓ સાથે આંતરિક કરુણાભાવે સંવાદ સાધીને બધી ઉપાધિઓને ઉલ્લંઘી શક્યા છે. કસોટીરૂપી એ જ પ્રસંગો આપણે માટે અવધૂતજીની ઈશ્વરપરાયણતા અને અનંત સાથેની ઓતપ્રોતતાના દ્યોતક બની રહે છે.

'શ્રીગુરુલીલામૃત'ગ્રંથની રચના પૂરી થવા આવી છે. અધ્યાયસાર લખવાનો બાકી છે. એ કાર્ય પૂરું થાય એટલે આરામ માટે નિમાડ કે દક્ષિણ (ખાનદેશ તરફ) જવાનું વિચારે છે, પણ અંતે તો ગુરુમહારાજે જે ધાર્યું હશે તે થશે એવું સ્વીકાર વિચારોને શાંત કરે છે. ગુજરાતથી પ્રારબ્ધ પરવાર્યું નથી, એવું પણ લખે છે. 'વાસુદેવનામસુધા' સહસ્ર નામાવલિ 'ગુરુલીલામૃત' અવધૂતીઆનંદ, 'રંગહૃદયમ'ના સ્તોત્રો 'પંચપદી' 'નામસંકીર્તન્' મંગાવવા 'નારેશ્વરમાહાત્મ્ય' જેવી કૃતિઓની પ્રકાશનપ્રવૃત્તિનું* માર્ગદર્શન શ્રી મોદીજીને આ ૧૯૩૧ના વર્ષમાં આપવાનું જારી છે. માંડવી (સુરત), શુક્લતીર્થ, અંકલેશ્વર, નારેશ્વર એમ પરિભ્રમણ ટૂંકા ટૂંકા ગાળાનું ચાલુ છે. ૧૯૩૨ના ફેબ્રુઆરીમાં

---

* જુઓ (૧) 'નારેશ્વરનો નિત્યક્રમ' પૃ. ૪૪, આવૃત્તિ ૬ઠ્ઠી, વળી જુઓ 'શ્રી રંગપત્ર મંજૂષા' પત્રક્રમાંક ૧૬૪માં બહેન મૂળીની વિનંતી થયેલી 'ગુરુલીલામૃત'ની રચનાનો નિર્દેશ.

卐 જુઓ : 'નારેશ્વરનો નાથ' (લે. અમૃતલાલ મોદી) પૃ. ૧૩૮થી ૧૫૬ આવૃત્તિ ૫મી

ગોધરા, સરખેજ અમદાવાદ થઈને માર્ચથી ઓગસ્ટ નારેશ્વર મોટાભાગે ફરતો મુકામ રહ્યો છે. આ ગાળામાં મોટાભાગના મોદીજી પર પત્રો લખાયા છે. દાસકાકા, મૂળીબેન અને કમળાશંકર પર એક એક પત્ર છે. ગોધરા પૂ. માતુશ્રીને જ મળવા જવાનું નિમિત્ત છે. ગોધરા જતાં પહેલાં કડિયાડુંગર, વ્યાસ, ચાંદોદ, ડભોઈ પણ ફરી આવે છે. તાવ હોય, પાંસળીઓમાં તીવ્ર દર્દ હોય તોય આવી અલગારી સફરો ચાલુ છે. દાસકાકાની કથળતી તબિયતના સમાચાર બહેન મૂળી પાઠવે ત્યારે 'સર્વ ચિંતા અવધૂતને સોંપી કેવળ પ્રભુભજન કરવું', એવી હૈયાધારણ પાઠવે છે. પ્રુફ્સ મળ્યાં નથી, એની મોદીને જાણ કરે છે, અમદાવાદ એ માટે ફરી જવું પડે તો ચોમાસુ પાસેના કોઈ ગામડામાં જવાનું વિચારે છે. માર્ચની ૩૦મીએ આ પરિસ્થિતિ હતી, તો ૭મી એપ્રિલે સવારે લખે છે : બીજા ફર્માનાં પ્રુફ્સ પૃ. ૧૭થી ૩૨ મળી ગયાં ને સુધારીને વળતી ટપાલે પરત રવાના કર્યા છે ?' કોઈપણ કાર્ય ત્વરીત અને નિષ્ઠાપૂર્વક કરવું એ અવધૂતજીનો સ્વભાવ હતો. પોતાની ગવડતાનો સ્વપ્નેય વિચાર કરતા નહિ. તેઓ હંમેશા માનતા ''અગવડતાની વિપુલતામાં જ એને તો સગવડતાના સૌન્દર્યનો સાક્ષાત્કાર થાય છે.'' (પત્રક્રમાંક ૧૭૧)



જગત્સુહૃદ્

મીણબત્તીના પ્રકાશમાં 'ગુરુલીલામૃત'નું લેખનકાર્ય તેમણે કર્યું છે. અંતેવાસીઓનો શુદ્ધ સાંકલ્પિક સહકાર જ 'ગુરુલીલામૃત'નું લેખનકાર્ય સંપન્ન કરાવી શકશે, પોતાનું કાંઈ ચાલવાનું નથી, એવો શુદ્ધ ને નક્કર નિમિત્તભાવ હૈયે તેમણે રાખ્યો છે. બોડાણાનું ચરિત્ર 'ગુરુલીલામૃત'માં સાંગોપાંગ નિરૂપાય એવા આદર્શથી ડાકોર/ગોધરામાં એવા પુસ્તકની શોધ કરાવવા મોદીજીને સૂચવે છે, (જૂન-૩૨/જુલાઈ-૩૨)માં શરીર અસ્વસ્થ થઈ ગયું છે. ને છતાં ઉપાડેલું લેખનકાર્ય પૂરું કરવા પ્રભુપ્રાર્થના કરે છે. ''શરીરની આશા છોડીને અવધૂત લખવા બેઠો છે, અથવા અવધૂતી ભાષામાં કહું તો સાક્ષરતાની સાથે છેલ્લી લડાઈ લડી રહ્યો છે. પરિણામ પ્રભુને હાથ છે.'' અષાઢના અંત સુધીમાં બીજો ભાગ પૂરો થશે. ત્રીજો દિવાળી સુધીમાં ફાવે તેમ કરીને લખી નાખી આરામ માટે કોઈ દૂર અજ્ઞાત જગ્યાએ નીકળી જવાનો વિચાર છે. પછી તો જેવી પ્રભુની ઇચ્છા !''

લથડેલી તબિયત છતાં ચિત્ત ગુરુલીલામાં એવું લયલીન છે કે એને શબ્દદેહ આપવાની સદ્‌ગુરુની પ્રેરણાને કારણે પત્રમાં લખાઈ જાય છે :

(પત્રક્રમાંક ૧૭૩) : અત્યારે તો ગ્રંથ ગ્રંથ ! ને ગ્રંથ ! બીજી વાત કરવાની કે વિચારવાની અવધૂતને ફુરસદ નથી. બેઠા બેઠા પરમાત્માનું ભજન કરો ને ગ્રંથ જલદી પૂરો થાય એવો સંકલ્પ કર્યા કરો.''



જગત્સુહૃદ્

૧૯૩૨ના વર્ષમાં હવે અવધૂતજીના ફોટાની માંગ કોક કોક ભક્તોએ કરવા માંડી છે. 'ગુરુલીલામૃત'નું લેખનકાર્ય વેગમાં છે. અધ્યાય ૭૮થી ૯૭ (બીજો કાંડ) પ્રેસમાં મોકલ્યો છે. મોદીજીએ તબિયત પૂછાવી છે. તો લખે છે.

'અવધૂત તો જુગ જુગનો બીમાર છે એટલે એની તબિયતની વાત જ ન કરવી. બે દિવસ પર જ તાવ આવેલો પણએના હાડપિંજરને ત્યાં લઈ જઈ યમરાય શું કરે ? એટલે તમારે કોઈ ચિંતા કરવા જેવું નથી. જોઈ રંગ-મડું કાળ બહીએ રે' એ તમે ક્યાં નથી જાણતા ?' (પત્રક્રમાંક ૧૭૪)

૧૮મી ઓગસ્ટના રોજ નારેશ્વરથી કમળાશંકર*ને લખેલો પત્ર વત્સલભાવથી સિંચિત છે. કમળાશંકરને જવાબ લખે છે : 'જય ગુરુદેવદત્ત ! બાદ તારો પત્ર આજે મળ્યો. વાંચી સંતોષ થયો. બે-ચાર વાર તારું સ્મરણ થયેલું પણ તારું નામ સરખું કોઈનાયે પત્રમાં ન મળે ને વગર પુછાવ્યે જાણવાની મારી વૃત્તિ ! એટલે મેં એ કોઈને પુછાવેલું નહિ શિક્ષક તરીકે ગાડું તો ઠીક ચાલતું હશે ! ભાવિ સારું છે. ચિન્તા કરવી નહીં. ન મે ભક્તઃ પ્રણશ્યતિ-એ ભગવાનની પ્રતિજ્ઞાનું સ્મરણ રાખી ગુરુમહારાજનું સ્મરણ ચૂકવું નહિ.'' (પત્ર ક્રમાંક ૧૭૬)

સપ્ટેમ્બરમાં દીવેર-મીંઢોળની ભક્તમંડળીઓની અવરજવર થાય છે. વાસણકુસણ લાવે છે ! વિઘ્નસંતોષીઓને રુચતી આ વાત હોતી નથી, પ્રભુએ ધાર્યું હોય તે ખરું, એવા સમર્પિતભાવે અવધૂતજી કાળ નિર્ગમન કરે છે. 'ગુરુલીલામૃત'નું લેખન જારી છે. ૧૨૦ અધ્યાય થઈ ગયા છે. બીજા ૩૦-૩૫ થવાનો સંભવ દર્શાવે છે. પૂરું થાય એટલે ચૌદેક દિવસ અપવાસ કરી અલ્પ અનુષ્ઠાન અજ્ઞાત સ્થળે જઈને કરવાનો મનોરથ સેવે છે પણ પાછું લખી નાખે છે : ''ક્યાંની ભૂમિ તપે છે તે પ્રભુ જાણે !'

પણ, ૨૪મી સપ્ટેમ્બરે ખૂબ જ તાવ ચઢે છે. એક પણ લીટી લખાતી નથી ! છેવટે તાવને પ્રાર્થના કરે છે : ''હે તાવ ! તને પાછો

* કમળાશંકરની પત્નીની બીમારીનિવારણ નિમિત્તે સઈજ (ઉત્તર ગુજરાત)ના શિવાલયમાં ઈ.સ. ૧૯૩૫, ૪થી ફેબ્રુઆરીના રોજ 'દત્તભાવની'નું દિવ્યસ્તોત્ર રચાયેલું છે.

કાઢું એ મારી સાધુતાને છાજે તેવું નથી, પણ ગુરુમહારાજના કામ માટે દેહને સ્વસ્થ રહેવાની જરૂર છે, માટે તારે આવવું હોય તો કામ પૂરું થયા પછી ભલે દસગણા જોરથી આવજે, પણ હાલ તો વિદાય લે એ જ ઠીક; એમ કહી વિઠ્ઠલની મદદથી સ્નાન કર્યું ને પ્રાણ ચડાવી લોકોને ભયંકર લાગતી શીતળતા દૂર કરી. બીજે દિવસથી તાવ બંધ તો થયો છે'' અને પછી વિનોદમાં ઉમેરે છે; ''પણ વચમાં લોકોને મોકલી કામ કેટલે આવ્યું તેની ખબર કઢાવે છે.'' આખરે સઘળી કસોટીનો અંત આવે છે ! ૨૧ ઓક્ટો.ના પત્રમાં વાંચીએ છીએ – ''ગ્રંથ પૂરો થઈ ગયો છે. પૂર્ણાહૂતિ ગુરુદ્વાદશીએ કરવી છે.'' ત્યારે આપણે પ્રસન્નચિત્તે હાશ અનુભવીએ છીએ.



જગત્સુહૃદ્

અવધૂતજી દૈવી પુરુષ છે. ઈશ્વરપ્રણિધાન એ જ સર્વથા આચાર રાખીને સદ્‌ગુરુ-સ્ફુરણોને શિરોધાર્ય કરી નિઃશ્રેયસમાર્ગી આધ્યાત્મિક અનુભૂતિઓને તેઓશ્રીએ શબ્દચેતનાથી સાકાર કરી છે. એ શબ્દચેતનાનું ઊર્જાબળ જીવનતારક છે. પત્રક્રમાંક ૧૬૪માં બહેન મૂળીને લખ્યું છે : **'અવધૂત નિરામય છે, નિષ્પાપ છે, નિર્વિકાર છે. અજ છે, અક્ષર છે, અવિચલ છે ! સાચે જ એના દર્શનથી જનમમરણ મિટ જાય રે.' એમાંનો (ગુરુલીલામૃત) શિષ્ય નિરંજન તે તું જ છે, એ ભાવનાથી વાંચ અને જો કે એમાં કેવી વીજળી ભરેલી છે. 'અવધૂતી આનંદ'એ એક જ તરી જવા માટે બસ નથી શું ? 'આત્મચિંતન' સ્નાન કરી રોજ સ્વાધ્યાય તરીકે વાંચવું-વિચારવું. અવધૂત આવું આવું પણ બોલે છે ત્યાં સુધી શંકાઓ પૂછી નિરાકરણ કરી લેવું.×× અવધૂતનું જ શ્રવણ, અવધૂતનું જ મનન, અવધૂતનું જ ચિંતવન, અવધૂતનું જ સ્નાન, અવધૂતનું જ ધ્યાન, અવધૂતનું જ કીર્તન કરી સર્વથા અવધૂત થા સ્વયં, એ જ આશિષ.'**

અહીં અવધૂત પોતાનો એક વ્યક્તિ તરીકે નિર્દેશ કરતા નથી એ ધ્યાનમાં લેવાનું છે. અવધૂત એક અવસ્થા છે, ભાવદશા છે, નિઃશ્રેયસ લોકસંગ્રહી જીવન જીવવાની રીતિ છે, જગત્સુહૃદત્વની જીવન્ત મુદ્રા છે. એવી ભાવદશા રંગ અવધૂતજીએ જીવસટોસટ તપશ્ચર્યા કરીને સિદ્ધ કરી હતી. અને એથી જ એ 'દૈવી બાળક' સાથે જેણે પાંચ મિનિટ શુદ્ધ ભાવથી ગાળી છે, તેને પરમાત્મા કદી વિસારનાર નથી, એવો સર્વતોભદ્ર આશિષ-ઉદ્‌ગાર રંગ અવધૂતજી કરે છે. સત્યનિષ્ઠા જ પથ્થરમાં દેવત્વ પ્રગટાવે છે, અને મનુષ્ય મહદ્‌ભયમાંથી

તરી જાય છે, એમ કહી એક રીતે મનોવૈજ્ઞાનિક રીતિએ 'અવધૂતમહિમા' આપણને સમજાવ્યો છે.



જગત્સુહૃદ્

૧૯૩૩માં નર્મદાપરિક્રમાનાં સ્થાનનિદર્શક નકશા તૈયાર કરાવે છે. પૂરી ચોકસાઈથી આવેલ નકશાઓ જોઈ લે છે, જરૂરી સુધારાઓ આગ્રહપૂર્વક કરાવી લે છે. અન્ય પુસ્તિકાઓનાં પ્રકાશનની પૂછપરછ ચાલુ રાખે છે. પેટનો કાચબો આરામ આપતો નથી એ નમ્રવાણીમાં નોંધે છે; 'ગુરુલીલામૃત'ના ત્રણ ભાગ ભેગા અને એ સાથે છૂટા છૂટા પણ પ્રતિષ્ઠા કરવાની સૂચના આપે છે. સાઈઝ પણ નક્કી કરી આપે છે, ટાઇપની પસંદગીમાં પણ રસ લે છે.

૧૯૩૩ના ફેબ્રુઆરી-માર્ચ માસમાં *અવધૂતજી* દીવેર, મીંઢોળ, રણાપુર, કોઠિયા વગેરે સ્થાનોએ જઈ આવીને શિવરાત્રી ભરૂચ કરે છે. ત્યાંથી નારેશ્વર પહોંચી ભાઈ મોદીને ૧૫-૩-૩૩ના રોજ પત્ર લખ્યો છે : પ્રવાસનો થાક હશે, એ વ્યક્ત કરવા 'ટીચામણ' શબ્દ કલમમાંથી ટપક્યો છે ! ફાગણ વદ ૧૨ના રોજ ગાંડા મહારાજની પુણ્યતિથિ નિમિત્તે એક ભક્ત પોતાને ગુંજ લઈ જવાનો આગ્રહ સેવે છે, તેનો પ્રતિભાવ સૂચક છે ! 'હું માની લઉં છું કે આવી તબિયતમાં ગુરુમહારાજ મને ત્યાં નહિ જ મોકલે. જો કે એમની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે.

પેટનો ફૂલાવો નરમ થયો છે. આસન બધાંએ સહેલાઈથી કરવા માંડ્યાં છે. ખોરાક તદ્દન સાદો લેવાનું રાખ્યું છે : એકાદ-બે પુરી ને નહિ જેવી દાળ સાથે ભાત; બપોરે છાસ-ભેંસના દૂધની અને પાણી જરૂર પડ્યે જ. સાંજે પાશેરેક દૂધ. જવ મળી આવે થૂલી લેવાનું પણ શરૂ કર્યું છે. એકલાં જાંબુડા પર રહેવાનો પ્રયોગ કરવો છે. દેહને પ્રારબ્ધસેવા પર જ છોડ્યો છે.

અવધૂતજીને દીવેર-લીલોડ-સાયરના પરિસરવાસીઓએ તો ગુરુ તરીકેનો દરજ્જો હૃદયથી આજસુધીમાં આપી દીધો છે. એટલે સદ્‌ગુરુની છબીઓનું પૂજન માટે આકર્ષણ વધતું રહે છે. ફોટાઓ પડવા માંડ્યા છે *અવધૂતજી* પણ પોતાના છબીસ્વરૂપને ભાળે છે. લોકોનાં છબી પરત્વેના ગણા-અણગમા પણ પોતે સાંભળતા રહે છે : ''વાળવાળા ફોટા અહીંના લોકોને ન ગમ્યા ને મને પણ લાગે છે કે તે દહાડે મને બીજી વખતના કાચનો જે ફોટો બતાવ્યો તેવો એ નથી. કેટલેક ઠેકાણે ડાઘા પડી ગયા છે ને ચહેરો કંઈક મોટો થોથર આવેલા જેવો જણાય છે, એમ લોકોનું કહેવું છે. ફોટા લોકોને ગમ્યા હોત તો

વાળવાળા કેટલાક એનલાર્જ પણ કરાવવાની ઇચ્છા રાખતા હતા, પણ હવે એમનું એ ફોડી લેશે.'' (પત્ર ક્રમાંક ૧૮૫)

૧૮મી એપ્રિલનો પત્ર નારેશ્વરની તત્કાલીન તવારીખને સ્પર્શે છે ! *અવધૂતજી*ની પ્રતિક્રિયાશૂન્ય સમતોલ દૃષ્ટિની સૂક્ષ્મ તાકાતના પ્રભાવનો અને ભાવિની આગાહીનો આ ઘટનાકથનમાં આપણે સંકેત ગ્રહણ કરી શકીએ. વિગત આમ વર્ણવાયેલી છે : ''નારેશ્વરના આપણા ઇતિહાસમાં લોકના indifference કે દુર્લક્ષની પ્રથમ અવસ્થા પૂરી થઈ છે ને પ્રત્યક્ષ વિરોધની બીજી અવસ્થા શરૂ થઈ છે. એથી ગભરાઈ ન જતાં તમે લોકો ધીરજથી એ વટાવી જશો એટલે એનાથી વિકટ ત્રીજી વિજ્યાવસ્થા પ્રાપ્ત થશે ને એમાં જો અચલ રહેશો તો અંતિમ શાંતિ કે જયજયકારની અવસ્થા આવી મળશે.'' વિષમ પરિસ્થિતિઓ આવે છે, પણ પોતે તો સાવ નિર્ભય અને આનંદમય છે. મિત્ર મોદીને કંઈ ન બનવાનું બને ને એકદમ દિંડ્મૂઢ ન થઈ જાય, એથી આવી પરિસ્થિતિની જાણ કરી રાખે છે ને ધરપત આપે છે કે સંતોનાં જીવનમાં લોકસતામણીનો શાંત સામનો એ પણ એક સાધનક્રમ જ છે.'' (પત્ર ક્રમાંક ૧૮૬)



જગત્સુહૃદ્

આ જ તારીખે વળી અલગ એક પત્ર આઝાદી-વીર બાલમિત્ર *અંબાલાલ* વ્યાસને જેલસ્થાને પહોંચાડવાના સૂચનથી મોદીજીને બીડે છે. આ પત્રનું મહત્ત્વ એ છે કે *અવધૂતજી*નો અતૂટ મિત્રપ્રેમ તો અહીં વ્યક્ત થાય જ છે, એ સાથે તેઓશ્રીની આધ્યાત્મિક અલૌકિક ઉડાનનું ભવ્ય ઇજન આપણને મળે છે :

''પ્યારે વ્યાસ દેવ,

તમે તો જેલમાં બિરાજો છો, ને *અવધૂત* રખડે છે. આસીનો દૂરં વ્રજતિ–બેઠો બેઠો દૂર ઘૂમે છે ને શયાનો યાતિ સર્વતઃ – સૂતો સૂતો જગતની સહેલ કરે ! તમારા મહેલમાં કોકવાર આવે છે કે ? આવતો તો જરૂર હશે પણ તમે એને ભાગ્યે જ પિછાનતા હશો. કોક વાર દારોગાને વેષે તો કોકવાર જેલરને વેષે, ક્વચિત્ કૂતરાને રૂપે તો ક્વચિત્ કાગડાને રૂપે, બધે એ જ ભમે છે. એના વિશ્વરૂપમાં જેલ, મહેલ, કેદીભેદી બધા સરખા છે.'' (પત્ર ક્રમાંક ૧૮૭) પ્રતિશ્વાસ દત્તસમર્પિત જીવનને જગતના વિસંવાદી ભેદને સ્થાને કેવળ સંવાદી અભેદનો અનુભવ સહજ હોય છે, તેનો અનુભૂતિ-ઉદ્ગાર સખા અંબાલાલની ચેતનાને સંસ્કારઝંકૃત કરવા માટે જ હોય એ સ્પષ્ટ છે.



જગત્સુહૃદ્

અવધૂતને હવે નિર્વિચારની ભૂમિકા સહજ રહે છે. એથી લખવા માટે કલમ નથી ચાલતી. 'અવધૂતી આનંદ' અને 'રંગહૃદયમ્'ની ભાવસૃષ્ટિમાં પ્રવેશીએ તો એ *અવધૂત* સાથેનો જ વાર્તાલાપ રહેશે, એવું પત્રમાં મિત્રને થયેલું સૂચન કેવું તો રહસ્યસભર લાગે છે ! ઋષિનો દ્વિભાર્યાયોગ હોવાનું જણાવી બીજા લગ્ન કરી લેવા માટે મિત્ર મોદી દ્વારા કહેણ, તેમની પ્રથમ પત્ની નર્મદાના આયુષ્ય-અવધિ વિશેની આગાઉથી જ પોતાને થયેલો પ્રકાશ, વર્તમાન દુઃખને ભાવિ સુખના બીજરૂપે ઓળખવાની શીખ, જાતે સવાર-સાંજના ભજનમાં બેસવાનું રાખીને આચાર દ્વારા ભજનમાં પ્રમાદ ન કરવાનો બોધ આપવાનું *અવધૂતજી*નું વલણ સૌ કોઈને અપૂર્વ આત્મીય અનુભવાય છે.

*અવધૂતજી*ને મિત્ર મોદી અવાર-નવાર ઉપાસનાસંબંધી પૂછપરછ કરતા રહ્યા છે. પોતાના ને કુટુંબના આરોગ્ય વિશે દવા અને દુવા ઉભય ઉપચારો *અવધૂતજી*નાં માર્ગદર્શન હેઠળ એ કરે છે, કરાવે છે. તર્કબુદ્ધિ અને સંશયવૃત્તિના ભોગે અને ક્યારેક લાભવૃત્તિએ સૂચવાયેલી ઉપચારવિધિમાં ક્ષતિઓ થવા પામે છે ત્યારે મૈત્રીનાતે *અવધૂતજી* જાણે *પાંડુરંગ* બનીને મિત્ર મોદીને કટુ વેણ પણ લખી નાખે છે. *અવધૂતજી* સ્તોત્રોના પથ્ય દ્વારા અનેકોના આધિ-વ્યાધિ-ઉપાધિનું નિવારણ કરતા. મિત્ર મોદી પણ એવા આર્તભક્તોને *અવધૂતજી* પાસે લઈ જાય છે. પણ ક્યારેક ઇચ્છિત પરિણામો ન જણાયાં હોય ત્યારે નિરાશ થઈને *અવધૂતજી*ને પ્રશ્નો પૂછી બેસે પણ ખરા ! એવા કોક પ્રસંગના સંદર્ભે ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૩૩નો લખાયેલો પત્ર મનનીય છે : ''સ્તોત્રોની વાતચીત રૂબરૂમાં જ કરીશું. ઉત્તમ રસ્તો એ જ છે કે તમારે જાતે પારાયણ કરી એના રહસ્યનો સાક્ષાત્કાર કરી લેવો. વૃત્તિભેદે પરિણામભેદ એ સનાતન સત્ય છે. એમાં વર્ણવેલી બીનાઓનો સાક્ષાત્કાર-અપરોક્ષ સાક્ષાત્કાર, પોપટીયા નહિ-કરી શકશો તો તમારે શાંતિ માટે બહાર બીજે ત્રીજે ફાંફાં મારવા નહિ જવું પડે; હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે એમાં રહેલાં સત્યોનો સાક્ષાત્કાર કરનારને માટે જીવનમુક્તિ પદદાસી છે.'' (પત્ર ક્રમાંક ૧૯૨)

જિજ્ઞાસુ મોદીજીએ આસન-સાધના માટે પણ પૂછપરછ કરી છે અને પોતાની સમજ પ્રમાણે શંકા પણ ઠાલવી છે કે શીર્ષાસનથી insanity (દીવાનાપણું) આવે, એ સાચું ? અને *અવધૂતજી*, વળી પાછા 'પાંડુરંગ'ના દસકતથી જ મિત્રને પ્રગટ ઉપાલંભથી પણ પ્રાયઃ

અંત:કરણના સદ્‌ભાવથી લંબાણથી,* સૂચનનો સ્વીકાર-અસ્વીકારનું સ્વાતંત્ર્ય આપીનેય, શ્રેયમાર્ગે મિત્ર આવી જાય, એ અંતર્હિત લાગણીથી લખે છે : ''આસનોની બાબતમાં મેં તમને અનેકવાર લખ્યું છે. એ સૂચનાઓ મુજબ વર્તવાથી કદાપિ કોઈ પણ જાતનું નુકસાન થવાનો સંભવ નથી. શીર્ષાસનથી insanity (દીવાનાપણું) આવે છે ? પણ insanity એટલે શું ? દરેક માણસને પોતાનાથી વિરુદ્ધવૃત્તિના લોકો insanity લાગે છે અને એ અર્થમાં એથી insanity જરૂર આવે છે અને આવશે. શીર્ષાસનસિદ્ધિથી વીર્યનો પ્રવાહ ઊર્ધ્વગામી થાય છે. જેમ જેમ એ સિદ્ધ થતું જાય છે તેમ તેમ કામવાસના મંદ થતી જાય છે. કામવાસના મંદ થવી ને આગળ જતાં નિર્મૂળ થવી-જો કે તત્ત્વચિંતન વગર એકલા આસનમાત્રથી એ કદાપિ બનવા નથી પામતું-એ કામી લોકોની દૃષ્ટિથી જરૂર insanity છે અને તમે કલાકથી વધારે વખત એ આસન કરવાનો મહાવરો રાખશો તો વહેલી મોડી એ insanity તમારામાં આવે પણ ખરી. હવે એ insanityને આવકાર આપવો કે લાત મારીને બહાર કાઢવી એ તમારી પોતાની ઇચ્છાની વાત છે એટલે એ બાબતમાં હું કંઈ ન લખું.'' (એ જ)



જગત્સુહૃદ્

૧૯૩૩ની દિવાળી પછી કાર્તિક પૂર્ણિમા સુધીના પ્રવાસનું આયોજન થયું છે. પંદરેક દિવસ અગાઉથી આ આયોજન વિશે મિત્ર મોદી અને ચિ. કમળાશંકરને પત્રોથી જાણ કરે છે. ભાલોદ અને ઝઘડિયાનાં સ્થળ-સ્થાનનિર્દેશો પણ આ પત્રોમાં કરી દીધાં છે. એટલે કોઈ અજ્ઞાતવાસનું એકાન્ત લૂંટવાનો ઇરાદો નથી ! શરીરની અશક્તિ તો ખરી જ, પણ નિશ્ચય અને વલણ અફર છે. – ''શરીરનો વિચાર કર્યે અવધૂતને પાલવે તેમ નથી. સેતાન શરીરનો દ્વેષ કરે છે. એ પડે તો એનો દ્વેષ તો સંતુષ્ટ થાય ને ? અને અશક્ત બને તોએ એટલે દરજ્જે એનો દ્વેષ આનંદ પામે ને ?'' (પત્રક્રમાંક ૧૯૩). ચિ. કમળાશંકર પ્રત્યેની વત્સલપ્રીતિની અગાઉ આપણે નોંધ લીધી છે અહીં હવે એને ગંભીર પાઠ ભણાવે છે, પણ વિશદતાથી. પાઠ શુષ્ક ને નકારાત્મક ભીતિનું વલણ ન જન્માવી દે, એ માટે અભયકવચ પણ એને બક્ષે છે : ''તારો અભ્યાસ ઠીક ચાલતો હશે. સંસાર એ

* ખૂબ અશક્ત શરીર હોવાથી પાંચ કલાક લઈ આટલો કાગળ લખાયેલો છે, એવી અવધૂતજીએ પત્રના અંતે નોંધ મૂકી છે ! મિત્રહિત માટેની ઉજાગરતાનું આવું બીજ જ અવધૂતજીને 'જગત્સુહૃદ્'રૂપી વટવૃક્ષમાં રૂપાંતરિત કરે છે, આ વિસ્મયકારી ઘટનાને સમજવી જ જોઈએ.



જગત્સુહૃદ્

પરમાર્થ શીખવાની પાઠશાળા છે. એ અમૃતમય છે કે વિષમય તે કહેવું મુશ્કેલ છે પણ, Life is a comedy to those who see, and a tragedy to those who feel. એ કથનમાં ઘણો જ સત્યાંશ છે. નાટકમાં નાચનારની ફજેતી છે. જોનારને તો આનંદ જ છે; માત્ર એમાં સત્યત્વની બુદ્ધિ ન જોઈએ. દરિયો ભલેને ફાવે તેટલો તોફાની ને વિફરેલો હોય પણ સુકાન જ્યાં સુધી અનન્ય ભાવે ગુરુમહારાજને હસ્તક સોંપી દીધેલું હોય ત્યાં સુધી એના ભક્તે દેહનાવડીની જરાએ ચિંતા કરવા જેવું નથી. મન પર સ્હેજ પણ ખિન્નતાનું વાદળ છવાય કે *અવધૂતના* આનંદનું સ્મરણ જાગ્રત કરવું ને ગુરુમહારાજની અનંત લીલાનો વિચાર કરવો. એ સ્મરણનાં ટીપેટીપાંમાં અખિલ સંસારસિન્ધુની ખારાશ દૂર કરવાનું સામર્થ્ય નથી શું ?'' (પત્રક્રમાંક ૧૯૪)

વધતી લોકોની અવર-જવર ભજનવિક્ષેપક છે, એનો રંજ *અવધૂતજી*ને થાય છે. ગુરુમહારાજનાં મૂક સંદેશને અંતઃકરણમાં ઝીલતા રહીને અત્રતત્ર અનિકેતભાવે આત્મક્રીડવૃત્તિ માણતા રહીને લોકસંગ્રહાર્થે ફરવું એ *અવધૂતનું* સહજ-કર્મ તો ચાલ્યા જ કરે છે. પણ અજ્ઞાનજન્ય સ્વાર્થાંધ લોકઠઠથી (અજોબાનું શ્રેય સાધવાવાળા) કંટાળી અવધૂત અંતરંગ ભક્તોને આત્મીયતાથી 'આત્મશ્રેય'ની શીખ આપે છે : ''તમે લોકો ભજન કરી એમાં થોડો થોડો ભાગ નહિ પડાવો તો *અવધૂત* મર્યો પડ્યો છે. *અવધૂતનાં* શરીરની રક્ષા તમારા બધાના હાથમાં છે. તમે લોકો જેટલું ભજન કરશો એટલી એની શક્તિ વધશે. સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે. એ વિના બીજું બધું *અવધૂતને* મન ઝાંઝવાનાં નીરથીયે ફીકું છે. સંસારની ચિંતા શું કરો છો ? જેમ *અવધૂતે* પોતાનું બધું તમારે ચરણે-ભક્તોને ચરણે અર્પણ કર્યું છે તેમ તમે તમારું સર્વસ્વ *અવધૂતને* ચરણે અર્પણ કરી નિશ્ચિંત થઈ કાં નથી બેસતા ? પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ—એ પ્રભુનું વચન વિસરી ના જાઓ.'' (પત્ર ક્રમાંક ૨૦૦)

અવધૂતજી આજીવન લોકશિક્ષક રહ્યા છે. ધર્મસંપ્રદાયોનો વાદવિવાદ એમણે ક્યારેય આવકાર્યો નથી, ઉત્તેજ્યો નથી*. તત્ત્વનિષ્ઠ

* શ્રુતિ, સ્મૃતિ, પુરાણ વગેરે ગ્રંથોમાં આવતાં ધાર્મિક કથાનકોના વિરોધાભાસી નિરૂપણોને કેવી રીતે હલ કરવા એવા મિત્ર મોદીજીના પ્રશ્નનો પૂરા લંબાણથી સમાધાન ઉકેલ દર્શાવતો પત્ર ક્રમાંક ૨૧૪ જુઓ : 'શ્રી રંગપત્ર મંજૂષા' પૃ. ૧૮૫ આવૃત્તિ ૨જી)

ચિંતકની ભૂમિકાએથી જ 'લક્ષ્ય'ના અનંત આવિષ્કારો સાથે સમરસી રહેવાનું એમણે સ્વીકાર્યું છે, સ્વીકારવા માટેનો નિરાગ્રહી બોધ છે. 'રામાયણ'નો મર્મ માર્મિક રીતે મિત્ર મોદીજીની સમક્ષ મિતાક્ષરમાં છેક ૧૯૩૩માં ઉઘાડ્યો છે : ''હનુમાન થઈને રહે તે ઘેર ઘેર પૂજાય, પણ દશરથ થવા જાય તેના કરમમાં તો રડી રડીને મરવાનું જ હોય ! (પત્ર ક્રમાંક-૧૯૭)



જગત્સુહૃદ્

અવધૂતજી સર્જન-સંહારની અટપટી અકળાવનારી ઘટનાઓને નિસર્ગની નિરીક્ષા કરાવીને સહજ ઉકેલી આપે છે : ''ઝાડનાં જૂનાં જૂનાં પાંદડા ખરી પડે છે ને નવાં આવે છે, વખત જતાં એ ખરી પડે છે ને પાછાં બીજાં આવે છે, પણ ઝાડનો જીવનરસ તો એનો એ જ; એ તો સદાય લીલું ને લીલું જ ! ખરી પડનાર પાન માત્ર કોહી જઈ હતાં ન હતાં થઈ જાય છે !''

દ્વૈતનો અનુભવ પ્રગટ સત્ય છે. અદ્વૈત અપ્રગટ સત્ય છે અને એથી ભોગ્ય અને ભોક્તાના ભાવે આપણે જીવન જીવીએ છીએ. પણ એ ભેદ/દ્વૈત બુદ્ધિનું અભેદ/અદ્વૈત સમજમાં ઉત્ક્રમણ થાય, એવું હૃદ્ય દૃષ્ટાન્ત અવધૂતજી મિત્ર મોદીને આપે છે : ''ભોગ્ય ને ભોક્તા એક જ છે, પણ ભોગ્ય કંઈ ભોક્તા બની શકે ? અન્ન અને દાંત બંને એક જ છે. પૃથ્વી પ્રધાન છે, પણ અન્ન કંઈ દાંત બની શકે ? બધું અટપટું છે તપસી ! વિચાર કર, તો સમજાશે; (પત્રક્રમાંક ૧૯૭)

લોકો મંદિરના પૂજારી છે; દેવ કરતાં મંદિર એમને વધારે વહાલું લાગે છે, એવું નિરીક્ષણ અવધૂતજી કરે છે. એટલે મિત્ર મોદીજીના માધ્યમથી લોકસામાન્યને સ્વાનુભૂતિનું સત્ય પહોંચાડે છે. ''ઇંટમાટીની કુટીનો મોહ છોડી દરેક જણ પોતાના અંતઃકરણની મેદિનીમાં અનન્ય નિષ્ઠાના પાયા પર વિશુદ્ધ પ્રેમની કુટી બાંધી તેમાં અવધૂતને પધરાવે તો કેવું સારું ? XX મંદિર દેવનું સ્મારક છે, પણ દેવ નથી, એ તત્ત્વ લોકો ક્યારે સમજશે ? (પત્રક્રમાંક ૧૯૭)

'અવધૂતના દરબાર'માં અનેકરંગી માણસોની અવર-જવર થવા માંડી છે. સૌ કોઈનો પ્રયત્ન એવો રહે છે, જાણે અવધૂતના રંગે પોતે રંગાઈ ગયેલાં છે ! અવધૂતજીનું આ વિશેનું જાગરણ કેવું નિભ્રાંત છે : ''XXX રંગબેરંગી કુસુમગુચ્છોની વચમાં પડેલા નિર્મળ સ્ફટિકની માફક અવધૂત તો અનંત રંગોમાંએ અરંગી જ છે. કોની સાથે કેમ વર્તવું અને તે શા માટે - તે એ જ જાણે છે. એની લીલાનો તાગ

કાઢવાનો વૃથા પ્રયત્ન કાં કરો છો ? ફોડી લેવા દો જેને તેને પોતપોતાનું ને જેના તેનાથી પર થઈ નિહાળો એ પાર રહેલા અરંગી કે સર્વરંગી અવધૂતને !'' (પત્રક્રમાંક ૨૨૦)



જગત્સુહૃદ્


પૈસાનો હરગીજ સ્વીકાર ન-કરવાનું વ્રત લેનાર અવધૂતજી કસોટીમાં મૂકાય છે :

મકાનનું બાંધકામ ચાલે છે. દાનીઓએ આપેલ વચનોમાં બે જણા ફસકી જાય છે ! બે-એક જણ માત્ર ૫૦-૭૫ રૂપિયા જ આપવાની વાત કરે છે ! તેટલા સારું એવાઓ પાસેથી રકમ લેવાનું 'ભીખ માગવા જેવું અવધૂતજીને લાગે છે ! અને દાસકાકાને જણાવી દે છે : 'મકાનની પાઈએ પાઈ પોતે ચૂકવી આપવાનું માથે લીધું છે' મિત્ર મોદીને હક્કથી મદદની ટહેલ નાખે છે ! ને છતાં, વિચાર તરંગો કેવા કેવા એમના મનમાં ઊઠે છે : ''ગુરુમહારાજને કસોટી કરવી હશે તો તેમાં ઉતરવા તૈયાર છું; એ જ ગુરુમહારાજ બિલકુલ હાથને કે મનને પૈસાનો ડાઘ લગાડ્યા વગર બધું નિભાવી લેશે, એવી શ્રદ્ધા છે. x x x ભજનો વગેરેની કિંમત રાખી રકમ મેળવું ? x x ધર્મશાળાને નામે કે કોઈ અન્ય બહાને પૈસા માગવાની શરૂઆત કરું ? x x ગીતા આદિ પર એક-બે માસ પ્રવચનો ગોઠવી રકમ મેળવું ? પણ ગીતા પર પ્રવચન કરીને પૈસા મેળવવાની કલ્પના જ કેવી અરુચિકર !? ચાતુર્માસ કોઈ શહેરમાં પ્રવચનો ગોઠવું ને ૫૦૦ની રકમ આવી જાય એટલે ચૂકવી દઉં ને જોઈતું પ્રાયશ્ચિત કરી લઉં, પણ પ્રવચન માટેની બહિર્વૃત્તિ તો રહી નથી ! ચોખ્ખી એકાદ સાલ કોઈની ચાકરી કરી લઉં ? કયો તરંગ મૂર્ત થશે ? કે બધાએ હવામાં ઊડી જઈ ગુરુમહારાજ કોઈ ઈદંતૃતીયં રસ્તો કાઢશે ! તે એ જાણે ! મેં તો ક્યારનું ગાઈ દીધું છે - 'જહિ વા શાધિ વા ચામ્બ સ્વીકુરુ દૂરમૃત્સૃજ/તવૈવાહં તવૈવાહં તવૈવાહં પુનઃ પુનઃ !' (પત્રક્રમાંક ૨૨૪)

અવધૂતજીને અનિકેત-દશાનું આકર્ષણ છે. નારેશ્વર તો છોડવું જ છે ! 'સંગીતગીતા' ('શ્રીમદ્‌ભગવદ્‌ગીતા'નો પદ્યાનુવાદ)ની રચના કરી છે. છપાવવાની વ્યવસ્થા અંગે ઝીણવટભરી સૂચનાઓ સ્વભાવ મૂજબ મિત્ર મોદીજીને અપાય છે. પોતે રચેલા એક દેવીસ્તોત્રમાં 'તસ્યામ્બિકાયૈ નમઃ'માં થયેલાં સંધિભંગ સામે નડિયાદના ગોવર્ધનશાસ્ત્રીના અણગમા અને આપેક્ષને નમ્રતાપૂર્વક આવકારે છે ને છતાં સ્પષ્ટતા માટે તસ્યૈ + અમ્બિકાયૈ = તસ્યાય + એમ્બિકાયૈ



જગત્સુહૃદ્





જગત્સુહૃદ્

તસ્યાયમ્બિકાયૈ અથવા ય નો લોપ કરી તસ્યા અમ્બિકાયૈ 'આ' ને 'અ' પછી મળી ન શકે તેથી પોતાથી તસ્યામ્બિકાયૈ લખાયું છે. x x આર્ષપ્રયોગ તરીકે ને અંદરની ખૂબીની દૃષ્ટિએ બિલકુલ વાંધા પડતું નથી, છતાં સમાન દૃષ્ટાન્ત જ જોઈએ તો ગીતાઅધ્યાય ૧૧ શ્લોક ૪૪નો આધાર દર્શાવી પોતાના પ્રયોગને નિર્વાહ્ય લેખવાની નમ્રતાની અપેક્ષા સૂચિત કરી વાદવિવાદથી પર રહેવાની વૃત્તિનો પ્રગટ અણસાર અવધૂતજી આમ વ્યક્ત કરે છે : ''શાસ્ત્રીજી સાથે લડવા જવાની જરૂર નથી. વાત નીકળે તો જ કરવી.'' (પત્રક્રમાંક ૨૨૫)

પૂ. માતુશ્રી રુકમાબા અને નાનાભાઈ નારાયણનો નિવાસ હવે નારેશ્વરમાં આવ્યો છે. મૂળીબેન વગેરે પૂ. માજીની દેખસંભાળ કરે છે. વખત જતાં તો તિલકવાડાના સવિતાબહેન મીંઢોળના ઉજમબેન, વડોદરાના વિદ્યાબેન, દીવેરના ચંચળબેન દવે, નાંદના મોટી બા સુશીલાબેન ગંજમાને, સુવાસીનીબેન, નર્મદાબેન, રાજપીપળાના હંસાબેન, ધનસુખ કુટુમ્બ, કાન્તાબેન, વણાકપુરના જમનાબા, લાલાબા, જીવીબેન, ડાહીબા, લખીબા વગેરેની વ્યવસ્થા એક પછી એક ગુરુમહારાજની દયાથી આજીવન ગોઠવાયા કરી છે અને લીલોડ-સાયર, દીવેર વગેરે સ્થાનોથી સેવાભાવી ભક્ત-બહેનોનાં વૃંદ પૂ. માજીની ભક્તિ-ઉપાસનાભાવે સર્વ પ્રકારની સંભાળ લેવા માંડે છે. ભાઈ નારાયણની માંદગી રાજરોગની હતી. એથી એની પણ સેવા ચાકરી ભક્તો ખડે પગે ઉઠાવે છે. અવધૂતજી આવી વિકટતાઓ પાછળ ગુરુમહારાજનો કોઈ ગૂઢ આશય હોવાનું નિશ્ચિત માની શાંતિથી ભાવિની પ્રતીક્ષા કરે છે. નિર્લજ્જ સ્વાર્થસાધુતા લઈને પોતાની આસપાસ ઉભરાતું બેજવાબદાર ટોળું કેવી રીતે ઓછું થાય, તેના પોતે વિચારે ચઢે છે ! 'પ્રસિદ્ધિ સૂકરી વિષ્ઠા'નો સહજ સ્ફુરેલો ઉદ્‌ગાર, હવે પોતાને ક્ષણે ક્ષણે અનુભવરૂપ થઈ પડ્યો છે ! 'અવધૂતના મ્હોંઢા સામેથી' આખો દિવસ જે આવે તે ખસતા જ નથી ! એટલે ઉપાધિ ટાળવા બપોરે ઊંઘ ન આવે તો પણ બે કલાક આંખ મીંચીને પડી રહેવાનું નાટક કરવું પડે છે ! લોકોપાધિ ટાળવા બે-એક માસ ક્યાંય વ્યવસ્થા ન થાય તો અનિયત પગે પણ પર્યટનમાં ગાળવાનું વિચારે છે. આ અંગે અંતિમ નિર્ણય મિત્ર મોદી પર છોડતા જોઈએ ત્યારે અવધૂત-મોદીના સખ્ય પ્રત્યે કેવો તો અનુપમ આહ્‌લાદ અને આદર આપણા હૈયે ઉભરાય !

અવધૂતજી અલગારી ખરા, પણ અસાવધ અરણ્યવાસી અઘોરી નથી જ. લોકોત્કર્ષ એમના હૈયાની ઝંખના છે. સદ્‌ગુરુ-ચીંધ્યું એ સહજકર્મ એમણે ગણ્યું છે. એથી લોકોને ભોળવતો સાધુસમાજ નજરે આવે છે ત્યારે તેમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠે છે : ''ગુજરાતમાં દત્તોપાસનાના પ્રચારક ગુરુઓનો રાફડો ફાટવા માંડ્યો છે ને અનેક ઢોંગીઓ એ નામે લોકને ભેળવી રહ્યા છે. એટલે અવધૂતે ફર્યા વગર છૂટકો નથી. પણ એ રહ્યો મૂંગો પ્રચારક એટલે તમે લોકો પ્રમાદ બાજુએ મૂકી થોડો ભજનનો રંગ નહિ જમાવો ને સુવાસથી આજુબાજુનું વાતાવરણ શુદ્ધ નહિ કરો તો આગળ માઠી દશા છે. આ જયંતી એકદમ ભવ્ય અને દિવ્ય થવી જોઈએ'' (પત્રક્રમાંક : ૨૨૯, ૨૩૮. ૨૫૧ ૨૫૯ અને ૨૬૪)



જગત્સુહૃદ્

૨૯-૫-'૩૬ના રોજ ભાઈ નારાયણ દેવશરણ થયા.' અવધૂતજીનું તો આ ઘણા લાંબા સમયથી ચોક્કસ ભવિષ્ય હતું એટલે એમને એનું આશ્ચર્ય કે હર્ષવિષાદ ન જ હોય.* પણ પૂ. માજીના સંતોષ પૂરતી ભાઈની ઉત્તરક્રિયા કરવી, પૂ. માજીનું તતઃ કિં વિચારવું, અવધૂતનું ભાવિ રહેઠાણ નક્કી કરવું - આ બધા પ્રશ્નો તાત્કાલિક નિકાલ કરવા માટે મિત્ર મોદીને મળે તે પહેલી ગાડીએ નારેશ્વર પહોંચવા પત્રથી જાણ કરે છે. (પત્ર ક્રમાંક ૨૩૨)

અનાસક્ત અવધૂતજી પૂ. માજીની જવાબદારીથી ભાગી છૂટવાના મતના નથી ! અનિવાર્ય બને તો અવધૂતી જીવનને છોડી દેવા સુધીનો પણ નિર્ણય લેવાની તૈયારી છે. તેથી જ દ્વિતીયહૃદય સમા મિત્ર મોદીને અંતઃકરણ ખોલીને લખે છે - ''જો થોડા ઘણા પણ જન Motherને અંતઃકરણપૂર્વક પોતાની ધર્મમાતા માની તનમન અને ધનથી સેવા કરવા તૈયાર ન હોય તો અવધૂતે પોતાનો નિર્ણય કરી લેવાનો જ રહ્યો ને એ માટે વધુ સમય નથી માટે તમે આવી શકો તો સારું. પછી તો પ્રભુ અનુકૂળતા આવે તેમ કરશો.'' (એ જ)

૧૯૩૬ના જૂનની બીજી તારીખની સવાર છે. ભાઈના દેવશરણ થયાને હજી તો ગણત્રીના જ દિવસો થયા છે. માજીનું કલ્પાંત અસહ્ય હોય, એ સ્વાભાવિક છે. પરંતુ અવધૂતજીનું ચૈતન્ય તો આવરણમુક્ત પૂર્ણશુદ્ધ બની ચૂક્યું છે એટલે ''ના જન્મ હૈ, ના મૃત્યુ હૈ, ના બંધ

* ''પણ માજીના કલ્પાંતનો પાર નથી. એમને સાંત્વન આપવામાં જ ઘણો વખત ચાલ્યો જાય છે.'' (પત્ર ક્રમાંક ૨૩૩)



જગત્સુહૃદ્

હૈ, ના મોક્ષ હૈ, જો હૈ સો હમ હૈ, ના જુદા હૈ આદમ ખુદાકી જાત હૈ''ની જ્ઞાનાનુભૂતિને વાગોળે છે. ત્યારે જે લહેરો ઊઠે છે, તેના સખા અમૃતલાલને સહભાગી બનાવ્યા વિના અવધૂતજી રહી શકતા નથી : ''અહીં કેવળ પરમાનંદ છે. x x તળેટીએ ઊભો રહી નિહાળું છું, તો ઊંચા ગિરિશિખરોની ભવ્યતામાં મન ગરકાવ થાય છે; ઊંચેથી નીચે દૃષ્ટિ નાખું છું, તો ખીણોની ગંભીરતા મન હરણ કરે છે. આમ બંને પાસ આનંદે આનંદ છે. વસ્તુતઃ ઊંચુ-નીચું, વ્યવહાર-પરમાર્થ, પ્રકાશ-અંધકાર, સુખ-દુઃખ, વિદ્યા-અવિદ્યા વગેરે દ્વન્દ્વ કે દ્વૈત કોટીઓથી પર જ પરબ્રહ્મ છે ને એ અભેદ આત્માનુભવમાં જ પરમાનંદ છે. આજ પ્રભુપ્રાપ્તિ છે. આને જ કોઈ શાશ્વત સુખની શોધ કહે છે. બીજી બધી શબ્દજાળ, ઝઘડાબાજી છે.'' (પત્રક્રમાંક ૨૩૩)

અવધૂતજી કોઈનીય સાથે અડફટમાં આવવાનું ન સ્વીકારે. વ્યવસાયજીવનમાં કે વિરક્તજીવનમાં અજાતશત્રુતાનું વ્રત એમણે પાળેલું છે. આચાર દ્વારા બોધ આપવાની તેમની રીતિ રહેલી છે. નારેશ્વરસ્થાનમાં ગુરુપૂર્ણિમા અને દત્તજયંતીના ઉત્સવો લોકશિક્ષણના ઉદાત્ત ખ્યાલને ચરિતાર્થ કરવા માટે આયોજાતા. પરંતુ બહુરંગી ભક્તોના રાગદ્વેષના ભોગે આપસઆપસમાં અડફટમાં ક્યારેક ક્યારેક કોઈ કોઈ આવા પ્રસંગોએ આવી જતા. ત્યારે ત્યારે અવધૂતની શીખ આવી રહેતી : ''કોઈની સાથે અડફટમાં આવવું નહિ. દરેક વ્યક્તિ પાસેથી સારું હોય તે ગ્રહણ કરવું, ખરાબ પ્રત્યે દુર્લક્ષ રાખવું, ફાવે ત્યાં જવું, ન ફાવે ત્યાંથી સદા દૂર રહેવું સર્વથા હંસવૃત્તિ રાખવી. કાગડો તો કા.....કા કરે એમાં એનો દોષ નથી, કેમ કે એ એનો સ્વભાવ પડ્યો. એના બાહ્ય રંગથી ભૂલથાપમાં પડી એની પાસેથી કોયલના જેવા ઐક્યાત્મભાવના મધુર ટહૂકાની આશા રાખનાર જ મૂરખ છે. x x પોતાનો ચોપડો ચોખ્ખો રાખવો બીજાના જમેઉધારની પંચાતમાં ન પડવું.'' (પત્રક્રમાંક ૨૩૪)

ભાઈ નારાયણની સ્મૃતિ કાયમ રાખવા 'ઉપનિષદોની વાતો' એમને અર્પણ થાય, એવો મિત્ર મોદીજી પ્રસ્તાવ મૂકે છે! અવધૂતજી અનાસક્ત બનીને નહીં, વ્યવહારભૂમિકાએ આવીને મિત્રને વ્યવહાર શીખવે છે. ''x x x કલ્પના મને સાવ અઘટિત ને કઢંગી લાગે છે. એનું અંતિમ જીવન નારેશ્વરના સ્થાન સાથે જોડાવાનું સદ્‌ભાગ્ય એને પ્રાપ્ત થયું છે **એટલે કોક દિવસ એની સ્મૃતિ પ્રજા આગળ**

આવશે જ*. કૃત્રિમ ઉપાયોથી જેની ને તેની સ્મૃતિ કાયમ રાખવાની વ્યાવહારિક રીતિઓ પ્રત્યે મને અણગમો છે ને પોતે જ પોતાના સંબંધીજનનું ઢોલ પીટવું એ સ્વમુખે પોતાના સૌન્દર્યની કથા કરવા જેવું છે.'' (પત્રક્રમાંક ૨૩૫).



જગત્સુહદ્

નર્મદાના નીરમાંથી અવધૂતજીને એક તાડપત્ર ગ્રંથ મળી આવે છે. તાડપત્ર પરનું લખાણ બંગાળી લિપિમાં છે. કોઈ તજજ્ઞને એ ગ્રંથ બતાવવાની પોતાની ઈચ્છા તો છે જ, પણ એ પૂર્વે આ અનાસક્ત અવધૂત બંગાલી લિપિ સ્વયં ઉકેલી શકે એ માટે બંગાલી–ગુજરાતી કે બંગાલી–મરાઠી કોઈ શિક્ષકની પાસે શિક્ષણ લેવાની ઈચ્છા ધરાવે છે. વિદ્યોપાસનાની લગની સદા કાળ એવી સેવ્યા કરી છે કે અવધૂતજી વિદ્વન્મંડળને મળવા ઉત્સુખ રહેતા : તેમની ભાવના રહેતી : વિદ્વાંસ : સન્તુ મે ત્વગ્રે, વિદ્વાંસઃ સન્તુ પૃષ્ઠત :। વિદ્વાંસો દક્ષિણે સન્તુ, વિદ્વાંસ : સન્તુ સન્તુ વામતઃ ॥ સ્વયં ઋતંભરા પ્રજ્ઞાપુરુષ; છતાં વિનમ્રભાવે પોતાની જાતને વિદ્યુત્કવચરક્ષિત રહેવાનું ઈચ્છે !

કિમતીમાં કિમતી વસ્ત્રો, પાત્રો, દક્ષિણા વગેરેથી બહુમાન યજમાન–ભક્તોને હાથે કરાવવા પાછળનો હેતુ પણ સમાજ શ્રેષ્ઠીઓ વિદ્વત્તાનું ગૌરવ કરવાનું શીખે એ જ. વડોદરાની વિદ્વત્સભાના તેઓ સંરક્ષકપદે રહ્યા હતા. આમ છતાં, એ ય સાચું કે અધ્યાત્મજીવન માટે 'ડુકૃંય કરણે'ની વૃત્તિ તેમને વિક્ષેપક જ લાગતી.

અવધૂતજીની વય ૩૮ વર્ષની થઈ છે. અલૌકિક ઐશ્વર્યના સ્વાનુભવમાં ગળાડૂબ મસ્તી પોતે માણે છે અને છતાં મિત્રો અને ભક્તપરિવારોના સમાજજીવનના ક્ષેમકુશળ માટે પણ એટલી જ નિષ્ઠાવંત કાળજી અવધૂતજી લેતા રહે છે. પોતાનાં પુસ્તકોની મુદ્રણવ્યવસ્થા મિત્ર મોદી સંભાળે પણ એમાંય ઝીણી–ઝીણી સૂચનાઓ અને જરૂરત પ્રમાણે પોતે પણ શ્રમ લેવાની તત્પરતા દાખવતા આપણે એમને જોઈ શકીએ છીએ.卐 ગોધરા પોતે ૧૯૩૫ના જાન્યુઆરીમાં ગયેલા છે; પછી કદાચ નહીં! 'શ્રીરંગપત્ર મંજૂષા'નો પત્રક્રમાંક ૨૩૭

---

* નારેશ્વરસંસ્થાનનું 'શ્રીનારાયણ મુદ્રણાલય' ભાઈ નારાયણનું સ્મૃતિસ્મારક છેલ્લાં કેટલાંક વર્ષથી અસ્તિત્વમાં છે. અવધૂતજીની ઋષિવાક્નો જ આ આવિષ્કાર ગણીએ.

卐 જુઓ : પત્રક્રમાંક ૨૩૫, ૨૩૧, ૨૩૮, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૭, ૨૪૮, ૨૫૦, ૨૫૨, ૨૫૩



જગત્સુહૃદ્

(લખ્યા તારીખ ૧૪–૯–૩૬) 'ગોધરાપુરાણ' પર પૂર્ણવિરામ મૂકાયાનું પ્રગટ સૂચવે છે : મિત્ર મોદીને ૧૩મી ઑગસ્ટે ગોધરા પહોંચીને વાસણકુસણને નડિયાદ લઈ જવાની સૂચના આપે છે તે પ્રમાણે કામ કરીને મોદીજીએ બે પત્રો લખ્યા અને તેથી ૧૪મી સપ્ટેમ્બરે, નારેશ્વરથી એ વાસણકુસણ વગેરેની વ્યવસ્થા કરવાનું માર્ગદર્શન પાઠવે છે : 'પેટીમાંનાં બધાંયે વાસણ મામાનાં છે તથા પોથીઓ તમારે સાચવીને રાખવાની છે. ચીનાઈ માટીના રકેબી–પ્યાલા તમે વાપરશો, અહીં એની જરૂર નથી. સાડી અહીં કોઈને આપી દેવાશે. બરણી કંઈક ભરવા ચાલશે. ખાટલા વિશ્વનાથ ભલે લઈ જાય ને બીજી પણ પ્રાણશંકર ને એની વચ્ચે કરેલી તમારી વહેંચણી યથાયોગ્ય છે. વિશ્વનાથને બોજારૂપ ન હોય તો દેવનું પણ અહીં કામ નથી. હું ધારું છું કે ગોધરા–પુરાણ આટલેથી પૂરું થશે.'' માજીની વૃત્તિ પણ ગોધરાની સંપત્તિ માટે નિર્મમ થઈ ગઈ છે. અવધૂતજી તો સ્પષ્ટ કહે છે કે ''મારે પોતાને માટે તો એમાંની એક પાઈ પણ હરામ છે.'' અંતરંગ માણસોને પોતાનું પગલું અવિચારી ન લાગે ને માજીને દુઃખ ન પહોંચે એ હેતુથી પોતે શાંત બેઠા છે, એવી જાણ પણ મિત્ર મોદીને કરે છે.

૨૮મી સપ્ટેમ્બરની બપોર છે. ભક્ત ચુનિલાલના પત્રનો ઉત્તર લખાય છે. ચુનિલાલ અને તેમનાં પત્ની અ.સૌ. પાર્વતીબેન અવધૂતજીના સ્વજનવત્ પોતે પારાયણ કરવા ઈચ્છે છે, તેની સંમતિ–આશિષ માટેનો તેઓએ લખેલા પત્રનો ઉત્તર અવધૂતજી પાઠવે છે. પત્ર જ મોડો મળ્યો છે, એટલે પારાયણની વાત જાણ્યાનો આનંદ વ્યક્ત કરી આ સ્વજનદંપતી સમક્ષ અવધૂતજી મોકળા થઈને ખૂલે છે. એમાં રખે કોઈ લાચારીનો અર્થ વાંચે ! નિર્દંભ બાળક અવધૂતની હૃદય–સ્પર્શી છબી સમસંવેદનશીલ ભક્ત હૃદયમાં જ ઝીલાય એવી મર્મભરી પત્ર–વાણી આપણી પોતાની કરીએ : ''મારું બધું નાવ તમારા લોકોના ભજનને આધારે છે. લોકો તો મારે ત્યાં ઘણા આવે છે, ફૂલ ચઢાવે છે, આરતીઓ કરે છે, જય બોલાવે છે! પણ એ બધું યંત્રવત ભાડુતી માણસની માફક; એમાં પોતીકાપણાની ભાવના નથી હોતી, અને એ યંત્ર–જીવનનો મને હવે સાવ કંટાળો આવ્યો છે. મારું શરીર જોઈએ તેવું રહેતું નથી. ભાઈની માંદગીની પથારી મારી નજર આગળથી ખસતી નથી ને હુંએ હવે વધારે વરસ કાઢું એમ લાગતું નથી. હું ઈચ્છું છું કે પાંચ–દસ પ્રેમીજનો મંડળીમાં છે તેઓ મારા દોષો તરફ દુર્લક્ષ કરી મારી સાથે

દિવ્ય કૌટુમ્બિક ભાવનાથી વર્તે. હું સાંસારિક શબ્દ નથી વાપરતો, કારણ કે એમાં સ્વાર્થ અને સ્હામા પાસેથી પ્રતિ સ્વાર્થની અપેક્ષા રહે છે. પણ અવધૂત પાસે સ્હામાને સહાય કરે એવું પોતાનું એવું કશું રહ્યું નથી. એનું શરીર સુદ્ધાંત પ્રભુને ચરણે અર્પાઈ ગયું છે એનાથી હવે પોતાનું કે પારકું કંઈ જ થઈ શકે તેમ નથી. ઊલટું તમે ખાવા આપશો. તો જ એ ખાશે, તમે વસ્ત્ર આપશો તો જ લાજ ઢાંકશે, તમે ચાકરી કરશો તો જ જીવશે કારણ કે તમે એ પ્રભુનાં જ છાયાચિત્રો છો, એટલે એને ચરણે અર્પાયેલો અવધૂત તમારો જ છે. એને ખોળામાં બેસાડવો કે લાત મારી દૂર કાઢવો એ તમારા પર નિર્ભર છે. એને તો બન્ને સરખાં જ છે. બન્નેમાં તમારા–પ્રભુના–અંગસ્પર્શનો આસ્વાદ છે.'' (પત્રક્રમાંક ૨૪૧)



જગત્સુહૃદ્

સર્વથા માજીને નારેશ્વર ન છોડવું પડે, એવું ગોઠવાય એ માટે મિત્ર મોદીજીને લખી જણાવે છે કે ''તમે જે કરશો તે પરમાત્માએ કર્યું હું માની લઈશ.'' (પત્રક્રમાંક ૨૪૩)

અવધૂતજી અલખને ભાળી ગયા છે, તોય પેલી વિદ્યાકીય જિજ્ઞાસા તો એવી જ સક્રિય રાખી છે. મિત્ર મોદીજી એમના સર્વપ્રકારે મદદનીશ, સર્વથા સેવાતત્પર તપસી એટલે પુસ્તકોની તલાસ એમને સોંપે, પ્રકાશન–વ્યવસ્થાઓ એમને સોંપે, પ્રૂફ્સ કે ભાષાંતર પોતે કર્યાં હોય તોય જરા નજર ફેરવી જવાનું સૂચવે, પ્રસ્તાવના વગેરે લખી નાખવાનું ફરમાવે, તો ક્યારેક આ કામ કદાચ ન સોંપુ તો સારું ને છતાંય સોંપું છું હાં! જાણે એવા ભાવથી પૂછાવે : ''નીચેના શબ્દોના અર્થ લખી મોકલશો ? કરટ, શાલૂર, સાલ, ગોમેદ, કૈકસી, હાલા, કાકોલ, પાર્ષ્ણિ, કોકાતરક્ષુ, કુરુવિંદ, માતુલુઙ્ગ.'' કેવા અપરિચિત આ શબ્દો છે ! નિજાનંદમાં નિમગ્ન પુરુષ એવો ક્યો ગ્રંથ ઉકેલતા હશે કે આવા શબ્દોની સૂચિ બની આવી ! કેવળ કૌતુક જ આપણે અનુભવી અવધૂતના અકળ વ્યક્તિત્વને વંદન કરીએ.

અવધૂતની બેફિકરાઈ માણવા જેવી છે. અમદાવાદનો પ્રવાસ આયોજાયો છે. મુકામ વિશેની અવઢવ કદાચ મિત્ર મોદીજીએ દર્શાવી હશે એટલે અવધૂતજી લખે છે : ''શરીર તમારું છે. એને ફાવે ત્યાં ને ફાવે તેમ રાખો અને તેમ તગેડો. અવધૂત એ વિશે સાવ નિરાગ્રહ છે રેવાબાઈની ધર્મશાળા મેં જોઈ નથી. પણ ત્યાં એકાદ ઓરડી ન મળે ? પાણી ને જાજરૂની વ્યવસ્થા હોય એટલે થયું ? ખાવાનો તો



જગત્સુહૃદ્

સંસારીઓનો ટૂકડો છે, છતાં મુકામ સંસારીઓના આવાસથી અલગ હોય તો ઠીક. સર્વથા ફાવે તેમ ઠેરવો x x જેલની પસંદગી કેદીને કરવાની ન હોય!" (પત્ર ક્રમાંક ૨૫૭)

લોકમાનસમાં સૂક્ષ્મ વિવેકનો અભાવ સામાન્યત : પ્રવર્તતો હોય છે. તીર્થક્ષેત્રોમાં કાં તો ઘેટાંશાહીની મતિથી ટોળે વળે છે, કાં તો કેવળ મનોરંજક વૃત્તિથી હવા ખાવાની જગ્યા તરીકે તીર્થક્ષેત્રોને અભડાવે છે! અવધૂતજીને નારેશ્વર સ્થાનમાં ભક્તો દ્વારા આવાં વર્તનો થતાં જોઈને અંતઃકરણમાં વ્યથા થાય છે : "કેટલાકે નારેશ્વરની તપોભૂમિને એ તરીકે નહિ પણ હવા ખાવાની જગ્યા તરીકે વાપરવા માંડી છે અને દેવનો ડંડો પડે ત્યારે એથી સીધા ન થતાં અવધૂતના કે એના હાથપગ જેવા થઈ પડેલા અન્ય જનોનો દોષ કાઢવાનું જાણે વ્રત જ ન સ્વીકાર્યું હોય તેમ કરવા માંડ્યું છે પણ હવે એ બધું – કેમ કે માણસની સંખ્યા વધતી જ જાય છે – તદ્દન તટસ્થ રહી નીભાવી લેવાનું જ રહ્યું. બોધ પણ હવે નકામો છે." (પત્રક્રમાંક ૨૫૯) દેવપુરુષ અવધૂતની આ વિવશતા કયા ભક્તહૃદયને ભગ્ન ને ક્રોધાન્વિત કર્યા વિના રહે ? ૧૯૩૮માં સ્થાનની આ પ્રકારની આવનારાઓ દ્વારા અવદશા થઈ છે! આજે ચોંસઠ વર્ષનો કાળ વહી ગયો છે, ત્યારે કેવી પરિસ્થિતિ છે !? ભૌતિક સુખાકારી તરફ હરણફાળ ભરી ચૂકેલું આજનું લોકમાનસ તો તપોભૂમિ કે તીર્થક્ષેત્રની વારસાગત વિભાવનાથી સદંતર અજ્ઞાન રહેવાનું જ પસંદ કરે છે અને નિવાસ તેમ જ અન્નપૂર્ણાપ્રસાદવ્યવસ્થાના સંદર્ભે કાગારોળ મચાવવાનું અવસરે–અવસરે આગંતુક પર્યટકો ચૂકતા જ નથી! તપોભૂમિની શિસ્તની અપેક્ષા સંતોષવા માટેની તત્પરતાને સ્થાને ઉઘાડે છોક તેની ઠેકડી સાથે ભંગ કરવાની ઉદ્દંડ ચેષ્ટાઓમાં ગૌરવ લેનારાઓની સંખ્યા વધતી જાય છે. આધ્યાત્મિક આહ્લાદના આંદોલનોની અવહેલનાનું પ્રદૂષણ કેવી રીતે ખાળવું એ આજે તો વ્યવસ્થાપકો માટે પ્રાણપ્રશ્ન બની ગયો છે ! અવધૂતજીનો ઉકેલ આ છે : 'સર્વથા ગાંડી ગુજરાતને નમસ્કાર કરવા જેવું છે." (પત્રક્રમાંક ૨૫૯) 'ગાંડુ લોક' નકામી ચર્ચા ઊભી ન કરે એવી સમાધાની અભિગમ લેવાનો અવધૂતજીનો હંમેશા આગ્રહ રહ્યો છે કારણ પોતાની આંતરપ્રતીતિનો સુખાનુભવ જ એ વાગોળતા રહ્યા છે : "રંગ' નૂર તે તેજ !" x x "રંગ' અરંગ અરૂપ !" x x "રંગ સ્વરૂપ અલેખ" x x "રંગ તત્ત્વમસિ એક !" "રંગ સંતપદધૂળ! "

x x "રંગ પાર કો પાય!" x x લાગ્યો 'રંગ' ન છૂટશે, રહો સંગથી દૂર !! "



જગત્સુહૃદ્

ઉત્સવ–પ્રસંગોએ કાર્યકરોની હુંસાતુંસી વકરતી હોય છે. અને પરિણામે મનદુઃખનો માહોલ થઈ જાય છે. અવધૂતજીને સંસારી જીવોની આ મનોદશાનો અણગમો છે, અકળામણ પણ છે. એમને સીધી ફરિયાદ કરવાની આમ તો કોઈની હિંમત હોય નહિ અને છતાં વાયા વાયા– વાયા 'અનેક જણની અનેક વાતો' એમને કાને પહોંચે તો ખરી જ! અવધૂતજીના પ્રથમ હરોળના એક ભક્તે ૧૯૪૧ના એક દત્તજયંતી ઉત્સવપ્રસંગની અશાંતિની અવધૂતજીને પત્રથી જાણ કરવાની ફરજ બજાવી છે ! તેનો જવાબ આપતાં અવધૂતજીએ તત્કાલીન અને સર્વકાલીન સ્થાનકાર્યકરોને આપેલી શીખ હૃદય-આરસી પર કોતરી રાખવા જેવી છે : "દત્તજયંતીએ સ્થાનમાં આવનાર દરેક માણસ કે પશુ - એક કૂતરું પણ દત્તસ્વરૂપ છે, એમ સમજી (અથવા છેવટે મારા શબ્દમાં વિશ્વાસ રાખી એમ માની) કોઈ પણ જાતની ખુશામતના આશય વગર તેની યથાશક્તિ, જાતે અગવડ વેઠી, બધી સેવા ઉઠાવી લેવી એ મંડળના માણસની એક ધાર્મિક ફરજ છે, એટલું જ જો દરેક જણ સમજી લે તો કોઈને કંઈ કહેવાપણું ન રહે. આવતી ફરિયાદોમાં કેટલીક સાચી હોય છે તો કેટલીક જૂઠી પણ હોય છે. કેટલાકથી તો સ્થાનનો, વ્યક્તિનો ઉત્કર્ષ સહન નથી થતો હોતો તેથી આવી તકનો લાભ લઈ સહેજ પણ બારી જડતાં ગોળીબાર શરૂ કરે છે, આવનાર દરેક ભક્ત પણ નથી હોતો. અનેક હેતુથી અનેક જણ આવે છે. તેમની ભાવનાનો વિચાર કરવાનું કામ આપણું નથી.

પણ ભક્ત કહેવડાવનાર કે બનવા ઈચ્છનારની ફરજ ચોખ્ખી છે. તેણે સામા માણસને ફરિયાદ કરવાનું કારણ ન આપવા, બને તેટલા જાગ્રત રહેવું જોઈએ પોતે નિખાલસ હોય એટલું એને માટે બસ છે. એક દિવસ દુનિયા એની નિખાલસતા જરૂર ઓળખશે અને પોતાના ગલિચ્છ વર્તાવ માટે પસ્તાશે. પણ જ્યારે સારો માણસ આપણી વિરુદ્ધ અવાજ ઉઠાવે ત્યારે આપણે ઘડીવાર અંતર્મુખ થવું ઘટે અને સરવાળે આપણને જે જે ખામી દેખાય તે તે જોવામાં બાજ જેવી તેજ દૃષ્ટિ રાખી અને બીજાનો દોષ જોવામાં કીડીની દૃષ્ટિ કેળવે તેને પડવાની ભીતિ નથી. જો મંડળ એકબીજાના દોષ જોવા મંડી પડે તો કોઈને કોઈમાં ગણ જ દેખાવાનો નથી. એક બીજાને હલકા પાડવામાં

જ બુદ્ધિ ને સમયનો ઉપયોગ કરે તો બધા જ હલકા પડવાના.'' (પત્રક્રમાંક ૨૬૭)



જગત્સુહૃદ્

અવધૂતજીને પોતાને પણ, આવી વ્યથાકર પરિસ્થિતિથી અંતર્મુખ થઈને જોતાં વિચાર આવે છે : ''x x મને મારી તપશ્ચર્યામાં જ ખામી લાગે છે કે હું હજી આઠ આનીએ મારા સિદ્ધાન્તો બે-પાંચ જણાને પણ પૂરા ઠસાવી શક્યો નથી ! x x મારે મારું કાર્યક્ષેત્ર બદલી લેવું કે બધો લોકસંગ્રહ બાજુએ મૂકી મૂંગો બની કોઈ અજ્ઞાતપણે પડી રહેવું તેની ગડમથલ મારા મનમાં ચાલી જ રહી છે. પ્રભુ જેમ રાખે તેમ ખરું, પણ અત્યારે તો લોકોની ભાંજગડોમાં આરામને અભાવે તંદુરસ્તીનું દેવાળું કાઢી રહ્યો છું.'' x x ''સુખની ચાવી અનાસક્તિ છે. જશ-અપજશ બધું પ્રભુને સોંપી એના મારફતિયા તરીકે કામ કરો કે કંઈજ દુઃખ નથી.'' (પત્રક્રમાંક - ૨૬૮)

નારેશ્વરસ્થાનમાં છેક ઈ.સ. ૧૯૨૯થી ઉજવાતો દત્તજયંતી મહોત્સવ (પ્રતિ વિ.સં.ના માગસર સુદ ચૌદસ/પૂનમ) ઈ.સ. ૧૯૪૮ પછી ગામેગામ ઉજવવાની ભાવનાથી વિકેન્દ્રિત કરવામાં આવ્યો. અણસ્તુ / પોર, સુરત, થુવાવી, સુરાસામળ, મીંઢોળ, નવાપુરા, ઉમલ્લા/ અછાલિયા (બે ઉત્સવો), વડોદરા, લીલોડ/સાયર, સિદ્ધપુર, સરખેજ, બાજવા, કોસંબા, વાંકાનેર, નડિયાદ, માણગાંવ, અજ્ઞાત સ્થાનોએ ત્રણ વર્ષ અને આફ્રિકા - આટલાં સ્થળોએ ૧૯૪૯ થી ૧૯૬૮ સુધી પ્રતિવર્ષ દત્તજયંતીના ઉત્સવો થયા છે. (જુઓ : અવધૂત નિવાસ ટ્રસ્ટ-નારેશ્વર અને શ્રી ગુરુલીલામૃત સુવર્ણજયંતી મહોત્સ સ્મરણાંજલિ પૃ. ૧૬) અવધૂતજી દત્તજયંતી પર ક્યારેક અજ્ઞાતવાસમાં રહેતા બાકી તો પ્રાયઃ તે ઉત્સવ પ્રસંગે કોઈક ગામે ઓચિંતા પહોંચીને સ્થાનિક ભક્તપરિવારને ભક્તિવિભોર બનવાની તક સંપડાવતા રહે. નારેશ્વરસ્થાનમાં દત્તજયંતીનો મહોત્સવ કરવાની એક પરિપાટી અવધૂતજીએ બાંધી આપેલી. જયંતી-ઉત્સવનું ખર્ચ કરવા માટે ભંડોળ-ઝોળી ફેરવવી નહીં, દૈવી પ્રેરણાથી ભક્તો સ્વયં જે કંઈ આપે તેની કશીય જાહેરાત કરવી નહિ, જે દિવસે એ ઉત્સવ માટે જરૂરી એવું દેવપ્રેરણાએ ન મળી રહે તે ક્ષણે જ ભગવાનની ડેરાતંબુ ઉઠાવવાની એ આજ્ઞા છે, એમ સમજવું, ભૂલચૂક કે દુર્વૃત્તિ માટે ડર દેવદંડનો માથે રાખવો, એક ઉષઃકાળથી બીજા ઉષઃકાળપર્યન્ત ભજન-સત્સંગ, પારાયણો વગેરેમાં નિર્ગમિત કરવો. અવધૂતજી સ્વયં કાવડ પર રેવાજીનાં નીર લાવીને અન્નપૂર્ણાના

જળભંડારમાં પધરાવે, ઉષઃપ્રાર્થનામાં ઊઠ અઘભંજના, દત્ત મુનિરંજના !'' 'આનંદવાજા વાગે ગગનમાં', 'દત્તભજનમ્', 'દત્તપ્રણતિ :' અને ધૂનો ગાય ને ઉપસ્થિત ભક્તવૃંદોની પાસે ગવડાવે. દત્તજન્મનો અવસર થાય એટલે વેદ-ઘોષ, મંત્રોચ્ચાર, હાલરડાનું ગાન થાય અને ભજનમંડળીઓ ભજનમસ્તીની મહેક પ્રસારે ! સમૂહભજન રાસનાં રૂપો લે ત્યારે વાતાવરણ દિવ્ય-ઉલ્લાસની ભરતીએ ચઢેલું અનુભવાય !



જગત્સુહૃદ્

આમ ગુજરાતના ખૂણે ખૂણે દત્તોપાસનાનો પ્રસાર થતો ચાલ્યો. ઘણે ઠેકાણે દત્તમંદિરોનાં નિર્માણ થવાં માંડ્યાં. દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં અવધૂતજી નર્મદાતટવિહારી બ્રહ્મચારી તરીકે ઓળખાતા થયા હતા. પણ દત્તજયંતી-ઉત્સવ ગુજરાતના ગામે ગામ પ્રસરતાં અવધૂતજી નારેશ્વરનિવાસી રંગ અવધૂત મહારાજશ્રી' તરીકે સુપ્રસિદ્ધ થઈ ગયા !* 'નિરુદ્દેશ' મુજ મુક્ત ભ્રમણ' જાણે કરતા હોય, અને છતાં વિશ્વકલ્યાણ માટે નિત્ય, નિરંતર નિરપેક્ષ વિશુદ્ધ ભાવે વહેતી ગંગાનાં જળ જેવું લોકસંગ્રહાત્મક સહજકર્મ કરવામાં સદ્‌ગુરુના શરણે રહીને, નિમિત્ત બની રહેવાની દિનચર્યા અવધૂતીજી હવેથી રાખે છે ! પોતે તો આવી દિનચર્યાની પ્રગટ 'નોબત' છેક ૧૯૬૪ની સાલમાં નવાગામે (તા. માતર, જિલ્લો-ખેડા) રંગજયંતી મહોત્સવ પ્રસંગે સંભળાવી :

''એ આત્મક્રીડ, આત્મતૃપ્ત હોવાથી એને કરવાનું કાંઈ જ નથી. છતાં રખે એમ માનતા કે એ કાંઈ કરતો નથી ને નિદ્રાલસ્યપ્રમાદાદિની તામસ સોડમાં પથ્થરની માફક પડી રહે છે. એ કર્મ નોતરતો નથી, છતાં સહજભાવે સામે આવી પડે તેનાથી દૂર પણ ભાગતો નથી. કર્તાપણાના અહંભાવ વગર નિષ્કામતાથી ફળની સ્વપ્નેય ઇચ્છા રાખ્યા વગર નિયતિએ મોકલેલ કર્મ કર્યે જાય છે ને એનું અનુસ્મરણ ઉઠતાં પહેલાં જ વિસારી આત્મલીન થઈ જાય છે. x x પોતાની આજુબાજુની સૃષ્ટિમાં અનેક અકર્મ કર્મનું પ્રેરણાસ્રોત છે. x x એનો મૂક વાક્‌પ્રવાહ નિરંતર ચાલતો હોય છે. અનેક જીભથી એ બોલાતો હોય છે.

હાથ, પગ, દૃષ્ટિ, શ્વાસ, અરે રોમેરોમમાંથી એનો વાગ્‌ધોધ વહ્યો જ જાય છે. એની સ્વૈરકથામાં - આડીઅવળી વાતોમાં – પણ શાસ્ત્રોનાં રહસ્યભર્યાં હોય છે. એ સાંભળવાને કાન ને નિષ્ઠા માત્ર જોઈએ. ગંગાજીમાં અગાધ જળ ભરેલું છે. જે જેવું પાત્ર લઈ જાય તેવું તેને મળે ને ફૂટલો ઘડો લઈ જાય તેને તો નિરાશ થવાનું જ રહે. હશે !'' ('અમર આદેશ' પૃ. ૩૨-૩૩, આવૃત્તિ પાંચમી)

*પ્રાચીન 'ભૃગુસંહિતા' ગ્રંથમાં પણ પૂજ્યશ્રીનો શ્રીરંગ અવધૂત મહામુનિ તરીકેનો ઉલ્લેખ મળ્યો છે. (જુઓ : 'શ્રીરંગદર્શન' - ઑક્ટો. ૭૮, પૃ.૩)



જગત્સુહૃદ્

ઈ.સ. ૧૯૫૩માં દત્તજયંતી ઉત્સવનિમિત્તે અવધૂતજી નવાપુર (ખાનદેશ)માં ઉપસ્થિત થયા છે. નવાપુરના અવધૂતભક્તો ભાવ અને ભક્તિમાં તરબોળ થઈને અવધૂતજીને શ્રીદત્તાવતાર અને શ્રીદત્તભક્તિ-રહસ્યસંબંધી 'બે શબ્દો' કહેવાની પ્રાર્થના કરે છે. અને આ મૌની અવધૂતની પરાવાક્‌નો નિર્મળ ધોધ વહેવા માંડે છે ! :

"** સાચો સંત બોલતો નથી. છતાંય એના મૌનમાંથી જે મળે છે તે તેના બોલવાથી મળતું નથી. તે બોલતો છતાંય મૂંગો છે, ચાલતો હોવા છતાંય પાંગળો છે, સાંભળતો છતાંય બહેરો છે, જીભ છતાંય રસહીન છે, આંખો છતાંય આંધળો છે. કારણ કે એની એ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનાં કર્મોમાં એને આસક્તિ નથી. એ ઈન્દ્રિયો વિષયાકાર રહેવાને બદલે બ્રહ્માકાર બનેલી હોય છે."

આ વાતો આપણને પચવી કપરી બને તેવી છે. એથી જ પરમાત્મા અણુ-મેરુમાં વ્યાપેલું એકમેવ સત્ તત્ત્વ છે, એ સમજાવતાં કહે છે કે કોઈ એને ઈશ્વર કહે, કોઈ અલ્લા કહે, કોઈ (ગોડ) કહે કે કોઈ રામ, કૃષ્ણ, દત્ત, શંકર, ગણપતિ વગેરે અનંત નામોથી બોલાવે પણ એ એકમેવસત્ બદલાતું નથી. નામ-વ્યવહાર સિદ્ધિ માટે છે. મારી જ વાત કરો તો મેં રામ, કૃષ્ણ, મહાદેવ, જગદંબા આદિ અનેક નામોથી પ્રભુનાં સ્તુતિ-સ્તોત્રો ગાયેલાં છે."

અવતાર એટલે એ પરમાત્માના અનંત આવિર્ભાવ. એમની અનંત લીલાઓનું આપણે ગાન કરીએ, પણ એમાંનું 'અવતારી' તત્ત્વ તો એક જ. એ જગન્નાટકી નટવરનું સંપૂર્ણ જ્ઞાન કોને હોઈ શકે ? એવું ઉત્તરસૂચક પ્રશ્નવાક્ય રચીને 'દત્તાવતાર'ની આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એવી ત્રિપરિમાણી વિભાવના * પ્રથમવાર ઉદ્‌ઘાટિત કરી આપણને પરમ સત્તા પરત્વે અવધૂતજી ઉજાગર કરે છે.

જેમ, નારેશ્વરસ્થાનથી આરંભાઈ આફ્રિકાપર્યન્ત દત્તજયંતીનો ઉત્સવ-પ્રસારનો卐 ૧૯૨૯ થી ૧૯૬૮ સુધીનો ઇતિહાસ છે, તેમ દીવેરથી જયપુરપર્યન્તનો ઈ.સ. ૧૯૪૧ થી ૧૯૬૮ સુધીનો રંગજયંતી-ઉત્સવોનો પણ ભવ્ય ઇતિહાસ છે; અને તેના ઉદ્‌ભવથીમાંડી વિકાસનાં

*જુઓ : 'અમર આદેશ' – આવૃત્તિ પમી પૃ. ૫૭-૭૯.

卐 વિગત માટે જુઓ – 'નારેશ્વરનો નાથ' (લે. અમૃતલાલ મોદી) પૃ. ૨૩૩ થી ૨૪૧ (આવૃત્તિ પાંચમી).

સોપાન અનોખાં છે. દીવેર, પાણેથા, નારેશ્વર, ઝણોર, ઉમલ્લા, પોર, ઝઘડિયા છાણી, રંગપુર, વડોદરા, નડિયાદ, ગરબડા, પાદરા, નવાપુરા, અજુપુરા, બાજવા, નારેશ્વર, ડાકોર, મોરટક્કા, ધર્મજ, કણભા, દ્વારકા, નવાગામ, અજ્ઞાતસ્થળ, અંબાજી, આફ્રિકા અને જયપુર સ્થાનોએ રંગજયંતીઉત્સવો ઉજવાયા હતા. (જુઓ : ગુરુલીલામૃત સુવર્ણજયંતી, સ્મરણાંજલિ પૃ. ૧૬)



જગત્સુહૃદ્

અવધૂતજીનો જન્મદિન તો કોઈ જાણતું જ નહોતું. સ્થાનમાં અવાર-નવાર આવતા દીવેરના નાથાભાઈ પટેલ, ચતુરભાઈ પટેલ અને મીંઢોળના પ્રભાશંકરભાઈ ગોર પૂજ્ય માજી પાસે બેઠેલા ને ચાલુ વાર્તાલાપમાં જાણ્યું કે ગોપાષ્ટમી (ત્યારે કાર્તિક સુદ આઠમ પર નોમની સાંજને સોમવાર હતો) અવધૂતજી ઊર્ફે બાબુનો જન્મદિન. કૂતૂહલપૂર્વક આ ભક્તોએ પંચાંગો ફંફોસીને વિ.સં. ૧૯૫૫ની કાર્તિક માસની સુદ આઠમ નોમની તિથિ અને ગોપાષ્ટમીનો મેળ શોધી કાઢ્યો ! કેવળ હૃદયની ઊર્મિઓને વશવર્તીને 'શ્રીરંગજયંતી' એવું નામાભિધાન કરીને દીવેર-ભક્તમંડળે ઈ.સ. ૧૯૪૧માં અવધૂતજીની ૪૩ વર્ષની વયતિથિ તેમની જ ઉપસ્થિતિ રાખીને મનભેર ઉજવી. આ જ પ્રસંગે રાજપીપળાનિવાસી રાજ્યજ્યોતિષી શ્રી શિવપ્રસાદ વિશ્વનાથ જોષીજીએ અવધૂતજીની જન્મકુંડળી રચીને વાંચી સંભળાવી !

ચાર વર્ષ પછી એટલે કે ઈ.સ. ૧૯૪૫માં અવધૂતજી જન્મદિને ભક્તજનોને ઉપાધિ ન થાય એવા હેતુથી નર્મદાવિહારે આગલી રાતે નીકળી પડે છે ! નવમીની રાતે છાનામાના નારેશ્વર પહોંચી જવાનો ખ્યાલ રાખે છે ! પરંતુ શુક્લતીર્થથી નૌકાવિહાર કરતાં રસ્તે ઝણોરનો ઓવારો વટાવતા હતા ને ત્યાંના આગેવાન ભીમસિંહજી ખુમાનસિંહજી રાજને ખબર પડી ગઈ ! ભક્તહૃદય કકળી ઊઠ્યું ! ઓવારે પહોંચીને આર્દ્રહૃદયે ઝણોરમાં મુકામ કરાવ્યો ને આખું ગામ હૈયાની ઊલટતાથી હેલે ચઢ્યું ને શ્રીરંગજયંતીનો ભવ્ય ઉત્સવ ઉજવાઈ ગયો ! શ્રી રંગજયંતીપ્રસંગોએ અવધૂતજીની ઉપસ્થિતિમાં વડોદરામાં 'શ્રી ગુરુલીલામૃત'ના ૧૦૮ સમૂહ પારાયણો અને પાદરામાં સાચાં મોતી વધાવીને થયેલું બાદશાહી સ્વાગતના પ્રસંગો ચિરસ્મરણીય રહ્યા છે.

૧૯૫૮ના વર્ષમાં અવધૂતજીનો સાઠમાં પ્રવેશ થાય છે. તે શ્રીરંગજયંતી નારેશ્વરસ્થાનમાં જ દબદબાભેર ઉજવવાનું આયોજન થાય છે. ૧૯૩૬ થી ૧૯૫૮ના ગાળામાં નારેશ્વરસ્થાનનો થયેલો વિકાસ



જગત્સુહૃદ્

પૂજ્ય માજીના સ્થાયીનિવાસને આભારી હતો. ભક્તોને એથી તે સુપ્રિમ કોર્ટ સમા પૂ માજીની ઉપસ્થિતિમાં જ અવધૂતજીની જન્મતિથિ ઉજવવાની ભાવના હતી. વિશિષ્ટ દેવકર્મો સંપન્ન કરીને ઉત્સવની ફલશ્રુતિ રૂપે અવધૂતજીએ બૃહદ્અવધૂતપરિવારને આશિષન્યાલ કરી દીધો છે : ''ઊઠો, જાગો અને તમારા સ્વયંભૂ હકની જાણ સાથે એ અનાદિ હકની - વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઈ બાળભાવે બાંગ પુકારો ને એની અખંડ યાદમાં નિર્ભય નચિંત થઈ મસ્ત વિચરો ને તમારી જન્મજાત બાદશાહતનો ઉપભોગ લો !!''*

૭૦મી જયંતી કંપાલામાં (આફ્રિકા) અને ૭૧મી જયંતી જયપુર શહેર (રાજસ્થાન)માં (૨૯-૧૦-૬૮) શ્રી બાબુભાઈ ઝવેરીને ત્યાં ઉજવવામાં આવી. જયપુરની શ્રીરંગજયંતી દેહની આખરી જયંતી બની રહી. એ પછી અવધૂતજી હરિદ્વાર, આર્ય નિવાસમાં અંતેવાસી ભક્તવૃંદ સાથે તા. ૬-૧૧-૬૮ મુકામ કરે છે અને ૧૯-૧૧-૬૮ની રાતે ૯-૧૦ કલાકે દેહોત્સર્ગ કરી બ્રહ્મલીન થાય છે, તેમનો પાર્થિવ દેહ વિમાનમાર્ગે અમદાવાદ લાવવામાં આવે છે. ત્યાંથી શણગારેલી ટ્રકમાં ગામોગામ ભક્તોને દર્શન કરાવતાં નારેશ્વર પહોંચાડાય છે; અને ૨૧-૧૧-૬૮ના ગુરુવારની રાત્રીએ (યોગાનુયોગ જન્મતારીખ) દેહને અંત્યેષ્ટિસંસ્કાર સંપન્ન થાય છે.

આ જ જગ્યાએ સને ૧૯૭૦માં શ્રીરંગમંદિરનું નિર્માણ થાય છે. અહીં નિજમંદિરમાં પૂ. શ્રી રંગઅવધૂત સદ્ગુરુના આત્મલિંગ સ્વરૂપ પાદુકાજી અને શ્રીરંગપ્રભુની પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિ બિરાજમાન છે અને સદ્ગુરુ પ.પ.પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજશ્રીના નિત્ય અંકમાં 'આર્ય પાંડુરંગ'નો નિત્યવાસ દર્શનાર્થીઓને કૃપાકટાક્ષથી નિરામય પ્રશાન્તિવર્ષાની નિર્હેતુક લીલાનો અનુભવ આપ્યા કરે છે.

---

*વિસ્તૃત વર્ણન માટે જુઓ : '૬૦મી રંગજયંતીદર્શન' સંપાદકો : ડૉ. કનૈયાલાલ વાણી અને શંકરભાઈ પટેલ, પ્રકાશન વર્ષ : ૧૯૫૮. વળી ૬૧મી શ્રીરંગજયંતીઉત્સવ માટે જુઓ : 'ષષ્ટિપૂર્તિ મહોત્સવદર્શન' અને અજ્ઞાત તડીપાર રંગજયંતી (તડીપાર) લે. શ્રી ભાલચંદ્ર ત્રિપાઠી (પૂ. બાલ અવધૂત)

(૨) અક્ષરજીવન




જગત્સુહૃદ્

- અક્ષરજીવનનો આલેખ
- 'અક્ષર' આવિષ્કારો : અવલોકન, આચમન, અર્ચન
- 'ગીર્વાણ ભાષા પ્રવેશ' ભા.૧, ૨
- 'ઉપનિષદોની વાતો'
- 'વિષ્ણુપુરાણની વાતો'
- 'ત્યારે કરીશું શું ?'
- 'ટૉલ્સ્ટૉય અને શિક્ષણ'
- 'અવધૂતી આનંદ'
- 'રંગહૃદયમ્'
- 'શ્રીગુરુલીલામૃત'
- 'દત્તબાવની'
- 'સંગીતગીતા'
- 'પત્રગીતા'
- 'રંગતરંગ'
- 'વાસુદેવસપ્તશતી'
- 'સદ્‌બોધશતકમ્ -બાલબોધિની'
- 'પ્રશ્નોત્તરગીતા'
- 'શ્રીરંગપત્રમંજૂષા'
- 'અમર આદેશ'
- 'દત્તયાગપદ્ધતિ'



જગત્સુહૃદ્





જગત્સુહૃદ્

ૐ

॥ શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥

(હોડીવાળા હોડી હંકાર -- ઝરણાદ)

તું--હું તું--હું ઝોયલડી પોકાર! હરિહરિ રટના રે!!
તત્ત્વમસિ તંબૂરો બનાવ! હરિહરિ રટના રે!!--ટેક
તન કેરી વાડીમાં મન કેરો ક્યારો!
સુરતાની કાલ્ય સોહાય!! — હરિહરિ૦ ૧
વસંત ઋતુની યું આવ્યું બે વેગે!
ઘડપણની ધૂળ દેખાય!! — હરિહરિ૦ ૨
તારે તે રંગે રાખુડો લાવું!
મીઠી મીઠી મારલી સૂણાવ!! હરિહરિ૦ ૩
પવનને ઘોડલે ચડી ચલી હોઉં!
[illegible] કાન!! હરિહરિ૦ ૪
પ્યાસો ઝોયલડીના ગાઢા ન રહુકો,
રટણાં નવરંગ ઝળાવ! હરિહરિ૦ ૫

તરંગ પ્રેમ

અક્ષરજીવન



જગત્સુહૃદ્

અક્ષરજીવનનો આલેખ :

પાંડુરંગ વિઠ્ઠલ વળામે ગાંધીયુગના સર્જકચિંતક છે, તો રંગ અવધૂતજીરૂપે એ દ્રષ્ટા-સ્રષ્ટા પ્રતીત થાય છે. ૧૯૧૮ થી ૧૯૬૮ સુધીની તેમની અક્ષર-આરાધનાનો આલેખ રચીએ તો પચાસ વર્ષના ગાળાના તેમના સારસ્વત-વ્યક્તિત્વના બે સ્પષ્ટ તબક્કા પડી શકે : ૧૯૧૮થી ૧૯૨૫ના સમયગાળાનો પહેલો તબક્કો અને ૧૯૨૬ થી ૧૯૬૮ પર્યન્તનો બીજો તબક્કો. પહેલા તબક્કામાં તેમનું સારસ્વતજીવન પાંડુરંગ વળામે અને 'ગંજેરી'ના તખલ્લુસથી જાહેર થયેલું છે. પાંડુરંગ વળામે અને 'ગંજેરી'માં રહેલો સારસ્વત એક જ અને તેની નિસ્બત સમાજજીવનની નીતિપરક ઉન્નતિ માટેની જ; પરંતુ 'ગંજેરી'ના તખલ્લુસથી લખાયેલાં લખાણો કટાક્ષ શૈલીમાં હોવાથી તે નર્મ-મર્મના સર્જક તરીકે વિશેષ ઉપસે છે. પાંડુરંગ વળામેના નામથી લખેલાં લખાણોમાં કવિતા ઉપરાંત યુગદ્રષ્ટા ગાંધીજી અને મહાત્મા ટૉલ્સ્ટૉય અને ઉપનિષદોની વિચારસૃષ્ટિથી પ્રભાવિત થઈને ચિંતનાત્મક સ્વતંત્ર લખાણોની સાથે અંગ્રેજી અને મરાઠીમાંથી જીવનવિધાયક કૃતિઓના અનુવાદો કર્યા છે. ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા પછી રાષ્ટ્રીય શાળામાં સંસ્કૃતના શિક્ષક તરીકે સેવાકાર્યમાં જોડાયેલા અને તેને પરિણામે છાત્રઘડતરની ઉદાત્તભાવનાથી સંસ્કૃતભાષાશિક્ષણનું એક પાઠ્યપુસ્તક પણ તે જ ગાળામાં તે રચે છે. વળી આ જ તબક્કાથી તેમણે મિત્રોને લખેલા પત્રો પણ તેમને એક સફળ પત્રલેખક તરીકે પ્રસ્તુત કરે છે. આમ અહીં પહેલો તબક્કો પૂરો થાય છે.

૧૯૨૬ થી ૧૯૬૮ પર્યન્તનો તેમના સારસ્વત-જીવનનો બીજો તબક્કો બને છે. કૌટુંબિક વાતાવરણ અને પૂર્વજન્મના સંસ્કાર બળે ઈશ્વરપરાયણ તેમની મનોવૃત્તિએ સ્વ-ખોજની યાત્રા માટે તેમને સતત પ્રેર્યા કર્યા, જેને પરિણામે ૧૯૨૫ના વર્ષમાં વનવાસમાં તેઓ ચાલ્યા ગયા. એ યાત્રાએ 'અસલ ઘર'માં તેમનો નિવાસ સંપન્ન કરાવ્યો ને પરિણામે ઉન્મની મસ્તીપ્રેરક હૃદયોદ્‌ગારો વહેવા માંડ્યા. તે આપણા માટે યોગી-મર્મી કવિની આત્મક્રીડાનું અવધૂતી અલૌકિક ઓજસ્વી અક્ષર-જીવન બને છે.

તેમના આ ઉભય વ્યક્તિત્વને ઘડનારાં પરિબળોરૂપે જે ઉત્કૃષ્ટ

સાહિત્ય- ગ્રંથોનો વ્યાસંગ અને વ્યક્તિવિશેષોના સંપર્કો રહ્યા છે, તે આપણે જાણી શકીએ છીએ. 'શ્રીરંગપત્રમંજૂષા' ભા.૧,૨ના સમગ્ર પત્રોમાંથી પસાર થતાં સ્પષ્ટ થાય છે કે પાંડુરંગે નિમ્ન નિર્દિષ્ટ ગ્રંથોનું વાંચન-મનન અને વ્યક્તિઓના સંપર્ક કરીને પોતાની બુદ્ધિશક્તિને સમૃદ્ધ કરી છે :



જગત્સુહૃદ

'પેરેડાઇઝ રીગેઇન્ડ', 'મહોલેઝ એસે ઓન મિલ્ટન', 'રામાયણ', વેદો, ઉપનિષદો, આઇડિયલ લાઈફ' (કૃષ્ણમાચાર્યનાં પ્રવચનો) 'ઇન ફ્રેન્ડશિપ નેમ', ભર્તૃહરિનાં 'નીતિશતક', 'વૈરાગ્યશતક' અને 'શૃંગારશતક' તેમજ 'વાક્યપદીય', 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' (સટીક), 'નૈષધકાવ્ય', 'ફેઇરી ક્વિન', 'મહાભારત એન્ડ એપિક ઇન્ડિયા', 'ઇન ટ્યુન વીથ ધ ઇન્ફિનિટી', 'ફ્રેક્ટર-બિલ્ડિંગ', 'મનુષ્ય કે અધિકાર', 'ચિદ્‌ઘનાનંદજીની ગીતા', 'જ્ઞાનેશ્વરી', 'વૃત્તિપ્રભાકર', 'શંકરાનંદી ગીતા', 'હરિકથાઓ', 'યોગવાસિષ્ઠ', 'પુરાણો', પૂ. વાસુદેવનંદસરસ્વતી-વિરચિત સાહિત્ય, 'ગુરુચરિત્ર', 'અવધૂતગીતા', 'ગુરુમૂર્તિચરિત્ર', હિન્દી-મરાઠી ભજનસાહિત્ય, 'રામતત્ત્વપ્રકાશ', 'પ્રજામત', ગોરખપુર સંસ્થાના 'કલ્યાણ'ના અંકો, 'વાક્યવૃત્તિ', 'આર્યભિષક', આલ્તિકચંદ્રિકા', 'સ્મૃતિગ્રંથો', નવજીવનનું સાહિત્ય, ટૉલ્સ્ટૉયનું સાહિત્ય વગેરે અને લોકમાન્ય તિલક, ગાંધીજી, ગાંડામહારાજ, માલવિયાજી, પંચમહાલના લોકસેવક વામનરાવ અને મામાસાહેબ ફડકે, કાકાસાહેબ કાલેલકર, શ્રી ચંદ્રશેખરાનંદજી, શ્રીમાન ભગવાન, શ્રી ધૂનીવાલા બાબા, શ્રી ઉપાસની બાબા, શ્રી લંગડે મહારાજ જેવાના પરોક્ષ-પ્રત્યક્ષ સંપર્કોમાંથી મોકળેમને પાંડુરંગે સત્પ્રેરણાઓ ઝીલ્યા કરી છે.

૨જી એપ્રિલ ૧૯૧૮ના રોજના પત્રમાં વળામેજીની એક રચના ઉદ્ધૃત થયેલી છે. વળામેજીએ તેમના પ્રિય સુહૃદ શ્રી અંબાલાલ વ્યાસને અભિનંદન-શુભેચ્છા પદ્યમાં પાઠવી છે. તે રચનાનો ઉત્તરાર્ધ અહીં જોઈએ :

રાચત હઈડું નાચતું મનડું, શિવતાણ્ડવ સાચાર !
ગાન કરતું ઊડે નભમાં, જઈ બેસે સુરઝાડ !
શોભા નિરખી સુર ઉપવનની, મન ઠરિયું તે ઠામ !
યોગસમાધિ સાધી એણે બિચ બિચ નિસરે નાદ !
સોડહં સોડહં એ તો, ગરજત કયમ એ લાલ !

વીસ વર્ષની વયે, પાંડુરંગનાં હૃદય-મન 'શિવતાણ્ડવ'માં ઠરવાનું



જગત્સુહૃદ્

ઠામ અનુભવે છે, એમ ઉપર નિર્દિષ્ટ પંક્તિઓમાંથી સૂચિત થાય છે. પ્રાપ્તનોંધોને આધારે આ રચનાને પ્રથમ પ્રસિદ્ધ થયેલી રચના તરીકે આપણે ઓળખી શકીએ. એ રીતે સારસ્વત લેખે અક્ષર-આરાધનનો આ ઉદયકાળ બને છે, તો કૃતિનો મિજાજ જોતાં તેમના ભાવિ-જીવનપથનો સંકેત આપતો પણ આ જ સમય છે, એમ સ્પષ્ટ થાય છે.

અવધૂતજીના અક્ષર-આરાધક લેખેના જીવનકાળને વિભાજિત કરીને હવે જોઈએ : (૧) ૧૯૧૮ થી ૧૯૨૫ (૨) ૧૯૨૬ થી ૧૯૨૯ (૩) ૧૯૩૦ થી ૧૯૫૦ અને (૪) ૧૯૫૧ થી ૧૯૬૮.

(૧) ૧૯૧૮થી ૧૯૨૫ના ગાળામાં પાંડુરંગ વળામેના અભિધાનથી થયેલાં લખાણોની સૂચિ આ પ્રમાણે છે : (૧) 'રેંટિયાનું રહસ્ય' - (સંવાદ) ૧૯૨૧, (૨) સ્વરાજકીર્તન (૧૯૨૧) - મરાઠી કૃતિનો ગુજરાતીમાં અનુવાદ, (૩) 'અહિંસા એટલે શું ?' (૪) 'એક વિચિત્ર ઝાડ' (૧૯૨૨) - ગીતાના ૧૫મા અધ્યાયનું મૌલિક અર્થઘટન, (૫) 'ભાંગનો લોટો'ની કટારો (૧૯૨૧-૨૨), (૬) ઉપનિષદોની વાતો (૧૯૨૪), (૭) ગીર્વાણ ભાષાપ્રવેશ (૧૯૨૪) (૮) 'ત્યારે કરીશું શું ? (૧૯૨૪) (૯) ટોલ્સ્ટોય અને શિક્ષણ (૧૯૨૪), (૧૦) 'સદ્‌બોધશતક-બાલબોધિની' (૧૯૨૪) (૧૧) બુદ્ધસંઘનો પરિચય (૧૯૨૪-૨૫).

આ કૃતિઓનાં લેખનમાં પાંડુરંગની સમાજ-જીવનના કલ્યાણ માટે વ્યક્તિસમષ્ટિને જાગૃત કરવાની ખેવના પ્રગટ થયેલી જણાય છે. અસહકારના આંદોલનની ટહેલ દ્વારા સ્વાતંત્ર્યસંગ્રામ માટેની જાગૃતિનો એ કાળ હતો. શિક્ષિતઅશિક્ષિતોને સ્વાભિમાન અને દેશાભિમાનની ભાવનાઓનો બોધ આપતી વિચારધારા વાતાવરણમાં પ્રસરેલી હતી. એ ઝીલીને પાંડુરંગે એ વાતાવરણને પુષ્ટ કર્યું છે, પોતાની કલમથી. વ્યવસાય શિક્ષણક્ષેત્રનો સ્વીકાર્યો એટલે પાઠ્યપુસ્તક દ્વારા અને શિક્ષણક્ષેત્રના માહિર-વૈશ્વિક વિચારક ટોલ્સ્ટોયની વિચારણાને ગુજરાતીમાં ઉતારી છાત્રોને જીવન-ઘડતરના પાઠો શીખવ્યા છે; ભારતીય સંસ્કૃતિના સનાતન તત્ત્વને સમજાવવા માટે 'ઉપનિષદોની વાતો' આપી છે. ૧૯૨૨ના ગાળામાં 'નવશક્તિ' સામયિક માટે તેમને લેખો લખવા સંચાલક શ્રી ભીખાભાઈનાં આગ્રહભર્યાં દબાણોની વાતનો નિર્દેશ મળે છે.* એ સંદર્ભે એ જ પત્રમાં શ્રી અંબાલાલ વ્યાસને પોતાની બદલાતી

* 'શ્રીરંગપત્રમંજૂષા' આવૃત્તિ બીજી પત્રકમાંક ૩૬, ૩૭, ૩૮, ૪૨, ૪૩, ૪૫, ૫૦, ૫૬ પૃ. ૩૧,૩૨,૩૩,૪૦,૪૩.

જીવનદિશાનો સંકેત આપે છે : 'મારું જીવન દિવસે દિવસે એવું થતું જાય છે કે હું કંઈ પણ લખી શકતો નથી. ધાર્મિક પુરુષોનાં જીવનો એમને મોકલવાનું લખ્યું હતું, પણ એ સુદ્ધાંય લખી શક્યો નથી. ×× હાલમાં ચિદ્‌ઘનાનંદજીની ગીતાનું વાંચન ચાલે છે. જ્ઞાનેશ્વરી પણ શરૂ છે. ×× આજે જ ભીખાભાઈ આવી ગયા. લેણદાર વાણિયો દેવાદારની સ્થિતિ કરી મૂકે છે તેવી એમણે મારી સ્થિતિ કરી છે. હું પણ ઘડાયેલા દેવાળિયાની માફક વાયદા કર્યા જ કરું છું ! ×× નથી જાણતો કે ઈશ્વર મને લખવા દેશે કે નહિ. હું આ લોકોથી કંટાળી ગયો છું. છેવટે નિરૂપાયે મારે અહીંથી ભાગી જવું પડશે. ખુદાના આદેશની રાહ જોઉં છું. ×× લખવાની વૃત્તિ જ થતી નથી. લખવાનું પણ કંઈ નથી.×× મને હાલમાં ચેન પડતું નથી. હૃદયમાં કેટલીક વાર ઘણી વ્યાકુળતા થાય છે. બહારની દુનિયા સાથે મેં લગભગ વ્યવહાર બંધ જ કરી દીધો છે. ×× દુનિયામાં મને રસ નથી પડતો. છતાં ભૂતની માફક કામ તો કર્યા જ કરું છું. મેં આ જન્મ અવિવાહિત રહેવાનું નક્કી કરી દીધું છે. ×× ઈશ્વરને પૂછી રહ્યો છું, પણ હજી જવાબ નથી.×× મારો ઘણો ખરો વખત ચિંતનમાં જ જાય છે. મારી સ્થિતિ ઘણી સારી છે.×× મારે એકાન્તની ખાસ જરૂર છે.×× જીવનની દોરી ઈશ્વરને હાથ સોંપી દીધી છે. એને ખેંચવું હોય ત્યાં ખેંચે. ×× હાલમાં ખૂબ વાંચું છું. એવું તો પરીક્ષા માટે એ નહીં વાંચ્યું હોય.×× ભાષાન્તરની પાછી શરૂઆત થઈ છે. આ છેવટનો અંક છે. એક દૃષ્ટિએ છેવટનો અંક નીરસ હોય છે, બીજી દૃષ્ટિએ એના જેવો રસ બીજા કોઈ અંકમાં નથી આવતો. મિલન ત્યાં જ છે.×× રાત ટૂંકી ને વેષ ઘણા જેવું છે. પછીથી અવસર નહિ મળે જાણી વાંચું છું.×× હું દૂર-સુદૂર જવાનો વિચાર કરી રહ્યો છું.×× આવી જાતની નિષ્ઠુરતા કેળવ્યા વગર ઈશ્વરી હૃદયની આર્દ્રતાનો અનુભવ નહિ થાય.×× આખો દિવસ લગભગ પથારીમાં જાય છે. વિચારસ્ફૂરણ માટે આનાથી બીજી સારી નિવૃત્તિ ન જ મળી હોત.×× આપણા ત્રણેની (અંબાલાલ વ્યાસ અને અમૃતલાલ મોદી સાથે પોતાની) સાથે એવી મુલાકાત 'હવાફેર માટે (નર્મદાકાંઠે) કદાચ છેલ્લી જ થશે. ×× વૃત્તિ દિવસે દિવસે ખૂબ ઉપરામ પામતી જાય છે.×× ઈશ્વર અત્યંત દયાળુ છે. એની દયાનો પરચો વારંવાર આવ્યા જ કરે છે. નોકરી છોડી રામભરોંસે ઘેર બેઠો પણ



જગત્સુહૃદ્

કોઈ પણ જાતની તંગી નથી.××'*



જગત્સુહૃદ્

આમ સંસારજીવનની વિરકિત ઉત્કટ રૂપ લેતી જાય છે; પોતે જે કંઈ લખ્યું છે અને પુસ્તિકાઓ પ્રકાશિત/અપ્રકાશિત છે, તેની વ્યવસ્થા મિત્રોને સોંપી નચિંત થવા માંગે છે અને છતાં 'સદ્‌બોધ-શતક-બાલબોધિની' તેમ જ સ્વામિમહારાજરચિત 'રામકથા'ની નકલ કરવાનો શ્રમ સ્વૈચ્છિક રીતે સ્વીકારે છે. પ્રકાશિત થનાર પુસ્તકનું કદ, પ્રસ્તાવનાનું કદ, જાહેરખબરનું કદ, મુદ્રણનાં બિબાંનું કદ, મુદ્રણ, લે આઉટ બ્લોક્સ પ્રિન્ટિંગ, અનુક્રમણિકા વગેરે બાબતો વિશે ચોકસાઈપૂર્વક સૂચનો આપતા રહ્યા છે. એટલું જ નહિ, છેલ્લું પ્રૂફ પોતાની નજર હેઠળથી પસાર થાય એવો આગ્રહ રાખતા જણાય છે.

એમનો ભાષાન્તરનો આદર્શ ઉન્નત છે. સંસ્કૃત, અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષાઓની કૃતિઓના અનુવાદો એમણે કર્યા છે. એ અનુવાદ શબ્દશઃ અનુવાદ ન બની રહે, તેની એમણે કાળજી લીધેલી છે. ભાવાનુવાદના એમના પ્રયોગો અનુવાદકલા શીખવા માટે સમજવા જેવા છે.

(૨) ૧૯૨૬ થી ૧૯૨૯ : ૧૯૨૫ના ડિસેમ્બરની ચોથી તારીખે નારેશ્વરના નિબિડ રાનની સ્મશાનભૂમિમાં એકાન્ત ઉપાસના માટે નિવાસ કર્યો. ૧૯૨૨ થી ૧૯૨૫ નવેમ્બર સુધીમાં વ્યવસાયજીવન સાથે થયા કરતી અલૌકિક અનુભૂતિઓ તેમના જીવનની પલટાતી દિશાનો ઉષઃકાળ હતો, તો ડિસેમ્બર પછી ૧૯૨૮ સુધીનો ગાળો તેમના મર્મીજીવનનો મધ્યાહ્નકાળ બન્યો. પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજવિરચિત 'દત્તપુરાણ'નાં ૧૦૮ પારાયણઅનુષ્ઠાન, મૌન અને યોગસાધનાના આ કાળ દરમિયાન અંતઃકરણને આહ્લાદ પમાડતી તેમની અવધૂતી મસ્તીએ જે સહજ ઉદ્‌ગારો કાઢવા માંડ્યા તે 'અવધૂતી આનંદ'ની ભજનસૃષ્ટિ અને 'રંગહૃદયમ્'ની સ્તોત્રાવલિ. 'શ્રીરંગપત્રમંજૂષા'માં પ્રગટ પત્રોને આધારે ૧૯૨૬ થી ૧૯૨૯ પર્યન્તમાં રચાયેલ આ સકલ કાવ્યસૃષ્ટિ પૈકી કેટલીક રચનાઓનાં વર્ષોની શક્યતારવણી અહીં પ્રસ્તુત ગણાશે.

---

* છેડ મા છેડ મા - ભજન-૧૨૯ પૃ. ૧૩૧ 'અવધૂતી આનંદ'ની રચના આ મનઃસ્થિતિમાં, આ કાળમાં રચાયેલ છે. જુઓ : 'રંગપત્રમંજૂષા' પૃ. ઉપર મુજબ

૧૯૨૬

(૧) 'મૂર્ખોઽહં મૂર્ખરાજોઽહં મૂર્ખાણાં ચ શિરોમણિઃ'
(૨) 'મૂર્ખ હું મૂર્ખનો રાજા, વળી મૂર્ખશિરોમણિ'
(૩) 'ઢૂંઢત દેખા જગત મેં, સાર વસ્તુ હૈ એક'
(૪) 'દત્તપ્રાતઃસ્મરણમ્'
(૫) 'દત્તપ્રાર્થનાદ્વાદશકમ્'
(૬) દત્તશરણાષ્ટકમ્'
(૭) 'નારેશ્વરસ્તોત્રમ્' (અનુવાદ સાથે)
(૮) 'શ્રીદત્તનામસંકીર્તનમ્'
(૯) 'દત્તનામસ્મરણમ્ (અનુવાદ ૧૯૩૮માં)
(૧૦) 'મંત્રગર્ભમૃત્યુંજયસ્તોત્રમ્
(૧૧) 'તપસી, છોડ દિયા સંસાર'
(૧૨) 'પાસ ખડો, નજરોં મેં ન આવે'
(૧૩) 'પ્યારા દેસી મિલે તો દિલ કી કહું'
(૧૪) વાસુદેવનામસુધા (અનુવાદ સાથે) (૧૯૨૮માં રચાયાનો સંભવ વિશેષ છે. જુઓ પ્રથમ આવૃત્તિનું પ્રકાશન વર્ષ)
(૧૫) બોધમાલિકા (અનુવાદ સાથે)

૧૯૨૭

(૧૬) થોડાંક ભજનો
(૧૭) 'નર્મદાષ્ટકમ્'
(૧૮) 'આજે સુણી ચમન મેં મોહન તિહારી બંસી'
(૧૯) 'ચૌદ બ્રહ્માંડ તેરી ઝોલી મેં'
(૨૦) 'શૂન્ય શિખર પર ચઢી, નિહાળ્યો વીજળીનો ચમકાર'
(૨૧) 'તીરથ કહાં જાના મેરે ભાઈ ?'
(૨૨) 'નારેશ્વરરાય વિદ્મહે મૃત્યુંજયાય ધીમહિ તન્નો રુદ્રઃ પ્રચોદયાત્
(૨૩) 'નારેશ્વરમાહાત્મ્ય'
(૨૪) હું મૂરખ નાદાન, સંતો, હું મૂરખ નાદાન.
(૨૫) I am nothing more than a dog barking for bread at the gate of the Almighty God
(૨૬) વારની બે ગરબીઓ અને અન્ય સર્વ ગરબીઓ
(૨૭) 'પ્રશ્નોત્તરગીતા' / 'પ્રશ્નોત્તરપંચક'
(૨૮) 'બોલ બોલ પ્રેમવેણ'



જગત્સુહૃદ્

(૨૯) કેટલીક દત્તધૂનો
(૩૦) હું ભિખારી ભિખારી ગુરુઘર દાસી !



જગત્સુહૃદ્

૧૯૨૮

(૩૧) 'મુક્તિસ્તોત્રમ્' (સાનુવાદ)
(૩૨) 'અક્કલ સે ખુદા પીછાનો'
(૩૩) 'હમ સે મત મિલો, મત મિલો !'
(૩૪) 'હમનસે મત મિલો લોગો, હમન ખફ્તી દિવાન હૈ'
(૩૫) 'અબ મૈં કહાં જાઉં
(૩૬) બન જા દીવાના

૧૯૨૯

'નામાવલિ' (દકારાદિ સહસ્રનામાવલિ)
'પંચપદી' (રાત્રીભજનસંગ્રહ)

૧૯૩૦થી ૧૯૫૦ના ગાળામાં 'શ્રી ગુરુલીલામૃત'(ખંડ ૧, ૨, ૩) 'દત્તાબાવની', 'પત્રગીતા', 'સંગીતગીતા', 'દત્તનામસ્મરણ' (ગુજરાતી ભાવાનુવાદ) જેવી કૃતિઓ પ્રસિદ્ધ થઈ છે.

૧૯૪૧ થી ૧૯૫૬ના ગાળામાં છૂટક છૂટક સ્તોત્ર-ભજનની કાવ્યરચનાઓ થઈ જ હશે પણ રચના-વર્ષોની નોંધો મળી નથી !

૧૯૫૭ થી ૧૯૬૮ના ગાળામાં અવધૂતજીએ શ્રીરંગ જયંતી-ઉત્સવો નિમિત્તે જુદાં જુદાં સ્થળોએ કરેલાં ઉદ્બોધનો મુદ્રિત થયાં છે અને ઓડિઓ કેસેટ્સના રૂપે પણ મળે છે.

૧૯૨૬ થી ૧૯૬૮નું સકલ અક્ષરઆરાધન કેવળ ઈશ્વરીય પ્રસાદી છે. પોતાનું એમાં કશુંય કર્તૃત્વ નથી, એવી વિનમ્રતાપૂર્વક નિશ્ચિત સ્વીકૃતિ એકાધિકવાર અવધૂતજીએ આ ગાળાની કૃતિ-અંતર્ગત કે પ્રગટ સંવાદમાં વ્યક્ત કરી છે. વિશુદ્ધ ચેતનાના જ આ ઉદ્ગારો હોવાની પ્રતીતિ શહેરી-ગ્રામીણ, શિક્ષિત- અલ્પશિક્ષિત સૌ કોઈને થતી રહે છે. અને તેથી જ 'શ્રીમદ્ભગવદ્ગીતા', 'રામાયણ', 'રામચરિતમાનસ', 'હનુમાનચાલીસા', 'શ્રીમદ્ભાગવત', 'શિવમહિમ્ન' જેવા હિન્દુ સનાતનધર્મના વિવિધ ઔપાસનિક ગ્રંથોનાં અનુષ્ઠાનો, જ્ઞાનયજ્ઞો વડે પ્રજાજન વ્યક્તિ-સમષ્ટિની ચિત્તશુદ્ધિનો અનુભવ કરતા રહે છે, તે જ રીતે અવધૂતજીરચિત આ સ્તોત્ર-ભજન-કથા સાહિત્યના સત્સંગથી જીવન-શ્રેયસનો પુરુષાર્થ કરનારો વિશાળ સમુદાય દેશ-વિદેશમાં પ્રસર્યો છે.

અવધૂતજીના ક્ષરજીવનનો વિલય ૧૯-૧૧-૧૯૬૮ના રોજ હરિદ્વાર તીર્થક્ષેત્રમાં ગંગા નદીના તટે થયો. તે જ સ્થળે ચાર દિવસ પૂર્વે જ (૧૫-૧૧-૬૮) તેમના અક્ષરજીવનનો અધ્યાય પણ સમાપ્ત થયો છે. ૧૯૧૮માં અક્ષર-આરાધનના ઉદયકાળે હૃદય-મનમાં જે ઉદાત્ત ભાવના સેવી હતી, તેની જ હૃદય-મનમાં અનુભૂતિ આ છેલ્લી શ્લોકત્રયીની રચના (અપૂર્ણ) અભિવ્યક્ત કરે છે, એ અનન્ય યોગ આપણે ધ્યાનમાં લઈએ :



જગત્સુહૃદ

न देहो मनो बुद्धिक्षासवोऽहम् ।
न मे जन्ममृत्यू न वर्णाश्रमादि ॥
न बन्धो न मोक्षो न चिन्ताभ्रमादि ।
चिदानन्दरूपः शिवः केवलोऽहम् ॥

અવધૂતજીના ચિત્તશુદ્ધિપ્રેરક સકલ સાહિત્યમાંથી કેટલીક વિશેષ કૃતિઓનાં અવલોકન-આચમન-અર્ચન તરફ હવે વળીએ.

'ગીર્વાણભાષાપ્રવેશ' ૧ અને ૨*



જગત્સુહૃદ્

અવલોકન :

અમદાવાદની રાષ્ટ્રીય શાળામાં જ્યારે અવધૂતજી અધ્યાપનનું કાર્ય કરતા હતા, ત્યારે તેઓશ્રીએ વિદ્યાર્થીઓને સંસ્કૃતનું વ્યાકરણ સહેલાઈથી સમજાઈ જાય એ દૃષ્ટિએ ધો. ૪ અને ૫ માટે ગીર્વાણભાષા પ્રવેશ ભા-૧, ૨ એમ બે ગ્રંથોનું આલેખન કર્યું. એમાં વ્યાકરણ શીખવવા માટે સંસ્કૃત સાહિત્યના ઉત્તમ ગ્રંથોમાંથી રસપ્રદ સુભાષિતો પીરસ્યાં છે. 'ગીર્વાણભાષા' ભા. ૨માં 'વાઙ્મયરત્નમંજૂષા' (પૃ. ૯૨થી ૨૬૩) શીર્ષકથી પંચતંત્ર, હિતોપદેશ, મહાભારત, ભોજપ્રબંધ, મનુસ્મૃતિ, ભારતમંજરી, ગીતા, બાઈબલમાંથી પોતે કરેલું સંસ્કૃત ભાષાંતર, સ્વપ્નવાસવદત્તમ્, રઘુવંશ, રામાયણ, શાકુન્તલ, મૃચ્છકટિકમ્, બુદ્ધચરિત, મુદ્રારાક્ષસ, વેણીસંહાર, ભટ્ટિકાવ્ય, ભાગવત, કુમારસંભવ, ઉત્તરરામચરિત, દશકુમારચરિત, કાદમ્બરી, નાગાનન્દ, ચમ્પૂ, કિરાતાર્જુન, હર્ષચરિત, નૈષધિયચરિત, શિશુપાલવધ, ભામિનીવિલાસ, ઉપનિષદો, બૃહત્સ્તોત્રમુક્તાહારમાંથી રચેલી આ રત્નમંજૂષા તેમના વિદ્યાવ્યાસંગ અને પ્રશિષ્ટ જીવનદૃષ્ટિનો પરિચય કરાવે છે.

સંસ્કૃત ભાષા પ્રેમથી શીખવાની વૃત્તિ થાય અને ભારતીય ભવ્ય વિચારવારસાના સંસ્કારનું સિંચન થાય એવી દ્વિવિધ દૃષ્ટિ આ ગ્રંથલેખન પાછળ રહેલી હોવાનું 'વિદ્વત્પાદરજ' પાંડુરંગ વળામેજીએ વિશદતાથી પ્રસ્તાવનામાં સમજાવ્યું છે. ડૉ. ભાંડારકર, રા. બ. કમળાશંકર અને રા. મહાદેવ શિવરામ ગોળે જેવા સંસ્કૃત ભાષાના પૂર્વસૂરિઓના ખભે બેસવાનો ઋણ સ્વીકાર પણ તેમણે કર્યો છે. મરાઠી 'સંસ્કૃત પ્રવેશ'ના લેખક રા. રાજારામ દામોદાર દેસાઈના પુસ્તકનો ઘણો જ પોતે ઉપયોગ કર્યાનો નિર્દેશ કરી તેમનો પણ ઉપકાર માથે ચઢાવ્યો છે. શ્રી મોરેશ્વર રામચંદ્ર કાળે, ધર્મરાજ ગાંધી અને વામન આપ્ટેના પુસ્તકોનો ઉપયોગ ઉપકારક થવાનું પણ નોંધ્યું છે. વિદ્યાર્થીઓ ને રાષ્ટ્રીય આદર્શ વિનયમંદિરના આચાર્યશ્રી રામશંકર હરજીવન ત્રિપાઠીનો પ્રેરક સહકાર આ ગ્રંથ રચનામાં મળ્યો છે. ૨૫ દિવસની

*પ્રકાશન વર્ષ ૧૯૨૩ ભાગ-૧ કિંમત રૂ. એક અને આઠ આના, ભાગ-૨ પ્રકાશન વર્ષ ૧૯૨૪ કિંમત રૂ. બે અને ચાર આના. (અપ્રાપ્ય)

ટૂંકી મુદતમાં પ્રથમ ભાગ મુદ્રિત થઈ પ્રકાશિત થયેલો છે.

સંસ્કૃત ભાષાની પ્રીતિ પાંડુરંગને અનન્ય છે. શાળાજીવનમાંથી જ મિત્રો સાથે સંસ્કૃત ભાષામાં જ વાર્તાલાપ કરવાનું તે રાખતા હતા, એ જાણીતું છે. વિદ્યાર્થી માનસ ને કેટલાક શિક્ષકોના ખ્યાલો સંસ્કૃત ભાષાના પ્રસારમાં વિઘ્નરૂપ બનતા હોય છે, એવો તેમનેય અનુભવ થયો છે. સંસ્કૃત 'ગોખણપટ્ટી'ની ભાષા છે, એવો ખ્યાલ અધ્યયન-અધ્યાપનમાંથી દૂર કરવા માટે 'રસમય' દૃષ્ટિએ આ ગ્રંથનું નિર્માણ કર્યું છે. સંસ્કૃત ભાષાને મૃત-ભાષા કહેનારાઓને એ અનાર્ય કલ્પનાનો શીઘ્ર ત્યાગ કરવાની ભલામણ કરે છે. કારણ પોતે સ્પષ્ટ માને છે કે, "સંસ્કૃત ભાષા એ મૃતભાષા નથી, પણ મૃતમાં અમૃત રેડનારી સંજીવની છે." (જુઓ : ગીર્વાણભાષા પ્રવેશ - ઉત્તરાર્ધ પૃ. ૮ પ્રસ્તાવના)



જગત્સુહૃદ્

ગ્રંથના પૂર્વાર્ધમાં ૩૦ પાઠ (પ્રકરણ) છે અને પછી ભાષાન્તર પાઠમાળા અને કઠણ શબ્દોનો કોષ (ગુજરાતી-સંસ્કૃત) ઉપરાંત બે પરિશિષ્ટો આપેલાં છે. ધાતુનાં કાળગત રૂપો અને નામરૂપો, સર્વનામ વગેરેની વિશદ સમજૂતીથી આ બધા પાઠ સમૃદ્ધ છે. ગ્રંથનો ઉત્તરાર્ધ પૂર્વાર્ધની પરિપૂર્તિ છે. એમાં બધા મળીને બાર પાઠ છે. આવશ્યક વ્યાકરણ, સમાસનું વિસ્તૃત વિવેચન, આશીર્વાદાર્થ અને પ્રેરકરૂપનો પાઠ, અનિયમિત રૂપાખ્યાન, કૃદન્તો, વૃત્તવિચાર, પત્રલેખન, વિશેના પરિશિષ્ટો અને સંસ્કૃત ઉત્તમોત્તમ સાહિત્યગ્રંથોમાંથી ચૂંટી કાઢેલા વાઙ્મયરત્નોનો ગદ્યપદ્યાત્મક સંગ્રહ પ્રસ્તુત થયો છે.

પ્રસ્તુત ગ્રંથની સમીક્ષા, ગુજરાત વિદ્યાપીઠ કાર્યાલયના તે સમયના મહામાત્ર કિશોરલાલ મશરૂવાળાએ કરેલી.'ગીર્વાણભાષાપ્રવેશ'ને પાઠ્યપુસ્તક તરીકે વિદ્યાપીઠમાં સ્થાન મળ્યું, તેની જાણ કરીને કિશોરલાલ મશરૂવાળાએ લેખકને કેટલાક પ્રશ્નો પૂછેલા : (૧) ગીર્વાણ એટલે દેવ ? (૨) 'રતિકર' શબ્દનું ઔચિત્ય ? (૩) 'સુન્દરી વા દરી'વા' પ્રયોગનું ઔચિત્ય ? (૪) 'जन्मना ब्राह्मणो ज्ञेयः' પ્રસિદ્ધ શ્લોકને ફેરવવાનું પ્રયોજન ? (૫) आत्मानं सततं रक्षेद्दारैरपि धनैरपि । માં કયો અર્થ અભિપ્રેત છે ? (૬) 'मुम्बापुरी–मध्यूषिवांसो जनाः विलासिनः सन्ति ।' માં મુંબઈની સમસ્ત પ્રજા પર ભારે આક્ષેપ નથી ? (૭) 'ऋजुमार्गेणार्थसिद्धौ न वक्रमार्गमाश्रयेत्' ઉપરથી मार्गेणार्थस्यासिद्धौ



જગત્સુહૃદ્

વક્રમાર્ગં સમાશ્રયેત્ એવો બોધ વિદ્યાર્થી લે એ ઠીક લાગે છે ? (૮) 'કં દૂતં પ્રહિણોમિ' ઇત્યાદિ શૃંગારરસિક વાક્યો બાળકોને શું કામ આપવાં જોઈએ ?卐

અવધૂતજી તે વખતે પાંડુરંગ વિઠ્ઠલ વળામેના નામથી ઓળખાતા. રાષ્ટ્રીય આદર્શ વિનયમંદિર-ઘીકાંટા, અમદાવાદમાં ત્યારે તેઓ સંસ્કૃતના અધ્યાપક હતા. કિશોરલાલ મશરૂવાળાને, તેમણે એક લેખક અને શિક્ષક તરીકેની પોતાની જવાબદારી સમજીને વળતો ૧૭ પાનનો જવાબ (૧૯-૪-૨૩) આપેલો. એમાં પત્રની પૂર્ણાહુતિ કરતાં લખ્યું છે કે, ''લંબાણ બહુ થયું - આપના અમૂલ્ય વખત ઉપર એ અણઘટતી ત્રાપ છે. આપની સાથે ચર્ચામાં ઊતરું એવી મારામાં લાયકાત નથી. છતાં જે પ્રેમભાવે આપે પ્રશ્નો પૂછયા તે પ્રેમભાવથી પ્રેરિત થઈ યથામતિ ઉત્તરો આપવાની ધૃષ્ટતા કરી છે. એમાં જાણે-અજાણે કંઈક વધારે પડતું લખાઈ ગયું હોય તો તે માટે આપની નિખાલસ દિલે માફી માગી, એટલું કાઢી નાંખી, વાંચવાની વિનંતી સાથે.'

હવે અહીં એ ઉત્તરોનો સંક્ષેપ નોંધવો યોગ્ય ગણાશે :

(૧) પ્રેમાનંદે ગુર્જર ભાષાની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતાં સંસ્કૃત ભાષાનો 'ગીર્વાણગિર' શબ્દથી નિર્દેશ કર્યો જ છે; 'અમરકોશ'માં 'દેવો' માટેના આપેલા ૨૬ શબ્દોમાં 'ગીર્વાણ' પણ એક છે; સંસ્કૃત-અંગ્રેજીની શ્રી આપ્ટે તેમજ શ્રી જનાર્દન પાઠકની ડિક્ષનરીઓમાં આ શબ્દ આ અર્થમાં મળે છે; જગન્નાથ પંડિતે 'ભામિનિવિલાસ' જેવી ઉચ્ચ પ્રતિના સાહિત્યગ્રંથમાં આ અર્થમાં આ શબ્દ પ્રયોજ્યો છે.

(૨) વાંધાભર્યાં વાક્યોનો ખુલાસો આપતાં શ્રી મશરૂવાળાને શૃંગારરસિક વાક્યો લાગેલાં તેની વાત કરી છે : ''શરૂઆતમાં જ હું આપને જણાવી દઉં કે હું પણ શૃંગારિક વાક્યોની તદ્દન વિરુદ્ધ છું. નાનાં બાળકો જ શું પણ મોટા માણસોએ વિકારમાંથી બચવાને માટે શૃંગારિક વાચનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ, એવો મારો અભિપ્રાય છે. પણ માત્ર શૃંગાર નામથી જ ભડકી મરવામાં માલ નથી. જે શૃંગારથી અધઃપતન થાય અથવા જેથી મનમાં દુષ્ટ વિકારો

卐જુઓ : 'નારેશ્વરનો નાથ' : અમૃતલાલ મોદી, પમી આવૃત્તિ, પરિશિષ્ટ-૧ પૃ. ૧-૨, અવધૂતજીએ તે સમીક્ષાનો પાઠવેલ ઉત્તર મનનીય છે. પાઠ્યપુસ્તકના વિભાવનમાં તેમની રહેલી શિક્ષણદૃષ્ટિ અને સહૃદયત્વ ઓળખી શકાય છે. જુઓ : એ જ પૃ. ૧૯.

ઉદ્‌ભવે તેવાં વાક્યોને જરૂર કોઈ પણ સંજોગોમાં સ્થાન નથી, ન જ મળવું જોઈએ, પણ સુન્દરી, હલા વગેરે જેવા શબ્દોમાં શૃંગાર જોઈ તેમનો બહિષ્કાર કરવો એ મારી દૃષ્ટિએ ઉપયુક્ત નથી. પાન-૫૫ **न सुन्दरि शोभते प्रणयिजने निरपेक्षता** - આમાં સુન્દરિ શબ્દ બાજુએ મૂકીએ તો શી અનીતિ શીખવાડે એવો શૃંગાર છે તે હું જોઈ શકતો નથી. 'સ્નેહી માણસ પ્રત્યે બેદરકારી શોભતી નથી.' એ શબ્દો આપણે મિત્ર પ્રત્યે પણ વાપરી શકીએ. ઉપરના વાક્યમાં કોઈ પતિ પોતાની હઠીલી ને જક્કી સ્ત્રી પ્રત્યે નમ્ર પણ ભાવમય ઠપકો આપી રહેલ છે. આપણા સમાજમાં કુલટા, રાંડ, કુભારજા વગેરે શબ્દોથી પોતાની પત્નીની પૂજા કરતા પતિઓનું ડગલે ને પગલે દર્શન થતું હોય ત્યાં વિદ્યાર્થીઓને આવા કાલિદાસ વગેરે જેવા ઉત્તમ કોટિના કવિનાં વાક્યોનું રહસ્ય સમજાવવામાં આવે એમાં મને તો કંઈ અજુગતું નથી લાગતું.



જગત્સુહૃદ્

પાન. ૧૪૪ પરના हला चित्रलेखे उपकारिणमपि राजर्षि न शक्नोम्यामन्त्रयितुम् ઉક્તિમાં વિપ્રગામી શૃંગાર નથી જ એવું સસંદર્ભ સમજાવી, તેનો મર્મ ખોલતાં લખે છે કે, 'આ આખા વાક્યમાં આર્ય સ્ત્રીઓના લજ્જાપ્રધાન, વિનયશીલ, મર્યાદાપૂજક સ્વભાવનું જ પ્રતિબિંબ નજરે પડે છે.' અને પછી પોતાનો અભિપ્રાય પણ આપે છે કે 'હાલની રંગભૂમિ ઉપર ભજવાતાં કેવળ બીભત્સ ભવાઈ નામને શોભે એવાં ઘણાંખરાં નાટકોનાં 'વન્સ મોર' મેળવતાં પ્રેમલા-પ્રેમલીનાં નિર્લજ્જ સંબોધનો ને સંવાદોની સામે આવાં વાક્યો વિદ્યાર્થીઓને આપવામાં આવે અને એમનું રહસ્ય સમજાવવામાં આવે તો કંઈ ખોટું નથી.'

પાન ૧૫૩ પરના 'कं दूतं प्रहिणोमि हन्त कठिनस्वान्ताय कान्ताय मे' નું રહસ્ય સ્ફૂટ કરતાં વળામેજી લખે છે, ''ઈશ્વરને ભક્તને મળવામાં વિલંબ થાય તો અંતઃકરણની વ્યાકુળતાને લીધે ઈશ્વરને પણ કઠણ હૃદયવાળો કહે છે. તેમ જ પતિના દર્શન માટે અધીરી થયેલી કોઈ સ્ત્રી પોતાના પતિને કઠણ અંતઃકરણવાળો કહે છે, એમાં પતિ પ્રત્યે તિરસ્કાર તો જરૂર નથી, પણ પ્રિયતમાના અંતઃકરણની વ્યાકુળતા છે.×× 'हन्त' શબ્દમાં ખેદ અને હતાશાની લાગણી રહેલી છે કારણ કે कान्त 'कठिनस्वान्त' છે, નહીં કે 'करुणस्वान्त-कं'ની સાથે 'हन्त' એટલે નીકળ્યા વગર રહેતું નથી. વળી कान्त તો स्वान्त છે, પ્રિયતમાનું હૃદય છે.' અને છતાં દૂત મોકલવાનું પ્રયોજન છે - પત્નીને theoretical



જગત્સુહૃદ્

જ્ઞાન છે અભેદનું; સાક્ષાત્કારની ન્યૂનતા છે. એટલે નાભિમાં હોવા છતાં એને માટે એની સુવાસ પાછળ પાછળ વનવન રઝળનાર મૃગના જેવી ભોળી ભામિની દૂત મોકલવાની ગાંડી ઝંખનામાં ઝૂરી રહી છે.×× સાધારણ છોકરાઓ આ તત્ત્વ ન સમજી શકે તેથી શબ્દકોશમાં માત્ર એક જ અર્થ આપ્યો છે, અને બાકીનું બધું શિક્ષક પર રાખ્યું છે. કોઈ પણ પુસ્તકમાં લેખક પોતાનું સર્વ મગજ ન જ રેડી શકે. એટલે ઘણો આધાર તો હંમેશાં શીખવનાર પર જ રહેવાનો.'

તત્કાલીન વિદ્યાર્થીઓની મનોવૃત્તિ પર શૃંગારિક ઉદાહરણોની ઉદ્દીપક અસર પડે, એવી શ્રી મશરૂવાળાની દહેશતનું નિરસન કરતાં व्यापारान्तमुत्सृज्य શ્લોકનો અમૂલ્ય ઉપદેશ સ્પષ્ટ કર્યો છે અને એની સાથે છાત્રમાનસની અવદશાનું એક સુરેખ ચિત્ર ઉપસાવ્યું છે, જેમાં શિક્ષકહૃદયની છાત્રજીવનમાવજત માટેની ઊંડી જિકર ઉપરાંત માત્ર પચીસ વર્ષની વયના વળામેજીની શ્રેયોમુખી જીવનનિષ્ઠાનું આપણને દર્શન થાય છે.

'रामौ रतिकरः पितुः' વાક્ય 'રામાયણ'નું છે, અને 'रतिकरः'નો અર્થ ત્યાં પણ 'આનંદ આપનાર' જ થયેલો છે ! વાલ્મીકિની જેમ ભર્તૃહરિ અને કાલિદાસે પણ આ જ અર્થમાં આ શબ્દ પ્રયોજ્યો છે, એવી સ્પષ્ટતા કરી છે કે 'રતિનો ખરાબ અર્થ જરૂર થાય છે. પણ છોકરાઓ એ ખરાબ અર્થ જાણે ત્યાર પહેલાં જ એનો આવો સારો અર્થ એમના મનમાં ઠસે એ શું ઈષ્ટ નથી ?' ×× શબ્દો તો નિર્દોષ અને પવિત્ર હોય છે. મનમાં મેલ હોય તો દરેક શબ્દમાં ખરાબ અર્થ (Valgarity)ની ગંધ આવશે.

आत्मानं વાક્યનો અર્થ વિપરીત કરીને કિશોરલાલ મશરૂવાળાએ પ્રશ્ન પૂછેલો કે ''પોતાના આશ્રિત જનોને ભોગે પોતાની રક્ષા કરવી એ ધર્મ શીખવાડવો છે કે પોતાના પ્રાણને ભોગે શરણાગત આશ્રિતજનોને રક્ષવાં એ શીખવવું છે ?'' વળામેજી પ્રથમ તો નમ્રતાપૂર્વક લખે છે કે 'આપ આ વાક્યનો ઊંધો અર્થ સમજ્યા હો એમ લાગે છે' અને પછી બીજું વાક્ય માર્મિક લખે છે : 'ઘણા લોકો આપના જેવો જ સ્વાર્થસાધુ અર્થ એમાંથી ઘટાવે છે; પણ એ એમની ભૂલ છે.' પછી અભીષ્ટ ફલિતાર્થ સમજાવતાં ઉમેરે છે કે 'આ વાક્ય આર્યોનો ઉચ્ચ આદર્શ શીખવે છે. એમાં આત્માનો અર્થ પોતાની જાત (શરીર) એમ ન લેતાં મનુષ્યની અંદર રહેલું અખંડ, અવિનાશી ઈશ્વરી

તત્ત્વ એવો લેવાનો છે.×× એમાં 'સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ' એ ઉપદેશના અધિકારી ગૃહસ્થી જીવન ગાળતા મુમુક્ષુઓ માટે ઉપદેશ છે.×× આપત્તિમાં કામ લાગે તે માટે ધનનું રક્ષણ કરવું એવો ઉપદેશ છે, પણ ધનથી પર પણ કોઈ વસ્તુ છે.×× 'હું ને મારી વહુ ને એમાં આવ્યા સહુ' એમ માનીને જ બેસી રહીશ ? એ બેથી પણ કોઈ higher છે. અને તે તારો આત્મા છે. માટે એમનો ભોગ આપીને પણ અંતરાત્માનું રક્ષણ કરજે. પુત્રૈષણા, વિત્તૈષણા, (અને લોકૈષણા) બતાવીને, સમુચ્ચયથી ત્રણે એષણાઓમાંથી મુક્ત થવાનું સૂચન છે.' 'एव' નહિ, પણ 'अपि' નો અહીં થયેલો ખપ આત્મોન્નતિની સાધનાનું સૂચન કરે છે. આવો સૂક્ષ્મ વિવેક આ દૃષ્ટાન્તપસંદગીમાં રહેલો છે, એવું ઇંગિત આપીને પૂરા વિવેકવિશ્વાસથી ઉમેરે છે કે 'સમાજમાં એકલપેટા લોકો આપે કરેલા અર્થ પ્રમાણે અર્થ કરી 'Even the satan quotes the Bible' એ કહેવત પ્રમાણે ઉપરનું વાક્ય ટાંકી પોતાનાં સ્વાર્થી પગલાંનો બચાવ કરે છે. અને તેથી જ મેં આ વાક્ય દાખલ કર્યું છે કે મારે હાથે શીખેલા વિદ્યાર્થીઓમાંથી કેટલાક તો જરૂર એવા લોકોની સ્વાર્થનીતિ ઉઘાડી પાડશે અને ખરો અર્થ બહાર લાવી સર્વપ્રચલિત કરશે. આવાં તો કેટલાંય વાક્યો સંસ્કૃત સાહિત્યમાં અને મહાભારત જેવા સર્વસામાન્ય ગ્રંથોમાં હશે જેમનો મૂળ ખરો અર્થ લોકોને વધારે ને વધારે સમજાવવાની જરૂર છે.'



જગત્સુહૃદ્

'મુમ્બાપુરી' વાક્યમાં મુમ્બાપુરીની સમસ્ત પ્રજા પર આક્ષેપ થયાનો વાંધો તદ્દન પાયા વગરનો છે, એમ લખી 'મુમ્બાઈ' શબ્દનો લાક્ષણિક અર્થ 'મોટું શહેર' એવો અભિપ્રેત છે, એમ સ્પષ્ટ કર્યું છે. અને મશરૂવાળા દ્વારા સૂચિત ફેરફારથી પ્રતિ-આક્ષેપની ધમકી પણ કરી છે.

'ऋजुमार्गेणार्थसिद्धौ न वक्रमार्गमाश्रयेत्'નો અર્થ સ્પષ્ટ કરતાં વળામેજી લખે છે 'સરળ માર્ગે અર્થ સિદ્ધ થતો હોવાથી (થાય છે ત્યારે) વક્ર માર્ગનો આશ્રય ન કરવો.' પછી કિશોરલાલના તર્કછલ સામે દલીલ મૂકે છે કે સરળ માર્ગની યશસ્વિતા વિષે વ્યર્થ શંકા ઉત્પન્ન થાય છે. 'સત્યનો જય થતો હોવાથી અસત્યનો આશ્રય ન કરવો' એ વિચાર ઠીક છે ? કે 'સત્યનો પરાજય થાય તો પણ અસત્યનો આશ્રય ન કરવો' એ વિચાર ઠીક છે ?×× મને તો મારો અર્થ બરોબર લાગે છે.'



જગત્સુહૃદ્

'जन्मना ब्राह्मणो ज्ञेयं' વિધાનમાં કિશોરલાલ મશરૂવાળાને મૂળ શ્લોકમાં ફેરફાર કરવા સામે વાંધો છે. વળામેજીએ સ્પષ્ટ કર્યું છે કે આ વિધાનમાં પોતે કોઈ ફેરફાર કર્યો જ નથી ! પરંતુ પ્રશ્નથી જાણે વળામેજીની તર્કશક્તિ સક્રિય બને છે ને 'जन्मना जायते शूद्रः संस्कारैर्द्विज उच्यते' એ મતનો પ્રતિવાદ કરવા માટે વિશદતાથી ચર્ચામાં ઉતરે છે.×× 'શૂદ્ર શબ્દ (મને) ન રુચતો હોય' એવું કંઈ પણ નથી, બલ્કે (તમારું એવું માનવું) મારા ઉપર માત્ર ખોટો આક્ષેપ છે. આપ્ટેની ડિક્ષનરીનો સંદર્ભ ટાંકીને પોતાના મતને પ્રબળ કરવા નોંધે છે કે 'जन्मना ब्राह्मणो ज्ञेयः संस्कारैर्द्विज उच्यते । विद्यया याति विप्रत्वं त्रिभिः श्रोत्रिय उच्यते ।' શ્લોકમાં 'त्रिभिः' શબ્દ વિચારવા જેવો છે. એમાં શ્રોત્રિય થવા માટે ત્રણ શરતો છે. દરેકની વ્યાખ્યા સાથે જણાવી છે. જન્મથી ૧. બ્રાહ્મણત્વ ૨. દ્વિજત્વ ૩. વિપ્રતા×× હવે जन्मना जायते शूद्रः વગેરે પાઠ સ્વીકારીએ તો શ્રોત્રિયત્વને માટે જોઈતી ત્રણ શરતો કઈ ? જો जन्मना (૧) શૂદ્રત્વ (૨) દ્વિજત્વ અને (૩) વિપ્રત્વ એ ત્રણ શરતો સ્વીકારીએ તો એ તદ્દન બેહૂદી કહેવાય કારણ કે દ્વિજત્વ ને જન્મથી શૂદ્રત્વ એ બે પરસ્પર વિરોધી છે, કારણ કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણે દ્વિજત્વના અધિકારી છે. પણ આ શાસ્ત્રીય વાત થઈ. જન્મથી જાતિ કે કર્મથી એ એક વાદ છે. હું જન્મથી જાતિમાં માનનાર છું કારણ કે કર્મથી જાતિ માનીએ તો કર્મ તપાસીને જાતિનો ચુકાદો આપનાર એક ઘણી જ કુશાગ્રબુદ્ધિની tribunal જોઈએ. એણે આપેલા નિર્ણય વિષે ઝઘડાઓ ચાલ્યા જ કરે. જન્મથી જાતિ માનવા માટે બીજી જાતિઓ પ્રત્યે તિરસ્કારની શંકા જરા પણ લાવવાની જરૂર નથી, કારણ કે એક જાતિ બીજીના ગુણધર્મ પ્રાપ્ત કરી તે પ્રમાણે નિંદ્ય કે વંદ્ય થઈ શકે છે. બ્રાહ્મણમાં બીજી લાયકાત નહીં હોય તો એણે શ્રીમંત શૂદ્રને ઘેર પાણી ભરે જ છૂટકો છે : शूद्रो ब्राह्मणामेति शूद्रतामेति ब्राह्मणः । त्र्येण शूद्रा भवति ब्राह्मणा, क्षीरविक्रयात् વગેરે મનુસ્મૃતિનાં વાક્યો જ બતાવે છે કે સ્મૃતિકારો પણ આ વિચારના વિરોધી નથી. છતાં શૂદ્ર જન્મતઃ બ્રાહ્મણ ન હોય તો બ્રાહ્મણ કહેવડાવી ન શકે. કબીર જેવા યવનો પવિત્રમાં પવિત્ર બ્રાહ્મણને પણ શિરસાવંદ્ય હતા છતાં એમને બ્રાહ્મણ કોઈએ કહ્યા નથી; મહાત્મા ગાંધીજીમાં બ્રાહ્મણો પગ ધોઈને પીએ એટલી બધી લાયકાત છે છતાં તેમને વૈશ્ય જ કહેવાશે. લાયકાત ભલે હોય છતાં નામ Fixed

જોઈએ, નહીં તો સમાજમાં ગોટાળો જ થાય.'×× 'મારું વાક્ય કોઈ પણ રીતે ઊતરતું નથી, એવું મને લાગે છે. આપે કરેલા અર્થ પ્રમાણે જ બંને વાક્યોનો અર્થ કરી હું દલીલ કરીશઃ (૧) માણસ માત્ર જન્મથી જ બ્રાહ્મણ હોય છે, (૨) માણસ માત્ર જન્મથી શૂદ્ર હોય છે. આ બે વાક્યોમાંથી કયું વધારે સારું ? Nothing માંથી something, Darkness માંથી light એમ એક પક્ષ માને. આર્યોનો વેદાન્ત એનું ખંડન કરે છે. વેદાન્ત એમ માને છે કે વસ્તુઓની અંદર Kindનો ફરક નથી પણ degreeનો છે. અજ્ઞાનમાંથી જ્ઞાન ન સંભવે પણ થોડા જ્ઞાનમાંથી વધારે જ્ઞાન સંભવે. એવી જ રીતે શૂદ્રત્વમાંથી દ્વિજત્વ ન સંભવે, બ્રાહ્મણત્વમાંથી સંભવી શકે, એટલે દરેક વ્યક્તિને બ્રાહ્મણ માનવી એ જ ઠીક છે.×× દરેક માણસમાં 'ભાઈ, તું બ્રાહ્મણ છે' એ ભાવના ઠસાવવી કે ભાઈ, તું તો શૂદ્ર છે એ ભાવના ઠસાવવી એ વિચારવા જેવી વાત છે. આમાં શૂદ્રત્વ પ્રત્યે તિરસ્કાર કે બ્રાહ્મણત્વ માટે અણઘટતું માન એમાંનું કંઈ નથી. પણ સમાજમાં સૈકાઓથી રૂઢ થયેલી ભાવનાઓ એકદમ નષ્ટ ન જ થાય. એટલે એમાં રહેલો આશાવાદ સ્વીકારી લેવો એ જ ઇષ્ટ છે. મારું વાક્ય મને વધારે અર્થમય લાગે છે.'



જગત્સુહૃદ્

'एका भार्या सुंदरी वा दरी वा' વિશેની મશરૂવાળાની ટીકા સાથે પોતે કોઈ રીતે સંમત નથી. સ્ત્રી સન્માન અને સંન્યાસકર્મ વિશેની ભાવનાસંપન્ન સમજનો નિર્દેશ કરીને આ ઉક્તિનું સહૃદયધર્મથી સમસંવેદન પોતે ઝીલ્યું છે, તેનો વિસ્તૃત આલેખ વળામેજીની વિવેચનસૂઝનો દ્યોતક તો છે જ, 'ગીર્વાણ ભાષાપ્રવેશ'ના નિર્માણમાં કેવી તો પ્રજ્ઞાવંત જીવનનિષ્ઠા ઉજાગર છે, તેની પ્રતીતિ કરાવે છે. તેઓ મશરૂવાળાની ટીકા નોંધે છે કે 'આપને 'સુન્દરી' અને 'દરી' શબ્દો કવિએ કેવળ શબ્દાલંકાર પ્રાપ્ત કરવા માટે મૂકેલા જણાય છે, પરાણે સાથે ખેંચી આણેલા માલમ પડે છે.' પછી પોતાનો કૃતિવિવેક સ્પષ્ટ કરતાં લખે છે કે 'પણ તેમ નથી. એમાં તો અર્થાલંકાર પણ છે. એ કોઈ જોઈ ન શકે તો તેમાં બિચારા કવિનો શો વાંક ?' આ ઉક્તિ 'સુન્દર અર્થગર્ભિત અને ઉચ્ચ આદર્શપ્રેરિત છે', એમ સમજાવતાં વિસ્તૃત રીતે વળામેજી લખે છે, 'જો સ્ત્રીજાતિનું જરા પણ અપમાન (તમારી દૃષ્ટિએ) હોત તો સ્ત્રીને માટે સુન્દરી જેવો કાવ્યમય અને સુંદર શબ્દ ન વાપરત. આ આખા શ્લોકમાં વળામેજીએ બે



જગત્સુહૃદ્

આદર્શો-ભોગ અને ત્યાગનું વર્ણન વાંચ્યું છે. ઉપરાંત આ બેમાંથી કોઈ એકને પૂર્ણપણે વળગી રહેવાનો ઉપદેશ પણ એમણે ઝીલ્યો છે. વળામેજીના જ શબ્દોમાં એ વાંચીએ : પહેલાં આ આદર્શ મનમાં ઠસાવવા કવિ ઈશ્વરથી-વિશ્વવ્યાપી વસ્તુથી-શરૂઆત કરે છે. એક તરફ ક્ષીરસાગરનાં ઊછળતાં મોજાં પર લક્ષ્મી જેના પાદ સંવાહન કરી રહી છે, જેના નાભિકમળ ઉપર ચતુર્મુખ બ્રહ્મા વિરાજી રહ્યા છે, નારદ જેની આગળ ગાન કરી રહ્યા છે અને ગરુડ જેની આગળ અહર્નિશ હાથ જોડી ઊભો છે, એવા શેષશાયી વિષ્ણુભગવાનનું સ્વરૂપ છે. બીજી તરફ જેણે શરીરે ભભૂતી ચોપડેલી છે, જેના માથા પર મોટો જટાનો ભારો છે જેમાંથી શીતળ રૂપેરી ગંગા નદી વહી રહી છે, જેના શરીર પર એની નિર્વૈરતાની સાક્ષી પૂરતા સર્પ રમી રહ્યા છે, જેની કટિએ માત્ર એક વેંતની લંગોટી છે અને જે કૈલાસના બરફાચ્છાદિત શિખર પર કકડતી ઠંડીમાં દુનિયાના ઘોંઘાટથી ઘણે દૂર પાર્વતી સાથે એકાંતમાં જ્ઞાનગોષ્ઠિ કરી રહેલ છે એવા શંકરની ત્યાગમૂર્તિ છે. બેમાંથી એક દેવને ભજવાનો કવિ ઉપદેશ કરે છે. એ જ રીતે બધા પાર્થિવ વૈભવોના શિખરે આરૂઢ રાજા યતિ બનીને દુઃખ નિવારણાર્થ ઘર છોડી બંધનમુક્ત થવા દેશવિશેષના સંદર્ભે અપાતો ઉપદેશ, Industrialism-Materialismને વરેલું શહેરીજીવન એક તરફ અને બીજી તરફ ઉપનિષદોના તત્ત્વજ્ઞાનના રહસ્યને છૂપાવતા વનજીવનના ભેદનું સૂચન કરી આદર્શબોધ, અને આ જ બે આદર્શો ગૃહજીવનમાં પણ ચીંધ્યાનું પણ વળામેજી આ શ્લોકમાં ઉકેલે છે.×× બે આદર્શો બતાવી એકને પણ મક્કમપણે વળગી રહેવાનો કવિનો ઉપદેશ છે, એવું તારતમ્ય વળામેજીએ કાઢ્યું છે આટલી વિવેચનાને વિશદતાથી પ્રસ્તુત કરીને તેઓ વિશ્વાસપૂર્વક લખે છે કે આ ઉપરથી આપ જોઈ શકશો કે વાક્ય માત્ર વગર વિચારે નથી ગ્રથિત કર્યું.'

આચમન :

॥ ૐ શ્રી ગણેશાય નમઃ॥
(પૂર્વાર્ધ)



જગત્સુહૃદ્

नत्वा सरस्वतीं देवीं शब्दार्थान्तरधारिणीम्।
देवभाषाप्रवेशार्थं क्रियते पुस्तकं त्विदम्॥
आङ्गलभाषानिबद्धानि सन्त्येव पुस्तकान्यपि।
इदं तु गुर्जरीबद्धं ज्ञानसौकर्यहेतवे॥*

(પ્રાસ્તાવિક)

અક્ષરવિચાર

સંસ્કૃતભાષાને દેવભાષા કહે છે. દેવ એટલે ચળકતા-ઉજળા; અને ઉજળા લોકોની - સુધરેલા લોકોની ભાષા તે દેવભાષા. તેથી જ એને સંસ્કૃતભાષા પણ કહે છે. સંસ્કૃત એટલે સંસ્કાર પામેલી - શુદ્ધ કરેલી. એને **ગીર્વાણભાષા** પણ કહે છે. ગીર્વાણ એટલે દેવ.

સંસ્કૃત ભાષા ઘણુકરીને જે લિપિમાં લખવામાં આવે છે તે લિપિને દેવનાગરી કહે છે. દેવનાગરી એટલે દેવોના નગરમાં વપરાતી. આ લિપિમાં તેર સ્વર અને તેત્રીસ વ્યંજન મળીને એકંદર છેંતાલીસ અક્ષરો છે. જે અક્ષરોનો ઉચ્ચાર પોતાની મેળે થઈ શકે છે તે સ્વર કહેવાય છે. 'ક'માં ક્ અને 'અ' એ બે અક્ષરો છે. જેમ અ, આ, વગેરેનો ઉચ્ચાર પોતાની મેળે - એમાં કંઈ પણ ઉમેર્યા વગર થઈ શકે છે તેમ ક્ ખ્ વગેરેનો ઉચ્ચાર એમાં કંઈ પણ ઉમેર્યા વગર થઈ શકતો નથી. ઉચ્ચાર માટે એમાં અ, આ વગેરેમાંથી કોઈ સ્વર ઉમેરવો પડે છે. તેથી એને વ્યંજન કહે છે. વિ એટલે વિશેષ અને અંજન એટલે એટલે મેળવણી. જેનો ઉચ્ચાર એમાં સ્વરનું વિશેષ અંજન એટલે મેળવણી કર્યા વગર થઈ શકતો નથી તે વ્યંજન.

(ગીર્વાણભાષા (પૂર્વાર્ધ)નું પહેલું પૃષ્ઠ)

*ગુજરાતી અનુવાદ માટે જુઓ : 'શ્રી રંગહૃદયમ્' પૃ. ૪૫૯ (આવૃત્તિ ૩જી)

'ઉપનિષદોની વાતો'*



જગત્સુહૃદ્

અવલોકન :

'ઉપનિષદોની વાતો'નું પહેલું પ્રકાશન વિ.સં. ૧૯૮૦ની જન્માષ્ટમીના શુભ દિને (ઈ.સ. ૧૯૨૪) થયું હતું. એ પછી ચૌદ વર્ષે બીજી આવૃત્તિ અને ફરી તેર વર્ષે ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થઈ છે.

પહેલી આવૃત્તિને લેખક પાંડુરંગ વળામે (રંગ અવધૂતજી)ની પ્રસ્તાવનાનો લાભ મળ્યો છે. પ્રસ્તાવના દ્વારા જીવનનિષ્ઠ વળામેજીની સામાજિક નિસ્બતનો આપણને ખ્યાલ મળી શકે છે. ''વાતો કોને પ્રિય નથી હોતી ? પણ વાતો વાતોમાં ભેદ હોય છે. 'ચકલા-ચકલી'ની વાતો તો બાળકોને જ આનંદ આપી શકે. રામ-કૃષ્ણની વાતો આબાલવૃદ્ધ સર્વનું રંજન કરે. ઉપનિષદોની વાતો આવા પ્રકારની છે. પરંતુ એમનો ખરો રસ તો સંસ્કૃત જાણનારાઓ જ લૂંટી શકે, તેથી ગુજરાતી ભાષા જાણનારાઓ પણ એના માધુર્યનો કંઈક સ્વાદ લઈ શકે એ હેતુથી એમાંની મુખ્ય મુખ્ય વાતોને ગુજરાતીમાં ઉતારવાનો આ નાનકડા પુસ્તકમાં પ્રયાસ કર્યો છે.'' પ્રચલિત ટીકાઓથી કેટલેક ઠેકાણે સ્વતંત્ર વિચાર આ વાર્તાલેખનમાં વળામેજીએ પ્રયુક્ત કર્યો છે.[1] બીજી આવૃત્તિ (ઈ.સ. ૧૯૩૭)નું નિવેદન, પ્રકાશકની કલમે જુદા શબ્દોથી આ જ પ્રયોજનને નજર સમક્ષ રાખી ઉપનિષદની વાતોનો મહિમા ગાય છે. ઉપનિષદો એટલે આર્યોની આધ્યાત્મિક ઉન્નતિનો મૂળભૂત પ્રમાણિક ઇતિહાસ, જેનું દોહન કરી ભગવાન ગોપાલાનંદને 'फुल्लढद्ध फ़हठषथाठद्ध थरिठें' કાઢ્યું તેનું મહત્ત્વ કોણ વર્ણવી શકે ? દયા, દાન, દીનતા, સત્ય, સંયમ, બ્રહ્મચર્ય, અહિંસા, ત્યાગ, અસ્તેય, યજ્ઞ, તપ, અપરિગ્રહ વગેરે દૈવી ગુણોની દિવ્ય વિચારણા ઉપનિષદ વગર બીજે ક્યાં મળે ? અને મુમુક્ષુને ત્રિવિધ તાપમાંથી મુક્ત કરી અક્ષય શાંતિ આપનાર બ્રહ્મવિદ્યા ? બ્રહ્મવિદ્યાનું તો એ મૂળ ઝરણું ! એ ઝરણાનાં બે-ચાર ટીપાં પણ વાચકને આ વાતોમાંથી મળે એવી સદિચ્છા.'

---

* હિન્દી ભાષામાં તેનો અનુવાદ 'उपनिषद के चौदह रत्न' શીર્ષકથી ઉપલબ્ધ છે.

[1] જુઓ : 'શ્રીરંગપત્રમંજૂષા' પત્રક્રમાંક ૪૫ પૃ. ૩૬ આવૃત્તિ-૨જી.

'કેનોપનિષદ' (એક) 'બૃહદારણ્યક' 'ત્રણ', 'છાંદોગ્યોપનિષદ' (સાત), 'કઠોપનિષદ' (એક), 'પ્રશ્નોપનિષદ', 'છાંદોગ્યોપનિષદ' અને 'બૃહદારણ્યક સંયુક્ત (એક) એમ પાંચ ઉપનિષદોને આધારે વળામેજીએ તત્ત્વનિષ્ઠ વસ્તુવિષયનું વાર્તાવિશ્વ રચ્યું છે. જિજ્ઞાસાપોષક કથાકથનની શૈલી વિશદ ગદ્ય દ્વારા લેખકના ઉદિષ્ટને સિદ્ધ કરે છે.



જગત્સુહદ્

♦ ♦ ♦

આચમન : દ દ દ

દેવો, મનુષ્યો અને અસુરો પોતાના પિતા પ્રજાપતિની પાસે શિષ્યભાવે વિદ્યાભ્યાસ કરવા માટે રહ્યા; અને બ્રહ્મચર્ય પાળી એમની સેવા કરવા લાગ્યા. આમ બ્રહ્મચર્યપૂર્વક કેટલોક કાળ પિતાની પાસે વસીને પ્રથમ દેવોએ જઈ પ્રજાપતિને કહ્યું : ''અમને ઉપદેશ કરો.'' પ્રજાપતિએ ઉત્તરમાં માત્ર 'દ' એ એક જ અક્ષર કહ્યો. એ સાંભળી દેવો પોતાને કૃતકૃત્ય માની ચાલવા મંડ્યા. એટલે પ્રજાપતિએ પૂછ્યું : ''કેમ, મેં ઉપદેશ કરેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો ?'' વિલાસ-પ્રિય દેવોએ કહ્યું : ''હા જી. અમે બરોબર સમજ્યા છીએ. આપ અમને 'તમે દમન-ઈન્દ્રિયોનો નિગ્રહ - કરો' એવું કહો છો. આ સાંભળી પ્રજાપતિએ કહ્યું : ''હા, એ જ મારા કહેવાનો અર્થ છે.'' તમે એ બરાબર સમજ્યા છો. માટે જાઓ. એનું બરાબર પાલન કરજો. તમારું કલ્યાણ થશે.''

ત્યાર પછી મનુષ્યો પ્રજાપતિ પાસે ગયા અને બોલ્યા- ''અમને ઉપદેશ કરો.'' પ્રજાપતિએ તેમને પણ 'દ' એ જ અક્ષરનો ઉપદેશ કર્યો. એ સાંભળી મનુષ્યો પાછા જવા લાગ્યા. એટલે પોતાનું કહેવું શિષ્યો બરાબર સમજ્યા છે કે નહિ તેની પરીક્ષા કરવા માટે પ્રજાપતિએ પૂછ્યું : ''કેમ ? તમે જાઓ છો, પણ મેં ઉપદેશ કરેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો ?'' લોભી મનુષ્યોએ કહ્યું : ''જી, હા. આપે અમને, 'તમે દાન કરો' એમ કહ્યું.'' પ્રજાપતિ ખુશ થઈ બોલ્યા : ''હા, એ જ. મારા કહેવાનો એ જ અર્થ છે. પણ યાદ રાખજો, માત્ર જાણીને કારજ નહિ સરે. એ પ્રમાણે વર્તશો તો જ કલ્યાણ થશે.''

મનુષ્યો ચાલ્યા ગયા એટલે અસુરો પ્રજાપતિ પાસે ગયા અને 'અમને ઉપદેશ કરો,' એવી વિનંતી કરી. એમને પણ પ્રજાપતિએ 'દ'



જગત્સુહૃદ્

એ એકાક્ષરી મંત્રનો જ ઉપદેશ કર્યો. ઉપદેશ પૂરો થયા પછી પ્રજાપતિએ પૂછ્યું : ''કેમ, મેં શાનો ઉપદેશ કર્યો તે તમે સમજ્યા ?'' આ સાંભળી અસુરોએ વિચાર કર્યો કે આપણે સ્વભાવથી હિંસાપરાયણ છીએ, તેથી જરૂર બાપુ આપણને પ્રાણી માત્ર પર દયાભાવ રાખવાનો જ ઉપદેશ કરે છે. આમ વિચારી તેમણે કહ્યું : ''હા, આપનો કહેવાનો અર્થ અમે બરાબર સમજ્યા છીએ. અમે હિંસાપ્રિય છીએ, તેથી આપ અમને, 'પ્રાણી માત્ર પર દયા કરો,' એમ કહો છો. આપે ઉપદેશેલા 'દ' નો 'દયા' એ જ અર્થ છે.'' આ સાંભળી પ્રજાપતિએ કહ્યું : ''બરાબર છે. એ જ મારા ઉપદેશનો અર્થ છે. માટે જાઓ. વેર-ભાવ ત્યજી દઈ પ્રાણી માત્ર તરફ દયાભાવ રાખો. એમ કરવાથી તમારું કલ્યાણ થશે.''

આજે પણ મેઘગર્જનારૂપ દૈવી વાણી દ દ દ કહી પ્રજાપતિના એ જ પ્રાચીન અને સનાતન ઉપદેશનો અનુવાદ કરે છે, અને પ્રતિ વર્ષ કાનમાં ઢોલ વગાડી આ ત્રણે વૃત્તિ જીવોને કહે છે, ''હે કલ્યાણકાંક્ષી જીવો ! દમન કરો, દાન કરો, દયા કરો.''

બૃહદારણ્યક ઉપનિષદ

'વિષ્ણુપુરાણની વાતો'*



જગત્સુહૃદ્

અવલોકન :

'વિષ્ણુપુરાણની વાતો'ની રચના, 'ઉપનિષદોની વાતો'ની રચના પછી થયેલી જણાય છે. પાંડુરંગજી ૧૯૨૪ની આસપાસમાં મૂળ પુરાણો વાંચવા માંડે છે. ઉપનિષદો વાંચીને સમાજકલ્યાણાર્થે ઉપનિષદોની વાતો ગુજરાતીમાં ઉતારી, તેમ વિષ્ણુપુરાણ વાંચીને એ જ ભાવથી વિષ્ણુપુરાણની વાતો રોચક શૈલીમાં તેમણે લખી. લોકભોગ્ય ભાષા પરનો કાબૂ તેમનો પ્રથમથી જ હતો. એટલે રસપૂર્વક તે કામ તેમણે પૂર્વાશ્રમમાં જ કરેલું છે. ૧૯૨૫થી તો તપસ્વીજીવન માટે અરણ્યવાસમાં પોતે રહ્યા એટલે આવી લેખનપ્રવૃત્તિનું કોઈ આકર્ષણ જ જતું રહ્યું. અંતઃસ્ફુરણાથી ઉન્મની અવસ્થામાં જે ઉદ્‌ગારો આતમરામને સંભળાવતા તે જ તેમની સહજ લેખનપ્રવૃત્તિ બની રહી ! 'વિષ્ણુપુરાણ'ની વાતો હસ્તલિખિત રૂપે વર્ષો સુધી શ્રી મોદીજીએ સાચવી અને ડૉ. કાન્તિલાલ મણિલાલ વ્યાસના ઉદ્યમથી તેની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થયેલી. સંસ્થાનના હાલના પ્રમુખશ્રી જયંતીલાલ આચાર્ય અને હાલના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ધીરુભાઈ જોષીએ ત્યારે પૂજ્યશ્રીની ઉપાસનાના ભાવથી હસ્તપ્રતની પ્રેસ કોપીનું અને પ્રૂફ્સ સુધારવાનું શ્રમસાધ્ય કરેલું. તે પ્રથમ આવૃત્તિના નિવેદનમાં શ્રી મોદીજીએ નોંધ્યું છે, "xxx વિષ્ણુપુરાણની મુખ્ય મુખ્ય વાતો લઈ અંદરનું તત્ત્વજ્ઞાન વાતમાં જ સહેજ ઉલ્લેખમાત્રથી રસ જગાડવા જેટલું સ્પર્શી પૂ.શ્રીએ પોતાની આગવી પ્રતિભા અને વાર્તા કહેવાની કુશળતાનું દર્શન કરાવ્યું છે. xx પરિશિષ્ટમાં કેટલાંક ચુનંદા સ્તોત્રો, શ્લોકો અને વિચારમૌક્તિકો પણ તેઓશ્રીએ અર્થસહિત આપણને આપ્યાં છે. આમ, આમજનતા માટે પૂ.શ્રીએ સમગ્ર વિષ્ણુપુરાણ સંક્ષેપમાં સુલભ કરી આપ્યું છે."

પ. પ. પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજરચિત 'શ્રીદત્તપુરાણ'ના પાંડુરંગજીએ ૧૦૮ પારાયણો કરીને નારેશ્વરની તીર્થભૂમિ પર કઠોર તપ કરેલું છે; એ પૂર્વે 'વિષ્ણુ' તત્ત્વ સાથેની, રસકીય તાદાત્મ્યતા એમણે સાધી લીધી છે, એની પ્રતીતિ આ 'વાતો' કરાવે છે. 'શ્રીદત્તપુરાણ'માં ભગવાન દત્તાત્રેયનું શ્રીવિષ્ણુરૂપ જ

*પ્રકાશન : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, આવૃત્તિ ૪થી, ઈ.સ.૨૦૦૨

નિરૂપિત થયું છે એ ધ્યાનમાં લાવીએ ત્યારે સદ્‌ગુરુનો અંતરંગ સથવારો પાંડુરંગજીને કેવો પ્રથમથી જ પ્રેરતો રહ્યો છે એનો અંકોડો બેસે છે. 'અમર આદેશ'માં પ્રકાશિત 'इतः ततः' અંતર્ગત, શંકાક્રમાંક બેનું સમાધાન અવધૂતજીએ કર્યું છે, તેમાંય 'વિષ્ણુપુરાણની વાતો'ની સૂક્ષ્મ ભૂમિકાનો સ્પર્શ ઓળખી શકાય છે. પ્રાચીન શાસ્ત્રવારસાને આધુનિક પરિપ્રેક્ષ્યમાં સમજીસમજાવવાની પ્રજ્ઞા અવધૂતજીને પૂર્વાશ્રમના પાંડુરંગની વયથી હતી, એની પ્રતીતિ થાય છે.



જગત્સુહૃદ્

સૌભર્યુપાખ્યાન

(इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः।)



જગત્સુહદ્

સૌભરિ નામે એક વિદ્વાન ઋષિ બાર વરસ સુધી પાણીમાં રહેતા હતા. ત્યાં સંમદ નામે ઘણી પ્રજાવાળો મત્સ્યોનો રાજા હતો. એના પુત્રો, પૌત્રો, દોહિત્રો વગેરે હંમેશાં એની આગળ, પાછળ, છાતી ઉપર, માથા ઉપર ફર્યા કરતા અને એની સાથે અત્યંત આનંદથી ગેલ કરતા. એને એમના સ્પર્શથી ઘણો જ આનંદ થતો અને એ પણ એ પુત્રપૌત્રો સાથે રાતદિવસ એ ઋષિની નજર આગળ અનેક પ્રકારે રમ્યા કરતો.

પાણીની અંદર રહેલા સૌભરિ પોતાનું ધ્યાન, સમાધિ વગેરે સર્વ ભૂલી ગયા અને હંમેશાં એ મત્સ્યરાજનો પોતાના પુત્રપૌત્રાદિ સાથેનો આનંદોત્સવ જોઈ વિચારવા લાગ્યા. અહા, આ ધન્ય છે ! આવી નિકૃષ્ટ યોનિ પ્રાપ્ત કર્યા છતાં પણ એ પુત્રપૌત્રાદિ સાથે કેવી ગમ્મત કરે છે ! ખરેખર, એની મને ઈર્ષ્યા આવે છે. હું પણ પુત્રપૌત્રો સાથે આવી રીતે મજા કરું તો કેવું સારું !' આવો વિચાર કરી એ પાણીમાંથી બહાર નીકળ્યા અને લગ્ન કરવાની ઇચ્છાથી કન્યાનું માગું કરવા માટે માંધાતા પાસે ગયા.

બારણે ઋષિ પધાર્યા છે એવું સાંભળી રાજા તરત જ સામો ગયો અને ઋષિની અર્ઘ્ય વગેરેથી પૂજા કરી. રાજાએ આપેલા આસન પર બેઠા પછી સૌભરિએ કહ્યું, 'રાજન મારે પરણવાની ઇચ્છા છે. તારે પચાસ છોકરીઓ છે. તેમાંથી એક મને અર્પણ કર. ક્કુત્સ્થ વંશમાં જન્મેલાને ત્યાંથી યાચકો વિમુખ નથી જતાં.' ઋષિનાં વચન સાંભળી રાજાએ તેમના શરીર તરફ નજર કરી. ઘડપણથી જર્જરિત થયેલી એ કાયા જોઈ રાજા ગૂંચવણમાં પડ્યો, પણ ના પાડતા બીક લાગી; તેથી ઋષિના શાપની બીકથી જરા માથું નીચું ઘાલીને વિચાર કરવા લાગ્યો. ઋષિએ કહ્યું, 'રાજન્ શાની ચિન્તા કરે છે ? મેં કંઈ અશક્ય વાત નથી કહી. છોકરીને તારે પરણાવવી તો જોઈએ જ. હવે જો એનાથી અમારું કાર્ય થતું હોય તો તને શું નુકશાન છે ?' રાજાએ ઋષિના શાપની બીકથી નમ્રતાપૂર્વક કહ્યું, 'ભગવાન્ અમારી કુલપરંપરા આવી છે કે જેને છોકરી પસંદ કરે અને જે કુલવાન પણ હોય તેને જ કન્યાદાન કરવું. આપ આવી યાચના કરશો એવી તો મેં સ્વપ્ને પણ



જગત્સુહૃદ્

કલ્પના નહોતી કરી. તેથી આવી પરિસ્થિતિમાં મારે શું કરવું તેની સૂઝ પડતી નથી એટલે વિચાર કરું છું.' રાજાનાં આ વચન સાંભળી મુનિએ વિચાર કર્યો, 'અરે, અમને ના પાડવાનો આ બીજો રસ્તો છે. આ વૃદ્ધ છે, એને મારી સ્ત્રીઓ પણ પસંદ ન કરે તો કન્યાઓની તો વાત જ શી, એવો વિચાર કરીને જ આ આમ કહે છે. ઠીક છે. હું તેમ કરીશ એવો વિચાર કરી ઋષિએ માંધાતાને કહ્યું, 'જો એમ હોય તો કન્યાઓના અંતઃપુરમાં અમારો પ્રવેશ કરાવવા માટે ત્યાંના વર્ષધરને કહો. જો કોઈ કન્યા પોતે થઈને જ પસંદ કરે, તો જ હું તેની સાથે પરણીશ. જો તેમ ન થાય તો આ વયોતીત પ્રયત્ન છોડી દઈશ.'

માંધાતાએ મુનિના શાપની બીકથી કન્યાઓના અંતઃપુરના વર્ષધરને મુનિને અંદર જવા દેવાની આજ્ઞા કરી. અંતઃપુરમાં પેસતાં જ મુનિએ બધા સિદ્ધ, ગંધર્વ અને મનુષ્યો કરતાંએ અતિ મોહક રૂપ ધારણ કર્યું. ઋષિને અંતઃપુરમાં લઈ દઈને વર્ષધરે તે કન્યાઓને કહ્યું, 'આપના પિતાશ્રી આજ્ઞા કરે છે કે આ બ્રહ્મર્ષિ અમારી પાસે કન્યાનું માગું કરવા આવ્યા છે. મેં તેમને વચન આપ્યું છે કે જો અમારી કોઈ કન્યા આપને વર તરીકે પસંદ કરે તો હું એની આડે નહિ આવું.' આ સાંભળી એ બધીએ કન્યાઓ ઋષિને જોઈ એમના પર મોહી પડી અને કામાતુર થઈ, હાથણીઓ મોટા હાથી પાછળ ટોળે વળે તેમ અહમહમિકાથી ઋષિને વરી પડી. એ જોઈ વર્ષધરે રાજાને બધી હકીકત નિવેદન કરી. એ જાણીને રાજા ભ્રમિષ્ઠની માફક, 'અરર, આ શું થયું ? કહે હવે હું શું કરું ? મેં કહ્યું હતું શું ને આ થયું શું ?' એમ બબડવા લાગ્યો, અને ઇચ્છા ન હોવા છતાં પણ જેમ તેમ કરી તેમને ઋષિની સાથે પરણાવવાની રજા આપી.

યોગ્ય રીતે લગ્ન થઈ ગયા પછી સૌભરિ બધી કન્યાઓને પોતના આશ્રમમાં લઈ ગયા. ત્યાં જઈને બધાં શિલ્પકામમાં અત્યંત નિષ્ણાત એવા દ્વિતીય બ્રહ્મદેવ જેવા વિશ્વકર્માને બોલાવીને કહ્યું, 'આ દરેક કન્યાને માટે જેમાં ફૂલેલાં કમળ અને કૂજન કરતા કલહંસ, કારડવ વગેરે પક્ષીઓથી યુક્ત રમ્ય જલાશયો, બગીચાઓ, મોટામોટા ઓરડાઓ, સારી સારી શય્યાઓ, આસનો, પડદાઓ વગેરે સુખસાધનો તૈયાર હોય એવો એક એક મહેલ તૈયાર કરો.

વિશ્વકર્માએ ઋષિના કહેવા પ્રમાણે એ બધું યોગ્ય રીતે તૈયાર

કર્યું. ત્યાર પછી ઋષિએ આજ્ઞા કરવાથી એ મહેલોની અંદર નંદ નામે અક્ષયનિધિ નિવાસ કરવા લાગ્યો. પછીથી એ રાજકન્યાઓ નવાંનવાં ખાનપાનથી નોકરચાકર, અતિથિ અભ્યાગત વગેરેને નિત્ય જમાડવા લાગી અને એવી રીતે આનંદથી પોતાનો કાલ નિર્ગમન કરવા લાગી.



જગત્સુહૃદ્

એક વખત કન્યાસ્નેહથી ખેંચાઈને રાજા તેઓ સુખી છે કે દુઃખી તે જોવાની ઇચ્છાથી ઋષિના આશ્રમમાં આવવા નીકળ્યો. દૂરથી જ એને સ્ફટિકમય મહેલોની લાંબી હારો, સુંદર ઉપવનો અને જલાશયોનો ઝગઝગાટ વગેરે નજરે પડ્યો. રાજાએ એક મહેલમાં પ્રવેશ કર્યો અને કન્યાને ભેટી પડ્યો. એની આંખમાં પ્રેમાશ્રુ ભરાઈ આવ્યાં. આસન પર બેસીને એણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું, 'તમને અહીંયા સુખ તો છે ને? કે કંઈ દુઃખ છે ? ઋષિ તારા ઉપર પ્રેમ તો રાખે છે ને ? કે ઘર યાદ આવે છે ?' આ સાંભળી છોકરીએ કહ્યું, 'પિતાશ્રી, અહીં રહેવાને આ અત્યંય રમ્ય મહેલ છે. મનોહર બગીચાઓ છે. આ ખીલેલાં કમળોવાળા જલાશયો છે, જેમાં અહર્નિશ પક્ષીઓનું મધુર કૂજન ચાલ્યા કરે છે, મનપસંદ માન, પાન, વસ્ત્ર, અલંકાર અનુલેપન વગેરે સર્વ ઉપભોગ હાજર છે. મૃદુ શય્યાઓ છે. આમ આ ગૃહસ્થજીવન સર્વ સંપત્તિથી યુક્ત છે. પણ ઘર કોને યાદ ન આવે ? આપના આશીર્વાદથી અમારું બધું ઠીક ચાલે છે. પણ મારે એક દુઃખ છે કે પતિરાજની સ્વારી મારા ઘરમાંથી બહાર નીકળતી નથી. તેઓ મારા પર જ અતિશય પ્રેમ રાખે છે અને હંમેશાં મારી પાસે જ રહે છે. મારી બીજી બહેનોને ત્યાં નથી જતા. તેથી મારી બહેનો દુઃખી થાય છે. દુઃખનું કારણ આ એક જ છે.'

ત્યાર પછી રાજા બીજી છોકરીના મહેલમાં ગયો અને તેને પણ પ્રેમથી ભેટીને આ જ પ્રમાણે, પૂછ્યું. એણે પણ પહેલીની માફક જ જવાબ આપ્યો કે હું અત્યંત સુખી છું અને પતિ મારા પર જ પ્રેમ રાખે છે અને મારી પાસેથી ખસતા પણ નથી. મારી બીજી બહેનોની પાસે તેઓ નથી જતા. તેથી મારી બહેનો દુઃખી થાય છે અને આ જ મારે માટે દુઃખનું કારણ છે.' આ સાંભળી રાજાએ દરેક મહેલની મુલાકાત લીધી અને દરેકને જુદું જુદું પૂછ્યું. તેમણે બધીએ એનો એ જ જવાબ આપ્યો. તેથી રાજાને અતિ સંતોષ થયો અને વિસ્મય પામી એણે એકાંતમાં બેઠેલા સૌભરિની પાસે જઈ તેમનું પૂજન કરી



જગત્સુહૃદ્

તેમને પૂછ્યું, 'ભગવાન, આપની સિદ્ધિનો આ મહાન પ્રભાવ જોયો. બીજા કોઈની પાસે આવો સિદ્ધિપ્રભાવ નથી જોયો. ભગવાનના તપનું આ શું ફળ ! એમ કહી એણે ઋષિનું ફરીથી પૂજન કર્યું અને એમની સાથે કેટલોક વખત રહી, અમિત ભોગોનો ઉપયોગ કરી, પોતાના નગરમાં પાછો ગયો.

વખત જતાં ઋષિને એ રાજકન્યાઓથી દોઢસો પુત્રો પેદા થયા. તેમના ઉપર દિવસે દિવસે એનો પ્રેમ વધવા લાગ્યો અને અતિશય મમત્વ બંધાયું. 'શું આ મારા કાલુંકાલું બોલનારા લાડકવાયા પુત્રો ચાલવા માંડશે ? તેઓ જુવાન થશે ? એમને પરણેલા જોવાને હું ભાગ્યશાળી થઈસ ખરો ? એમના પુત્રો જોવાનું મારા ભાગ્યમાં લખ્યું હશે ખરું ? તેમના પુત્રોના પુત્રો પણ શું હું જોઈ શકીશ ?' પણ....

આ બધા મનોરથો કાળને આધીન છે એવું જોઈ ઋષિ વિચાર કરવા લાગ્યા, 'અહા, મારા મોહનો કંઈ પાર છે ? મારી ઇચ્છાઓનો અંત નથી. ઇચ્છાઓમાં આસકત થઈ મારું ચિત્ત પરમાત્મામાં નથી ચોંટતું, પણ વિષયો તરફ દોડે છે. બધા દોષોનું મૂળ સંગ છે. પેલા મત્સ્યરાજના સંગને લીધે મને પુત્રાદિ પ્રાપ્ત કરવાનું મન થયું. અરેરે ! તેથી મારું સર્વસ્વ લૂંટાઈ ગયું. મારી સમાધિનો ભંગ થયો. ઈશ્વર ઉપરન મારો પ્રેમ નષ્ટ નયો. મારું વૈરાગ્ય ધૂળમાં મળી ગયું. મોહરૂપી મગરે મારો સર્વથા ગ્રાસ કર્યો છે. હવે શી ગતિ ? શો ઉપાય ? રાગથી જેનું ચિત્ત મલિન થયું છે એવો હું કોને શરણ જાઉં ? આ બધી માયજળ દૂર ફેંકી દઈ ભગવાન વિષ્ણુને જ શરણે જાઉં એ જ સર્વનો ઈશ્વર છે.''

આમ પોતાની સાથે જ વિચાર કરી ઘર દાર, પુત્ર પરિવાર વગેરે સર્વ સંપત્તિનો ત્યાગ કરી બધી સ્ત્રીઓને લઈ ઋષિ વનમાં ગયા; અને ત્યાં રહી વાનપ્રસ્થોએ કરવાનાં સર્વ કાર્યો કરી સર્વ પાપથી મુક્ત થઈ, બધી મનોવૃત્તિઓ શાંત થઈ ત્યારે, અગ્નિઓનો આત્મામાં લય કરી સંન્સ લીધો; અને અખિલ કર્મો ભગવાનને ચરણે અર્પણ કરી, અજ, અવિકારી અને અવિનાશી આત્માનો સાક્ષાત્કાર કરી છેવટે પરમ પદને પ્રાપ્ત થયા.

'ત્યારે કરીશું શું ?'*

અવલોકન :



જગત્સુહૃદ્

રશિયન મહાત્મા ટોલ્સ્ટોય લિખિત What Shall we do then ?'નો **ત્યારે કરીશું શું ?** રૂપે નરહરિ પરીખ અને પાંડુરંગ વળામેએ ૧૯૨૮માં ગુજરાતી અનુવાદ આપ્યો. ૧૯૨૮ થી ૧૯૭૧ સુધીમાં ચારેક આવૃત્તિઓ આ ગ્રંથની થઈ એ એની વિચારસૃષ્ટિના પ્રભાવક આવકારની ગવાહી છે.

અવધૂતજીએ તેમના પૂર્વાશ્રમમાં ૨૫-૨૬ વર્ષની વયે આ ગ્રંથમાંથી પસાર થઈને, તેને ગુજરાતીમાં ઉતારવાનું શ્રમ-સાધ્ય કામ કર્યું, એ ઘટના, તે વયમાં પણ તેમની આદર્શ મનુષ્ય બનવા માટેની કેવી ઉત્કટ ઝંખના હશે તેની અટકળ કરવા પ્રેરે છે. ગુજરાત વિદ્યાપીઠમાં ત્રીશીના ગાળામાં પાઠ્યપુસ્તક તરીકે અને અન્યત્ર સ્કૂલોમાં પૂરક અભ્યાસ વાચન-સામગ્રી તરીકેનું સ્થાન આ ગ્રંથને અપાયું હતું, એય ઉન્નત જીવનની ખેવના કેવી તે ગાળામાં રહેતી, તેનો આજે આપણને ખ્યાલ આપે છે.

૧૯૩૪ની બીજી આવૃત્તિ વેળાએ પ્રકાશકના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે, તે મુજબ 'જગતમાં ચાલતા જુલમ અને અન્યાયથી ઉદ્વિગ્ન થયેલા હૃદયની આર્તવાણી સંભળાવી આપણાં કર્તવ્યનું સચોટ ભાન કરાવતું આ પુસ્તક' છે.

કાકાસાહેબ કાલેલકરે આ પુસ્તકને 'એક અત્યંત સમભાવી હૃદયનો વલોપાત' તરીકે ઘટાવ્યું છે. 'કારુણ્ય, ઔદાર્ય, ગાંભીર્ય અને માધુર્યનું એક ઓજસ્વી રસાયણ' આ પુસ્તકની કથામાંથી આપણે પામી શકીએ છીએ.

રશિયાના શહેર અને ગ્રામ એમ ઉભય વિસ્તારની ગરીબાઈના હૃદયદ્રાવક નિરૂપણની પૃષ્ઠભૂમિકામાં માનવ દ્વારા થતા માનવના શોષણમાં કરુણાસિંચિત દશ્યો એક સેવાભાવી કથા નાયકની નિજી જીવન માટેની પ્રામાણિક મથામણની આત્મકથનાત્મક રીતિએ અહીં રજૂ થયેલાં છે. કથાનાયક મહાત્મા ટોલ્સ્ટોય પોતે જ છે, એ એટલું જ સ્પષ્ટ છે.

---

*અનુ. નરહરિ દ્વા. પરીખ અને પાંડુરંગ વિ. વળામે



જગત્સુહૃદ્

વ્યક્તિ અને સમષ્ટિનું કલ્યાણ થાય એવો જીવન-આચાર રચવો, એ પ્રત્યેક માનવીનો આદર્શ હોવો જોઈએ. એ આદર્શ ચરિતાર્થ થઈ શકે તે માટે વ્યક્તિએ જે સંકલ્પ લેવાનો છે, તે ટોલ્સ્ટોયે આ પ્રમાણે વર્ણવ્યો છે.' : 'મારી જાત સાથે મારે અસત્ય વર્તન ચલાવવું નહીં. મારી બુદ્ધિએ દર્શાવેલા સાચા માર્ગથી મારું જીવન ગમે તેટલું વેગળું જતું રહ્યું હોય તોપણ સત્યના પરિણામથી ડર્યા વિના એ સાચા માર્ગે જ પાછા વળવું; બીજા માણસોની સરખામણીમાં હું કાંઈ વધારે ઊંચો છું, મને વિશેષ અધિકાર છે, હું કંઈક વધારે ન્યાયી છું, એ બધા ખ્યાલો મારે દૂર કરવા અને મારો ગુનો કબૂલ કરવો, મારી પોતાની તથા બીજા માણસોની જિંદગી નિભાવવા સારુ કુદરત સાથે સંગ્રામ કરવાનો એટલે કે જાતે મજૂરી કરવાનો સનાતન અને નિર્વિવાદ નિયમ મારે પાળવો. (પૃ. ૨૬થી ૭૭) ૪થી આવૃત્તિ.

ભાષાન્તર કરતાં વિશેષ તો સ્વતંત્ર મૌલિક રીતે જ જાણે લખાયું હોય તેવો સાફ અને વિશદ ગુજરાતી અનુવાદ અવધૂતશ્રીની ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષા પરની અપૂર્વ પકડની પ્રતીતિ કરાવે છે.

અવધૂતશ્રીએ 'અમર આદેશ' પર ગુણકથન અને સ્વદોષદર્શનનો આત્મનિરીક્ષણ-મૂલક વ્યક્તિ-જીવન-વ્યવહાર સૂચવેલો છે. તો 'પરસ્પરદેવો ભવ'ની પણ શીખ આપી સમાજ-વ્યવહારને જોગવવાની રીત પણ બતાવેલી છે. આવી ઉદાત્ત જીવનશૈલીની પ્રેરણા તો આપણી ભારતીય સંસ્કૃતિની દેણગી છે જ; પણ પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કથી ૧૯મી ૨૦મી સદીમાં આપણો જીવનાભિગમ જે રીતે બદલાતો ચાલ્યો, તેવે ટાણે પશ્ચિમના જ એક મહામના મહાત્મા ટોલ્સ્ટોયે એક ભારતીય ઋષિજીવનનો માર્ગ જીવનની ઉત્તરાવસ્થામાં અપનાવવા માંડેલો તેનો ઉચિત દાખલો મહાત્મા ગાંધીજીના વારસદારો રૂપે પાંડુરંગજી અને નરહરિ પરીખે સમાજને ઢંઢોળવા પ્રસ્તુત કર્યો છે એ ખૂબ મહત્ત્વનું છે.

અર્ચન :



જગત્સુહૃદ્

ટોલ્સ્ટોય ગ્રામ્યવિસ્તારના હતા. એક વાર તેમણે મોસ્કોની મુલાકાત લીધી. ત્યાં તેમણે અનાથાશ્રમ અને ગરીબ વિસ્તારની મુલાકાત લીધી. દુઃખી લોકોની દયાજનક સ્થિતિ જોઈને તેઓ ખૂબ જ દ્રવિત થઈ ગયા. તેમની પાસે જે કંઈ હતું તે તેમણે ભિખારીઓ અને અસહાય લોકોને આપી દીધું. તેમના માયાળુપણાથી આકર્ષાઈને જરૂરિયાતવાળાઓ તથા દુઃખી લોકો વધારે મદદ માટે તેમને વીંટળાઈ વળ્યા. ટોલ્સ્ટોયે મોસ્કોના શ્રીમંતોને તેમના જ શહેરના ગરીબ લોકોની મદદમાં હાથ લંબાવવા વિનંતી કરી. શ્રીમંતો તેમના વચનોમાં ઘણા ઉદાર હતા પણ રોકડા ચૂકવવામાં કોઈ પણ આગળ આવ્યા નહીં. ટોલ્સ્ટોયને મોસ્કોમાં જણાયું કે શહેરમાં માત્ર ગરીબ જ વધારે ગરીબને મદદ કરી શકે છે. ટોલ્સ્ટોયે મોસ્કોમાં જોયું કે એક વેશ્યા પણ તેની બીમાર પડોશી બાઈની સેવા કરતી હતી અને તેના બાળકને ઉછેરીને મોટું કરતી હતી. શ્રીમંત ગરીબને કેવી રીતે સમજી શકે અને મદદ કરી શકે ? શ્રીમંત તો તેની નાચગાનની મહેફિલો અને ખાણાં-પીણાંના સમારંભોમાં જ રચ્યોપચ્યો રહે છે. સંપૂર્ણ ભગ્ન-હૃદય બની ટોલ્સ્ટોય ઘરે પાછા ફર્યા અને આસપાસના ગૂંચવાડા-ગોટાળાઓમાં શું કરવું તે વિચારવા લાગ્યા.

ટોલ્સ્ટોયને જે બહુ જ મૂંઝવતું હતું તે શ્રીમંતોનું પરોપજીવી, આળસુ, દંભી અને બેવડાં ધોરણોવાળું જીવન હતું. પ્રાચીન કાળમાં ધર્મ, મધ્ય યુગમાં રાજકીય જુલમ અને સરમુખત્યારશાહી અને આધુનિક જમાનામાં કલા અને વિજ્ઞાને શ્રમજીવી વર્ગને તેમની મહેનતથી ફૂલીફાલીને અને તેમને માટે કશું જ નહીં કરીને છેતર્યો છે. પ્રથમ કામદારોને મારી નાખવાની ધમકી આપીને નાના શોષક વર્ગ માટે તેમની પાસેથી બળજબરીથી કામ લેવાતું. ત્યાર બાદ શ્રમજીવીઓની જમીન પડાવી લેવામાં આવી અને તેમનો રોટલો રળવા માટે તેમને ખેતગુલામ બનાવવામાં આવ્યા. જમીનવિહોણા ખેતગુલામોએ સરકારને ભારે મજૂરીવેરો ભરવા માટે તેમનાં ઢોર વેચી મારવાં પડતાં. કલાકારો અને વૈજ્ઞાનિકો ખેડૂતો અને કારખાનાના કામદારોનું ઉત્પાદન છૂટથી ભોગવે છે. પણ તેમનું મહત્ત્વ ટકાવી રાખવા માટે વફાદાર તો સરકાર અને શ્રીમંત લોકોને જ રહે છે. આમ અનાદિ કાળથી, એક નાના પણ ચતુર વર્ગનું - પછી તે ધર્મગુરુઓ, સરમુખત્યારો,



જગત્સુહૃદ્

શ્રીમંતો, કલાકારો કે વૈજ્ઞાનિકોનો હોય, અતિ ઉપયોગી ચીજવસ્તુઓના ઉત્પાદકો- ખેડૂતો, મજૂરો અને કારખાનાઓના કામદારો સામેનું કાવત્રુ નિર્લજ્જ રીતે ચાલી રહ્યું છે. આ નાનો હોશિયાર વર્ગ પોતાને શ્રમજીવીઓ તથા કામદારોનો શુભેચ્છક તથા હિતચિંતક જાહેર કરે છે પણ હકીકતમાં તો તેઓની ચાલાકીભરી યુક્તિઓથી તેઓ શ્રમજીવીઓનું ક્રૂરપણે શોષણ જ કરે છે. અને તેથી ટોલ્સ્ટોય યોગ્ય રીતે જ પૂછે છે, 'ત્યારે કરીશું શું ?'

ટોલ્સ્ટોય ફીજી નામના એક નાના દેશનો દાખલો ટાંકે છે. આ નાના દેશનું કરુણ ભાવિ એને એક શાહીવાદી અને મૂડીવાદી દેશની તરાપમાંથી બચવા માટે વધારે ચુસ્ત એવા બીજા શાહીવાદી અને મૂડીવાદી દેશનું શરણ શોધવા પ્રેરે છે. પરિણામ એ આવે છે કે ફીજી કાયમ માટે શાહીવાદ અને મૂડીવાદની શોષણનીતિનો શિકાર બની જાય છે. શાહીવાદી અને મૂડીવાદી દેશો પોતાની ચડિયાતી લશ્કરી અને વહાણવટાની શક્તિથી નાના, ઓછી વસ્તીવાળા દેશોને ગુલામ બનાવી તેમનું શોષણ કરે છે. આ પુસ્તક માનવ ઈતિહાસને શ્રમજીવીઓના એક મોટા વર્ગનું નાના પણ સંગઠિત અને યુક્તિબાજ એવા એક વર્ગ દ્વારા શક્ય તેટલું વધુ શોષણ હોય એ રીતે તપાસે છે. આ શોષણમાંથી બહાર નીકળવા 'ત્યારે કરીશું શું ?' એ પ્રશ્ન ટોલ્સ્ટોય ફરીથી ઉપસ્થિત કરે છે.

ટોલ્સ્ટોય આપણને શક્ય તેટલું જલદી આપણું મિથ્યાભિમાન અને ઘમંડ છોડી દેવા જણાવે છે. તે પરોપજીવીઓને વેળાસર ચેતવે છે કે જો તેઓ શ્રમજીવીઓ તેમનું લોહી પીએ એવું સહેજે ન ઇચ્છતા હોય તો તેમણે પરસેવો પાડી રોટલો રળવો જોઈએ. ગરીબ લોકો શ્રીમંતોના અક્ષમ્ય ગુનાથી સ્હેજ પણ અજાણ નથી.

ટોલ્સ્ટોયે એક વાર પોતાની પાસે પરચૂરણ ન હોવાથી પોતાના નોકર પાસેથી થોડા પૈસા ઉછીના લીધા. થોડા દિવસો પછી ટોલ્સ્ટોયે એક ચલણી નોટ નોકરની પત્નીને આપી. તેમના માગતા પૈસા કાપી લઈ બાકીના પૈસા તે તેમને પાછા આપે એ વાત ટોલ્સ્ટોય નોકરની પત્નીને કહે તે પહેલાં નોકરે તેની પત્નીને આટલી ઉદાર ભેટ આપવા માટે તેમના શેઠનો આભાર માનવા જણાવ્યું. ટોલ્સ્ટોય બાકીના પૈસા પાછા લેવાની વાત એ પછી મૂકી શક્યા નહીં. ટોલ્સ્ટોયે એમ માન્યું કે પોતાના નોકરે તેમને બીજા શ્રીમંતો જેવા જ ધાર્યા હશે કે જેઓ

નોકરની પત્નીને ભેટ આપીને પોતાની નજીક આવવા લલચાવે છે. શ્રીમંતોની ગરીબોમાં આવી છાપ પડેલી જોઈ ટોલ્સ્ટોયના દુઃખનો પાર ન રહ્યો. 'ત્યારે કરીશું શું ?' એ પ્રશ્ન હજી પણ તેમને સાલતો હતો.



જગત્સુહૃદ્

ટોલ્સ્ટોય શ્રીમંતોને તેમનાં પાપનો સહૃદય પસ્તાવો કરવા કહે છે. શ્રીમંતોએ જાતમહેનતનું વ્રત લેવું જોઈએ. તેઓએ જે ડાળ ઉપર તેઓ બેઠા છે તે ન કાપવી જોઈએ. શ્રમજીવીઓ સખત મહેનત કરી શ્રીમંતો માટે પણ જીવન-જરૂરિયાતની ચીજો જેવી કે અનાજ, કાપડ, મકાન વગેરે તૈયાર કરે છે ત્યારે શ્રીમંતોએ પણ શ્રમજીવીઓને પોતાના ભાઈ માની તેમને મદદ કરવી જોઈએ અને તેમનું શોષણ ન કરવું જોઈએ. શ્રીમંતો માટે 'ત્યારે કરીશું શું ?' નો આ એક માત્ર જવાબ છે.

રશિયાના લોકજીવનને વફાદાર રહીને ટોલ્સ્ટોયે શ્રીમંતો અને શ્રમજીવીઓના સંઘર્ષનો શાંતિમય ઉકેલ લાવવાનો સર્વદેશીય અએ સર્વકાલીન માર્ગ આ પુસ્તકમાં બતાવ્યો છે.

હરિભાઈ પટેલ

('શ્રીરંગદર્શન' : સપ્ટે. ૭૪ :)

'ટોલ્સ્ટોય અને શિક્ષણ'



જગત્સુહૃદ્

અવલોકન :

અર્નેસ્ટ કોસબી નામના એક ગંભીર વિચારકે ટોલ્સ્ટોયના કેળવણી વિષેના વિચારો અને અખતરાઓનો અભ્યાસ કરી એક નાની પુસ્તિકા લખેલી. 'નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ' દ્વારા પૂજ્ય રંગઅવધૂજીએ તેનો ગુજરાતીમાં અનુવાદ તેમના પૂર્વાશ્રમમાં કરેલો. ગુજરાતી અનુવાદની પ્રથમ આવૃત્તિ ૧૯૨૫માં પ્રસિદ્ધ થઈ હતી. એ પછી ૧૯૪૧માં બીજી અને ૧૯૫૬માં ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થયેલી.

ટોલ્સ્ટોય એક બહુમુખી પ્રતિભા ધરાવનારા વિશ્વમાનવ હતા. તેમના સર્જન-ચિંતનના કેન્દ્રમાં જગત અને માનવના સંવાદી સંબંધો સ્થાપવા માટેની જિકર રહી છે. શિક્ષણ સાંસ્કૃતિક વિકાસની દેણગી છે, એ ખરું, પણ શરીર અને મનનો સમ્યક્ વિકાસ કરી ચરિત્રનિર્માણ કરવાનું લક્ષ્ય જ્યાં સુધી સાકાર ન થાય ત્યાં સુધી શિક્ષણ કેવળ વ્યાવસાયિક વિકાસ જ બની રહે છે, એવું મર્માળું નિરીક્ષણ ટોલ્સ્ટોયની શિક્ષણવિચારણામાંથી ફલિત થાય છે. પૂજ્ય રંગ અવધૂતજીએ તેમની 'અવધૂતી મસ્તી'માં ગાયું છે કે ભણતર મોટું ભૂત તપસી, ગર્વ વધારે વિનય સંહારે'. બંને વિભૂતિઓનું વિચારઐક્ય અનુભવાય છે. પૂજ્યશ્રીના પૂર્વાશ્રમના શિક્ષણક્ષેત્રના તેમના વિદ્યાર્થીઓ સાથેના શૈક્ષણિક પ્રયોગો અને વ્યવહારના પ્રસંગોમાં પણ ટોલ્સ્ટોયની અને અવધૂતજીની વિચારઐક્યની ભૂમિકા આપણે જોઈ શકીએ છીએ.

'અવધૂતી આનંદ'*

અવલોકન :



જગત્સુહદ્

અવધૂતજીએ નારેશ્વરના પુરાણપ્રસિદ્ધ એકાન્તસ્થાનમાં પોતાની છેલ્લા તબક્કાની તપસાધના આદરેલી. આ સાધના દરમ્યાન એમના આનંદોત્પ્લુત અંતઃકરણમાંથી પ્રસંગે પ્રસંગે જે કાવ્યોદ્‌ગાર નીકળ્યા તે તેમણે પોતાના કેટલાક સ્નેહીઓને લખી મોકલેલા. તે સ્નેહીઓએ, અવધૂતજીની અધ્યાત્મવાણીનો લાભ ગુજરાતીભાષી સૌને મળે તે માટે 'અવધૂતી આનંદ' પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરેલો. સિત્તેર વર્ષ વટાવી ચૂકેલી આ ભજનવાણી હવે તો 'આકાશવાણી' અને ટી.વી. સેન્ટરો પર ગુંજે છે અને વેબસાઈટ પર પ્રસરવા માંડી છે.

'અવધૂત' એટલે ત્યાગ, વૈરાગ્ય અને જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોંચેલ યોગી. આ પુસ્તકમાં એવા અવધૂત - જ્ઞાનીઓના સમ્રાટ-ની મસ્તી કેવી હોય છે, તેમ જ તે કેવા વાતાવરણમાં વિચરતો હોય છે, એ લગભગ એક-એક ભજનમાં જણાઈ આવે છે. ફાવે તેવી વિકટ અને બેડોળ પરિસ્થિતિમાંયે, એ આનંદ, સૌન્દર્ય અને પ્રસન્નતાનાં દર્શન કેવી રીતે કરી શકે છે, તે આ પુસ્તકના હર કોઈ ભજન પરથી જણાઈ આવશે. વ્યવહારપણે અવધૂત એ ત્યાગની મૂર્તિ છે, અત્રિ-અનસૂયાના વિશુદ્ધ તપની પ્રતિમા છે, પોતાનું સર્વસ્વ પરાર્થે હોમી દઈ વેંત લંગોટીનીયે પરવા ન રાખતાં દિગંબર, નિરાવરણ અને અનિકેત ફરનાર 'દત્ત' છે; એ દત્તની જ્ઞાન, ઐશ્વર્ય, વીર્ય, યશાદિ વિભૂતિઓનાં અને તેમણે કરેલી લૌકિક-અલૌકિક લીલાઓનાં યશોગાન પણ કેટલાંક ભજનોમાં નજરે પડશે. સ્વરૂપાનુસંધાનની આનંદયાત્રાનો અનુભવ, આ ભજનસૃષ્ટિનું પરમ ઉદ્દિષ્ટ છે.

અવધૂતજી અદ્વૈતના આરાધક અને અનુભાવક તરીકે આ ભજનસૃષ્ટિમાં સતત હાજર છે. તેમનું અનુભૂતિપૂત દર્શન છે.

---

*આવૃત્તિ દસમી (ઈ.સ. ૨૦૦૦) પ્રત ૫૦૦૦, કિં. રૂ. ૨૫ પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૩૧માં પ્રસિદ્ધ. 'અવધૂતી આનંદ'નાં ૬૦ ભજનોનો આસ્વાદ 'અવધૂતી મસ્તી' ભા. ૧, ૨, ૩ (લે. જમિયતરામ અધ્વર્યુ) પુસ્તકરૂપે પ્રસિદ્ધ છે, અન્ય ૪૧ ભજનોનો આસ્વાદ ! 'અવધૂતી મસ્તી શતાબ્દી પૂર્તિ' પુસ્તકરૂપે પ્રસિદ્ધ છે. ઉપરાંત 'સપ્તર્ષિ' લે. બાલ અવધૂત (સાત ભજનોનો આસ્વાદ) 'બેઠો અવધૂત', 'ઊભો અવધૂત', 'ગ્રામ અવધૂત', 'અવધૂતી મૌજ' જેવા શીર્ષકોથી પણ 'અવધૂતી આનંદ'માંનાં ભજનો નાના નાના સંગ્રહો રૂપે પ્રસિદ્ધ થયેલા છે.

"ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે / ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે;
ભક્તિનાવે ચઢી ભક્ત ભવને તરી / નિજ સ્વરૂપે હરિ તે જ થાશે."
(પૃ. ૨૫)



જગત્સુહૃદ્

આ દર્શન પામવા માટેનો માર્ગ પણ અવધૂતજીએ ચીંધ્યો છે :
"સંતસેવા વિના વાટ નવ એ જડે / માન મૂક્યા વિના જ્ઞાન નાવે,
મન માર્યા વિના મુક્તિ ભેટે નહિ / શાન્તિ પામે નહિ સોડ તાણ્ય,
સત્ય-અસત્યની જુક્તિ જાણ્યા વિના / 'રંગ' ભવપીડ તે કેમ જાયે ?'
(પૃ. ૨૬)

અવધૂતજી સ્વયં ત્રિમૂર્તિરૂપે આ ભજનસૃષ્ટિમાં ઊપસે છે : અવધૂતજી જ્ઞાની, અવધૂતજી ભક્ત અને અવધૂતજી યોગી. જ્ઞાનયોગીભક્ત અવધૂતજી પ્રતિભાસંપન્ન સાક્ષર કવિ છે. અને તેથી જ્ઞાન-ભક્તિ અને યોગાનુભૂતિઓની સ્વકીય અનુભૂતિઓને ગુજરાતી અને સાધુહિન્દીમાં કૌશલપૂર્વક શબ્દબદ્ધ તેમણે કરી છે. માત્રામેળ અને ગેયલયમેળ પદબંધનો વિવિધ પદ્ય-સ્વરૂપોમાં આવિષ્કાર આ ભજનસૃષ્ટિને ગુજરાતી અધ્યાત્મ-મર્મી કવિતાના પ્રવાહમાં મૂકી આપે છે. પોતાના સંપ્રદાયનિરપેક્ષ અધ્યાત્મના દર્શનાનુભવને વર્ણવતાં અહીં પ્રયુક્ત વાક્‌વિકલ્પોથી વિભૂષિત વાણી સહૃદયને સંતર્પકતા અર્પે છે. ચિંતનોર્મિ સ્વરૂપની આ કવિતા ગુજરાતી-અંગ્રેજી અને ઉર્દૂકક્કો તેમ જ વાર, મહિના, નક્ષત્રો અને આરતીની મધ્યકાલીન પદ્યપરંપરાને પણ ખપમાં લે છે. મસ્ત રંગના સૂફી કવિઓની ઇશ્કે હકીકીને નિરૂપતી ગઝલ સ્વરૂપની તો અહીં હેલી છે. આ સકલ ભજનકાવ્યોનો રસ અખંડ ઐક્યનો છે. એટલે કે અભિનવગુપ્તે જેને બધા રસોમાં શ્રેષ્ઠ કહ્યો છે, તે શાન્ત રસ છે. અભીપ્સા, ઓવારણા, શરણાગતિ, વિરહ અને સંયોગની ભાવસૃષ્ટિ સહકારી બનીને સ્થાયી ઉપશમને શાન્તમાં પરિણમતો આપણે પ્રત્યેક રચનામાં અનુભવી શકીએ છીએ.

પરમાત્મા-પતિનો વિરહ અને સંયોગ, યૌગિક પ્રક્રિયાઓ દ્વારા અન્‌-અનુભૂતની અનુભૂતિનો અલૌકિક આનંદ, સદ્‌ગુરુનો મહિમા અને કૃપાવર્ષાનાં વર્ણનો, શ્રેયાર્થ માટેનો નીતિ-વૈરાગ્ય અને શ્રવણ-મનન-નિદિધ્યાસન દ્વારા તત્ત્વબોધ, સગુણ-નિર્ગુણ ભક્તિનો મર્મબોધ જેવાં શીર્ષકો રચીને આ વિપુલ ભજનકાવ્યો વર્ગીકૃત થઈ શકે. અહીં આ વિષયોને નજરમાં રાખીને નમૂનારૂપ ભજનોનો હવે કિંચિત આસ્વાદ લઈએ. તિથિ-પડવાથી પૂનમ અને અમાસ-ના ક્રમે પિયુના વિરહ

મિલન અને અંતે અભેદાનુભૂતિની ભાવાવસ્થાઓનો ઉક્તિલાઘવથી ગૂંફ રચતી એક ગરબી જોઈએ :

સખી પડવે લીધો પંથ પિયુ પરદેશે રે,
હું બાળા જોબનવેષ દુઃખમાં બળતી રે. ૧
સખી બીજે દ્વૈતકપાટ તોડી ચાલી રે,
મૂકી જન ધોરી વાટ અગમવન હાલી રે. ૨
સખી ત્રીજે મળિયા ત્રણ ઠગ ધૂતારા રે,
લૂંટાઈ હું વન માંહ્ય, જ્યમત્યમ ભાગી રે. ૩
સખી ચોથે કીધાં ધામ ચારે કોડે ૨,
જન-વન રઝળી ના ઠામ ક્યાંયે પામી રે. ૪
(પૃ. ૯૬-૯૭)



જગત્સુહૃદ્

લૌકિક શૃંગારની અહીં પ્રયુક્ત પરિભાષા દ્વારા અલૌકિક દિવ્ય શૃંગારના સંકેતો સમજવા માટેનાં ઇંગિત અવધૂતજીએ મૂકેલાં છે. વૃત્તિ સખી અગમવનના અભિસારે દ્વૈત-દ્વાર તોડીને નીસરી છે ! ને છતાં 'ઠામ' પામતી નથી ! પછીની પંક્તિઓ-પાંચમ અને છઠ તિથિઓના સંદર્ભે વૃત્તિસખીની સ્થિતિઓને નિરૂપે છે : 'પાંચ વિષારી નાગ' અને છ દ્વૈતનો કરવો પડતો મુકાબલો, અને 'સંયમ કછ' પહેરીને વિરતિભર્યો આચાર તેમજ તાતા શર અહંકારને મારી નાંખી 'સખી' આગળ ધપે છે, 'સુરત-વિમાન'માં બેસીને ! સુરતાનુસંધાન પ્રભુપિયુને મેળવવાનું શ્રેષ્ઠ સાધન છે, એવો અહીં સંકેત સ્પષ્ટ છે. હવે આઠમ, નોમ અને દશમે સાધનાવિકાસની ગતિવિધિને ચીંધે છે. એ પછી 'અગિયારસ'ની તિથિએ 'ઠાકુર દ્વારા' મનરૂપી સેનાનીને હાથ લાગતી કૂંચીનો ઉત્સાહ નિરૂપાયો છે. 'બારસે' દ્વાર ખૂલ્યાં ને 'અંદર-અભિસાર શરૂ થાય છે. 'તેરસ'ની તિથિએ સખી 'તિરખુટ હોજ'માં સ્નાન કરે છે. મનગમતા શણગાર સજી ઠુમઠુમ ગતિએ પિયુપ્રતિ અભિસાર જારી છે. ચૌદશની તિથિએ ચૌદમે માળ ઉપર-દશ ઇન્દ્રિયો ને ચતુર્વિધ અંતઃકરણની પાર - 'દિવ્ય અગાશ' ચિદાકાશ પર બેઠેલા પિયુજીનાં દર્શન થાય છે ! પૂનમે હવે સખીનો હરખ માતો નથી !

સખી પૂનમ પૂરણકામ હેતે મળિયા રે,
આલિંગન આપી ત્યાંય કોડે રમિયા રે. ૧૫ (પૃ. ૯૮)

આ મિલનોત્સવ હવે નિત્ય અસ્તિત્વનો ઉત્સવ બની રહ્યો. તેથી જ વદ પક્ષની તિથિગણનાને હવે કોઈ સ્થાન જ ન રહ્યું. એથી જ



જગત્સુહૃદ્

અવધૂતજીએ એ તિથિક્રમને રચનામાં ઔચિત્યપૂર્વક સ્થાન જ નથી આપ્યું; ઉપરાંત 'અમાસ'નું અંધારુંય અકળાવનારું ગણ્યું નથી ! કારણ 'હું' 'તું' નો હવે ભેદ જ નથી.

સખી અમાસ અંધારી રાત હું તું ભૂલી રે,
કોઈ અગમ અંધ પ્રકાશ પિયુસંગ ખેલી રે. ૧૬
સખી મનદુગ્ધા સહુ આપ ભૂલી આપે રે,
લહરી જ્યમ સાગર માંહ્ય રંગ સમાઈ રે. ૧૭ (પૃ. ૯૮)

અવધૂતજીની અદ્વૈતાનુભૂતિની 'આનંદ-મસ્તી', 'અગમ અંધ પ્રકાશપિયુસંગ ખેલી રે' પંક્તિમાં, કવિકર્મની ચમત્કૃતિથી, આહ્લાદક અભિવ્યક્તિ પામી છે. 'અંધારી અમાસ'ની એક નવી જ ઓળખ 'અગમ અંધ પ્રકાશ' પદાવલિમાં પામી શકાય છે. 'અધારું' અને 'પ્રકાશ' એવું દ્વન્દ્વ તો મનદુગ્ધા જ સમજવી. એ તો ભૂલવાનું જ. સાધનાની પ્રગતિની એ પારાશીશી. એ ભૂમિકા આવે એટલે લહર-સાગરનું દ્વન્દ્વ દ્વન્દ્વ નથી જ, એ જેટલું આસાનીથી સ્પષ્ટ છે, તેટલું જ આસાન અદ્વૈતદર્શન થઈ જાય.

આવી ગરબીઓની જેમ ગઝલ રચનાઓ પણ અવધૂતજીની અલગારી મસ્તીને ચમત્કૃતિપૂર્વક મૂર્ત કરે છે. જગતની સર્વ જંજીરો તોડીફોડીને મુક્ત મસ્તની ફકીરી, માયિક પ્રલોભન પરત્વે નરી ઉદાસીનતા અને વિધિ-નિષેધ, ભય-શોક ચિંતા જેવી અપ્રસન્નકર કોઈ મનોદશા નહિ રહેવાને કારણે નિજાનંદની અકિંચન બાદશાહી સહજવાદી અવધૂતજીની ગઝલોમાં વ્યંજિત થયા કરે છે.

(૧) હમો મનમોજી ફરનારા ! હમોને બાંધનારું કુણ ?
સદા નિઃસંગી ને ન્યારા ! જગતને માનનારા તૃણ ! ૧ (પૃ. ૧૪૦)

×

કઢંગા ઢંગ બેરંગી, હમારા રાહ ના સીધા !
અવળપંથી અટૂલા રંગ, દેખે કોઈ હક-બંદા ! ૮ (પૃ. ૧૪૦)

(૨) હમો ચંગા હમો ચંગા, ખુદાના નામ પર નંગા !
વહે દિલ પ્રેમની ગંગા, અગર ન્હાયા ન વા તો શું ? ૧
શબદ-સૂરતા સહજ સાધી, નિરાલંબે નજર બાંધી !
વરી સ્વાનંદ-શાહજાદી ! ગ્રહી માળા ન વા તો શું ! ૫ (પૃ. ૧૯૦)

(૩) રંગ બિરંગી લૌગ જહાં કે, કાહે કોઉ કો કહના ?
શૂન્ય સમજ કર મસ્ત નશે મેં, સાક્ષી હોકર રહેના ! ૬ (પૃ. ૧૮૬)

(૪) જો ચાહે સો કહેના, પ્યારે ! જો ચાહે સો કહેના
ના મૈં ન્હાતા ના મૈં ધોતા, ના મૈં તિલક લગાતા,

ના પઢતા ના જપતા સાધો, સ્વૈર મૌજ મેં ફિરતા ! ૧ (પૃ. ૧૮૬)

×

ઇશ્ક હકીકી પી કે પ્યારે, ઘોર અઘોરી બનતા,
ખાખ ખુદી કી દિલ પે ચોળી સોહં શંખ બજાતા ! ૫ (પૃ. ૧૮૭)

(૫) તોડી દિવાલો મહેલની, બેઠા જઈ મેદાનમાં,
ઉપર કડાકે આભ તૂટ્યું, તેથી તમારું શું ગયું ? ૧

×

દિનરાત મિજલસમાં ગઈ, મિષ્ટાન્ન સેવ્યાં પ્રીતથી,
ભૂખે કડાકા જો કીધા, તેથી તમારું શું ગયું ? ૨ (પૃ. ૧૯૩)

(૬) રમ્યા કંઈ દિન ભલે ભેગા, બધી એ સ્થૂળની લીલા,
પળ્યા પંથે વિવિધ તોએ, બધા છે બ્રહ્મના ચીલા ! ૨

×

રહો હરદમ હકીકીમાં મિજાઝી મોત બહુરંગી !
સખુન છેલ્લો, ન બસ આગળ ! રહેવું મૌન એકાંગી ! ૯ (પૃ. ૧૩૯)

(૭) રંગ પોથાં પુસ્તકો ફેંકી બધાં દરિયાવમાં,
મૂગો થઈ ડૂબી રહે, સમુંદરે એ શાહના. ૧૩ (પૃ. ૭૨)



જગત્સુહૃદ્

નિજાનંદી નિઃસંગી અવધૂતી અવસ્થામાં લાધેલા દિવ્યાનુભવને અવધૂતજીએ આ શબ્દોમાં સજીવ રાખ્યો છે :

ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત !
નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત ! ટેક
ખૂનીના ખંજરોમાં તું, પ્રિયાના ચુંબનોમાં તું,
હરે ! હરિગર્જનામાં તું, રહ્યો પિક્કૂજને અવધૂત ! ૧
ગુલાબી ગાલમાં હસતો, ક્ષયીના હાડમાં વસતો,
બધે નિર્દ્વન્દ્વ તું રમતો, નિજાનંદે અહા અવધૂત ! ૨
વને યોગી થઈ વસતો જગે ભોગીસમો ભમતો,
કદી રોગીસમો રડતો અગમ લીલા કરી અવધૂત ! ૩
સદા પાસે છતાં આઘે, અભાગીને અરે દિસતો,
સહુ રંગે અરંગી તું, લહે તુજ રંગ કો અવધૂત ! ૪ (પૃ. ૧૪૩)

કેવલાદ્વૈતના બાદશાહ જગદ્‌ગુરુ શંકરાચાર્યની તત્ત્વાનુભૂતિ સ્વજીવનમાં જ ભાળીને અવધૂતજીએ પ્રેમવેષ્ટિત સંવેદનરૂપે આમ સમર્થ રીતે નિરૂપી છે.

અવધૂતી તત્ત્વદર્શનને અવળવાણીમાં રજૂ કરતાં ભજનો 'અવધૂતી આનંદ' દ્વારા ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાપ્રવાહમાં અનોખું મહત્ત્વ



જગત્સુહૃદ્

દર્શાવે છે. અવધૂતી તત્ત્વદર્શન ત્રિપાર્શ્વી છે : (૧) વેદાન્તનિષ્ઠ (૨) યોગનિષ્ઠ (૩) પ્રેમલક્ષણાભક્તિનિષ્ઠ. શાસ્ત્રીય દૃષ્ટિએ ત્રણેમાં ભેદ ખરો જ, પણ અવધૂતજીની આધ્યાત્મિક યાત્રામાં ત્રણે સમ્યક્ પરિમાણી બની રહે છે, અને એથી 'અવધૂતી તત્ત્વદર્શન'ની ભજનસૃષ્ટિ અનન્ય છે. અવળવાણી* (ઊલટ વાણી)નો કસબ અવધૂતજીને અપૃથક પ્રયત્નસિદ્ધ છે. અનિર્વચનીય અનુભૂતિઓને શબ્દબદ્ધ કરતાં જાગતિક વસ્તુજગત પ્રસ્તુત-અપ્રસ્તુતના અવનવા સંદર્ભે કવિચિત્ત એક પ્રકારની અથડામણો રચે છે. પ્રજ્ઞાવંતોમાં એ અથડામણો સર્જકપરિમાણી હોઈ રૂપવિધાયિની શક્તિ તરીકે અભિવ્યક્તિને અલૌકિક અ-પૂર્વ રૂપો બક્ષે છે. આવા રૂપના સાક્ષી થવું એ વિસ્મયકારક તો ખરું જ, એનો ભાવબોધ પામી શ્રેયોમાર્ગે વિકસવું એ જીવન ન્યાલ કરવાનો અવસરેય બને છે. અહીં એ વિસ્મયજન્ય શ્રેયકારી વિશ્વનું કિંચિત નિરીક્ષણ કરીએ : 'અવળવાણી' નારિકેલપાકની રીતિ છે. મિષ્ટ કોપરું નક્કર નારિયેળમાં કેવું વેષ્ટિત હોય છે ! 'અવળવાણી' જાણે નક્કર નારિયેળનું વેષ્ટન છે, અને એમાંથી નિષ્પન્ન થાય છે બ્રહ્મરસ.

અવધૂતજી સ્વયંને ઈતરજન સમક્ષ એક કોયડારૂપે ઓળખાવતા ! 'રંગ'નો પાર કોણ કેવી રીતે પામે ? પરમ સત્તામાં ભળી ગયેલો પુરુષ પુરુષોત્તમ જ કહેવાય, પણ દેહના બંધનમાં બિરાજમાન એ ચેતનાનું ઇંગિત લૌકિક ભાષામાં તો અવળવાણીની પ્રયુક્તિથી જ આપી શકાય. અવધૂતજીએ તેથી જ કદાચ સ્વ-ઓળખ લાક્ષણિક રીતે અને નિષિદ્ધ ક્રિયાઓમાં રત પોતે હોવાની વાત કરીને આપી છે.

ઝંખું પરધન સર્વદા, પરસ્ત્રી અળગી ન થાય,
કરું સ્વજનવધ ખંતથી, રંગ પાર કો પાય ?
ગાંડોતૂર ફરું બધે, સદા મદ્યચકચૂર, (પૃ. ૧૪૨)

પરધનની ઝંખના, પરસ્ત્રીસંગ, સ્વજનવધ, મદ્યચકચૂરતા જેવી પ્રવૃત્તિઓ શિષ્ટ સમાજજીવનની વિરુદ્ધની જ છે. તો પછી શ્રેયાર્થી અવધૂતજીની આ ઊલટી પ્રવૃત્તિ-ચેષ્ટા કેમ ? આવો પ્રશ્ન ઊઠે તો જ

* વધુ રસાસ્વાદ માટે જુઓ : 'શ્રી અવધૂતની અવળવાણી' : જગન્નાથ ત્રિપાઠી અને 'અવધૂતી મસ્તી' શતાબ્દીપૂર્તિમાં તેમજ 'નારેશ્વરનો નાદ'માં અવારનવાર આવતા શ્રી નવીનભાઈ પાઠકના લેખો.

ઊલટવાણીના સંકેત શોધવા આપણે પ્રવૃત્ત થઈ શકીએ ! શબ્દાર્થ પ્રયોગાધીન હોય છે. શબ્દના વાચક ઉપરાંત લાક્ષણિક અને વ્યંજક પ્રયોગો પણ થતા હોય છે. અહીં અને અવળવાણીનાં બધાં જ ભજનોમાં અવધૂતજીએ આવા પ્રયોગો કર્યા છે, અને શબ્દશક્તિના સામર્થ્યથી અર્થચમત્કૃતિનો આનંદ કરાવ્યો છે.



જગત્સુહૃદ્

'પરધન' અને 'પરસ્ત્રી'ની ખેવના 'અવધૂત' કરે છે ! એવો તાત્પર્યાર્થ આપણે સ્વીકારી શકતા નથી. એથી 'પરધન' અને 'પરસ્ત્રી'ના રૂઢિગત અર્થો અહીં બંધબેસતા નથી ! પરિણામે એ અર્થોના યોગમાં જ અન્ય અર્થનો આપણે વિચાર કરવા પ્રેરાઈએ છીએ. અને ત્યારે શબ્દોના અનેકાર્થોનું સ્મરણ થાય એટલે 'પર' નો અર્થ 'શ્રેષ્ઠ' લેવાનું સૂઝી આવે ! હવે જુઓ : 'પરધન' એટલે શ્રેષ્ઠ ધન - વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુતા જેવાં સાધનો વડે ધનિક રહેવાનું સૂચન ઝીલી શકાય; તે જ રીતે 'પરસ્ત્રી અળગી ન થાય' એટલે બ્રહ્મવૃત્તિથી ચેતના ચલિત ન થાય એમ સહજ સમજાય.

સાધકે કર્મ-ભક્તિ અને જ્ઞાનનાં સાધનો અંતર્મુખી થવા માટે કરવાનાં હોય; બહિર્મુખતાથી નહીં. જો તેમ ન થાય તો સાધનાપુરુષાર્થ વિફલ થવાનો. આવી વિફલતા તરફ સાધક સજાગ થઈ ઊઠે, એથી, કદાચ અવધૂતજીએ અવળવાણી દ્વારા અવિવેકી સાધકનું વિડંબન-ચિત્ર ઉપસાવ્યું છે :

પરણેલો મૂકીને રાંડેલો ધ્યાતી,
કુંવારે કુંવારે કોલ લેતી !!
બીજાને જોતાં પોતે ખોવાતી,
રંગ આખરે પસતાતી !! પૃ. ૧૩૮)

સંસારાભિમુખતા અને સર્વેશ્વરાભિમુખતાનો ભેદ પ્રગટી આવે અને સર્વેશ્વરાભિમુખતાની ઊંચાઈ અકળની પ્રયુક્તિથી ગંભીર સ્મિત સાથે મનમાં વસે છે :

કુંવારી જણે વિવાહિત વંધ્યા, કરે ન કુળની વાત, (પૃ. ૧૫૪)

'કુંવારી' શબ્દથી સ્વચ્છંદી અને 'વિવાહિત' શબ્દથી સ્વાત્મરત બુદ્ધિને સંકેતી કુળ-જાતિ-લિંગ વગેરેથી મુક્ત આત્મક્રીડ અવધૂતનું વ્યંજિત થતું વ્યક્તિત્વ આદર-આકર્ષણ જન્માવે છે.

દેહી અને દેહનું આંતરબહિર્ સંબંધસ્વરૂપ સમજાવવાનો વેદાન્ત અને યોગદર્શનનો પુરુષાર્થ આજના વૈજ્ઞાનિક સિદ્ધિઓના વાતાવરણમાં



જગત્સુહૃદ્

પણ સ્પૃહણીય રહ્યો છે. મનોવિજ્ઞાન અને પરામનોવિજ્ઞાનવિદ્યાના સહયોગનું એ પરિણામ છે. યોગી મહાત્માઓ વિજ્ઞાનીઓ કહી શકાય. દેહમાં પરિવર્તનશીલ દેહી તત્ત્વનું અમાપ ઓજસ ઓળખી લઈને ચેતન-અચેતન જગતસમગ્રને અવિયોજ્યરૂપે તેઓએ આત્મસાત કર્યું હોય છે. એથી, વિવિધતા-વિભિન્નતા-વિષમતાના જનસામાન્ય-અનુભવોમાં તેઓને એકરૂપતાનાં અલૌકિક દર્શન લાધ્યાં હોય છે. અને લોકસંગ્રહની વૃત્તિથી પ્રેરાઈને સહજતાથી 'ત્રિગુણ', 'પંચીકરણ', 'કુંડલિની' જેવી સંજ્ઞાઓ સર્જીને વૈજ્ઞાનિક વસ્તુલક્ષિતાનો બોધ થવા માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસનપૂર્વકની અષ્ટાંગ યોગની તેઓએ રચના કરી છે. અવધૂતજીએ આ શિસ્તમાં સંપૂર્ણ સફળતા મેળવીને, વીસમી સદીના ભૌતિકવાદને એક અધ્યાત્મવિજ્ઞાનનું સર્વોત્તમ દૃષ્ટાન્ત પ્રસ્તુત કર્યું છે. તેમની અલૌકિક યૌગિક અનુભૂતિઓનું ઓજસ અવળવાણીનાં તેમનાં અનેક ભજનોમાં ઝિલાયું છે. વિસ્તારભયે અહીં 'અવધૂતી આનંદ'માંથી કેટલાંક ભજનોના ક્રમાંકો જ નોંધીએ : ૨૫, ૩૫, ૭૮, ૧૧૧, ૧૨૪, ૧૫૪, ૧૬૯,૧૯૬, ૧૯૯,૨૦૦,૨૦૧, ૨૨૨, ૨૨૮, ૨૩૦, ૨૩૪, ૨૪૪ વગેરે. અલૌકિક દિવ્યાનુભૂતિ દ્વારા હૈયાની ઊલટતાનો ઉદ્‌ગાર અધ્યાત્મોર્મિનું વિરલ કાવ્ય સર્જાવી દે છે :

મારા મનમંદિરિયા માંહ્ય,
આજે આનંદ આનંદ ! ટેક
ભેટ્યા દેવ જાતાં વાટે,
લીધા રાખી મેં શિર સાટે,
હવે કાં દોડું જગહાટે
આજે આનંદ આનંદ ! મારા૦ ૧
શાણે સહેજ સામું જોયું,
જોતાં મેં મારાપણ ખોયું !
કો કેમ કે' શું જોયું ?
આજે આનંદ આનંદ ! મારા૦ ૨
રહ્યો જોનારો ના આન,
રહ્યું જોવાનું ના જાણ,
જોવું જોયું ન એ ભાન !
આજે આનંદ આનંદ ! મારા૦ ૩

શોધ્યું ન જડે હું ક્યાંય,
જ્યાં ત્યાં દેવ જ એ દેખાય,
ગળ્યો દેવે મુજને હાય !
આજે આનંદ આનંદ ! મારા૦ ૪
તુંમાં હુંનું મોત નિહાળ,
હુંમાં તુંની ક્યાંય ન ભાળ,
રંગ ક્યાં છે કાયા કાળ ?
આજે આનંદ આનંદ ! મારા. ૫ (પૃ. ૨૦૬)



જગત્સુહૃદ્

'અવધૂતી આનંદ'ની ભજનવાણી અખંડ-ઐક્યરસની અનુભૂતિ અને તેના રમણીય રચનાવિવર્તોથી ઓપતો અલૌકિક કૃપાપ્રસાદ છે. મંત્રોદ્‌ગારની ક્ષમતા ધરાવતી આ પશ્યન્તી વાણીની કાવ્યાત્મક બાનીના વિશેષો હવે જોઈએ.

'ઉષઃપ્રાર્થના' રૂપે 'અવધૂતી આનંદ' અંતર્ગત ઝૂલણા છંદમાં પ્રભાતિયાંના રાગમાં ગવાતાં વીસેક ભજનો ભારતીય ઉપનિષદ-દર્શન ને અનુભવ-ઉદ્‌ગારોનો કાવ્યોન્મેષ છે. ભાવોપકારક પદપસંદગી, પ્રાસાનુપ્રાસની મંજુલતા અને અર્થઘન તત્ત્વદર્શનથી દીપ્તિમંત આ પદો ગુજરાતી અર્વાચીન કવિતાની આધ્યાત્મિક ધારાની સંપત્તિ છે. ઉદાહરણ જુઓ :

ઊઠ અઘભંજના, દત્ત મુનિરંજના, સંસૃતિગંજના, વિશ્વમૂર્તે !
પૂર્ણ કરી કામના, સત્ય કર નામના, દુઃખહર વામના, ભવ્યમૂર્તે !

ચારુ વર્ણવ્યવસ્થા અને લોકોક્તિક્ષમ સૂત્રાત્મક બંધ વડે શાંતિદાયી સત્યબોધ આપતા ભજનોદ્‌ગારોમાંથી અન્ય પંક્તિઓ પણ જોઈએ :

'નાસ્તિકો નગ્ન થઈ વલ્ગના બહુ કરે'
'આપપંથી બધા આત્મ નવ ઓળખે'
'મન માર્યા વિના મુક્તિ નવ સાંપડે'
'ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે.'
'મનની ઓથે મોહન વસે'
'કરું હું ના કશું સર્વ, બ્રહ્મ પોતે કરે જ આ'
'ભૂખ વિણ ભાખરી વ્યર્થ ઝેરી'
'કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું
મૃદ બની કેશ કાળા પખાળું !
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા

અંગ પર જો ધરે તું કૃપાળુ'
'આજ આનંદનું પૂર ઉરમાં વહે
છોળ બ્રહ્માંડમાં ના સમાએ.'



જગત્સુહૃદ્

ઉપરાંત મરાઠી ભક્તિ-જ્ઞાનની પદ્યસાહિત્યપરંપરામાં પ્રયોજાતો 'ઓંવી છંદ', સંસ્કૃતસાહિત્યપરંપરામાં પ્રચલિત અંતર્લાપિકા-બહિર્લાપિકા અને મંત્રગર્ભની રચનાઓ અવધૂતજીના અનન્ય કવિકર્મને જ પ્રગટ કરતી ઘટનાઓ છે. અવળવાણીની રચનાઓમાં વિરોધોનું સંયોજન કરી તાત્ત્વિક વ્યંગ્યાર્થને નિષ્પન્ન કરવાની સર્જકશક્તિની અગાઉ આપણે નોંધ લીધી જ છે. તત્ત્વદૃષ્ટિને કવિકર્મની ચમત્કૃતિથી રમણીય રૂપ મળ્યાનું એક વધુ દૃષ્ટાન્ત નોંધી 'અવધૂતી આનંદ'નું અવલોકન પૂરું કરીએ :

હું મારું દુઃખમૂળ છે, તું તારું સુખ-મૂળ;
હું ભૂલી તું-હરિ ભજે, રંગ સનાતન ***નૂર*** *!*
નૂર*-નૂરીમાં ભેદ ના, બ્રહ્મ-બ્રહ્મવિદ્ એક,*
તું-માં હું ઓગાળતાં, રહ્યો રંગ તું ***દેખ*** *!*
દેખ *દેખનહાર એ, દૃશ્ય દૃષ્ટિમાં માંય,*
બીજાને જોવા જતાં, રંગ આપ ***ખોવાય*** *!*
વાય *વાયરો, રવિ તપે, વર્ષે મેઘ અમાપ,*
જેની સત્તાથી બધે, રંગ તે જ તું ***બાપ*** *!*
બાપ *મરે સુત વિરમતાં, સુતનો છોરુ બાપ,*
બેઉ મરતાં એક તું, કરે રંગ કાં ***તાપ*** *?*
તાપ*-મૂળ દેહાત્મતા, રજ્જુ-સર્પની વાત,*
જ્ઞાનદીવડો પ્રગટતાં, રંગ સાપ ***અજાત*** *!*
અજાત *ન્હોતો ના હશે, મધ્યે કેવળ ભાસ,*
આદિ અંતમાં એક તું, રંગ સ્વયં ***પ્રકાશ*** *!*
પ્રકાશ *વિધવિધ કાચથી, ભાસે વિધવિધ રંગ,*
કાચ ફૂટતાં મૂળ તું, ***'રંગ'*** *એક અભંગ !! (પૃ. ૧૪૦-૧૪૧)*

અહીં વર્ણાનુપ્રાસ, યમક, અંત્યાનુપ્રાસ, કડીસાંકળીરૂપે પૂર્વ કડીની સાથે પછીની કડીના આરંભના શબ્દની પુનરુક્તિ અને અર્થાલંકાર જેવો વાણીપ્રપંચ અનાયાસ હોઈ મનોહર અને હૃદયહર અનુભવાય છે.

આચમન :



જગત્સુહૃદ્

(૧) આ કળિજુગમાં સહુ ઠૌર-નઠોર થયા જન પાખંડે પૂરા,
ત્યજી ધર્મ અધર્મ વિષે રમમાણ થયા જન દુષ્કર્મે શૂરા.ટેક
સાખી : પુત્ર પિતાને નવ ગણે, ગણે ન સ્ત્રી ભરથાર;
વિધવા શીલ ત્યજી ભમે થયો લુપ્ત આચાર.
બદલાયું બીજ રહી ન પતીજ કરે સહુ મનગમતા
ચાળા. આ.૧
સાખી : બ્રાહ્મણ લાડુભટ થયા, ક્ષત્રિય જૂઠાબોલ;
વૈશ્યો લોભી ધનહરા, થયા શૂદ્ર શિરજોર
અવમાને શાસ્ત્ર, ગણે નવ વેદ, પુરાણ કહે સહુ
ગોટાળા. આ.૨
સાખી : દેવો ડુંગરમાં ગયા, ગયા લપાઈ સંત;
ઢોંગી ધર્મગુરુ થયા, થયા નીચ મહંત.
મર્યાદા નામ જણાય નહિ, સ્વચ્છંદ તણી
બોલંબાલા ! આ.૩
સાખી : નીતિ નવાણમાં ગઈ, વધી અનીતિ ઘોર;
કોયલ તો મૂંગી રહી, કરે કાગડા શોર.
રાખણહારો રંગ હવે અવધૂત, ન એ વિણ નિસ્તારા
આ.૪ (ભજન૭૦)

(૨) ઢૂંઢત દેખા જગત મેં સાર વસ્તુ હૈ એક
જિન પાયે સબ પા લિયા, દત્ત દત્ત દો ભેદ, ભજન-૩

(૩) મારા હૈયા કેરો હાર, દત્ત એક અવધૂત !
એક અવધૂત, દત્ત એક અવધૂત !! - ટેક.
ભક્તોનાં સંકટ જોઈ, સ્મરતાં આવે જે ધાઈ,
એવો કો બીજો દયાળ ? દત્ત એક અવધૂત !! મારા.૧
ત્યાગીના ત્યાગ ટકાવે, ભોગીના ભોગ ત્યજાવે,
અમર દાન દેનાર, દત્ત એક અવધૂત !! મારા.૨
નિર્ગુણતા નિજની છોડી, પાસે ન રાખી કોડી,
દીઠો વિશ્વંભર તાર, દત્ત એક અવધૂત !! મારા.૩
જોતાં વેષ જોગીડાનો, દાને મે'રામણ દયાનો,
રંગ અલૌકિક સાર, દત્ત એક અવધૂત !! મારા.૪
(ભજન-૫૫)

×

(૪) માતા મારી ચિત્કળા પિતા બોધસ્વરૂપ
સુત અનુભવ હું તેમનો, રંગ અરંગ અરૂપ ! ભજન ૧૪૩

×



જગત્સુહૃદ્

(૫) **એ સુખ કેવું ?**

સુખ થયું, દુઃખ ગયું, કેવું ? મન ન જાણે !
વાણી ઉચારે શી રીતે એ ? ટેક.
આધિ ઉપાધિ વ્યાધિ ન ત્યાંહી,
ભૂત દૈવ આધ્યાત્મિક નાહી,
મુદ પ્રમોદ આનંદ સદા હી ! સુખ. ૧
જાગ્રત સુપ્તિ સ્વપ્ન ન ત્યાંહી,
વિશ્વ પ્રાજ્ઞ તૈજસ ન દિખાઈ,
એક નૂર સબ રોમ રુલાઈ ! સુખ. ૨
દિન રાત સન્ધ્યા નવ ત્યાંહી,
શીત ઉષ્ણ વર્ષા ન દિખાઈ,
પ્રેમઝલક યક સબ જગ છાઈ ! સુખ. ૩
સૂરજચંદા નાહીં, અગન દીપ બિજલી નવ કાંઈ,
એક અગોચર નૂર દિખાઈ ! સુખ. ૪
શત્રુ મિત્ર મધ્યમ નવ ત્યાંહી, આપ પરાયો ભેદ સમાઈ,
એક અલખ સબ નજરોં આઈ ! સુખ. ૫
સ્ત્રી પુરુષ નપુંસક નાહીં, નામરૂપ કછુ કામ ન આઈ,
એક અનામી સબ જગ ભાઈ ! સુખ. ૬
હિન્દુ મુસલમીન પારસી નાહીં, બમ્મન ખત્રી શૂદર નાહીં,
સબ રબ રસિયું અંતર બાહી ! સુખ. ૭
રામ રાવણ જુદ્ધ ન ત્યાંહી, કૃષ્ણકંસનું નામ ન કયાંઈ,
ખલ્ક રંગ સબ ત્રીશ રુલાઈ ! સુખ. ૮
હદ બેહદ કછુ દેખ ન આઈ, શાન્તિ શોર કછુ કાન ન આઈ,
મૂક ગાન યક સબ જગ ગાઈ ? સુખ. ૯
સ્વર્ગ મૃત્યુ પાતાલ ન ત્યાંહી, જન્મમૃત્યુની ધાક ન કયાંઈ,
અનલહક્ક યક બાંગ સુનાઈ ! - સુખ.૧૦
'રંગ'કૃપા સદ્‌ગુરુ બલિહારી, હાડ ચામ સબ ઉન પર વારી,
ઐસી ભઈ કછુ કહી ન જાઈ ! - સુખ.૧૧ (ભજન ૨૧૫)

અર્ચન :



જગત્સુહૃદ્

'' 'અવધૂતી આનંદ' શ્રીભગવદ્ રંગાવધૂતજીની પશ્યંતી વાણીનો પ્રસાદ છે. એમાં એક આધુનિક ઋષિનું દર્શન, પેગંબરનો પેગામ અને કવિના કાવ્યકૌશલનું સુભગ મિલન છે. એમના અનુભવની પ્રાસાદિક વાણી સાધકને તેના ધ્યેય તરફ દોરી જવાના એક નિષ્ણાત ભોમિયાની ગરજ સારે છે. પૂ. બાપજીની વિચારધારા મૂજબ સર્વે ધર્મો અને સંપ્રદાયો અનેક નામરૂપવાળા એક જ પરમાત્માને પહોંચવાના માર્ગો છે. આ વિચારધારાનું નિરૂપણ 'અવધૂતી આનંદ'નાં ભજનોમાં થયું છે. દૃષ્ટાન્ત તરીકે જુઓ ભજન, ૮૯,૧૩૯, ૨૫૭ વગેરેમાંથી એક

રામ કહો કે શ્યામ સઘળે એક જ એ ભગવાન
ઈશ્વર અલ્લાહ નામ સઘળે એક જ એ ભગવાન.''

-જયંતીલાલ આચાર્ય (નારેશ્વર)
('નારેશ્વરનો નાદ,' એપ્રિલ ૧૯૯૬ માંથી)

''પુસ્તકના નામાભિધાન પ્રમાણે પ્રસ્તુત ભજનસંગ્રહમાં આદિથી અન્ત સુધી કેવળ અવર્ણનીય આનંદ અને ફક્ત આનંદ જ ભરેલો છે. ભાવભક્તિનો મહિમા, ભારતીય સંગીતનો આહ્લાહ અને યોગસિદ્ધ મહાત્માનો અક્ષરપ્રસાદ માણવો હોય તો અવધૂતી આનંદનો આસ્વાદ કરવો જ રહ્યો. ×× ભૈરવી, આશાવરી, માલકૌંસ, સારંગ, કેદાર, જયજયવંતી, ભીમપલાસ ઇત્યાદિ માધુર્યપૂર્ણ સંગીતરાગો પર આધારિત આ ભજનગીતોના ઉદ્ગાનની સાથે જ અદ્ભુત આનંદ તથા દિવ્ય સ્નેહભાવનું વાતાવરણ સર્જાય છે. 'वाक्यं रसात्मकं काव्यम्' ની પ્રતીતિ 'અવધૂતી આનંદ'ના ચરણે ચરણે થાય છે.''

-ડૉ. ઉમા દેશપાંડે, વડોદરા
('શ્રી રંગઅવધૂતનું સંસ્કૃત સાહિત્ય'માંથી

''આધુનિક સંત કવિ રંગ અવધૂતના 'અવધૂતી આનંદ', 'આત્મચિંતન' અને 'ઉષઃપ્રાર્થના' આ ત્રણ કાવ્યસંગ્રહો ગુજરાતી વાચકો માટે પ્રકાશિત કરીને ભાઈ અમૃતલાલે ગુજરાતી સાહિત્યની સારી સેવા કરી છે. ×× પ્રભુવિષયક ઉચ્ચ ભક્તિથી ઓતપ્રોત તત્ત્વચિંતનના ગેબી ઉદ્ગારોથી છલકાતું શાંતરસયુક્ત કાવ્ય હાથમાં આવે તો સહરાના વિસ્તીર્ણ રેતીવાળા મેદાનમાં એક મીઠા પાણીનું ઝરણું મળવાથી જેટલો આનંદ થાય તેટલો આનંદ કાવ્યરસિકને થાય તો નવાઈ નથી.



જગત્સુહૃદ્

×× ''કવિએ પોતાનાં કાવ્યો ચાર ભાષામાં લખ્યાં છે : ગુજરાતી, મરાઠી, હિન્દી તથા સંસ્કૃતમાં. તેમાં મોટો ભાગ ગુજરાતી કાવ્યભજનોનો છે. હિન્દી પદ્યો થોડાં જ છે, પણ તે શુદ્ધ ભાષામાં લખાયાં છે અને તેજસ્વી છે. સંસ્કૃત કાવ્યો અતિ શુદ્ધ, પ્રગલ્ભ અને પ્રાસાદિક છે. મરાઠીમાંનું કાવ્ય પ્રસિદ્ધ સંતકવિ તુકારામ, એકનાથ વગેરેનાં કાવ્યો કરતાં કોઈ પણ બાબતમાં ઊતરતું નથી. અને ગુજરાતી જોકે કવિની માતૃભાષા નથી તોપણ તેમાં કવિ નિઃસંશય સિદ્ધહસ્ત છે. પાશ્ચાત્ય વિદ્યામાં તરબોળ થયેલા કવિમાં જૂની સંસ્કૃતિ રસિકહૃદયને રંજન કરે એટલી પ્રાસાદિક શૈલીમાં અવતરેલી જોઈ અમને હર્ષ થાય છે.''

(પ્રો. રા.બ. આઠવલે - 'વસંત' ઈ.સ. ૧૯૩૨ અંક-૭)

" 'Avadhuti-Anand' contains the Gujarati Bhajan-songs-written by H. H. Shri Rang Avadhut at different times according to his highly spiritual moods. In act they breathe out his divine intoxication, his superhuman spiritual experiences, and are a storehouse of prescious pearls of divine realization.

– Ramanbhai Patel, Kampala
(Forward : 'Songs of the Avadhuut, (1972)
translated by Shri Shantilal Thaker,
Vidyabhasker

'રંગહૃદયમ્'*

અવલોકન :



જગત્સુહૃદ્

'रङ्गहृदयम्' સંસ્કૃત ભાષામાં અવધૂતજીએ અંતઃસ્ફુરણાથી અધ્યાત્મજ્ઞાન અને પ્રેમ-સમર્પણનાં અભિવ્યક્ત કરેલાં સંવેદનોનો પદ્યસંગ્રહ છે. સંસ્કૃત વૃત્તો અને લયમેળ પદબંધના સહજ વિનિયોગને કારણે આ અભિવ્યક્તિ સ્તોત્ર-કવિતા તરીકે સ્વાભાવિક જ ઓળખાવી શકાય છે. આ સ્તોત્ર-કવિતામાં અવધૂતજીનું ભાષાકર્મ પ્રતિભાવંત સર્જક તરીકેનું પ્રતીત થાય છે. અલંકારવિધાન અને છંદોવિધાનમાં વર્તાતું અનાયાસત્વ વિસ્મયાનુભવ કરાવે છે તો પ્રત્યેક સ્તોત્ર રચનામાં અંતર્નિહિત શ્રેયાર્થની વ્યંજિત થતી ભાવસૃષ્ટિ 'सत्यं शिवम् सुन्दरम्'ની ઝાંખી કરાવી, હૃદયગ્રંથિઓને મોળી પાડવાનું દુર્લભ પરિણામ પણ પાર પાડે છે. અવધૂતજીની આ સ્તોત્રરચનાઓ પૈકી કેટલીક રચનાઓ શ્રુતિગર્ભ અને મંત્રગર્ભ છે. તેથી આ રચનાઓનું ઔપાસનિક મહત્ત્વ તો સ્વયં સ્પષ્ટ છે. 'રંગપત્રમંજૂષા'ના કેટલાક પત્રોમાં અવધૂતજીએ આ વિશે પ્રગટ નિર્દેશો પણ કરેલા છે, એનું અહીં સ્મરણ કરીએ. પંચાયતનસ્તોત્ર ઉપરાંત શ્રી દત્તાત્રેય (વિષ્ણુ સ્વરૂપે) ભગવાન શિવ, શ્રી રામચંદ્ર, શ્રી હનુમાનજી, શ્રી કૃષ્ણચંદ્ર, દેવી (અંબિકા, ચંડિકાજી, લલિતા, શ્રી લક્ષ્મી, નર્મદાજી, ગંગા, યમુનાજી)નાં સ્તોત્રો, સદ્‌ગુરુ શ્રીપાદવલ્લભ, નૃસિંહસરસ્વતી, અક્કલકોટના સ્વામી સમર્થ અને શ્રી વાસુદેવાનંદસરસ્વતી વગેરેનાં સ્તોત્રોનાં પઠન-સ્તવન કરતાં ઉપાસ્યદૈવતમાં અનેકમાં એકત્વની અને એકમાં અનેકત્વની નિષ્ઠા ને સર્વમાં અચલ સમર્પણની જિકર માટે સમજણ આવે છે. 'ભક્તિહૃદય' વિભાગનાં આ સ્તોત્રો પૈકી શ્રીવાસુદેવનામસુધા પોતાના સદ્‌ગુરુના વિભૂતિમત્ વ્યક્તિત્વને નિરૂપતી પદ્યચરિત્રાત્મક દીર્ઘરચના છે, તો 'दत्तनामस्मरणम्' અને 'श्री दत्तनामसंकीर्तनम्' નવધા ભક્તિ પૈકીની સ્મરણ અને કીર્તન ભક્તિનો અધ્યાત્મ-ઉત્થાન માટેનો અનર્ગળ મહિમા સ્તવે છે, ઉપરાંત ઉપાસ્ય દૈવતમાં સંપ્રદાયનિરપેક્ષ કેવી અખિલાત્મક

---

* પ્રથમ આવૃત્તિ ૧-૫-૩૨ના રોજ પ્રસિદ્ધ, ગુજરાતી ભાવાનુવાદ સાથે પ્રથમ આવૃત્તિ ૨૫-૬-૭૯માં પ્રસિદ્ધ. તેમાં ૬૯ સ્તોત્રો 'ભક્તિહૃદયમ'નાં, ૮ 'જ્ઞાનહૃદયમ્'નાં અને પરિશિષ્ટરૂપે અન્ય ૧૫ રચનાઓ પ્રકીર્ણ સ્વરૂપની છે.

અદ્વૈત દૃષ્ટિનો અભિગમ પ્રગટતો રહેવો જોઈએ તેનો માર્મિક બોધ પણ સહજ પ્રાસાદિકતાથી નિષ્પન્ન કરે છે.



જગત્સુહૃદ્

दत्तं त्वया निखिलमेव निजं परार्थे
त्वां दत्तमाहुरमरा नृवराश्च सर्वे ।
त्रीश त्वमेव जगदादिज उत्कदोऽसि ।
त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ।।

'તેં પોતાનું સર્વસ્વ પરાર્થે આપી દીધું છે. તેથી તને દેવો અને મનુજશ્રેષ્ઠ બધાંજ 'દત્ત' કહીને પુકારે છે. હે ત્રીશ (દત્તાત્રેય), તું જ જગત વગેરેને ઉત્પન્ન કરનાર છું (અને) ઇચ્છા પૂર્ણ કરનાર છું તને જ હે દેવ, હું પ્રણામ કરું છું. હે દત્ત ભગવાન, પ્રસન્ન થા.''

વ્યક્તિ-સમષ્ટિરૂપે ચેતન-અચેતન જગતસર્વ દત્તરૂપે હોવાથી પરમાત્માના જ આવિષ્કારો છે. આવિષ્કારોની અનંતતાને જ અવધૂતજીએ 'નિરાકાર' સંજ્ઞાથી વ્યક્ત કરી છે ઝાંબિયા દેશમાં આવેલા વિકટોરિયા નામનો ધોધ અવધૂતજીને સદાશિવ શંભુરૂપે જ પ્રત્યક્ષ થાય છે;

नमः शान्ताय सत्याय सुन्दराय शिवाय ते
जलप्रपातरूपाय डमरूद्घोष कारिणे ।।

ૐકારરૂપી ડમરુના ઉદ્ઘોષ કરનાર, જળધોધસ્વરૂપ ને શાંત, સત્ય અને સુન્દર શિવને નમસ્કાર.

शिलोच्चयः स्थाणुरूपो जलं विष्णुः सनातनः ।
बोधन्नुभयोरैक्यं स्थितोऽस्त्यत्र सदाशिवः ।

પર્વત શિવસ્વરૂપ છે અને જળ સનાતન વિષ્ણુ છે. એ બંનેના ઐકયનો બોધ કરતો તે સદાશિવ અહીં ખડો છે. 'ભૂતનાથસ્તવઃ'માં પશુપતિ પરમેશ્વર, જૈનોના પાર્શ્વનાથ, મુસલમાનોના અલ્લા અને વેદાંતીઓના બ્રહ્મ - સૌને એકરૂપ વર્ણવી સૌનો જયજયકાર ગાયો છે. આ જ રીતે 'कार्तिकादिमासक्रमेण ईशप्रणतिः'માં કૃષ્ણ, કાર્તિકેય, દત્ત, સૂર્ય, શંકર, યજ્ઞનારાયણ, રઘુનંદન, જગદ્ગુરુશંકરાચાર્ય, ગંગાજી, ગણેશજી અને ચંડિકા સ્વરૂપની, સ્તુતિવંદના અવધૂતજીની અલૌકિક અનોખી ઈશ્વર આસ્થાને જ ઓળખાવે છે.

અવધૂતજીએ પૌરાણિક કથાઓના સંદર્ભે ત્રિમૂર્તિસ્વરૂપ દત્તાત્રેયની આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક દૃષ્ટિઓ પ્રયોજીને સ્થૂળ મૂર્તિપૂજાને સૂક્ષ્મ ભૂમિકાએ આચરવાનો રાહ ચીંધ્યો છે. સાધકે ઉપાસ્ય દૈવત પાસે શરણભાવે સમજણપૂર્વક દીક્ષા-શિક્ષા લેવી પડે. એ દીક્ષા-

શિક્ષા એટલે કંઠીગ્રહણ અને શુષ્કાચાર નહીં જ, એ દીક્ષા-શિક્ષાનું સ્વરૂપ અવધૂતજીની દૃષ્ટિએ આ છે :

હૃચ્છુદ્ધિરેવ ભગવંસ્તવ ચારુદીક્ષા ।
દાનં દયા દમનમેવ તવાસ્તિ શિક્ષા ।।



જગત્સુહૃદ્

પોતે કોણ છે ? એવો જિજ્ઞાસામૂલક પ્રશ્ન ઊઠે એ ક્ષણ જ ઉજાગરતાની છે. આવી ક્ષણ જ હૃદ્શુદ્ધિની દિશાનું પ્રકાશકિરણ અંતઃકરણને અજવાળું બતાવે છે કે, 'દાન કરો, દયા કરો અને દમન કરો.' સૃષ્ટિના રચયિતા, નિયંતા અને વિલયકર્તાને જે સંજ્ઞા આપવી હોય તે આપો, એ સૃષ્ટિનું સજાગતાથી નિરીક્ષણ કરતા રહેવાથી સાધકને દાન,દયા અને દમનનો સાંકેતિક બોધ થયા વિના રહેશે નહિ. પ્રેયોમુખીને શ્રેયોમુખીમાં રૂપાંતરિત થવાની આ જ ચિરંતન પ્રક્રિયા છે. અવધૂતજીનો આ સંકેત 'દત્તપ્રાર્થનાદ્વાદશકમ્' માં પ્રગટ રીતે મળે છે :

નક્તંચરો વિધુરસૌ ગગનં સતારં
ઘસ્રેશ એષ ભગવન્ ભુવિ સપ્તસપ્તિઃ ।
ગર્જન્નસાવુદધિરીશ તવ સ્વરૂપમ્
ત્વામેવ દેવ પ્રણમામિ પ્રસીદ દત્ત ।।

આ રાત્રીએ પ્રકાશતો ચંદ્ર, તારાઓ સહિત આકાશ, હે ભગવાન, આ પૃથ્વી ઉપર સાત ઘોડાઓના રથવાળો સૂર્ય અને હે ઈશ, આ ગર્જના કરી ઘુઘવતો સાગર એ તારાં જ સ્વરૂપો છે. તને જ હે દેવ, હું પ્રણામ કરું છું. હે દત્ત ભગવાન, પ્રસન્ન થા.

આમ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશરૂપી પંચતત્ત્વોનાં અનંત સંયોજનોરૂપે ચેતન-અચેતન જગત જ પરમ તત્ત્વ છે અને તે સૌની વિવિધતા/વિભિન્નતામાં અનુસ્યૂત એકત્વ અને અદ્વૈત્વની અનુભૂતિ માટેનું ઉત્કટ આક્રન્દ સાધક હૃદયથી થવા માડે છે ત્યારે અન્-અસૂયપુત્ર દત્ત એટલે કે વિશુદ્ધ સ્વ-સ્વરૂપ જ પ્રસન્નતાપૂર્વક અંતર-નાદ સંભળાવે છે : વિરમ સુરુતે મા ભૈષીસ્ત્વં હ્યહં તવ પાર્શ્વગો । ભરણનિપુણે કા ચિન્તા સ્યાચ્છિશોઃ પિતરિ સ્થિતે। 'અત્યન્ત આર્દ્ર રુદન બંધ કર. જરાય ડર રાખીશ નહિ. હું તારી પડખે જ છું. ભરણપોષણ કરવામાં સમર્થ એવા પિતા વિદ્યમાન હોય ત્યારે બાળકને શાની ચિન્તા હોય ?'

દત્તાત્રેયના 'ત્રિમૂર્તિ'ના પ્રચલિત સંકેતને 'સદ્ગુરુ', શ્રી ગણેશ અને પરબ્રહ્મની ત્રિમૂર્તિરૂપે નિરૂપીને સત્-ચિત્-આનંદ તત્ત્વની શરણાગતિની અવધૂતજીએ ઉત્કટ અભીપ્સા રાખી છે : ૧.તસ્મિન્



જગત્સુહૃદ્

शरण्येऽव गुरो गणेश / सुखात्मरूपात्मपदं प्रदेहि । त्रिधा त्रिमूर्तिं प्रणमामि भक्त्या/ त्रिरङ्गनाशाय विभक्तिमत्या ।।* ગુરુ, ગણેશ અને શરણ આપવામાં ઉદાર એવા પરબ્રહ્મને શરણે જાઉં છું. હે ગુરુ, ગણેશ અને પરબ્રહ્મ, તું મારું રક્ષણ કર. આનંદસ્વરૂપ આપનું પોતાનું પદ મને આપ. (સાતે) વિભક્તિવાળી ભક્તિ (સ્તુતિ) વડે હું ત્રિવિધ તાપના નાશ માટે (એ) ત્રિમૂર્તિને ત્રણ પ્રકારે પ્રણામ કરું છું.

'अर्बुदाभिन्नगुरुस्तुतिः'માં આબુનો ગિરિરાજ અને સમગ્ર પરિસર સ્તુતિવિષય બન્યો છે, કેમ કે તે સ્વયં વિરાટ વિષ્ણુરૂપ છે, ગુરુવર છે અને ગુરુથી બીજું કોઈ તત્ત્વ નથી. આ સમજણબળે જ અવધૂતજી પ્રાર્થે છે : 'गुरौ चित्तं मे द्राग् विशतु ह्यभयं मे कुरु गुरो ।'

'ज्ञानहृदयम्' અંતર્ગત આઠ રચનાઓ અદ્વૈતાનુભૂતિની પીઠિકા પર સ્થિત રહીને વેદાન્તદર્શનની પ્રતિષ્ઠા અનંતગણી વધારે છે. જગદ્‌ગુરુ શ્રીમદ્ શંકરાચાર્યજી અને જગદ્‌ગુરુ વલ્લભાચાર્યજીનાં વેદાન્તદર્શન અહીં અવિરોધી સમ્યક્‌તાનું રૂપ લે છે. 'तत्त्वचिंतनम्' ઉષઃપ્રાર્થના છે. ઉષઃકાળ અવધૂતજીની દૃષ્ટિએ અજ્ઞાનરૂપી પથારીને ત્યજી જ્ઞાનપ્રકાશ પ્રત્યે અભિમુખ થવાનો કાળ છે. જ્ઞાનપ્રકાશને ઝીલતાં ઝીલતાં મોહરાત્રી દૂર થવાની જ. અને ત્યારે જગતની અનિત્યતા સાન્તતા/મિથ્યાત્વ અને બ્રહ્મતત્ત્વની સત્યતા, શાશ્વતા એટલે કે નિત્ય અનંતતા ઓળખવાની અંતઃકરણમાં ક્ષમતા આવે; વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્તિ અને મુમુક્ષુતાભર્યો આચાર ધીમે ધીમે જીવન્ત બનતો આવે અને સ્વસ્વરૂપમાં એટલે કે તત્ત્વદૃષ્ટિએ જીવ-જગત અને જનાર્દનની અભિન્નાવસ્થામાં સ્થિત રહી જીવનમાં નિઃશેષ આનંદ-ઓચ્છવ માણતા રહેવાય.

'प्रश्नोत्तरमाला'[૧] ના ૩૧ શ્લોકોની રચનારીતિ ધ્યાન ખેંચે છે. જીવનધ્યેયલક્ષી પ્રશ્નો અને તેના જીવનવિકાસલક્ષી ઉક્તિલાઘવથી માર્મિક ઉત્તરોની સંસ્કૃતસાહિત્યની એક લાક્ષણિક પરિપાટીનું અહીં અનુસંધાન થાય છે. આ ગ્રંથરચનાનું પ્રયોજન ગ્રંથના છેલ્લા શ્લોકમાં વર્ણવ્યું છે.

---

*गुर्वभिन्नगणेश स्तुतिः સ્તોત્રમાં વિભક્તિપ્રત્યયોની પ્રયુક્તિ કાવ્યચમત્કૃતિનો અનુભવ કરાવે છે.

[૧] ડૉ. જયેન્દ્ર દવેનું સટીક સંપાદન પ્રસિદ્ધ છે. અને શ્રી જયંતીલાલ આચાર્યનો અનુવાદ પણ સ્થાન તરફથી પ્રસિદ્ધ થયો છે.

प्रश्नोत्तरमालेयं 'रङ्ग'ग्रथिता मुमुक्षुभूषायै ।
तोषायास्तां विदुषां दुर्जनदोषापहा सदा लोके ।

'આ પ્રશ્નોત્તરમાલા મુમુક્ષુઓને વિભૂષિત કરવા માટે, વિદ્વજ્જનોના સંતોષ માટે 'રંગે' ગ્રંથિત કરી છે અને તે લોકોમાં સદા દુર્જનના દોષને દૂર કરનારી થાઓ.' જીવનધ્યેય અને જીવનવિકાસને યુગપત્ સંકેતિત કરતી પ્રશ્નોત્તરશ્રેણીનું એક દૃષ્ટાન્ત જોઈએ :



જગત્સુહૃદ્

किं तीर्थं स्वस्वान्तं शुद्धं देवोऽत्र निर्मलो ह्यात्मा ।
को मन्त्रः श्वासकृतो हंसः सोऽहं विमुक्तिदा लोके ।।

- તીર્થ શું છે ? ઉત્તર - પોતાનું શુદ્ધ અંતઃકરણ. દેવ કોણ ? ઉત્તર - નિર્મળ આત્મા જ.

મંત્ર કયો ? ઉત્તર - શ્વાસોચ્છ્વાસમાં ચાલે છે તે હંસઃ સોઽહં; લોકમાં મુક્તિદાયક છે.

'અક્ષરગીતા' અ'કારથી હ'કાર સુધીની વર્ણમાળાને ક્રમિક ગૂંથતી સદ્બોધપરક ૫૦ શ્લોકની દીર્ઘ કૃતિ છે. અવધૂતજીએ આ કૃતિનું ધ્યાનપૂર્વક ગાન-ધ્યાન કરનારનું જીવનમુક્ત દશામાં રૂપાન્તર થયા વિના રહેશે નહિ એવી સમર્થ ધરપત આપી છે. એ જ રીતે 'બોધમાલિકા'[૧] શ્રેયાર્થીનું જીવનપાથેય કહી શકાય તેવી ૫૧ શ્લોકની સુમાલિકા છે. શ્રેયાર્થી માટે ચર્યાવિવેક, ઉક્તિલાઘવ ગુણ ધરાવતી પદાવલિઓમાં પ્રસ્તુત થયો છે. 'मुक्तिस्तोत्रम्' (શ્લોકો ૧૬),'अन्त्यप्रार्थना' (૨૪ શ્લોકો), 'कोऽहम्' (૭ શ્લોકો) અને 'चिदानन्दरूपः शिवः केवलोऽहम्' (હરિદ્વારમાં ૧૫-૧૧-૬૮ના રોજ રચાયેલું અપૂર્ણ સ્તોત્ર-૩ શ્લોકો) પરમતત્ત્વનાં સત્-ચિત્-આનંદ રૂપો સાથેની તન્મયતાની અધ્યાત્મ મસ્તીને નિરૂપતી રચનાઓ છે. 'જ્ઞાનહૃદયમ્'ની આ ત્રણ રચનાઓ અવધૂતજીની ક્ષર-અક્ષરથી ઊફરી અક્ષરાતીત ભાવદશાને વ્યંજિત કરતી સમાધિભાષા છે.

પરિશિષ્ટ રૂપે મુકાયેલી ૧૫ ગદ્ય-પદ્યમિશ્રિત રચનાઓ અવધૂતજીએ પ્રસંગોચિત જે કંઈ વાણી ઉચ્ચારી હોય કે લખી મોકલી હોય તેની ઉપલબ્ધિનો સંચય છે. નમ્રતા, સાધુતા, શ્રેયાર્થની ખેવના, વિદ્યા-કલાનો પુરસ્કાર, ધર્મરક્ષણના ઉપાયો, આસ્થાળુ ભક્તોને આશિષની આ વાણી

[૧] અવધૂતજીએ સ્વયં આ કૃતિનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ કર્યો છે, જે પ્રકાશિત છે. આ જ કૃતિ પર વિશદ વિવરણ કરતા બે ગ્રંથો ઉપલબ્ધ છે. (૧) બોધમાલિકા : તદ્રૂપાનંદજી (૨) बोधमालिका : ડૉ. દેવદત્ત શિ. જોષી.

છે. અવધૂતજીની જગત્સહૃદયતાને વ્યંજિત કરતી સન્તત્વની મુદ્રા આ વિભાગની પ્રત્યેક રચનાનું શ્રેષ્ઠ લક્ષણ છે, એ એમાંથી પસાર થતાં તુર્ત જ દેખાઈ આવશે.



જગત્સુહૃદ્

આચમન :

(૧) હર હર ગણેશાઘમખિલમ્ ।
હે ગણેશ ! અમારાં સઘળા પાપને તદ્દન દૂર કર.

(૨) દત્તાસતઃ સન્નય ।
હે દત્ત ! અસતમાંથી સત્ તરફ (અમને) લઈ જા !

(૩) શિવે મન એતુ સદાऽવ શિવ । હે શિવ ! તું સદા (મારું) રક્ષણ કર !

(૪) રવયેऽઞ્જલિરામ્। (ખરેખર) રવિને અંજલિ (અર્પું છું)

(૫) દેવિ માં મા જહિ । હે દેવી ! તું મને હણીશ નહિ !

(૬) શાસ્ત્રં શસ્ત્રં મલ્લવિદ્યાદિ સર્વં ।
સ્નાનં ધ્યાનં યોગયાગાદિકં ચ ।।
પૂર્તેષ્ટાદિ પ્રાણવિત્તાપહારિ ।
શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।।
વૃથા શાસ્ત્ર ને શસ્ત્ર કુટાવી મારે,
વળી સ્નાન ને ધ્યાન યોગાદિ આ રે !
હરે વાવકૂવાદિ હા પ્રાણવિત્ત,
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત !

(૭) શ્રી દત્ત દત્ત હતદાનવ દત્ત દત્ત । (દાનવને હણનાર)
શ્રીદત્ત દત્ત વૃતતાનવ દત્ત દત્ત ।। (લઘુતા પસંદ કરનાર)
શ્રીદત્ત દત્ત અતિમાનવ દત્ત દત્ત । (માનવોથી પર)
શ્રીદત્ત દત્ત બહુધા નવ દત્ત દત્ત ।। (અનેકરીતે નવો)

(૮) યત્સત્તાકં પ્રાણિતિ સર્વં પ્રાણાદિ ।
શ્રોત્રં શબ્દં વૃણુતે મનુતે મન આદિ ।।
એકં નાના યં કવયન્તિ જ્ઞવિશેષા ।
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોऽસ્મિ ।।
'જેની સત્તાથી સર્વ પ્રાણ વગેરે પ્રાણ ધારણ કરે છે,
કાન શબ્દ સાંભળે છે, મન વગેરે વિચાર કરી શકે છે

તથા (જે એક હોવા છતાં તેના વિશે) વિશિષ્ટ જ્ઞાનીઓ
એક એવા એનું વિવિધ રૂપે કવન કરે છે,
એવા હૃદયમાં વસનાર દત્ત ભગવાનને હું નમું છું



જગત્સુહૃદ્

(૯) શ્રીરામ યાચે તવ પાददास्यं । હે રામ, તમારા ચરણનું દાસત્વ યાચું છું.
रामो रामायणं रामभक्तिः स्वाद् रङ्गपावनी ।
यावत्सृष्टिः प्रवर्तते रां रामाय नमोऽस्तु तम् ॥
જ્યાં સુધી સૃષ્ટિ પ્રવર્તે છે ત્યાં સુધી રામ, રામાયણ અને 'રંગ' (સંસાર)ને પાવન કરનારી રામભક્તિ ચાલુ રહેશે, તેથી 'રાં' બીજવાળા રામને નમસ્કાર હજો.

(૧૦) ॐकारतत्त्वदेहस्त्वं जूंबीजजपतोषितः ।
सः शंकरः प्रवातात्मा नमस्ते मारुतेऽनघ ॥
હે પાપરહિત મારુતિ, કલ્યાણ કરનાર વાયુના આત્મ(પુત્ર)રૂપ, સઃ બીજરૂપ, આપ ૐકારના તત્ત્વરૂપી દેહવાળા છો અને જૂં બીજના જપથી સંતોષિત થનાર છો. આપને નમસ્કાર હો !

(૧૧) श्रीयादवाधीश हरे कृपालो पाहि स्वकं मां शरणागतं भोः ।
कृष्णातटे यः किल दत्तनामा स एव कृष्णस्त्वमिहैकरूपः ॥
હે યાદવોના અધિપતિ, હરિસ્વરૂપ, કૃપાળુ, શરણે આવેલા આપના એવા મને રક્ષો; જે કૃષ્ણાના કિનારે દત્ત નામથી પહેલાં હતો તે જ અહીં તું કૃષ્ણ સ્વરૂપે એક રૂપધારી છો.

(૧૨) मातश्चाम्बे जागृहि जागृहि नाशयितुं भारतमेतद् ।
धावन्त्यसुरा उन्मत्तास्ते किं शेषे नो पश्यसि किम् ॥
હે મા ! હે અંબે ! જાગ, જાગ !
તારી આ ભારતભૂને ખેદાનમેદાન કરી નાખવા
કેવળ ભૌતિકતામાં રાચનાર
એ ઉન્મત્ત અસુરોનાં ટોળાં ધસી રહ્યાં છે.
હે મા ! તું કેમ ઊંઘે છે ? તું આ બધું નથી જોતી શું ?
एं ह्रीं क्लीं चामुंडायै विच्चे विच्चे चामुण्डायै ।
श्रुत्वेव प्रादुरभवदम्बा स्मितवदना गुञ्जत्येवम् ।
का चिन्ता ते पार्श्वस्थाऽहं नित्यसहाया वीराणाम् ।
विजयोऽस्माकं निश्चिनु निश्चिनु जय भारत ।
जय हिन्द सदा ॥



જગત્સુહૃદ્

ઐં હ્રીં કલીં ચામુણ્ડાયૈ વિચ્ચે વિચ્ચે ચામુણ્ડાયૈ
એ સાંભળીને જ જાણે કે
મા અમ્બા પ્રગટ થયાં
આછું હાસ્ય વેરતાં વેરતાં
ગુંજી-ગાજી રહ્યાં એ :
તારે શી ચિંતા છે ?
ખડી છું હું પાછળ
વીરોને નિત્ય સહાય કરતી,
નિશ્ચિતપણે માન કે
વિજય આપણો છે.
નિઃશંક વિજય આપણો જ છે.
ભારતનો સદા જયજયકાર હો. જયહિન્દ.

(૧૩) माणवं पाण्डुरङ्गाख्यं स्वप्नदर्शनमात्रतः ।
चकारार्यं त्वनार्याद्यो वासुदेव नमोऽस्तुते ।
जहि वा शाधि वा चाम्ब स्वीकुरु दूरमुत्सृज ।
तवैवाहं तवैवाहं पुनः पुनः॥

(૧૪) गुरुकृपा हि केवलम् ।
शिष्यपरममङ्गलम् ॥

(૧૫) गायति रेवा रवमधुरम् ।
हर हर ॐ ॐ हर हर ॐ ॐ
हर हर ॐ ॐ हर हर ॐ ॐ
सायं प्रातः प्रातः सायं हर हर ॐ ॐ सततमिति।
मेकलजाता मनसि विभाता, रौति कलं किमपीह चिरम् ।
त्वमहमहं त्वं त्वमहमहं त्वं, त्वमहमहं त्वं त्वमहमिति ॥
तडिदुज्ज्वलजलमुखतः स्तौति, नीरङ्गं नानारङ्गम् ।
ब्रह्माहं त्वं ब्रह्मैवेदं, जलशीकरवदभिन्नमिति ॥

"નર્મદા મધુર સુરમાં ગાય છે
હર હર ૐ ૐ હર હર ૐ ૐ (૨)
સાંજ-સવારે, સવારે-સાંજે સતત હર હર ૐ

મેકલ (પર્વત)માંથી જન્મેલી (નર્મદા) મનમાં પ્રકાશે છે. અહીં લાંબા સમયથી કંઈક મધુર અવાજ કરે છે. તું હું છું, હું તું છે.

વીજળી જેવા પ્રકાશતા જળ દ્વારા રંગ (સંસાર) વગરના છતાં જાતજાતના રંગવાળા, (પરમાત્મા)ની નર્મદા સ્તુતિ કરે છે... હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છે, અને આ બધું પાણી અને એનાં ટીપાંની માફક એકબીજાથી અભિન્ન છે.''

(૧૬) चिदानन्दरूपः शिवः केवलोऽहम् ।

હું તો ચિદાનંદસ્વરૂપ કેવળ શિવ જ છું.



જગત્સુહૃદ્

અર્ચન :

''શ્રીરંગ અવધૂતજીના અંતરંગમાં રહેલી શ્રીદત્તભક્તિ સંસ્કૃત-કાવ્યામૃતરૂપી ઝરણુ બની રેવાના પ્રવાહની માફક અત્યંત કલ્લોલપૂર્વક વહી રહી છે. ×× શ્રી શંકરાચાર્ય-વલ્લભાચાર્યથી શરૂ કરી જે આચાર્યવર્યોનું સ્તોત્રવાઙ્મય છે તેમાં જે કાવ્યગુણો પ્રકાશે છે તે બધા જ ગુણો આ 'રંગહૃદયમાં ઉત્કટતાથી જોવામાં આવે છે''

પ્રો. ડૉ. શ્રીધર ભાસ્કર વર્ણેકર,
નાગપુર

''જેમાં રંગ અવધૂતજીએ પોતાનું હૃદય સમગ્રતાથી ખોલી લીધું છે, જેમાં પોતાના સહુ ભાવ-રંગોને સમુજ્જ્વલ કર્યા છે અને જેમાં આદિથી અંતસુધી કેવળ આનંદરંગનો ઉદ્‌ઘોષ કર્યો છે, તે રમણીયાર્થપ્રતિપાદક કાવ્ય એટલે 'રંગહૃદય'.

''×× સવિશેષ ભક્તિભાવથી, પ્રસન્નગંભીર ભાષાશૈલીમાં વિવિધ વિભૂતિઓની અવધૂતજીએ આદરેલી અક્ષરઆરાધના 'ભક્તિહૃદય'માં જોવા મળે છે. વૈદિક સમયથી અવિરતપણે વહેતી આ ભક્તિ-ભાગીરથીનું વિવિધ સંતકવિઓએ જુદી જુદી ભારતીય ભાષાના આશ્રયથી નાનાંમોટાં સ્વરૂપોનું દર્શન કરાવ્યું છે તેમાં 'ભક્તિહૃદય'નાં ભાવગીતોનું સ્થાન તેમાંના, અભિજાત સૌન્દર્યને લીધે અનેરું, અનુપમ જણાય છે. ×× જ્ઞાનહૃદયમ્'નું સમગ્ર કાવ્ય આત્મનિષ્ઠા તથા જીવનચિંતન-નિરીક્ષણ ઉપર આધારિત હોઈ અત્યંત મનનીય તથા પ્રબોધક છે.''

પ્રો. ડૉ. ઉમા દેશપાંડે,
વડોદરા

''રંગઅવધૂતજીની 'તત્ત્વાનુભૂતિ' એટલે જ આ 'રંગહૃદયમ્'. રંગહૃદયમ્ દેવભાષામાં રચાયેલ સ્તોત્રસંગ્રહ છે. એ આયાસજન્ય કવિવાણી નથી, એ છે એક મહર્ષિની 'શ્રુતિ-વાણી', અવધૂતજીની સમાધિભાષા છે. પરમતત્ત્વના એમને થયેલ સાક્ષાત્કારનો અક્ષરદેહ છે.



પ્રો. શિવપ્રસાદ દવે,
અમેરિકા.

જગત્સુહૃદ્

બોધમાલિકા :

વાસુદેવગુરું નત્વા સત્તામાત્રં સદોદિતમ્ ।
સ્વાત્મરંજનમાત્રાર્થં તન્યતે બોધમાલિકા ॥૧॥
વાસુદેવ ગુરુને નમું સત્તાજયોતિસ્વરૂપ;
સ્વાત્મરંજન કારણે ગૂંથું માળ સુરૂપ ૧

પૂ. શ્રીરંગ અવધૂતે પોતાના ચાહકો કે ભક્તોને એકઠા કરી ઉપદેશ આપવાનું કાર્ય કર્યું નથી. નિશ્ચિત સમયે ભાવિકો ભેગા થાય અને મહારાજ ઉપદેશ આપે, પ્રવચન કરે અને શ્રોતાઓ તે સાંભળે એવું દૃશ્ય અવધૂતના સંપર્કમાં આવેલા માણસોએ જોયું નથી. કોઈક શિક્ષણ-સંસ્થા જેવી સંસ્થા હોય કે કોઈક વિશિષ્ટ પ્રસંગ હોય અને બહુ વિનંતી કરવામાં આવે તો બે શબ્દો કહે. છેલ્લાં વર્ષોમાં તેમની જન્મજયંતીના પ્રસંગે બહુ ટૂંકું ઉદ્‌બોધન કરતા, પણ તેમાંય ઉપદેશ આપનાર દેખાતો નથી પણ સામૂહિક ચિંતન કરી આત્મખોજ કરનાર અને એ તરફ વળવાની પ્રેરણા આપનાર જ દેખાય છે. એ ઉદ્‌બોધનમાંય અવધૂત બધાંની સાથે રહીને જીવનનો વિચાર કરતા જણાય છે. પોતે જીવનમાં કોઈ ઊંચા આસને બેઠા છે અને અન્ય પામર માણસો છે એવા ભાવનો અંશ પણ દેખાતો નથી. કેટલીક વાર તો મુક્તમને વિચાર કરતા હોય (Loud thinking કરતા હોય) એવું જ લાગે છે. પોતાને થતા આનંદના સહભાગી બધા બને એવી ભાવનાથી કંઈક કહેતા હોય એવું લાગે છે. 'અમર આદેશ' માં એમણે લખ્યું છે કે ઉપદેશકો જોઈએ છે વાણીશૂરા નહિ પણ વર્તનશૂરા. એમણે એટલે જ સત્સંગ પ્રવચનો આપ્યાં નથી. એમનું જીવન એ જ એમનો ઉપદેશ છે. આચાર દ્વારા અન્યમાં રહેલા સત્‌ને જગાડવું; સંકોરવું એમણે ઉચિત માન્યું છે. એટલે જ **બોધમાલિકા** અન્યને ઉપદેશ આપવા રચાઈ નથી

પણ સ્વાત્મરંજન માટે રચાઈ છે. તુલસીદાસે રામાયણ રચવાનો પોતાનો ઉદ્દેશ 'સ્વાન્તઃસુખાય તુલસી રઘુનાથગાથા' એ જણાવ્યો છે. એ આત્મરંજન આત્મખોજ કરવાથી મળે છે. એટલે અવધૂતે આત્મખોજ માટે ૫૧ શ્લોકમાં **'બોધમાલિકા'** રચી છે. એકાંતમાં બેઠેલો સાચો સાધક અંતરમાં ઊંડો ઊતર્યા કરે, શું કરવું શું ન કરવું એનો વિચાર કર્યા કરે અને પોતાને સમજાયેલા સત્યોની નોંધ કરે. પ્રત્યેક અનુભવમાંથી સત્યનું નવું નવું રૂપ પ્રગટ થયા કરતું હોય છે. એ અનુભવની અને એમાંથી પ્રગટ થતા સત્યની હારમાળા એ ફૂલમાળા જેવી છે, જેમાં સૌંદર્ય છે, સુવાસ છે, કુમાશ છે, તાજગી છે.



જગત્સુહૃદ્

'શ્રીગુરુલીલામૃત'



જગત્સુહૃદ્

અવલોકન :

"ગુરુ તે જ ઈશ્વર । દત્ત ત્રિમૂર્તિ નિર્ધાર ।
તલ્લીલાનો વિસ્તાર । કલિતાર જાણ આ ।૭।
એકંદર ગ્રંથસંખ્યા । ઊનવિંશતિ સહસ્ર લખ્યા ।
દોહા ત્રણ કાંડે ભાખ્યા । જ્ઞાન કર્મ ઉપાસના ।૮।
યત્સત્તાથી વર્તે દેહ । તત્સેવામાં અર્પી એહ ।
મન બુદ્ધિ ઇન્દ્રિય સહ । કર્યું સ્તવન તેહનું ।૯।
પદં ત્રેધા નિદધે । એમ વર્ણવ્યો જેને વેદે ।
તે જ એક ત્રિપદા ભેદે । ગાયો સંદેહ મૂકી ।૧૦।

રંગ અવધૂત

'શ્રીગુરુલીલામૃત'ની રચના વિ.સં. ૧૯૮૮ (ઈ.સ. ૧૯૩૨)માં થયેલી, વિ.સં. ૧૯૯૦ની વિજયાદશમી (ઈ.સ. ૧૯૩૪)ના દિવસે આ રચનાનો પ્રથમ ખંડ મુદ્રિત થઈને પ્રસિદ્ધ થયો. તે મુદ્રિત ખંડના નિવેદનમાં ઉપર ઉદ્ધૃત કરેલી ઓંવીબદ્ધ પંક્તિઓ છે. રંગ અવધૂતજીએ આ પંક્તિઓમાં, 'શ્રીગુરુલીલામૃત'ગ્રંથનો વિષય, તેનો રચનાવ્યાપ અને ગ્રંથરચના અંતર્ગત સ્વહેતુનો પ્રગટ નિર્દેશ કર્યો છે : ગુરુ અને ઈશ્વરસ્વરૂપ ત્રિમૂર્તિ દત્તાત્રેયની લીલાઓનું વિસ્તારથી કથનવર્ણન ગ્રંથનો વિષય છે; જ્ઞાન, કર્મ અને ઉપાસના એવા ત્રણ ખંડમાં સમગ્ર ગ્રંથ વિભક્ત છે. ગ્રંથ રચનાબંધ દોહામાં છે, અને દોહાની સંખ્યા ૧૯ હજાર પાંચ છે.[૧] ગુરુ-ઈશ્વરસ્વરૂપ ત્રિમૂર્તિ દત્તાત્રેયરૂપી સત્તાથી દેહ ક્રિયાશીલ રહી શકે છે. એ સર્વસત્તાધીશ તત્ત્વની સેવામાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહનું સમર્પણ વાંછ્યું છે. વેદકથિત પરમ સત્તાએ સમસ્ત જગતને ત્રણ પગલાંમાં પોતાનું કર્યું છે, એ એકમેવ સત્તાનું, અહીં, ત્રિધાભેદથી-જ્ઞાન, કર્મ અને ઉપાસનાના માર્ગરૂપે-નિઃસંદેહ ભાવે સ્તવન કર્યું છે.

પૂજ્યશ્રીના હસ્તાક્ષરોમાં સમગ્ર ગ્રંથનું પ્રકાશન ઉપલબ્ધ છે. સંપર્કસ્થાન : અવધૂત પુસ્તક ભંડાર, નારેશ્વર.

૧ પ્રત્યેક ખંડમાં અધ્યાયો આ પ્રમાણે છે :

(૧) જ્ઞાનકાંડ-અધ્યાય ૧થી ૫૫, (૨) કર્મકાંડ - અધ્યાય ૫૬થી ૧૦૫, (૩) ઉપાસના કાંડ અધ્યાય ૧૦૬થી ૧૪૮

'શ્રી ગુરુલીલામૃત' આ રીતે 'સ્તવનગ્રંથ' છે. વેદ, ઉપનિષદ, પુરાણો અને 'શ્રીગુરુચરિત્ર'ની પોતાની જ અલૌકિક ઔપાસનિક અનુભૂતિઓથી તરબતર સંવિત્તિના સ્પર્શક્ષમ સૂરોની ગુંજ સંભળાવતો 'શ્રીગુરુલીલામૃત' ગ્રંથ શ્રેયમાર્ગી માટે ધારક-પોષક બળ બન્યાની અનેક ઘટનાઓ પ્રસિદ્ધ છે. છેલ્લા પાંચેક દાયકાઓથી દેશવિદેશમાં હજારોની સંખ્યામાં શ્રેયાર્થીઓ આ ગ્રંથનાં પારાયણ, પરિશીલન, કથાશ્રવણ, હસ્તલિખિત ઉપાસના કરી રહ્યા છે. કારણ નિજપરરહિત નિરિચ્છ રંગઅવધૂતજીના જ ગ્રંથ-અંતર્ગત શ્રદ્ધેયઉદ્‌ગારો છે :



જગત્સુહૃદ્

"દત્તકથામૃત આ નકી કામધેનુ કલિમાંહ્ય,
કામિત સિદ્ધ કરે, હરે ભવભય, મુક્તિ થાય." (અધ્યા. ૧/દો. ૧૦૪)
પ્રપંચમાં પરમાર્થની થાશે પ્રાપ્તિ આંહ્ય,
પ્રવૃત્તિમાં યત્નવિણ નિવૃત્ત્યાપ્તિ થાય. (અધ્યા. ૧૪૮/દો. ૨૭૨)

ગ્રંથનો વસ્તુવિષય અલખ-નિરંજનના સંવાદરૂપે આલેખાયો છે. અલખ અને નિરંજન અનુક્રમે ગુરુ અને શિષ્યનાં વ્યક્તિત્વ પ્રગટ કરે છે.

કામધેનુસમી જ્ઞાનપ્રદા ગુરુકથા ગુર અલખના મુખે શિષ્ય નિરંજન સાંભળતો હોય છે, એવું આલેખવિધાન સૂચક છે. પહેલા અધ્યાયમાં જ પ્રથમ શિષ્ય નિરંજનની ઓળખ આવી કરાવી છે :

વિપ્ર નિરંજન એક ત્યાં, ભાવિક ભક્ત સુજાણ,
શાંત દાંત ઉપરત, કરે ભાવે હરિગુણગાન. (અધ્યા. ૧/૧૧૫)

શિષ્ય નિરંજનનું આંતર-જીવન ઇંદ્રિયજિત અને વિષય-વિરક્ત હતું. તીર્થાટનો અને વ્રતાચારોથી આંતર-બહિર્ શુદ્ધિ માટે ઉત્કટતાપૂર્વકની સાધના એણે કરેલી હતી. અને છતાં, એ નિર્વિણ મનોદશાનો ભોગ બની રહ્યો છે ! સદ્‌ગુરુપ્રાપ્તિ માટેની હૃદયની ઉત્કટતાથી જીવસટોસટતાની સ્થિતિમાં એ મુકાયો ત્યારે જ તે જ ક્ષણે 'અલખ દત્ત' ગુરુ તેને પ્રત્યક્ષ થાય છે. આવી વિરક્તરંગી વીર-અદ્‌ભુત ભાવોની સંપૃક્તિ આપણને અધ્યાત્મ દિશાનું જાણે મોંસૂઝણું સૂચિત કરે છે. પ્રભુદર્શનની વ્યાકુળતા, ઉત્કટ અભીપ્સા, લાવા જેવી ઊકળતી વિરહવ્યથા જ પ્રભુદર્શનના દુર્લભ દ્રષ્ટારૂપે સદ્‌ગુરુનો મેળાપ કરાવતી હોય છે. રંગ અવધૂતજીએ કેવળ કવિપ્રયુક્તિરૂપે આ પાત્ર સર્જ્યું નથી. સ્વજીવનમાં આર્તહૃદયપોકારે સર્વસ્વનું સમર્પણ કરીને જીવ-શિવની ભેદસ્થિતિનું નિવારણ પામી અદ્વૈત-અભેદાનુભૂતિમાં નિમજ્જિત ચેતનારૂપે નિઃશ્રેયસ



જગત્સુહૃદ્

જીવન રંગ અવધૂતજી જીવ્યા છે. આમ સ્વજીવનનું જાણે હૂબહૂ પાત્રિકરણ કરવાની એમની મૌલિક સર્જકશક્તિના ઉન્મેષરૂપે આપણે નિરંજનના પાત્રને ઓળખવાનું છે. છેક ઈ.સ. ૧૯૩૧માં બહેન મૂળી (સ્વ. હરગોવિંદદાસ સોનીનાં સુપુત્રી)ને લખેલા પત્રમાંનો અહીં નિર્દિષ્ટ સંદર્ભ પણ ધ્યાનમાં લેવાનો છે : 'એક વખત તેં મને લખેલું કે મારે માટે એક મહાભારત રચો. શ્રી ગુરુલીલામૃત એ સાત્ત્વિક વિનંતીનું જ ફળ છે. એમાંનો શિષ્ય નિરંજન તે તું જ છે, એ ભાવનાથી વાંચ અને જો કે એમાં કેવી વિજળી ભરેલી છે.[1] 'શ્રીગુરુલીલામૃત' ઔપાસનિક સ્તવનગ્રંથ છે, શ્રેયાર્થીના નિઃશ્રેયસ-જીવન માટેનું આધ્યાત્મિક પાથેય છે, એવી નિઃસંશય હૈયાધારણ અહીં આપણે ઝીલી શકીએ છીએ.

હવે 'શ્રીગુરુલીલામૃત'ગ્રંથના ત્રણેય કાંડનો ક્રમિક પરિચય કરીએ. પહેલો કાંડ 'જ્ઞાનકાંડ'ના ઉપશીર્ષકથી ઓળખાય છે. ગણેશ, શારદા, સદ્‌ગુરુનું સ્તવનવંદન તથા ગ્રંથલેખનના હેતુ અને માહાત્મ્ય વર્ણવીને રંગ અવધૂજીએ શિષ્ય નિરંજન અને ગુરુ અલખની પ્રશ્નોત્તરી સંવાદકથનકલાની પ્રયુક્તિથી પ્રશિષ્ટ સાલંકાર બાનીમાં નિરૂપી છે. વિષાદ-આચ્છાદિત વિવિધ હૃદ્‌વૃત્તિઓને પ્રત્યક્ષ કરતા રહી વિસ્મયસ્પર્શી દિવ્ય કૃપાવર્ષાને ઓળખાવતાં ભક્તચરિત્રોનો ગ્રંથ દ્વારા થતો સત્સંગ ઉપાસક-હૃદયમાં આત્મવિશ્વાસનું બળ પ્રસારે છે અને જીવન-સંજીવની દાયક શાન્તરસ નિષ્પન્ન કરે છે. પ્રહ્‌લાદ, પિંગલ, સહસ્રાર્જુન, વિષ્ણુદત્ત, પરશુરામ, અલર્ક, આયુ અને યદુનાં અહીં નિરૂપિત ભક્તચરિત્રો પૌરાણિક તેમ જ લૌકિક પ્રચલિત કથાઓને ઝીલે છે. જ્ઞાનકાંડના ચરિત્રનાયક અત્રિ-અનસૂયાના પુત્ર દત્ત દ્વારા આ ભક્તો આત્મજ્ઞાન મેળવે છે અને લોકસંગ્રહાત્મક પ્રવૃત્તિઓ કરીને જીવનમાં પ્રશાન્ત પ્રસન્નતા પામે છે. આ કથાનકો રસવાહી શૈલીમાં રંગ અવધૂતજીએ મૂર્ત કર્યાં છે. દત્તનું ચરિત્ર અલૌકિક છે. પરંતુ કથાનકોના સંદર્ભોમાંથી 'દત્ત'ની સંકેતિત થતી તાત્ત્વિક વિભાવના ધ્યાનમાં લઈએ તો આપણી ઈશ્વર-સંબંધી સંશયવૃત્તિ નિર્મૂળ થયા વિના રહેતી નથી.

'શ્રીગુરુલીલામૃત' જ્ઞાનકાંડના નિવેદનમાં રંગ અવધૂતજીએ લખ્યું છે કે,

૧ શ્રી રંગપત્રમંજૂષા : ૨જી આવૃત્તિ (૧૯૯૭), પત્રકમાંક ૧૬૪, પૃ. ૧૪૫.

'મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ ।
ન થઈ, તિહાં અહં-સ્ફુરણ ।
એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ ।
તદધ્યક્ષ શ્રીદત્ત ।'×××
'રે નામો અનેક એક નામી ।
રામકૃષ્ણ જે અનામી ।
તે જ દત્તસ્મર્તૃગામી ।
આપ્યું જેણે આ બધું ।'



જગત્સુહૃદ્

'શ્રીગુરુલીલામૃત'ના અધ્યાય ૮માં, આ નિર્ગુણ બ્રહ્મસ્વરૂપના સગુણરૂપ દત્તાવતારનું કથાનક શરૂ થાય છે અને એ સગુણસ્વરૂપનો લીલાવિસ્તાર સમગ્ર જ્ઞાનકાંડને આવરી લે છે. આ લીલાઓ વેદધર્મા, દીપક, પિંગલ, કાર્તવીર્ય (સહસ્રાર્જુન), આયુ, અલર્ક, વિષ્ણુદત્ત, પરશુરામ વગેરે ભક્તોના ઉદ્ધાર નિમિત્તે થયેલી છે. રંગ અવધૂતજીએ માર્મિક રીતે વેદધર્માને કીર્તનભક્ત, દીપકને શ્રવણભક્ત, કાર્તવીર્યને સ્મરણભક્ત, આયુને દાસ્યભક્ત, અલર્કને વંદન ભક્ત, યદુને અર્ચનભક્ત, વિષ્ણુદત્તને સેવનભક્ત, પરશુરામને સખાભક્ત અને અન્ય કેટલાકને આત્મનિવેદકભક્ત લેખેની ઓળખ આ ગ્રંથમાં આપી છે. એ રીતે અહીં 'જ્ઞાન' સંજ્ઞાને ભક્તિની ભીનાશનો સઘન સંદર્ભ અપેક્ષિત છે, એવું સૂચન થાય છે. બુદ્ધિથી જ્ઞાનબોધનો સંસ્કાર ચેતના પર પડે ખરો, પણ પ્રાણમય કોષના વિધેયાત્મક સક્રિય સહકાર વિના જ્ઞાન તર્ક-વિવાદ પૂરતું કારગત કદાચ નીવડે, જીવન-ઉત્થાનનું અપેક્ષિત પરિણામ દૂર જ રાખે ! દત્તભગવાનના ઉપર નિર્દિષ્ટ સર્વ ભક્તો જીવનમુક્તિ પથ પર ઊઠ્યા છે; તેમાં ભક્તિસંપૃક્ત જ્ઞાનાચાર અનુસ્યૂત છે, એમ જ્ઞાનકાંડ-અંતર્ગતનાં આ ચરિત્રો સૂચવે છે. વળી, અહીં એ વાતનો નિર્દેશ પણ આવશ્યક છે કે સહસ્રાર્જુનના ચરિત્રનિમિત્તે ક્રિયાયોગ અને ભાવયોગ, પરશુરામના ચરિત્રનિમિત્તે ત્રિપુરારહસ્ય, અલર્કના ચરિત્રનિમિત્તે પ્રણવોપાસના અને સાકારસ્વરૂપની ધ્યાનવિધિ તેમ જ યદુના ચરિત્રનિમિત્તે દત્તાત્રેયના ચોવીસ ગુરુનું કથાનક પણ ઉપાસક / સાધકને મર્મબોધક બની રહે તેવી મૌલિક ચિંતનશીલતાથી રંગ અવધૂતજીએ નિરૂપ્યાં છે. પૌરાણિક દત્તાવતારની તર્કસંગત સમજૂતી પણ રંગ અવધૂતજીએ રજૂ કરી છે. 'શ્રીગુરુચરિત્રકથામૃતનો પુરસ્કાર' એ શીર્ષક હેઠળ, 'અમર આદેશ' (આવૃત્તિ ૫મી)ના પૃષ્ઠ ૧૪૮થી



જગત્સુહૃદ્

૧૫૪, પૃ. ૫૭થી ૭૯, 'શ્રીદત્ત ઉપાસના', શીર્ષક હેઠળ અને 'ઇતસ્તઃ' શીર્ષક હેઠળ પૃ. ૮૦થી ૯૨ પ્રસિદ્ધ થયેલાં અવધૂતજીનાં વક્તવ્યો આ માટે આપણે ધ્યાનમાં લેવાં જોઈએ. તેઓશ્રી લખે છે કે :

''બુવાબાજીના પ્રચ્છન્ન ચાર્વાકયુગમાં સદ્‌ગુરુ મળવા સહેલ નથી. અને ગમે તેવી પોતાને ગુરુ કહેવડાવનારી વ્યક્તિ માટે ગુરુભાવ જાગ્રત થતો નથી ! તો પછી સેવા કેવી રીતે થાય ? એવી શંકા ધરાવનારાઓ માટે જ ભગવાને દત્તાવતાર ધારણ કર્યો. લોકોના અજ્ઞાનનો નાશ કરી, જ્ઞાન પ્રાપ્ત કરી એમને સંસારના સંકટમાંથી ઉગારવા માટે જ આ અવતાર છે. આ વિશિષ્ટતાને લીધે જ તેને ગુરુ અવતાર કહે છે અને માટે જ એ દેવને 'ગુરુદેવ દત્ત' તરીકે સંબોધે છે. બીજા અવતાર અમુક કાર્ય કરવા પૂરતા જ હોઈ કાર્ય પૂરું થતાં સ્વધામ ગયા. પણ અજ્ઞાન દૂર કરવાનું કામ અનંત કાળ સુધી ચાલવાનું હોવાથી આ દત્તાવતારનો અંત શાસ્ત્રોમાં ક્યાંય વર્ણવ્યો નથી. માટે જ (ગુપ્ત કે પ્રગટરૂપે) આ અવિનાશી અવતાર મોહાસુરનો નાશ કરવા માટે, ધર્મસંસ્થાપનનું કાર્ય કરવા માટે એક યા બીજા રૂપે પૃથ્વી પર સતત કાર્યરત રહે છે.''

દત્તાવતારની પ્રાચીનતાનો મુદ્દો પણ રંગ અવધૂતજીએ છેડ્યો છે અને એક મર્મજ્ઞ વ્યુત્પન્નમતિ ધર્મપુરુષની ગંભીરતાથી પ્રતીતિકર સમાધાન આમ ચીંધ્યું છે : ''ભારતીય સંસ્કૃતિનો પ્રાણ ધર્મ છે. એનું જીવન, કવન, નિરૂપણ બધાંનો સ્થાયી ભાવ ધર્મભાવના છે. એની દરેક પ્રવૃત્તિનો પાયો ધર્મ કે સદાચાર છે અને અંતિમ લક્ષ્ય મોક્ષ કે ચિરંતન શાંતિ છે. એના પ્રાચીન ધર્મગ્રંથો ઐતિહાસિક દૃષ્ટિએ નથી લખાયા અને તેથી જ એના પ્રકાશમાં કોઈ વ્યક્તિ, વિભૂતિ કે બીનાનો કાળનિર્ણય કરવા જતાં, ફાવે તેવા ચિકિત્સકના હાથ હેઠા પડે છે××× આપણાં પુરાણાદિ તે વખતની આમભાષામાં વેદ ઉપર વિસ્તૃત ભાષ્ય કે વિવેચનરૂપ છે. એમાં આવેલાં કથાનકો કોઈ મહાન ધર્મ કે તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તને સમજવા માટે દૃષ્ટાન્તરૂપ હોવાથી, એનાં ભાવાર્થ કે મર્મ જ ધ્યાનમાં લેવા જોઈએ, એ વાત ભૂલી જઈ, એના અક્ષરાર્થને જ વળગી રહી એમાં ઐતિહાસિક તથ્ય શોધવા જતાં અંધારામાં જ ભટકાં મારવા જેવું થાય છે.'' વળી શ્રીમદ્‌ભાગવતના બારમા સ્કન્ધમાં આવતી શ્રી શુકદેવજીની જ ઉક્તિનો આધાર લઈ પ્રસિદ્ધ પુરુષોના કથાનકોનું તાત્પર્ય જ્ઞાન અને વૈરાગ્યનું નિરૂપણ કરવા

નિમિત્તેનું જ હોય છે, અન્યથા એ વાણીવિલાસ હોવાથી પરમાર્થતઃ સાચું નથી હોતું. કથામાં ઋક્ષતા ન આવે, દૃષ્ટાન્ત દ્વારા સિદ્ધાન્ત સહેલાઈથી સમજાવી શકાય એ જ કથાનિરૂપકનું લક્ષ્ય હોવાથી કથાનકોમાં ઐતિહાસિક યયાર્થતા જોવા જવું એ હવામાં બાચકા ભરવા જેવું છે એમ નિશ્ચિતપણે અવધૂતજીએ દર્શાવ્યું છે.



જગત્સુહૃદ્

આમ રંગ અવધૂતજીની દત્તાવતારની વિભાવના મૌલિક હોઈ વિશિષ્ટતા ધરાવે છે. આવું વિભાવાત્મક ચિંતન અવધૂતજીના ચિત્તનો કેવળ કલ્પનાવિલાસ નથી. સ્વાનુભૂતિ ઉપરાંત સંબંધિત શાસ્ત્ર અને સાહિત્યસંમત પીઠિકાનું એને સંપૂર્ણ બળ પણ છે. રંગ અવધૂતજી એ પીઠિકાનો નિર્દેશ આ પ્રમાણે કરે છે. ''આમ તો દત્તોપાસના એટલે ત્રિપુટીની ઉપાસના, પરસ્પર વિરોધી દ્વન્દ્વોને સમતોલ ને સમન્વયભાવે ધારણ કરનાર અધિષ્ઠાનરૂપ પરમ તત્ત્વ - વ્યષ્ટ્યાત્મા જીવ અને સમષ્ટ્યાત્મા શિવરૂપે બે મુખ ધારણ કરનાર - ત્રિમુખી પરમાત્માની ઉપાસના છે.××× દુનિયાના પ્રાચીનતમ ધર્મગ્રંથ ઋગ્વેદના નાસદીય સૂક્તમાં એનું સૂચન છે. જાબાલ, શાંડિલ્ય, ભિક્ષુ, અવધૂત, સંન્યાસ વગેરે ઉપનિષદોમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ છે, મહાભારતમાં એનો નિર્દેશ છે; નારદ, માર્કંડેય, પદ્મ, બ્રહ્માંડ, વાયુ, વિષ્ણુ વગેરે પુરાણોમાં; કુમારસંભવ, શિશુપાલવધ, મૃચ્છકટિક વગેરે કાવ્યગ્રંથોમાં દત્તાવતારનો ઉલ્લેખ છે. દાશરથીતંત્ર, રુદ્રયામલનું ડામરતંત્ર, દત્તાત્રેય-સંહિતા, દત્તાત્રેયકલ્પ, પરશુરામકલ્પસૂત્ર, ત્રિપુરારહસ્ય વગેરે મંત્રતંત્રના ગ્રંથોમાં ભગવાન દત્તાત્રેય અને એની ઉપાસનાનો ઉલ્લેખ સાંપડે છે.''

દત્તાવતારની પ્રાચીનતા વિશે બૌદ્ધિકતાથી વિચારવું જોઈએ, એવું સૂચવીને રંગ અવધૂતજીએ એમ પણ સ્પષ્ટ કર્યું છે કે, ''દત્તાવતાર પ્રાચીન હોવા છતાં અને આયુ, અલર્ક, સહસ્રાર્જુન આદિ અનેક રાજા-મહારાજાઓ પ્રાચીન કાળમાં એના પ્રસિદ્ધ ઉપાસકો હોવા છતાં, મહારાષ્ટ્ર કર્ણાટકમાં આશરે પંદરમા સૈકામાં થઈ ગયેલા શ્રીપાદશ્રીવલ્લભ અને નૃસિંહસરસ્વતી એ દત્તના અવતાર તરીકે ગણાયેલી વિભૂતિઓના પ્રાદુર્ભાવ પછી જ ફેલાવો પૂરજોશમાં થવા લાગ્યો અને આશરે સો એક વરસના પહેલાં થઈ ગયેલા દત્તસ્વરૂપ શ્રીમાણેકપ્રભુ અને અક્કલકોટના સ્વામી અને હજી હમણાં જ ચારેક દાયકા પહેલાં બ્રહ્મીભૂત થયેલ શ્રીવાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજના પ્રાદુર્ભાવ પછી દિનપ્રતિદિન ઈતર પ્રાંતમાં પણ એ પ્રચાર વધતો જાય છે.''



જગત્સુહૃદ્

'શ્રીગુરુલીલામૃત'નો બીજો ખંડ 'કર્મકાંડ' ઉપશીર્ષકથી ઓળખાય છે. આ ખંડમાં ચારસો-પાંચસો વરસ પહેલાં થઈ ગયેલા વિભૂતિરૂપ સદ્‌ગુરુ શ્રીપાદવલ્લભ અને શ્રીનૃસિંહસરસ્વતીની લીલાઓનું કથન-વર્ણન થયું છે.[૧] મહારાષ્ટ્રમાં ભક્તોની કામનાઓ પૂર્ણ કરનારા કલ્પદ્રુમ તરીકે ઘેર ઘેર મશહૂર થયેલા 'શ્રીગુરુચરિત્ર'ગ્રંથનો આધાર આ ખંડની રચનામાં રંગ અવધૂતજીએ સ્વીકાર્યો છે. એ 'શ્રીગુરુચરિત્ર'ગ્રંથનો મહિમા રંગ અવધૂતજીએ આ શબ્દોમાં વ્યક્ત કર્યો છે : ''ગુરુચરિત્ર એ પવિત્ર ગ્રંથ ભારતીય વૈદિક સંસ્કૃતિનો જ એક નાનોસરખો ભંડાર છે. ×× તે એક સળંગ સ્વયંસિદ્ધ મહામાલામંત્ર છે. એનો દરેક અધ્યાય માળાના મણકા સમાન હોઈ, દરેક ઓંવી (કાવ્યપંક્તિ)માં અદ્‌ભુત મંત્રસામર્થ્ય ભરેલું છે. મંત્રજાપના પાળવાયોગ્ય પથ્થોનું પાલન કરી અમુક નિયમો મુજબ અનન્ય નિષ્ઠાથી એનાં અનુષ્ઠાન અને સપ્તાહનાં પારાયણ કરીને ઘણાએ પોતાનું અને પોતાનાં સંબંધીઓનું આ લોક અને પરલોકનું કલ્યાણ સાધી લીધાનાં અનેક ઉદાહરણો છે. બીજા સંપ્રદાયવાળાઓ પણ અનિષ્ટ ટાળવા માટે તથા ઇષ્ટની પ્રાપ્તિ કાજે આ અસામાન્ય એવા ગ્રંથનું વારંવાર શરણું લે છે, એમ જણાય છે.'' એ જ પરંપરામાં મૌનની મોજ માણતા રંગ અવધૂતજીએ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજના દિવ્ય સ્વપ્નાદેશથી તનમન અને આત્મધનની ન્યોછાવરી કરીને 'શ્રીગુરુલીલામૃત' ગ્રંથની નિર્ગ્રંથ પરિણતિ માટેના પાથેયરૂપે આસેચન અક્ષરદેહ ઘડ્યો છે. એનું સૂચન તો પ્રથમ ખંડમાં જ આપણને મળી ગયેલું છે.

અધ્યાય પહથી ૬પમાં શ્રીદત્તના અવતારસ્વરૂપ 'ચિંતામણિ કલિતાર'ના દેહધારી શ્રીપાદવલ્લભની સંક્ષિપ્ત જીવનરેખા તેમના દિવ્ય સામર્થ્યને નિરૂપે છે. ભાદરવા સુદ ચોથના રોજ પૂર્વદેશમાં આવેલા પીઠાપુરમાં અભ્યાગત સેવાવ્રતી બ્રાહ્મણ કુટુમ્બમાં જન્મેલા અને આસો વદ બારશ (ગુરુદ્વાદશી)ને દિવસે કૃષ્ણ નદીમાં અદૃશ્ય થયેલા શ્રીપાદનું આઠ વર્ષની વયે વ્યક્તિત્વ કેવું નિખરતું હતું !? રંગ અવધૂતજી વર્ણવે છે :

---

૧ જુઓ :

''એ દિગંબર શ્રીદત્ત । શ્રીપાદ રૂપે પ્રગટ । થયા વિપ્રસ્ત્રીના સુતા વળી યતીશ નૃસિંહ॥
કરી બહુ લીલા તહીં । મહારાષ્ટ્ર કર્ણાટક મહીં। સારભૂત વર્ણવી અહીં । કહી બધી કો શકે॥
- રંગ અવધૂત ('શ્રી ગુરુલીલામૃત' કર્મકાંડના નિવેદનમાંથી)

વિદ્યા બુદ્ધિ ગુણ થકી, દિન દિન વધતો બાળ,
અષ્ટમાબ્દ વ્રતબંધનો સાધ્યો ઉત્તમ કાળ,
બ્રહ્મચર્યવિધાનથી સાંગ વેદ ખટ શાસ્ત્ર,
શાસ્ત્રતાત બટુ અભ્યસે, વિસ્મય પામે છાત્ર !
પાઠશક્તિ અદ્‌ભુત અહા, ધારણશક્તિ દિવ્ય,
જોઈ વિસ્મિત થઈ વદે લોક : ઈશ આ ભવ્ય !
(અધ્યા. ૫૬ દોહા ૮૬-૮૮)
લીલાધારી નરતનુ સર્વજ્ઞાનભંડાર ! (દોહા ૯૦)



જગત્સુહૃદ્

તેમણે યોગસુન્દરી વિરતિ નાર જ પોતાની કાન્તા ગણેલી. માતાપિતાની એ માટેની સંમતિ મળે એ હેતુથી અલૌકિક લીલાઓનો અનુગ્રહ તેમના પર કરીને તીર્થાટનોએ પોતે નીકળી પડેલા. એક આરણ્યક પરિવ્રાજક તરીકે ગોકર્ણ મહાબળેશ્વર અને કુરવપુરના વિસ્તારોમાં વિહાર કરતાં કરતાં તેમણે આધિ-વ્યાધિ-ઉપાધિગ્રસ્ત અનેક સામાન્ય જનોનું કલ્યાણ કર્યું : '×××× કંઈક ઉદ્ધાર્યા જન, દર્શન આપી ભક્તને કીધું જ્ઞાનાંજન.' એક ધર્મશીલ દંપતીના મંદમતિ પુત્રસંતાનનું સુધી થવું, પુણ્ય પવિત્ર એક રજકની નિષ્ઠાભક્તિથી પ્રસન્ન થઈ એની વૈભવેચ્છા-સંતોષનું વરદાન આપવું, કાશ્યપગોત્રી વલ્લભેશ નામના એક વેપારીનું ચોરોથી વિરલ રક્ષણ કરવું–જેવા નિરૂપિત અલૌકિક પ્રસંગો શ્રીપાદવલ્લભના દિવ્ય સામર્થ્ય પ્રત્યે આપણને ઉજાગર કરે છે.

અધ્યાય ૬૬થી ૧૦૫માં શ્રીદત્તના અવતારસ્વરૂપ શ્રીનૃસિંહસરસ્વતી સ્વામિમહારાજની ચરિત્રલીલાકથાનું નિરૂપણ થયું છે. કરંજનગરના અંબા અને માધવ નામના સદાચારી માતા-પિતાનું એ સંતાન. પોષ શુક્લ બીજ શનિવાર તેમનો જન્મ દિવસ. જન્મતાં જ ૐકાર ધ્વનિનો સ્પષ્ટ ઉચ્ચાર કરનાર આ દેવાંશી પુત્રની અલૌકિક લીલાઓ તો અપરંપાર રહી છે. આજીવન બ્રહ્મચારી રહી સંન્યાસી તરીકે તીર્થક્ષેત્રોની પરિવ્રજ્યા કરતાં કરતાં નૃસિંહસરસ્વતી સ્વામિમહારાજે ગાણગાપુર નરસોબાનીવાડી અને ઔદુમ્બર જેવાં સ્થાનોમાં જુદા જુદા સમયે નિવાસો કરેલા. તે દરમિયાન લોકસંગ્રહાત્મક કાર્યોના પરિણામ-સ્વરૂપ આમજનતાએ અનુભવેલ મનઃશાંતિ અને પ્રસન્નતા અહીંના પ્રસંગોનું કથનવર્ણન આપણે આજે પણ, વાંચીએ-વિચારીએ તો રુગ્ણ મનોદશાનું અદ્‌ભુત રીતે નિવારણ કરવાની ક્ષમતા ધરાવે છે. રંગ અવધૂતજીએ સ્વયં લખ્યું છે કે, ''પહેલાં કર્યું પછી કહ્યું.' 'આ ન્યાયે



જગત્સુહૃદ્

એમાં શ્રીગુરુમુખથી વર્ણવાયેલા આચારધર્મ તરફ રુચિ પેદા થઈ એનું પાલન કરવાની વૃત્તિ થાય છે, અને મન શુદ્ધ થાય છે. કાપેલા ઝાડને પલ્લવિત કરવું, વૃદ્ધ વંધ્યાને સંતાન થવાં, વંધ્યા ભેંસને દૂઝવવી, મૂગા બ્રાહ્મણ પુત્રને વાણી આપવી, શબને જીવતું કરવું આદિ લીલાઓ વાંચીને શ્રી સદ્‌ગુરુનાં કર્તું-અકર્તું-અન્યથાકર્તુમ્ રૂપી કોઈ પણ કાર્ય કરવાનાં શક્તિસામર્થ્ય માલુમ પડે છે. ભક્તનો વિશુદ્ધ ભાવ જોઈ એકી સાથે આઠ રૂપ ધારણ કરીને પોતાના ભક્તોના કોડ પૂરા કરવા, ત્રિવિક્રમ ભારતી નામના યતિને બધે જ પોતાનું યતિમય રૂપ બતાવવું આદિ જોઈને શ્રીના યોગૈશ્વર્યની ખાતરી થાય છે. બ્રહ્મરાક્ષસને મુક્તિ આપવી, પિશાચત્રાસમાંથી મુક્ત કરવા આદિ દ્વારા અનિષ્ટ ગ્રહોમાંથી મુક્ત કરનારી એમની અચિંત્ય શક્તિની ખાતરી થાય છે; સિંગો (ઝાલર)થી જ તૃપ્ત થઈને ભક્તોની દીનતા, દરિદ્રતા દૂર કરેલી જોઈ દેવનું ભક્તવાત્સલ્ય અને આશુતોષપણું નજર સામે ખડાં થાય છે. ધોબીને રાજ્ય આપવું, વણકરને ઘડીભરમાં એની એ જ જગ્યાએ સેંકડો માઈલ દૂર તથા ખૂબ જ વિકટ એવી શ્રીશૈલપર્વતની યાત્રા કરાવવી, શરણે આવેલા યવનરાજનો અસાધ્ય રોગ કેવળ નજર નાખીને દૂર કરવો, આદિથી 'હમ ભક્તન કે, ભક્ત હમારે' એવા હેતુનિરપેક્ષ ભક્તપ્રેમની જાણ થાય છે. અંત્યજને કૃપાકટાક્ષ દ્વારા સાત જન્મ પહેલાંની યાદ આપી એના મોંએ વેદ ભણાવવા; ત્રણ વ્યક્તિઓ માટે જ આવેલી અન્નસામગ્રીમાંથી આખાય ગામને જમાડવું આદિ લીલાઓનું વર્ણન સાંભળી શ્રીની યોગસિદ્ધિનો તથા અફાટ વરદાનશક્તિનો ખ્યાલ આવે છે અને એમ હૃદયમાં રહેલી શ્રદ્ધાની જ્યોત તેજસ્વી બનીને દેવના અવતારીપણા બદલ અંતઃકરણમાં ચોખ્ખો પ્રકાશ પડે છે અને શંકાશીલ દશાનો નાશ થાય છે.''

તીર્થક્ષેત્રોનું વર્ણન અને વ્રતાચરણનો મહિમા ચરિત્રનિરૂપણમાં ગૂંથતા રહીને રંગ અવધૂતજીએ આ ખંડને આકરગ્રંથનો દરજ્જો સંપડાવ્યો છે. બદરિકાશ્રમમાહાત્મ્ય, ગોકર્ણમહાબળેશ્વરની ઉત્પત્તિ અને મહિમા, ઇક્ષ્વાકુવંશના રાજા મિત્રસહનું કથાનક, શનિપ્રદોષવ્રતકથાનો મહિમા, ગુરુદ્રોહદોષનિવારણ, ગુરુસેવાનું ફળ, દક્ષિણકાશીનો મહિમા, ઔદુમ્બર માહાત્મ્ય, ચતુર્વેદશાખાદિવિવરણ, કર્મવિપાક અને પ્રાયશ્ચિતવિધાન, ભસ્મધારણવિધિ અને માહાત્મ્ય, પતિવ્રતાધર્મ, વૈધવ્યધર્મ, રુદ્રાક્ષમાહાત્મ્ય, રુદ્રાનુષ્ઠાનમાહાત્મ્ય, સોમવ્રત, પરાન્નદોષવિવરણ,

અશ્વત્થમાહાત્મ્ય, અનંતવ્રત અને કૌણ્ડિન્યનું કથાનક, શ્રીશૈલમહિમા, અને ગાણગાપુરમાહાત્મ્યનાં, અહીં, અવધૂતજીની આત્મશ્રીના ઓજસથી થયેલાં નિરૂપણો ધાર્મિક તેમ જ સાહિત્યિક દૃષ્ટિએ આપણો વૈભવ અને વારસો છે.



જગત્સુહૃદ્

'શ્રીગુરુલીલામૃત'નો ત્રીજો ખંડ 'ઉપાસનાકાંડ' ઉપશીર્ષકથી ઓળખાય છે. આ ખંડના ચરિત્રનાયક શ્રીવાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજ - રંગ અવધૂતજીના આધ્યાત્મિક સદ્‌ગુરુમહારાજશ્રી છે. ઈ.સ. ૧૯૩૮માં ઉપાસનાકાંડની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ, તેના નિવેદનમાં રંગ અવધૂતજીએ ઓંવીબદ્ધ વાણીમાં ચરિત્રનાયકની આંતર દિવ્યતાનો લાઘવ કલાથી, આમ, નિર્દેશ કર્યો છે :

જે દેવ પ્રકાશી સઘળે । રહ્યો વસી જળે થળે ।
વાસુદેવ જાણ એ રે । અવતાર દત્તનો ।
દૈવી ગુણે થયો ખ્યાત । માને સાત્ત્વિક જન સમસ્ત ।
કર્યો આર્યદેશ પુનીત । પદસંચારે સર્વ જો ।
સદ્‌ગુરુ રૂપે સંન્યાસી । અસ્તસંકલ્પ ઉદાસી । સિદ્ધિ સર્વ જેની દાસી ।
આજ્ઞા માને જેની દેવો । કોણ તિહાં અલ્પ માનવો ।
તાર્યા જેણે કંઈક જીવો । પ્રગટ રૂપે બોધથી.

ઉપાસનાકાંડ અધ્યાય ૧૦૬ થી ૧૪૮ ગ્રથિત થયેલો છે.[1] અધ્યાય ૧૪૮માં જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડના બધા અધ્યાયોનો ક્રમવાર સાર આલેખાયો છે ઉપરાંત, આ ઔપાસનિક ગ્રંથ હોવાથી, તેનો પારાયણવિધિ અને ફલશ્રુતિનું પણ વર્ણન અહીં થયું છે. ત્રણે કાંડના ચરિત્રનાયકો પ્રગટસ્વરૂપે ભિન્ન ભિન્ન છે, પરંતુ તત્ત્વદૃષ્ટિએ એક જ છે, એવું અનુભવપૂત કથન રંગ અવધૂતજીએ ગ્રંથસમાપન કરતાં છેલ્લા ચાર દોહરામાં આમ કર્યું છે :

નિમિત્તમાત્ર હું રાંક ત્યાં, લખાવનારો એહ,
વિશ્વંભર શ્રીદત્ત જે ભર્યો ચરાચર તેહ. ૨૭૩
શ્રીપાદશ્રીવલ્લભ-નૃસિંહસરસ્વતી તાર,
વાસુદેવાનંદસરસ્વતી અવહાર ! ૨૭૪
નામ માત્રમાં ભેદ પણ સઘળે એ જ અરૂપ,
કીડે ગુરુ શિષ્યાદિનાં વિધવિધ ધરી સ્વરૂપ !! ૨૭૫

---

૧ ગુજરાતી શરીર ધરાવતા ગાંડામહારાજ જેવા નિષ્ઠાવંત યોગીશિષ્યની પ્રાપ્તિ શિનોરમાં સ્વામીમહારાજને થઈ, તેમણે રચેલાં ''ગુરુમૂર્તિચરિત્ર' ગ્રંથને આધારે આ ઉપાસનાકાંડ રચાયેલો છે.



જગત્સુહૃદ્

શ્રીદત્ત અનાદિ પરબ્રહ્મ સ્વરૂપની સંજ્ઞા છે તો શ્રીપાદ, શ્રીનૃસિંહસરસ્વતી અને શ્રીવાસુદેવાનંદ તે જ પરબ્રહ્મસ્વરૂપનાં સાકાર સ્વરૂપોની સંજ્ઞાઓ છે. કેવળ નામોનો ભેદ છે, બાકી તો અનંત કાળમાં સઘળે એ જ અરૂપ એકાકાર રીતે સભરભર્યું છે ! ગુરુ-શિષ્યનાં વિધવિધ રૂપો એ પરમતત્ત્વ ધારણ કરે છે.

શ્રદ્ધાભક્તિથી વિધવિધ રૂપધારીઓની લીલાનું શ્રવણ-મનન-નિદિધ્યાસન કરતા રહીને નિર્ગ્રંથ-જીવદશાની રાગ-દ્વેષાદિ વૃત્તિઓથી મુક્તિસ્થિતિ–ભૂમિકાએ પહોંચવું, એ શ્રેયાર્થીનું લક્ષ્ય હોવું જોઈએ, એવો સંકેત ગ્રંથનું અંતિમ ચરણ - 'શ્રદ્ધાભક્તિથી પઢો સંત એહ નિર્ગ્રંથ' આપે છે.

કોંકણપ્રદેશના માણગાંવના બ્રાહ્મણ-કુળાચારસંપન્ન શ્રીગણેશ ભટ્ટ અને શ્રીમતી રમાબાઈનું સંતાન વાસુદેવ. ૧૮૫૪ ઈ.સ.માં જન્મ અને ૧૯૧૪માં સમાધિસ્થ. પાંચ વર્ષની વયે વિદ્યાભ્યાસ શરૂ કર્યો ને પૂર્વસંસ્કારના બળે વાસુદેવની અલૌકિક મેધાશક્તિ, સ્મરણબળ અને ચમત્કૃતિઓની સૌ સ્વજનોને પ્રતીતિ થવા માંડેલી. વેદ, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુકત, છંદ અને જ્યોતિષ, જેવા શાસ્ત્રગ્રંથોના સ્વાધ્યાયથી પોતે 'દશગ્રંથી' તરીકે ઓળખાતા. અધ્યાપનકાર્યમાં જોડાતાં 'શાસ્ત્રીબુવા'ના હુલામણા નામથી સૌના પ્રિય-પૂજ્ય થઈ ગયા. દત્તપ્રભુના રાજધાનીસ્થાન નરસોબાની વાડીધામમાં પ્રતિવર્ષે યાત્રાએ જવાનો તેમનો નિયમ રહ્યો. ૨૧ વર્ષની વયે અન્નપૂર્ણા સાથે ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. સિદ્ધ સંતો - નારાયણસ્વામી, ગોવિંદસ્વામી આજરેંકરબુવા વગેરેના પ્રેરક સહવાસથી તિતિક્ષાજીવનમાં દૃઢ નિશ્ચયવાન થતાં વાસુદેવ શાસ્ત્રીબુવાની આંતરશ્રીનો પરિમલ સર્વત્ર પ્રસરવા લાગ્યો ને લોકોત્તર વિભૂતિ તરીકે સર્વત્ર હવે આદરવંદના પામવા લાગ્યા. અંતઃકરણમાં ઊઠતા ઈશ્વરાદેશને ઝીલતા રહી લોકસંગ્રહને અર્થે સપત્નીક યાત્રાગમન કર્યું. પત્નીનો સ્વર્ગવાસ થતાં પોતે ગંગાજળમાં પ્રવેશી, ગોવિંદસ્વામીરૂપે પ્રગટેલા. દત્ત ભગવાન સ્વયં પાસે સંન્યાસદીક્ષા લીધી. ત્યારથી વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજ તરીકે સુખ્યાત થયા. પરિવ્રજ્યા કરતાં કરતાં કળિકાળની દીનહીન ઉદંડ પ્રજા માટે સ્વતિતિક્ષા, ક્ષમાશીલતા, આત્મવિદ્યારતતા, સેવાપરાયણતાનો જીવંત બોધ પ્રસારતા સમગ્ર ભારતનાં તીર્થક્ષેત્રોમાં ઘૂમતા રહ્યા ને અંતે ગુજરાતના શિનોર, તિલકવાડા થઈ ગરુડેશ્વરમાં સમાધિસ્થ થયા.

પંઢરપુર, શ્રીગરુડેશ્વર માતૃગયામાહાત્મ્ય, ડાકોરમાહાત્મ્ય, નર્મદાનાં માહાત્મ્યો અને અનુષ્ઠાનોપાસનાના જીવંત સુખદાયક પરિણામોનાં અહીં થયેલાં નિરૂપણો લોકોત્તર પુરુષ વાસુદેવસરસ્વતી સ્વામિમહારાજના ચરિત્રના સંસ્પર્શે તેમની પૌરાણિકતામાંથી ઉપર ઊઠી આવી અર્વાચીનતાનો સંદર્ભ પ્રાપ્ત કરે છે. એથી વાચક-શ્રોતાનું શ્રેયાર્થના માર્ગે વળવાનું બુદ્ધિબળ કેળવાય છે.



જગત્સુહૃદ્

રંગ અવધૂતજીરચિત આ ગ્રંથ ગુજરાતી સાહિત્યના ગાંધીયુગના ગાળાનો અદ્વિતીય, મૂર્ધન્ય, તપઃપૂત આર્ષ આધ્યાત્મિક સાહિત્યનો વારસો છે. રંગ અવધૂત તેમના પૂર્વાશ્રમમાં સવિશેષ સંસ્કૃતાનુરાગી હતા. સંસ્કૃત ભાષાને સંસ્કૃતિ અને સંસ્કારિતાની જનની તરીકે બિરદાવી મિત્રમંડળમાં સંસ્કૃત ભાષા દ્વારા જ વાતચીત કરવાનો નિયમ તેમણે ઠેરવેલો ! વડોદરાનિવાસી સંતશ્રી ભગવાને એમને આવા વલણ માટે ટકોર્યા ને અધ્યાત્મપિપાસુ પાંડુરંગે મનોમન સંકલ્પ લીધેલો કે પાંચેક વર્ષ સંસ્કૃતમાં હરફ સરખો કાઢવો નહિ અને પ્રાકૃત ગ્રંથોના પરિશીલનમાં ડૂબી ગયા ! વ્યાવસાયિક જીવન છોડીને સાધનાપથે જેમ જેમ સોપાનો ચઢાયાં તેમ તેમ દેવઆજ્ઞાને ઓળખતા-સાંભળતા રહીને સ્વ-પરરહિત અવધૂતી જીવનનો ઉપક્રમ સ્વીકારાયો અને ત્યાં જ આ ગ્રંથ રચનાની અંતઃસ્ફુરણ થઈ. એ વિશે રંગ અવધૂતજી અધ્યાય-૧માં લખે છે :

ગુર્વાજ્ઞા શિર પર ધરી, ગાવા થયો પ્રવૃત્ત;
ગુરુલીલા પ્રેમે કરી, સૂણો સંત સુવૃત્ત. ૯૨
''ચરિતામૃતઘટ લે સુખે, કરી પાન પિવાડ;
હોય તૃષાતુર તેહને, મોત પાડશે રાડ ! ૯૩
દૈન્ય રહેશે ના કદિ, જા, મોજ કર મસ્ત !''
એમ કહી મૂક્યો શિરે, વરદ સ્વપ્નમાં હસ્ત. ૯૪

કવિત્વરીતિ અને વ્યુત્પત્તિની પોતાની અલ્પજ્ઞતા છતાં 'સમર્થ ઘરનું શ્વાન' પોતે હોવાની દૃઢ પ્રતીતિને નાતે આત્મનિવેદના ભાવથી સદ્‌ગુરુસમર્થના હાથનું કેવળ વાજિન્ત્ર બનીને સહજ-સ્ફુરિત સમાધિભાષાના આ ગ્રંથની રચનામાં પોતે નિમિત્તમાત્ર છે, એમ નિરાડંબરી બાનીમાં કથે છે :

અભિવાદન સહુને કરું, મૂકી સઘળું માન. ૮૮
ભાંગ્યુંતૂટ્યું બોબડું, બોલે બાળક બોલ,
સૂણે કૌતુકથી સહુ, માને એ બહુમોલ. ૮૯
બાલવાક્યવત્ ગાણું આ, તેમ સ્વીકારો સંત,

મત્સર મૂકી વેગળો, થાશે તુષ્ટ અનંત. ૯૦

×

જેમ વગાડે તેમ આ વાગે મુખતંબૂર
સમમ પંચમ એ બધા, સર્વ એહના સૂર. ૯૮

×

જોયું જે અનુભવદગે, બોલું તે જ પ્રમાણ;
રાખો શ્રદ્ધા હૃદયમાં, નવ કરશો અનુમાન. ૧૦૪
આકંઠ તૃપ્તિ થતાં સ્વાભાવિક ઉદ્‌ગાર,
જેમ નીસરે તેમ આ નિશ્ચય ભુક્તોદ્‌ગાર. ૧૦૫

×

મા અવગણના ગ્રંથની, માટે કરશો કોઈ;
ઉદાસીનતા વા કદિ, એળે આયુ ખોઈ. ૧૧૧
બ્રહ્મરસાસ્વાદે ભર્યો નર્યો ગ્રંથ સાદ્યન્ત;
મદ્‌વાક્યે વિશ્વાસે જો, જોશે પરચો સંત. ૧૧૩



જગત્સુહૃદ્

જીવ-જગત-ઈશ્વરની ત્રિપુટીનું એકત્વ અનુભવવું, એ જ બ્રહ્માનુભવ. 'શ્રીગુરુલીલામૃત'ગ્રંથની રચનાનું પ્રયોજન બ્રહ્મરસની નિષ્પત્તિનું છે, એમ રંગ અવધૂતજીએ ઉપર ઉલ્લિખિત પંક્તિઓમાં સ્પષ્ટ નિર્દેશ્યું છે. બ્રહ્મરસનો કાવ્યશાસ્ત્રસંમત નવ રસોમાં નિર્દેશ નથી. કારણ કાવ્યશાસ્ત્રનું ક્ષેત્ર પ્રધાનતઃ દુન્યવી જીવન છે, અને છતાં એ સાહિત્યસૃષ્ટિનો રસાનુભવ બ્રહ્માનંદ-સહોદર સ્થિતિનો એટલે કે ચિત્તવિશ્રાન્તિનો બોધ તો કરાવે જ, એવી અપેક્ષા કાવ્યશાસ્ત્રીઓએ વ્યક્ત કરેલી છે. બ્રહ્મરસ નિત્ય રસ છે. દુન્યવી જીવનની અનિત્યતાના તટસ્થ નિરીક્ષણકાર્યથી નિરીક્ષકની ચેતનામાં એ નિષ્પન્ન થાય છે. નિરીક્ષણની પ્રક્રિયામાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનની સંકુલ ક્રિયાઓ ઉજાગરતાથી સંપન્ન કરતા રહેવાની હોય છે. રંગ અવધૂતજીએ પ્રસ્તુત ગ્રંથમાં પાને-પાને પ્રત્યક્ષ-પરોક્ષ પ્રયુક્તિઓ પ્રયોજીને આ બ્રહ્મરસમાં નિમજ્જિત થવા માટે શ્રેયાર્થીને ઇજનો આપ્યાં છે.

બ્રહ્મરસનો વસ્તુવિષય ત્રણ લોકોત્તર ચરિત્રનાયકોની જીવનકથાને સ્પર્શે છે. અહીં જીવનકથાની અભિવ્યક્તિ જીવન-પ્રસંગો રૂપે નહીં' લીલાપ્રસંગોનું રૂપ લે છે. એથી પ્રસંગ-આધારિત પરિસ્થિતિઓ તત્કાલ ભલે શોક, ઉત્સાહ, ક્રોધ, જુગુપ્સા, નિરાશા, ચિંતા, વ્યગ્રતા, વિરોધ, વિનોદ વગેરે ભાવોની સૃષ્ટિ દેખાડે, અંતતોગત્વા, ગ્રંથના ચરિત્રનાયકોના

લોકોત્તર વ્યક્તિત્વના વિશેષરૂપ આધ્યાત્મિક ભૂમિકાની નિજ-પરરહિત નિર્ગ્રંથ ભાવદશાને પરિણામે પ્રસન્નતાદાયી વિસ્મયાનુભૂતિમાં વાચક-શ્રોતાને મૂકી આપે છે. અને એ સ્થાયી ભાવ જ અદ્‌ભુતવેષ્ટિત શાંતરસનો આસ્વાદ કરાવે છે. આવો શાંતરસ જ બ્રહ્મરસનો પર્યાય બને છે.



જગત્સુહૃદ્

બ્રહ્મરસની અભિવ્યક્તિ માટેના શબ્દાર્થની સંપૃક્તપ્રયુક્તિઓમાં રંગ અવધૂતજીએ એક મહાકવિની પ્રજ્ઞાવંત પ્રતિભા દાખવી છે. શ્રીગુરુલીલામૃતની ભાષા સર્વત્ર રસપૂર્ણા અને રસોત્ફુલ્લા રહી છે. ગુજરાતી ભાષાશક્તિનો અહીં પરિપાક સિદ્ધ થતો અનુભવાય છે. 'કાષ્ઠપેટિકામાં ભર્યા રત્નાભૂષણ અર્થ.' સ્વાભાવિક રીતે જ સિદ્ધ વાક્યરચના વક્તવ્યને અસ્ખલિત પ્રગટ કરે, તેવું ભાષાકૌશલ રંગઅવધૂતની સર્જક-ઉપલબ્ધિ છે. ભવભૂતિના શબ્દોમાં કહીએ તો 'વાચમર્થોઽનુધાવતિ'ની ઉક્તિ 'શ્રીગુરુલીલામૃત'નો ભાષાસંદર્ભ સિદ્ધ કરે છે. સ્થળવર્ણનોમાં આશ્રમ પરિસરોની પર્યાવરણતા, પવિત્રપરક તીર્થક્ષેત્રોનું મહત્તાસંકીર્તન, નર્મદા-કૃષ્ણા-ગોદાવરી જેવી લોકમાતાઓનાં સ્તુતિવર્ણનોમાં તેની લોકસંગ્રહાત્મક આધિદૈવિક અને આધ્યાત્મિક સ્વરૂપોની પ્રાર્થનાઓની નિરાયાસ જન્મેલી કવિતાસૃષ્ટિ શ્રેયાર્થીની જેમ સાહિત્યાનુરાગીને પણ સંતૃપ્ત કરી શકે તેમ છે. ચરિત્રનિરૂપણો કરતી વેળાએ યથાવકાશે યથોચિત સ્થાનોએ ચિંતનશીલ મૌક્તિકો[1]ની અઢળક સંપત્તિ તો આ ગ્રંથનું વિશિષ્ટ નજરાણું છે.

વ્યક્તિ-સમષ્ટિના શ્રેયાર્થને તાત્પર્યાર્થરૂપે સૂચવતી આ મૌક્તિકવાણી જીવનના ઉદાત્ત લક્ષ્યને આવરી લેતી દેખાશે. ઉદા. તરીકે થોડાંક દૃષ્ટાન્તો આ રહ્યાં :

(૧) અનારંભ આરંભ તું મૂળારંભ મહેશ,
નિરાલંબ આલંબ તું, જગદાલંબ જનેશ (અધ્યા. ૧ દો. ૨)

(૨) ઇક્ષુકાંડ વાંકું ભલે મેલું દીસે બહાર
મીઠો રસ માંહે ભર્યો, ત્યજે કોણ ગમાર ? (અધ્યા-૧દો.૧૧૦)

(૩) ત્રિગુણમયી માયા થકી થાય ચિત્તમાં ભ્રમ
અહં મમત્વાદિક વધે, સંસૃતિ કેરો ક્રમ. (અધ્યા-૭૪ દો. ૭)

---

૧ જુઓ 'રંગ-મૌક્તિક' સં. ધીરુભાઈ જોષી, પ્રાપ્તિસ્થાન : નારેશ્વર

(૪) ભૂલી નિજાત્મ રૂપને, રાગદ્વેષે એમ,
રહે વિષય-નિમગ્ન જે જાણ આત્મઘ્ન તેમ. (અધ્યા-૩૧-દો-૬૯)
(૫) સાથે ડગલાં સાત પણ નકી ચાલતાં તેમ,
કરી મિત્રતા સાધુઓ તારે આશ્રિત એમ. (અધ્યા. ૪૨-દો.૬૧)
(૬) જ્ઞાનવૃદ્ધ સુવંદ્ય ત્યાં વયોવૃદ્ધ પણ એમ;
વિદ્યાવયથી ન્યૂન જે વંદન યોગ્ય ન તેમ. (અધ્યા. ૯૧-દો.૫૩)



જગત્સુહૃદ્

ઉપર નિર્દિષ્ટ દોહરાબંધની વાણીમાં ઉક્તિલાઘવથી વિચારબળને સચોટતા અર્પતું પંક્તિવિધાન આપણામાં વિચારશીલતાને ઉદ્યુક્ત કર્યા વિના રહેતું નથી.

'શ્રીગુરુલીલામૃત'નું ભાષાકર્મ અભ્યસનીય છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રિમાર્ગથી અદ્વૈતાનુભવરૂપે જીવનમાં સિદ્ધ કરવાનો સમરસત્વનો પુરુષાર્થ અહીં અભિવ્યક્તિનો વિષય સ્વીકાર્યો છે. એથી વેદ, વેદાન્ત, સ્મૃતિ, મીમાંસા, ન્યાયશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પુરાણગ્રંથો અને ભક્તિમીમાંસાની તાત્ત્વિક પીઠિકા ગ્રંથમાં અનુસ્યૂત છે ખરી; પણ ઉપલબ્ધિ એ છે કે રંગ અવધૂતજીએ તત્ત્વને સ્વયં અનુભવીને વર્ણ્યવિષય હાથ ધર્યો હોવાથી સમગ્ર ગ્રંથ પ્રાસાદિક શૈલીમાં રચાઈ ગયો છે. શબ્દાલંકાર અને અર્થાલંકારની તો અહીં અત્રતત્ર હેલી છે, અને છતાંય તેની અનાયાસ સમર્પક પ્રતીત થતી પ્રયુક્તિઓ આપણું મન હરી લે છે. રવાનુકારી, અર્થાનુગામી અને ભાવાનુકૂલ પદપસંદગીઓને દોહરાના બંધમાં પૂરી નજાકતતાથી પ્રયોજવામાં રંગ અવધૂતજીનું વાગૈશ્વર્ય મુખરિત થાય છે. પ્રસાદ, માધુર્ય અને ઓજસની ગુણછટાઓથી 'શ્રીગુરુલીલામૃત'ની કાવ્યરીતિ એટલી બધી સંપન્ન છે કે ગ્રંથ-અંતર્ગત કોઈ પણ કથાઘટકનું ભાષાકીય વિશ્લેષણ હાથ ધરીએ તો શબ્દ-અર્થની ગુણાત્મક સંપૃક્તિ આપણને પ્રસન્ન કરી દે છે.

'શ્રીગુરુલીલામૃત' ગ્રંથ પદ્યમાં રચાયો છે; દોહરો એનો પદ્યબંધ છે. એને કારણે સમગ્ર રચના ગેય બની છે. વિવિધ રાગોમાં દોહરાને કુશળ ગાયક ગાઈ શકે. પણ અહીં એ ઉપરાંતની કાવ્યાત્મક ઉપલબ્ધિ આપણે નોંધીએ કે રંગઅવધૂતજીએ દોહરાબંધના નિશ્ચિત યતિસ્થાનોને ફેરવીને અનેક કંડિકાઓમાં અર્થાનુસારી યતિઓનો પ્રયોગ કર્યો છે :

પ્રીતે અક્રિય ઈશનું, દિવ્ય કર્મ પવિત્ર
ગાવું, જેથી સહુ ટળે કર્મવાસના ચિત્ર. (અધ્યા.૪-દો.૬૯)

અખંડ શ્રદ્ધાભક્તિથી, કરવું લીલાગાન
હરિગુરુસંતતણું સદા ટળે દેહ અભિમાન. (અધ્યા.-૪-દો.૭૦)
પૂર્વે જગ સદ્રૂપ આ એકાદ્વિતીય જાણ
બ્રહ્મરૂપ; એવો કરી પ્રથમ ઉપક્રમ માન. (અધ્યા-૧૭-દો.૧૯)



જગત્સુહૃદ્

કથાપ્રસંગોમાં ભાવપરિસ્થિતિજન્ય સુગેય પદોની ગૂંથણી 'શ્રીગુરુલીલામૃત'ના રચયિતા રંગ અવધૂતજીના ચિંતનોર્મિશીલ કવિમિજાજનો પરિચય કરાવે છે. અધ્યાય-૮ અંતર્ગત 'હાલરડું-૧ અને ૨, અધ્યાય ૧૨માં સહસ્રાર્જુનની ત્રણ પ્રાર્થનાઓ, અધ્યાય-૧૯માં સદ્‌ગુરુ દત્તાત્રેયના અલૌકિક દર્શનનો સમાધિ અનુભવ થતાં સહસ્રાર્જુનનો આનંદોદ્‌ગાર, અધ્યાય-૨૫માં રેણુકામાતાનું ક્રંદનગીત, અધ્યાય-૩૦માંની સરસ્વતીપ્રાર્થના અને સાંબસ્તુતિ, અધ્યાય-૩૧માં સતી મદાલસામુખે રજૂ થયેલ બે હાલરડાં, અધ્યાય-૪૧ અને ૪૨માં અલર્કમુખે ગુરુસ્તુતિગીતો, અધ્યાય-૪૬માં રાણી ઇન્દુમતીનો પુત્રવિલાપ, અધ્યાય-૪૭માં આયુરાજાએ કરેલી સ્તુતિ, અધ્યાય-૯૪ અને ૯૬માં નૃસિંહસ્તુતિ વગેરે સ્તુતિરચનાઓરૂપે સ્વતંત્ર રીતે પણ આસ્વાદ્ય છે. શબ્દાર્થના લય અને ભાવનો સુમેળ સ્તુતિ-કર્તાના અંતઃકરણને આરાધ્ય-એકાગ્રી કરવામાં સમર્પક બને છે. ચાર હાલરડાંનાં પદો તેમાં ગૂંફિત તત્ત્વજ્ઞાનને કારણે તો ગુજરાતી જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ધ્યાનાર્હ રચનાઓ છે. હાલરડું બાલકવિતાનો પ્રકાર ગણાય, એથી એમાં પદવિન્યાસ બાલમાનસને પ્રસન્નકર હોય. એ ખ્યાલથી જ રંગ અવધૂતજીએ શબ્દાલંકારોમાં રવાનુકારી પદો ગૂંથીને નાદમાધુર્ય તો સર્જ્યું છે; સાથે અંત્યાનુપ્રાસથી વાક્‌વૈચિત્ર્ય પણ મૂક્યું છે. વળી આ ઉપરાંત વિરાટ વિશ્વનો ઝૂલો અને એને ઝુલાવનાર પરમ ચેતનાનું અર્થાલંકારી રૂપક પણ ભાર વિના ભાવી જાય તેવી રોચકતાથી નિરૂપી તત્ત્વજ્ઞાનના બીજસંસ્કાર બાલમાનસમાં અદ્‌ભુત આસાનીથી મૂકવાનું લક્ષ્ય ચીંધ્યું છે.

'શ્રીગુરુલીલામૃત'ના ત્રણે ખંડમાં આખ્યાનોની ગૂંથણી થયેલી છે. દીપકઆખ્યાન, અંબરીષઆખ્યાન, અત્રિઅનસૂયાખ્યાન, શાંડિલ્યમાંડવ્યાખ્યાન, ભૃગુપુત્ર ઋચિક, જમદગ્નિરેણુકા, પરશુરામાખ્યાન, કચદેવયાની આખ્યાન, મિત્રસહાખ્યાન, અરુણ, બૈદ્ય અને ઉપમન્યુનાં આખ્યાન, કૌણ્ડિન્યનું આખ્યાન, વિમર્ષણરાજાનું આખ્યાન, નારાયણસ્વામી-સોહિરોબા-બોડાણા-વૈજનાથ, પુંડલિક વગેરેનાં

આખ્યાનોની ગૂંથણી ભક્તિ-ઉપાસનાની સંસ્કાર-દીક્ષા આપતાં હોવાથી ઉપયુક્ત બને છે. શૃંગાર, કરુણ, વીર, અદ્‌ભુતની રસસૃષ્ટિ સર્જતી આ આખ્યાનોની કથાઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પરંપરાની અચૂક યાદ અપાવે; પણ અભ્યાસુને આખ્યાનપરંપરાની કવિતાથી આની વ્યાવર્તકતા તુર્ત જ ધ્યાનમાં આવ્યા વિના ન રહે. અહીં ગૂંફિત આખ્યાનકથાઓનું લક્ષ્ય જનમનરંજન તો નથી જ; આ તો બલ્કે જ્ઞાન-કર્મ-ઉપાસનાના માર્ગે જવાનું દિશાધ્યેય દૃઢ બનાવવા માટેનો લોકસંગ્રહાર્થી પુરુષાર્થ છે.



જગત્સુહૃદ્

'શ્રીગુરુલીલામૃત'ની આજપર્યન્ત ૧૧ આવૃત્તિઓ થઈ છે. કુલ મળીને ૩૫ હજાર ઉપરાંત પ્રતો દેશવિદેશમાં પ્રસરી છે. વ્યક્તિ-સમષ્ટિ-ધોરણે આ ગ્રંથનાં પારાયણ-અનુષ્ઠાનો, જ્ઞાનસત્રો, સંગીતપારાયણો, સ્વાહાકારો, ચિત્રાવલીપ્રદર્શનો વગેરેની પ્રવૃત્તિનો વધતો પ્રસાર સ્વયં ગ્રંથની ઔપાસનિક તાકાતનું પ્રમાણ છે.

વિશેષ વાંચન સંદર્ભસૂચિ :

(૧) 'શ્રીગુરુલીલામૃત' સુવર્ણજયંતી મહોત્સવ સ્મરણાંજલિ, વિ.સં. ૨૦૩૮, નારેશ્વર.

(૨) 'શ્રીગુરુલીલામૃત' એક મંગલ ઉદ્‌બોધન, બાલ અવધૂત પ્રકાશન : ગામાક્ષેત્ર-માતર (ખેડા જિલ્લો)

(૩) શ્રીરંગ જન્મશતાબ્દી સંકેત શતક (જ્ઞાનકાંડ, કર્મકાંડ, ઉપાસના કાંડ) : પ્રો કુલીન ઉપાધ્યાય, અમદાવાદ.

(૪) ટૂંક સમયમાં વેબસાઈટ પર ગ્રંથપરિચયની ઉપલબ્ધિ (માહિતી : શિવુભાઈ દવે, અમેરિકા) 11, Village Drive, Voorhouse, NJ 08043.

આચમન :

વંદના

ગ્રંથારંભે તુજ નમું ચરણકંજ ગણરાજ,
આપો સન્મતિ મોરયા જેથી સુધરે કાજ. ૧
અનારંભ આરંભ તું, મૂળારંભ મહેશ,
નિરાલંબ આલંબ તું, જગદાલંબ જનેશ. ૨

×

અનંત કોટિ બ્રહ્માંડ જે, શમવ્યાં ઉદરની માંહ્ય,
લંબોદર તુજને કહ્યો, શ્રુતિ સ્મૃતિ જશ ગાય. ૪
વક્ર પાપ ખંડન થકી, વક્રતુંડ કહેવાય,
વક્રોક્તિપ્રિય ગણપતિ, વળી વળી લાગું પાય. ૫

મૂલાધારે તું વસે, કરે મતિપ્રકાશ,
ગુરુલીલા ગાવા કરી, કરો પૂર્ણ જે આશ. ૭
મતિહીણો હું નવ લહું, કાવ્યશાસ્ત્રવિચાર,
કરો કોડ પૂરો પ્રભો મનવાંછિત દેનાર. ૧૪
વળતી પ્રણમું શારદા, બ્રહ્મકુમારી જેહ,
વાગ્દેવતા વિશ્વમાં, વિલસે જે નિર્દેહ. ૧૭

×

નામરૂપાત્મક બધું, એથી ઉપન્યું જેહ,
વાણીવિકાર શાસ્ત્રે કહ્યો, વાચારંભણ એહ. ૨૩
એકરૂપ સઘળે રહી, સુંદર મા તુજ રૂપ,
જ્ઞાની વિલોકી એ હસે, પામે મોદ અનુપ. ૨૪

×

શી રીતે વર્ણું તુને ? વેદશાસ્ત્ર તુજ શ્વાસ,
હર વાણીગત જાડ્ય મા ! કરી જ્ઞાનપ્રકાશ. ૩૩
નાદબ્રહ્મરહસ્ય જે પ્રગટાવી ઉર માંહ્ય,
બોલ જિહ્વાગ્રે રહી, ચરણે અર્પું કાય. ૩૫

×

ગુરુરૂપે મા તું જ તું, ઈષ્ટ દિગંબર દત્ત;
જાણી પ્રણમું ભાવથી, થાય ભેદ નિરસ્ત. ૩૯

×

હૃદય નિયામક અંતરે, બાહિર સદ્‌ગુરુરૂપ,
પુનઃ પુનઃ પ્રણમું તને, બાધે આ ભવકૂપ. ૫૨

×

કાષ્ઠપૂતળી નાચતી ચાલક ખેંચે જેમ,
ચાલક તું મુજ યંત્રનો લખું, લખાવે તેમ. ૫૬

×

ગુરુમૂર્તિરૂપે ખડો, આપે તું જ પ્રબોધ,
કૃપાદૃષ્ટિ તારી થતાં, વહે જ્ઞાનનો ધોધ. ૬૫

×

નમું કવીશ્વર વાલ્મીકિ વ્યાસ પરાશર ધન્ય;
સંત મહંત હરિજન સહુ, સુશીલ ભક્તો અન્ય. ૭૮

×

વંદુ વિઠ્ઠલ તાતને, સદ્‌ગુણની જે ખાણ,
માતા રખુમાબાઈને, કહું કોટિ પ્રણામ. ૮૩

×

અભિવાદન સહુને કરું, મૂકી સઘળું માન. ૮૮
('શ્રીગુરુલીલામૃત'-જ્ઞાનકાંડ અધ્યાય-૧)



જગત્સુહૃદ્

અર્ચન : (૧)



જગત્સુહૃદ્

''ગ્રંથના ત્રણેય ભાગમાં, વ્યક્તિને સંપૂર્ણ નિર્ગ્રન્થ બનાવતી, સઘળા ભેદનો-સર્વ કાંઈથી જુદાપણાનો - વ્યાપ્ત અસ્તિત્વરૂપ પરબ્રહ્મ પરમાત્માથી અલગ અસ્તિત્વનો - સદંતર ભ્રંશ સધાવતી આત્મવિદ્યા જ છલકે છે.

આ આત્મવિદ્યાનાં નિરૂપણનાં ને તેમાં રહેલ ગુરુમહારાજ ભગવદ્ રંગાવધૂતની ખૂબ આગવી ખૂબીનાં દર્શન તો ગ્રંથનું નામ તથા તેનાં પ્રથમ બે ત્રણ પાન જ કરાવી દે છે.

આપણે હવે ગ્રંથને ઉઘાડીએ છીએ તેથી પ્રથમ વિઘ્નવિનાયકની સ્તુતિથી જ શરૂ કરીએ.×××

આત્મમસ્તીના એકાન્તમાં સમાવતી, કોઈ પણ પ્રકારની સંકુચિતતાથી પર એવી, ઉપાસનાની કેવી જ્ઞાનયુક્ત સૂક્ષ્મતાથી પરબ્રહ્મ પરમાત્માના સર્વવ્યાપક એવા નિર્ગુણ નિરાકાર સ્વરૂપનું દર્શન, મંગલમૂર્તિ ભગવાન ગજાનન ગણપતિના સાકાર સ્વરૂપમાં કેવા અભેદભાવે કરાવે છે તેનો ખ્યાલ તો તેનો પ્રથમ દોહરો જ આપી દે છે, તે જુઓ :

ગ્રંથારંભે તુજ નમું, ચરણકંજ ગણરાજ,
આપો સન્મતિ મોરયા, જેથી સુધરે કાજ. ૧

પરમાત્માએ જ્ઞાનપ્રદાતા ગુરુસ્વરૂપે કરેલી લીલાને ક્રમબદ્ધ ગ્રથિત કરી, જ્ઞાનના અનંત ખજાનારૂપ ગ્રંથનું સ્વરૂપ આપવાના કાર્યના પ્રારંભમાં વિઘ્નવિનાયકનાં ચરણકમળમાં મસ્તક નમાવી, ગ્રંથરચનાની સિદ્ધિ અર્થે એટલે કે વસ્તુપ્રસંગને યથાર્થ સત્યસ્વરૂપમાં જોવાની સત્ય દૃષ્ટિ માટે, પ્રાર્થના કરે છે.×× ગુરુ મહારાજ ભગવદ્ રંગાવધૂત બાપજી ગુરુ-શિષ્ય પરંપરાને જાળવતાં, ગુર્વાજ્ઞાનું પાલન કરવામાં, જગતને શિષ્ય થતાં શીખવવા માટે એકનિષ્ઠ શિષ્યભાવે, પોતે પોતાની આગળની અવતારી વિભૂતિઓની લીલા ગ્રથિત કરી તેને ગ્રન્થબદ્ધ કરવા કટિબદ્ધ થયા છે.××× ગણરાજ એટલે સર્વત્ર વ્યાપ્ત વિશ્વચૈતન્યરૂપ શિવના પુત્ર ગણપતિ. આ વિશ્વચૈતન્ય શિવના પુત્ર - તેનો અંશ-તે જ આપણો આત્મા; સર્જનના પ્રત્યેક વસ્તુપ્રસંગમાં અણુ-મેરુમાં વ્યાપીને રહેલ તે વિશ્વાત્માને સેવનાર ગણો તે ઇન્દ્રિય ગણો. આ આત્મસ્વરૂપ ગજાનન ગણનાયક ઇન્દ્રિયગણોને કાબૂમાં લે તો જ તે સાચા જ શિવના અનુચરો બની રહે. 'જેથી સુધરે કાજ'માં આ જ નિત્યસુખરૂપ 'કાજ' સુધારવાની વાત છે.

×

ત્રિવિધ તાપયુક્ત ભવરોગને હરનારા આ ગ્રન્થની પરિક્રમાનું ફળ પણ ગુરુમહારાજ ભગવદ્ રંગાવધૂતે અનેક રીતે પ્રકાશિત કરેલું છે. એ ત્રણે તાપના નાશ માટે, સંકટને દિશાઓમાં પણ નહીં રહેવા દેનારા, રોગ પ્રમાણેના ઔષધની યોજના જેમ તે તે દોહરાના મંત્રની માફક અનુષ્ઠાને ઘણાનાં તેવાં સંકટ ટળતાં જોયાં છે''

- પૂ. બાલ અવધૂત

(શ્રી ગુરુલીલામૃત : એક મંગલ ઉદ્‌બોધન)



જગત્સુહૃદ્

(૨)

ગુર્વાજ્ઞા સ્વપ્ને સૂણી, અવધૂતજી તત્ક્ષણ;
જાગ્યા, હરખ્યું હૃદય ને મનડું થયું પ્રસન્ન,

×

મરક મરક મુખ થાય ને જ્ઞાનધોધ હૃદય માંહ્ય
ધગ ધગ ધગ ઊછળી રહ્યો બહાર જવા ઉભરાય.
વેગે લીધાં કલમ ને કાગળ નિજ કર માંહ્ય
આંતરસ્રોત વહી રહ્યો કલમદ્વારથી ત્યાંય.
ટપક્યાં કાગળ પર અહા અંતર આવિષ્કાર,
શ્રીગુરુલીલામૃત ટપક્યું તિહાં વર્ત્યો જયજયકાર !!

×

ગુર્જર ભાષામાં અહા ધન્ય થયું ગુજરાત !
સ્વયં લખાવે દત્ત ને લેખનહારો દત્ત,
ધ્વંસ થયો ત્યાં દ્વૈતનો વહેતું રહ્યું અમૃત[1]

×

ઉત્કટ ભાવ-વિચાર હા ! હૃદસરમાં ઉભરાય,
સરતી જાય કલમ જે કાગળ પર ઠલવાય

×

---

૧ સર્વ ગ્રંથ શિરોમણિ ગ્રંથરાજની આમ
થઈ શુભ શરૂઆત હા ધન્ય સરખેજ ગામ.
મદાલસાખ્યાન સુધી અહીં રચાયો ગ્રંથ
પછી પડ્યા અવધૂતજી નારેશ્વરને પંથ.



જગત્સુહૃદ્

છેક-છાક જરાય ના સુઘડ સ્વચ્છ લખાણ
મોતીના દાણાસમા અક્ષર સુંદર જાણ !
પરોઢિયે નિત ઊઠીને કરી નર્મદાસ્નાન
ચિત્ત શુદ્ધ કરી ધ્યાનથી સ્મરી દત્ત ભગવાન.
એક જ આસનપર અહા ! બેસી નિયમિત એહ
લખે, લખાવે જે અહા ! સદ્‌ગુરુ નિઃસંદેહ.
જ્ઞાન, કર્મ ઉપાસના ત્રણ રચાયા કાંડ,
બ્રહ્મરસના સ્વાદથી સભરભર્યો પ્રકાંડ.
તાણાવાણા દોહરા મખમલ રેશમી જાણ,
રંગ-વિરંગી ભાવથી લખ્યા રંગ પ્રમાણ
હજાર ઓગણીસ ને વળી ઉપર બીજા પાંચ,
સીવી અમૂલખ આ રૂડી ચાદર ક્યાંય ન ખાંચ.
સ્તોત્રાદિ ભજનો વળી હાલરડાં રૂપી એમ,
બુટ્ટા વેલો ગૂંથાયાં ભાતીગર કંઈ તેમ.
ગ્રંથરૂપી ગૂંથી અહા ચાદર અમુલખ જેહ
ઓઢે તેને ના રહે મોક્ષતણો સંદેહ

- ગોવિંદ ઉપાધ્યાય
'શ્રીરંગલીલામૃત'માંથી

(૩)

અધ્યાત્મજીવન ગાળનારા અને સાથે સાથે કવિતાપ્રવૃત્તિ કરનારાઓમાં સૌથી છેલ્લું અને અર્વાચીન નામ **રંગ અવધૂતનું** છે. આધ્યાત્મિક માર્ગોમાં દત્તની ઉપાસના એક જીવંત અને જવલંત સાધનાપ્રણાલિ છે. એ પ્રણાલિની સાધનાને તથા દત્તની જીવનલીલાને શબ્દબદ્ધ કરવાનું મોટું કાર્ય રંગ અવધૂતે કર્યું છે. દત્તની ભક્તિથી નીતરતાં ભજનો અને સ્તોત્રો તેમણે સંસ્કૃત અને ગુજરાતીમાં ઘણાં લખ્યાં છે. એમનું સૌથી મોટું કાવ્ય 'શ્રીગુરુલીલામૃત' (૧૯૩૨) ૧૪૮ અધ્યાયમાં ૧૯૦૦૫ હજાર દોહરામાં જ્ઞાન, કર્મ અને ઉપાસનાનો વિષય ચર્ચે છે. અર્વાચીન કેળવણી પામેલા, જન્મે મહારાષ્ટ્રી આ અવધૂતને છંદપદાદિની કળા સહજસિદ્ધ છે. સંસ્કૃતના ઊંડા જ્ઞાનને લીધે ગુજરાતીમાં પણ આજ લગી ન જેવા વપરાયેલા કેટલાક સંસ્કૃત

શબ્દો તેઓ ઔચિત્યપૂર્વક વાપરે છે. એમની રચનાઓમાં બીજું એક ધ્યાન ખેંચનારું તત્ત્વ તેમણે મરાઠી ઓવી વૃત્તનો કરેલો પ્રયોગ છે. જુગતરામ દવે પછી ઓવી વૃત્તનો ગુજરાતી કવિતામાં પ્રયોગ કરનાર આ બીજા લેખક છે. આ લાંબી વર્ણનાત્મક તેમ જ તત્ત્વજ્ઞાનના વિષયને નિરૂપતી રચનાઓમાં વિષય પ્રાસાદિક વાણીથી નિરૂપાતો જાય છે છંદોને વાહન બનાવી આ અવધૂતની વિચાર અને અનુભવની સમૃદ્ધિ પોતાના ઉદ્‌ગારમાં જ રાચે છે. 'પત્રગીતા' (૧૯૩૯)માં તેમણે ગીતાના અમુક શ્લોકો લઈ તેમના પ્રત્યેક અક્ષરને ઓવીના પ્રથમ ચરણમાં ગૂંથ્યો છે. તેમનાં સ્તોત્રોમાં ઊર્મિનો ઉદ્‌ગાર વધારે ઊંડો બને છે. એમની રચનાશક્તિનું વધારે પ્રતિનિધિ ગણાય તેવું દત્તનું એક હાલરડું અત્રે ઉતારીશું.



જગત્સુહૃદ્

ઝૂલો ઝૂલો રે, દત્ત દિગંબર સ્વામી ! અવધૂત પરા ત્યર નામી.
ઝૂલાવે અનસૂયા કર્દમતનયા જાયા અત્રિની નિગમા ગેયા
ખાણો જે ચાર વિચિત્ર,
પારણું એ જ પવિત્ર,
ચોવીસ દોરડીએ ચિત્ર,
બાંધ્યું સ્તંભે માયાત્મક, સ્મૃતિગામી ! ડોલે જો, અંતર્જામી ! - ઝૂલો. ૧

''સંસ્કૃતના ઊંડા જ્ઞાનને લીધે ગુજરાતીમાં પણ આજ લગી ન વપરાયેલા કેટલાક સંસ્કૃત શબ્દો તેઓ ઔચિત્યપૂર્વક વાપરે છે.''

સુન્દરમ્, *'અર્વાચીન કવિતા'*

(૨) 'શ્રીગુરુલીલામૃત'ના શ્રીરંગ અવધૂતે ગુજરાતી ભાષામાં ત્રણ ખંડો રચ્યા છે. તેમણે શ્રી દત્તાત્રેય અવધૂતનું વિપુલ અને ગુણવત્તાવાળું સાહિત્ય ગુજરાતીમાં રચ્યું છે. તેમાં શ્રીગુરુલીલામૃત' અગ્રસ્થાને બિરાજે છે. ગ્રંથ કેવળ આધ્યાત્મિક અનુભૂતિના પરિમાણરૂપ છે :

જોયું જે અનુભવદગે, બોલું તે જ પ્રમાણ.

×

આકંઠ તૃપ્તિ થતાં સ્વાભાવિક ઉદ્‌ગાર
જેમ નીસરે તેમ આ નિશ્ચય ભુક્તોદ્‌ગાર.

ભાષાપ્રસાદ સુંદર છે. કાવ્યસમૃદ્ધિ ગણનાપાત્ર છે. અલંકારોનો પ્રયોગ ધ્યાન ખેંચે તેવો છે. વર્ણનશક્તિ અદ્‌ભુત ગણાય તેવી છે.

સાક્ષરશ્રી **શાન્તિલાલ ઠાકર** *(નડિયાદ)*

(૩) ''પૂ. બાપજીની સમાધિ-અવસ્થાની દિવ્ય અનુભૂતિનો વૈખરીરૂપે થયેલો આવિષ્કાર છે, 'શ્રીગુરુલીલામૃત'ગ્રંથ''.



જગત્સુહૃદ્

શ્રીગુરુલીલામૃતાખ્યો
રંગહસ્તાબ્જનિઃસૃતઃ ।
ગજાસ્ય કૃપયા પ્રામો
ગુરુદત્તેન લેખિતઃ ૧
રંગતાપહરો નૂનં
વેદવેદાન્ત સારભૃત્ ।
નવ્યપ્રાકૃતગ્રન્થોડયં
મસ્કરિસ્વામિનન્દિતઃ ૨
અશેષોપાસકાનાં સ
સ્તુતો ભવતુ કામધુક્ ૩

રાષ્ટ્રપતિસન્માનિત ***ડૉ. અરુણોદય જાની*** *(વડોદરા)*

(૪) ''કલિયુગમાં યોગસાધના ઘણી મુશ્કેલ છે. આ મુશ્કેલી જાણીને પૂજ્યશ્રીએ તેનું વર્ણન 'શ્રીગુરુલીલામૃત'માં સાંગોપાંગ કરેલું છે. યોગ તો એક જ છે, પરંતુ તેનાં જુદાં જુદાં અંગો પર ભાર મૂકવાથી તેને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે. યોગનો હેતુ ઈશ્વરપ્રાપ્તિ છે. આત્મજ્ઞાન વગર ઈશ્વરપ્રાપ્તિ થઈ શકતી નથી.''

- પ્રિ. દત્તાત્રેય નંદુરબારકર, *અમદાવાદ*

(૫) ''શ્રીગુરુલીલામૃત' ભારતીય શાસ્ત્રસંહિતાની પરિપાટીએ રચાયેલો ગ્રંથ છે.×× ગ્રંથકારનો હેતુ આ છે : (૧) શોધ-ગવેષણા (ઈન્કવાયરી) એટલે સ્વની શોધ(ડીસ્કવરી ઓફ સેલ્ફ) અને તેને આધારે ફલસ્વરૂપે તત્ત્વાન્વેષણ, (૨) શોધાયેલાં 'સ્વ' તથા અન્વેષિત તત્ત્વનો દૃષ્ટાન્ત દ્વારા સિદ્ધાન્ત સ્વરૂપે સાક્ષાત્કાર કરવો તેમ જ ગ્રંથના અધ્યેતાને તે કરાવવો''.

પ્રૉ. ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવે *(વિદ્યાનગર)*

(૬) 'ન હિ ધીમતાં કશ્ચિદર્થવિષયો નામ' કવિકુલગુરુ કાલિદાસની આ ઉક્તિ સાર્થ કરનાર પૂ. અવધૂતજીએ 'શ્રીગુરુલીલામૃત'નામનો જ્ઞાનકોષ (એન્સાઈકલોપેડિયા) રચીને ગુજરાતી સાહિત્યસર્જનમાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે.

ડૉ. ઉમા દેશપાંડે, વડોદરા

(૭) ''શ્રીગુરુલીલામૃત'ને તેમાં નિરૂપિત દત્તલીલા વૈશિષ્ટ્યને કારણે ગુજરાતી 'દત્તપુરાણ' કહી શકાય, પરંતુ એના કરતાં તો આ ગ્રંથને 'ગુરુપુરાણ'નું અભિધાન આપીએ તો એ વધારે સૂચક અને યોગ્ય ગણાય. દત્તાત્રેયની કે અવધૂતની અને તેમના પૂર્ણ અને અંશાવતારોની લીલાકથામાં વર્ણનોને ઉપલક્ષીને મુખ્યતઃ તો ગુરુતત્ત્વનું અદ્‌ભુત રહસ્ય સમજાવવાનો પ્રયત્ન થયો છે.–

જયંતીલાલ આચાર્ય (નારેશ્વર)

(૮) ''ગ્રંથની વરદશક્તિ અજોડ છે. આથી જ એનાં પારાયણોથી મનની શાંતિ મળે છે અને ઈશ્વર પર શ્રદ્ધા જાગી તેની ભક્તિ વડે ધાર્યાં કામ થાય છે. એ ગ્રંથના વાચનથી એક વસ્તુ સ્પષ્ટ તરી આવે છે કે 'શ્રીગુરુલીલામૃત'માં પતિ કરતાં સતીનું માહાત્મ્ય વિશેષપણે ગાયેલું છે. તેમાં અત્રતત્રસર્વત્ર, વિશેષ કરીને પહેલા ભાગમાં સતીઓનાં જ ચરિત્રો છે. 'ગુરુલીલામૃત'ની સ્પષ્ટ શીખ છે :

ઘેર ઘેર પડી સ્ત્રીઓ રૂપલાવણ્યયુક્ત
શું એથી ? એક જ ભલી સતી, કરે કુલ મુક્ત. (અધ્યા. ૮૫. દો. ૧૩)

ડૉ. ધીરુભાઈ જોષી (નારેશ્વર)

(૧૦) ''શ્રુતિજ્ઞાન સ્વાનુભવ અને સતર્કપ્રતિષ્ઠિત બુદ્ધિથી 'શ્રીગુરુલીલામૃત' સત્જ્ઞાનથી અણુઅણુએ ભરેલ છે. એની (જ્ઞાનકાંડ) વાણી, વિષયનિરૂપણ અને ભાવોદ્રેક ભક્તિરસથી છલબલે છે.''

('ગુજરાતી અંક - ૭-૯-૧૯૩૫, મુંબઈ.)

(૧૧) ''જ્ઞાનેશ્વરી ને એકનાથના ભાગવતની પેઠે 'શ્રીગુરુલીલામૃત'ગ્રંથ સારો લોકાદર પામશે, એવી અમને પ્રતીતિ છે.''

('બુદ્ધિપ્રકાશ'-૧૯૩૪)

(૧૨) ''શ્રુતિસ્મૃતિવેદાન્તનિચોડસમુ આ દિવ્ય રસાયણ છે !
જ્ઞાનકર્મભક્તિભર્યું રોચક ને ઉપકારક પણ છે !
જીવતર જીવવા જીવનકલા જ્યાં ભરી પડી વાતે વાતે,
'ગુરુલીલામૃત' દીવાદાંડી કલિયુગના ઝંઝાવાતે !''

લે. વિકલભાઈ પાઠક 'રંગની રંગત'



જગત્સુહૃદ્

'દત્તબાવની'*



જગત્સુહૃદ્

અવલોકન :

ઉત્પત્તિ :

પૂ. શ્રી રંગઅવધૂત મહારાજશ્રીની કલમ લખવા ખાતર લખવા ટેવાએલ જ ન હતી ! ઈશ્વર પ્રેરણા કરે, અંદરનો માંહ્યલો ધક્કો મારે, આનંદનું કે કવનનું પૂર ઊછળે અને આપોઆપ કલમ ચાલવા લાગે. એથી જ સહજ રીતે અનુભવ ઉદ્‌ગાર સમાં ભજનો કે સ્તોત્રો, પ્રવચનો કે સંદેશાઓમાં સમસ્ત બ્રહ્માંડને ડોલાવતી તાકાત ડોકાતી દેખાય છે.

દત્તબાવની લખવાની પ્રેરણામાં પણ એવું જ એક કારણ. પોતાના હૃદયથી શ્રીમંત એવા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી કમળાશંકરભાઈ ત્રિપાઠી મૂળ સરખેજના પણ સઈજ (તા. કલોલ)માં નોકરી કરે. નોકરી ન હતી ત્યારના કહ્યા કરેઃ 'બાપજી મારે ત્યાં કયારે આવશો ?' પૂ. શ્રી કહેતા કે તારી નોકરી થશે ત્યારે. નોકરી થઈ. એ ભક્તહૃદયે ભાવથી યાદ આપી ફરીથી આમંત્રણ આપ્યું. પૂ. શ્રી સઈજ ગયા.

સઈજ ગામના છેડે સ્મશાન નજીક મહાદેવનું મંદિર. તેના મેડા ઉપર મુકામ. રોજ ભક્ત ભિક્ષા આપવા જાય; નોકરી સિવાયના સમયમાં સત્સંગ ચાલે. અને એક દિવસ ભક્ત કમળાશંકરભાઈએ કહ્યું : ''બાપજી, ઘરમાં તબિયત સારી રહેતી નથી. બાધા જેવું લાગે છે. આપ કંઈ અનુગ્રહ કરો.''

શ્રી કમળાશંકરભાઈ એટલે ભગવાનના માણસ, સરળ સ્વભાવ અને પૂ. શ્રી એટલે કરુણાના ભંડાર ! પૂ. શ્રીને હનુમાન-ચાલીસાની યાદ આવી. સંકટમોચનસ્તોત્રની રચના કરવા બેઠા અને લખતાં લખતાં બાવન લીટી લખાઈ ગઈ. થોડી ઓછી કરવા વિચાર્યું અને એક પણ લીટી કાઢી નાખવા જેવી લાગી નહીં. ત્યાં જ યાદ આવ્યું કે મહારાષ્ટ્રમાં વેદ સમાન ગણાતા સરસ્વતીગંધારરચિત મરાઠી વરદ ગ્રંથ ગુરુચરિત્રના અધ્યાય બાવન છે; વરસનાં અઠવાડિયાં પણ બાવન છે અને તેથી આ બાવન લીટીના દત્તભગવાનની કરુણાની યાચના કરતા સ્તોત્રનું 'દત્તબાવની' નામ આપી દીધું. ખૂબી તો એ થઈ કે ભલે એમાં લીટી

* અસંખ્ય આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે.

બાવન છે. પણ ચોપાઈઓ ૨૬ જ છે. વળી ૧૦-૧૨ લીટીઓ તો ફળશ્રુતિની છે. તેથી હનુમાન-ચાલીસા જેવું જ કલેવર એ ધરાવે છે.

શ્રી કમળાશંકરભાઈ 'દત્તાબાવની' સ્તોત્રની પ્રસાદી સ્વીકારતાં બોલ્યાઃ "બાપજી ! મારા ઘરમાંથી તો ભણેલાં જ નથી !" પૂ. શ્રીએ કહ્યું : "કંઈ નહીં. તું એની પાસે બેસી ગાજે." થઈ ને કુદરતની કરામત ! શ્રી ગુરુચરિત્ર વાંચવાનો અધિકાર બેનોને નથી !! એટલે જે બેનને નિમિત્ત કરી દત્તબાવની લખાઈ તેણે સાંભળવાની આવી ! અલબત્ત, સાંભળતાં સાંભળતાં મોઢે થઈ જાય અને પછી ગવાય. પૂ. શ્રી એ ગુરુચરિત્રની વાતોને સંક્ષેપમાં મૂકી બેનોને ગાવાનો અધિકાર આપી દીધો ! સંકટ ટળી ગયું તે લખવાનું હોય નહીં.



જગત્સુહૃદ્

બંધારણ :

દત્તબાવનીમાં લીટીઓ જ સ્વાભાવિકતાથી આવી છે એમ નહીં ! એના બંધારણમાં પણ પૂ. શ્રીએ કોઈ જાતનો પ્રયાસ કર્યા વિના, પૂર્વયોજના વિચાર્યા વિના એક સૂક્ષ્મ રીતનો બંધારણીય ધાગો રચ્યો દેખાય છે. અને એ જ સૂચવે છે કે ઈશપ્રેરિત લખાણમાં કેવી સરળતા હોય છે. પ્રથમ એ જોઈ લઈએ. પછી તેનું વિવરણ જોઈશું.

જેણે પોતાની જાતને જગત કાજે આપી દીધી છે તેવા સાર્થનામા દત્તાત્રેય ભગવાનની સ્તુતિ દ્વારા તેમનું પ્રાગટ્ય, તેમનું સ્વરૂપ આદિથી આ સ્તોત્ર શરૂ થાય છે જે પ્રથમની છ લીટીઓમાં પૂ. શ્રીએ સમાવી લીધું છે અથવા કહો સમાઈ ગયું છે.

એ પછી એમના અઠંગ ભક્ત સહસ્ત્રાર્જુનને તેમણે આપેલાં વરદાનો આદિના ઉલ્લેખને સમાવતી વાત આવે તે પહેલાં સાતમી કડીમાં 'આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા, પ્રાણ' અમે કહી પૂ. શ્રી દત્તભગવાનને પુકારી લે છે. પછી જ અર્જુનની વાતનો ઉલ્લેખ છે.

પછીની કડીઓમાં વિષ્ણુશર્મા, ઈન્દ્ર, આયુ, યદુ, પરશુરામ, સાધ્યાદિ દેવો, પ્રહ્લાદ પર વરસાયેલી કૃપાનો ઉલ્લેખ છે પણ તે પહેલાં પૂ. શ્રી ભગવાનને કહે છે : 'કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ !' દત્ત ભગવાનના ઘણા ભક્તો થયા છે પણ સહસ્ત્રાર્જુનમાં એક વૈશિષ્ટ્ય છે. શ્રી પાંગારકર જેવા સંસ્કૃત સાહિત્યના વિદ્વાન પણ નોંધે છે કે દત્તાત્રેય અને સહસ્ત્રાર્જુનનો સંબંધ સ્વાભાવિક છે, અને ઐતિહાસિક પણ લાગે છે. એટલે અન્ય ભક્તો



જગત્સુહૃદ્

કરતાં દત્તભાવનીમાં તેનું આગવું સ્થાન રહ્યું. વિષ્ણુશર્મા બ્રાહ્મણ ભક્ત છે તેને તેના પછી તરત જ દત્તભાવનીમાં આપણે જોઈએ છીએ. ઇન્દ્રની વાત તો ગર્ગમુનિએ અર્જુનને કરેલી તેથી તે પુરાણા ભક્તનો અધિકાર વિશિષ્ટ છે જ. એ બધાને અંતે બે લીટીઓમાં 'એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ? દોડ અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !!' પૂ. શ્રી હૃદયના ઊંડાણથી પ્રભુને સાદ પાડે છે.

પછી શરૂ થાય છે શ્રીપાદવલ્લભ અને શ્રીનરસિંહ સરસ્વતીના રૂપે કરેલી ભગવાન દત્તાત્રેયની લીલાઓની યાદ. સ્મર્તૃગામી કલિયુગના આ જાગતા દેવ દત્તાત્રેય દ્વિજસ્ત્રીનો ભાવ જોઈ શ્રીપાદરૂપે જન્મ્યા. એમણે ધોબીને તાર્યો અને બાધા કરવા આવતા બ્રાહ્મણશેઠને ચોરોએ મારી નાખતાં વ્હારે ધાઈ તેને સજીવન કર્યો એ લીલાનું ગાન કરતાં અડધી લીટીમાં 'પેટપીડથી ધાર્યો વિપ્ર' એ નૃસિંહસરસ્વતીની લીલા મુકાઈ ગઈ ! બંને અવતારો એક જ સ્વરૂપે છે તે બતાવાઈ ગયું ! અને તરત જાણે પ્રકરણ બદલાતું હોય તેમ 'કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર' !! કહ્યું. ભક્ત ભગવાનને પૂછે છે કે આ બધાની વ્હારે તું ધાયો તો મારી વ્હારે કેમ નથી આવતો ? એક જ વાર તું સામું જો તો મારો બેડો પાર છે ! પછી વૃદ્ધ બ્રાહ્મણીને કન્યાપુત્ર દીધાં; બ્રાહ્મણનો કોઢ દૂર કર્યો, વંધ્યા ભેંસ દૂઝવી, ઝાલર ખાઈ સુવર્ણ ઘટ આપ્યો, સાવિત્રીના દત્તુને સજીવન કર્યો, પીડા દૂર કરી બ્રાહ્મણબાળકને સજીવન કર્યો, અંત્યજ-મુખને વેદગાન કરવાનું કહી એ લીલા દ્વારા ત્રિવિક્રમને વિજયપત્ર અપાવામાંથી બચાવી વેદિયાઓને શિક્ષા કરી, તંતુકને ક્ષણ માત્રમાં પાદુકા પકડાવી શ્રીશૈલ લઈ ગયા, એકી સાથે આઠ સ્વરૂપો ધારણ કરી દિવાળીના દિવસોમાં ભક્તોને આનંદ કરાવ્યો, યવનરાજ જે પૂર્વાવતારનો ધોબી જ હતો તેની પીડા ટાળી અને પોતે નાતજાતથી પર છે એમ જગત સમક્ષ ઉદાહરણ મૂકયું-જેવી શ્રીગુરુચરિત્રમાં ગવાયેલી. શ્રીગુરુલીલામૃતના કર્મકાંડમાં લખેલી લીલાઓનો ઉલ્લેખ પણ એટલો જ સ્વાભાવિક છે કે વાંચતાં, ગાતાં કશુંય મારી મચડીને લખાયું હોય એવો અણસાર નથી. ઊલટું ભક્તહૃદય બધું ગાતાં ગાતાં આનંદવિભોર થાય છે.

અવધૂતપરિવાર જાણે છે કે પૂ. શ્રી એ દૈવી આદેશ અનુસાર 'પોથી' વાંચવાનું કિશોરાવસ્થામાંથી ચાલુ કરેલું એ પોથી એટલે જ

શ્રીગુરુચરિત્ર એના રોજના વ્યાસંગથી એ જીવનમાં એવી વણાઈ ગઈ કે દત્તબાવનીની લીટીઓ આપોઆપ રચાઈ ગઈ ! આપણે પૂ. શ્રીના શબ્દોમાં જ કહી શકીએ કે ''એના મૂળમાં પરંપરાગત તપશ્ચર્યા અને અનન્યનિષ્ઠ સંકલ્પબળની જોડ હોવાથી'' દત્તબાવનીને અસામાન્ય માન્યતા મળી છે.



જગત્સુહૃદ્

અને શ્રીગુરુચરિત્ર વિષે પૂ. શ્રીએ જે વિશ્લેષણ કર્યું છે તેને આ તબક્કે યાદ કરી લઈએ અને એને દત્તબાવની, જે ગુરુચરિત્રનો સાર જ છે તેને માણીએ.

''ચારસો પાંચસો વર્ષ પહેલાં થઈ ગયેલા શ્રીસદ્‌ગુરુ શ્રીપાદવલ્લભ શ્રીનૃસિંહસરસ્વતીરૂપ દત્તમહારાજની લૌકિક અને અલૌકિક સુમધુર લીલાઓનું વર્ણન, એમનું દિવ્ય અદ્‌ભુત ચરિત્ર શ્રીગુરુચરિત્ર એ શ્રીનો પરમ મંગળ અક્ષરદેહ છે. એના તરફ કેટલીય વાર જોઈએ તોપણ મનને સંતોષ નહિ થાય એવો એ આસેચનક વાઙમય દેહ છે.

''આવી સુંદર મૂર્તિનો શિલ્પી છે શ્રીનો કૃપાપાત્ર, શ્રીની સેવામાં છેવટ સુધી તન અને મન ખર્ચીને પાણી ભરનાર ભક્ત શિરોમણિ એવા સાયંદેવના પૌત્રનો પૌત્ર સરસ્વતી ગંગાધર. છ સાત પેઢી સુધી સતત અનન્ય ગુરુભક્તિના સંસ્કાર વડે અંદર બહારથી નખશિખાંત, નખથી મસ્તક સુધી, ગુરુમય બનેલા આ ગુરુભક્તની કૃતિમાં એ આખોયે પુણ્ય સંચય સંગ્રહાયેલો છે.

''એથી જ આ ગ્રંથ શ્રદ્ધાપૂર્વક સેવન કરનાર એટલે કે તેનું વિધિપૂર્વક પારાયણ કરનારના હૃદયમાં તે પુણ્ય સંસ્કાર દાખલ થાય છે અને એથી ઈષ્ટપ્રાપ્તિમાં આડે આવનાર એમના અનિષ્ટ પાપસંસ્કાર બળી જઈ આત્મશ્રેય પ્રાપ્ત થાય છે...

''કાપેલા ઝાડને પલ્લવિત કરવું, વૃદ્ધા વંધ્યાને સંતાન થવાં, વંધ્યા ભેંસને દૂઝવવી, મૂગા બ્રાહ્મણપુત્રને વાણી આપવી, શબને જીવતું કરવું આદિ લીલાઓ વાંચીને શ્રીસદ્‌ગુરુનાં કર્તુ-અકર્તું અન્યથાકર્તું રૂપી કોઈ પણ કાર્ય કરવાનાં શક્તિસામર્થ્ય માલુમ પડે છે.

''ભક્તોનો વિશુદ્ધ ભાવ જોઈ એકી સાથે આઠ રૂપ ધારણ કરીને પોતાના ભક્તોના કોડ પૂરા કરવા, ત્રિવિક્રમભારતી નામના યતિને બધે જ પોતાનું યતિમય રૂપ બતાવવું આદિ જોઈને શ્રીના યોગૈશ્વર્યની ખાતરી થાય છે; બ્રહ્મરાક્ષસને મુક્તિ આપવી, પિશાચત્રાસમાંથી મુક્ત કરવા આદિ અનિષ્ટ ગ્રહોમાંથી મુક્ત કરનારી એમની અચિન્ત્ય



શક્તિની ખાતરી થાય છે; સિંગો (ઝાલર) થી જ તૃપ્ત થઈને ભક્તોની દીનતા, દરિદ્રતા દૂર કરેલી જોઈ દેવનું ભક્તવાત્સલ્ય અને આશુતોષપણું નજર સામે ખડાં થાય છે.

''ધોબીને રાજ્ય આપવું, વણકરને ઘડીભરમાં એની એ જ જગ્યાએ સેંકડો માઈલ દૂર તથા ખૂબ જ વિકટ શ્રી શૈલપર્વતની યાત્રા કરાવવી, શરણે આવેલા યવનરાજનો અસાધ્ય રોગ કેવળ નજર નાખીને દૂર કરવો આદિથી 'હમ ભક્તન કે, ભક્ત હમારે' એવા હેતુનિરપેક્ષ ભક્તપ્રેમની જાણ થાય છે.

જગત્સુહૃદ્

''અત્યંજને કૃપાકટાક્ષદ્વારા સાત જન્મ પહેલાંની યાદ આપી તેના મ્હોંએ વેદ ભણાવવા, ત્રણ વ્યક્તિઓ માટે જ આવેલી અન્નસામગ્રીમાંથી આખાય ગામને જમાડવું આદિ લીલાઓનું વર્ણન સાંભળી શ્રીની યોગસિદ્ધિનો તથા અફાટ વરદાનશક્તિનો ખ્યાલ આવે છે. અને એમ હૃદયમાં રહેલી શ્રદ્ધાની જ્યોત તેજસ્વી બનીને દેવના અવતારીપણા બદલ અંતઃકરણમાં ચોખ્ખો પ્રકાશ પડે છે ને શંકાશીલ દશાનો નાશ થાય છે.'' (અમર આદેશઃ ૧૪૯ અને ૧૫૧-૧૫૨)

ઉપર મુજબ શ્રી ગુરુચરિત્રની લીલાઓ વિષે પૂ.શ્રીનું વિશ્લેષણ દત્તભાવનીને પણ લાગુ પડે જ છે. એક એક પંક્તિ ગાતાં સદ્‌ભક્તની નજર સમક્ષ એ બધી લીલાઓ તરવરી ઊઠે છે અને અપાર આનંદ અર્પે છે.

પરંતુ પૂ. શ્રીના દત્તભગવાન અવધૂતી આનંદની પ્રસ્તાવનામાં કહેવાયું છે તેમ ''કોઈ પાંથિક દેવની માફક એક નાનકડા મંદિરમાં સમાઈ રહેલો પાષાણનો ટુકડો કે કોઈ મનુષ્યના પેટે અવતરેલ સાડા ત્રણ હાથનું હાડચામનું નાશવંત પૂતળું નથી. પણ અણુમેરુમાં વ્યાપીનેય અવશેષ રહેલા પૂર્ણ પરબ્રહ્મ છે.'' તેથી જ દત્ત અને બે અવતારોની લીલાનાં ગાન પછી તરત જ પૂ. શ્રીની કલમે સરી પડે છેઃ

રામકૃષ્ણરૂપે તેં એમ કીધી લીલાઓ કંઈ તેમ,
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ પશુપંખી પણ તુજને સાધ.

શ્રી કૃષ્ણસ્તોત્રમ્‌નો પહેલો શ્લોક એમ જ કહે છેઃ શ્રીયાદવધીશ હરે કૃપાલો પાહિ સ્વકં માં શરણાગતં ભોઃ। કૃષ્ણાતટે યઃ કિલ દત્તનામા, સ એવ કૃષ્ણસ્ત્વમિહૈકરૂપઃ। (રંગહૃદયમ્‌)

શ્રી યાદવાધીશ હરે કૃપાળુ, રક્ષ સ્વને જે શરણાવતો હે;
કૃષ્ણાતટે જે થઈ દત્તનામા, તે તું જ એક શ્રીકૃષ્ણસ્વરૂપ !

એવા અધમઓધારણ પરમાત્માની સ્તુતિરૂપ દત્તબાવની આધિ, વ્યાધિ, ઉપાધિઓનો નાશ ન કરે તો નવાઈ ! અને પછી શરૂ થાય છે ફળશ્રુતિ. જે ઉપક્રમથી દત્તબાવની શરૂ થઈ એવા જ ઉપસંહારથી પૂર્ણ થઈ. 'જય યોગીશ્વર દત્ત દયાળ' એમ ગુરુ દત્તાત્રેયના જય જય કરવાથી શરૂ થયેલી આ સ્તુતિ 'બોલો જય જય શ્રીગુરુદેવ !' ઉપક્રમોપસંહારની એકવાક્યતા થતાં જ પેલા સૂક્ષ્મ રીતે વણાયેલા બંધારણીય ધાગાની યાદ આવે જ ! શ્રી ગુરુલીલામૃત ગ્રંથનો આરંભ જુઓ :



જગત્સુહૃદ્

ગ્રંથારંભે તુજ નમું, ચરણકંજ ગણરાજ,
આપો સન્મતિ મોરયા, જેથી સુધરે કાજ !
અને એજ ગ્રંથનો અંતિમ દોહરો :
તત્પદમાં અર્પણ કરું, તત્પ્રેરિત આ ગ્રંથ
શ્રદ્ધાભક્તિથી પઢો સંત એહ નિર્ગ્રંથ

ગ્રંથથી નિર્ગ્રન્થનો એ ગ્રંથ હૃદયની અનેક ગાંઠોને કાપી નાખવાનું સામર્થ્ય ધરાવે છે એ સૌની અનુભૂતિ છે.

દત્તબાવની પણ એવું જ સમર્થ સ્તોત્ર છે જે જગતભરનાં સંકટોમાંથી બચાવી મનુષ્યને શ્રેયપંથના પ્રવાસી કરે છે. પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા જગાવી આત્મવિશ્વાસ પ્રગટાવે છે. આ થઈ 'બાવની' ના બંધારણની વાત. તેનો **સૂક્ષ્મ અર્થ**નો ધાગો કેવો છે તે જોઈએ.

દત્તભગવાનના જયજયકારથી શરુ થતી આ સ્તુતિમાં પહેલી છ કંડિકામાં પૂ. શ્રી દત્તભગવાનના મૂળભૂત સ્વરૂપની અને તેમની પ્રચલિત પૌરાણિક વાતની તથા ઉપર કહ્યું તેમ તેમના પરબ્રહ્મ સ્વરૂપની ઓળખ આપી પોતાનું દૃષ્ટિબિન્દુ જણાવી દે છે. અલબત્ત ભાવ સ્તુતિનો છે; ભગવાનને વિનવવાનો જ છે. જે દેવને ભજીએ તે દેવ પર સંપૂર્ણ ભરોંસો તો હોવો જ જોઈએ. એટલું જ નહીં એ જ એકમેવ આપણો તારણહાર છે, એવી ખાતરી પણ હૃદયમાં કંડારેલી હોવી જોઈએ, 'તું જ એક જગમાં પ્રતિપાળ' દ્વારા એ કરાઈ છે. દત્તભગવાન વિધિહરિહરનું સંયુક્ત સ્વરૂપ છે; પૂ. શ્રી 'વંદના' માં ગાય છે. 'સત્ત્વાંશ વિધિહરિહરતણા થઈ એકરૂપ જગે સ્ફૂર્યો' પૂ. શ્રી એ પછી પોતાનું વિશિષ્ટ દૃષ્ટિબિન્દુ મૂકે છે :

"અંતર્યામી સત્‌ચિત્‌સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ" જેમ ભગવદ્‌ગીતામાં કહ્યું છે તેમ-

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ (૧૮. ૬૧) અર્થાત્ ઈશ્વર સર્વતણા હૃદયે રે છે અર્જુન તું જાણ અહીં (સંગીતગીતા). જે સર્વ હૃદયમાં રહી સર્વનો નિયામક છે, બધું જ જાણનારો છે તે પરમાત્મા આપણા હૃદયમાં જ વસે છે. એ પરમાત્મા સત્‌ચિત્ અને સુખ-આનંદ સ્વરૂપ છે. એની સત્તાથી જ આ દેહ, દેહેન્દ્રિઓ સર્વ વર્તે છે. પૂ. શ્રી કહે છેઃ 'યત્સત્તાકં પ્રાણિતિ સર્વં પ્રાણાદિ'-જેની સત્તા વડે સર્વ કરીને પ્રાણ વગેરે પ્રાણ ધારણ કરે છે. શ્રી ગુરુલીલામૃતમાં પણ તેઓ કહે છે.



જગત્સુહૃદ્

પરમાત્મા વ્યાપક અહીં, સચરાચરે જે જાણઃ
નિવાસ તેનો હૃદય આ પ્રાણિમાત્રનું માન, ૧૨૦/૧૬
શાસ્ત્ર સકળ એવું કથે, વદે અનુભવ તેમ,
જીવાત્મા તેને કહે એ જ ઈશ છે એમ ૧૨૦/૧૭

ગીતા આ વિચારનું સમર્થન કરતાં ૧૫મા અધ્યાયમાં કહે છે :

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥૧૫.૭॥

અર્થાત્

અંશ સનાતન માહરો જીવ દેહમાં એહ,
પ્રકૃતિસ્થિત ઈન્દ્રિયો ખેંચે મન સહ તેહ (સંગીતગીતા ૧૫.૭)

પૂ. શ્રી આગળ વધીને એમ કહે છે કે આ અંતર્યામીનું પ્રાગટ્ય ગુરુરૂપે થાય છે. 'બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.' 'દત્તઃ પ્રણતિ' માં તેઓ ગાય છે :-

અંતર્યામી યો બહિરાસ્તે ગુરુરૂપો
વિષ્ણુબ્રહ્મસદાશિવરૂપો બહુરૂપઃ ।
દાનાદિત્રિતયં યચ્છિક્ષા ત્વકહન્ત્રી
દત્તાત્રેયં તં હહિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૬॥

શ્રી ગુરુલીલામૃતના જ્ઞાનકાંડની ઓવીબદ્ધ પ્રસ્તાવનામાં પણ પૂ. શ્રી કહે છે :

ગુરુ તે જ ઈશ્વર । દત્તત્રિમૂર્તિ નિર્ધાર ।
તલ્લીલાનો વિસ્તાર । કલિતાર જાણ આ ॥૭॥

પૂ. શ્રીનું 'ગુર્વભિન્નગણેશસ્તુતિઃ' નામક સ્તોત્ર છે જેમાં ગુરુ, ગણેશ અને પરબ્રહ્મ ત્રણેની એકવાક્યતા દર્શાવી છે અને એ ત્રણે શબ્દોની આઠેય વિભક્તિઓનાં એકવચનનાં રૂપો ગૂંથ્યાં છે. અર્થાત્

એ બે હાથવાળા શ્રીસદ્‌ગુરુદત્ત જ શિષ્ય માટે સર્વસ્વ છે. આ વિચારતાં તેમણે બે હાથોમાં બે જ વસ્તુઓ બતાવી છે. એકમાં અન્નપૂર્ણા ઝોળી અને અન્યમાં કમંડલ. ઉપનિષદનો ઋષિ અન્નને જ બ્રહ્મ કહે છે. એ અન્ન અને ત્યાર બાદ પીવાનું પાણી અંદર રહેલા ભૌતિક આત્માને શાંતિ અર્પે છે. બહારથી મળવા આવનારને પ્રથમ પાણી જ અપાય છે ! સૂક્ષ્મનો વિચાર એ પછી છે.



જગત્સુહૃદ્

દત્ત ભગવાનને હાથ કેટલા ? બે ? ચાર ? શાંડિલ્ય ઋષિનું ધ્યાન ચાર હાથનું છે અને તેથી તેમની ધ્યાનસ્તુતિમાં દત્તભગવાનનાં, વિષ્ણુનાં ૨૪ નામોની માફક ૨૪ વિશેષણો છે. માળા, કમંડલુ, ડમરુ, ત્રિશૂલ, શંખ, ચક્ર એમ છ હાથોમાં છ આયુધોનાં ધ્યાન પણ પ્રચલિત છે. પૂ. શ્રી એ પોતે જ 'વંદના' કરતાં ગાયું છેઃ

દ્વિભુજ કંઈ કંઈ ચાર ભુજ કંઈ દિવ્ય ષડ્‌ભુજ શોભતું,
વિવિધાયુધે અવધૂત હે ! તુજ રૂપ ચિદ્‌રસ રેડતું !

પણ દત્ત ભગવાનને પરબ્રહ્મનું સ્વરૂપ માનતાં તો પુરુષસૂકતમાં કહેવાયું છે તેમ એ સહસ્રશીર્ષા, સહસ્રાક્ષ, સહસ્રપાદ અને અનંતબાહુ જ ઠરે.

આમ દત્તભાવનીમાં ઉપક્રમમાં પૂ.શ્રીએ સ્પષ્ટ કરી આપ્યું છે કે તેઓ જેણે પોતાની જાતને જગકલ્યાણાર્થે આપી દીધી છે તેવા પરબ્રહ્મ-સગુણ પરમાત્માને ધ્યાનમાં રાખીને જ આ સ્તુતિ કરે છે. સંપ્રદાયની કોઈ ગંધ અહીં નથી. ભલે પછી તે દત્ત અને તેના અવતારોની લીલાઓને પ્રાધાન્ય આપી ભગવાનને વિનવતા હોય. આથી જ દત્તલીલાઓની ગણનાને અંતે તેમણે કહી દીધું કે -

રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ ; ઉપ
તાર્યા પથ્થર ગણિકા વ્યાધ પશુપંખી પણ તુજને સાધ !! ૩૬

શલ્યાની અહલ્યા કરી પથ્થર સમી બનેલી નારીને ચેતનવંતી કરનાર રામની એ અલૌકિક લીલા છે; વળી રામનામે પથ્થર તરે એ લોકોક્તિ પાછળ સેતુબંધ લીલાનો નિર્દેશ છે; ગણિકા અને વ્યાધની લીલા સાથે શંકર ભગવાન જોડાયેલા છે તો પશુ-ગાય સાથે કૃષ્ણગોપાલ છે, અને પશુ પંખી સાથે જટાયુ તેમ જ રામ હૃદય હનુમાન છે, આમ અહીં પણ પૂ. શ્રીની કલમમાંથી બિનસાંપ્રદાયિકા જ ટપકે છે !

શ્રીદત્તો નારદો વ્યાસઃ શુકશ્ચ પવનાત્મજઃ ।
કાર્તવીર્યશ્ચ ગોરક્ષઃ સપ્તૈતે સ્મર્તૃગામિનઃ ॥



જગત્સુહૃદ્

સ્મરણમાત્રથી આવીને ઊભા રહે તેથી મહારાષ્ટ્રમાં કોઈ ઓચિંતો આવીને ઊભો રહે તેને માટે 'દત્ત મ્હણુન ઉભે રાહીલે' એ પ્રયોગ છે ! ફલશ્રુતિને અંતે જે ઉપસંહાર છે તેમાં ફરી દત્ત એટલે-

નામ હજારો નામી એક, રૂપ કરોડો રૂપી એક.

એવા અનેક રૂપધારી, સગુણ પરબ્રહ્મ જ પૂ.શ્રીની નજર સમક્ષ છે. એવા દેવને 'ભજતાં નડે ન માયા-રંગ' કહી પૂ.શ્રી 'સહસ્રનામે નામી એક' એવા અસંગ દિગંબર દત્તાત્રેયને જ વંદના કરી લે છે. એ દેવના શ્વાસ એ જ વેદો છે. એને વર્ણવવા વાણી ટૂંકી પડે છે; સહસ્રદ્વય જીભવાળો શેષ પણ જ્યાં થાકી જાય છે, ત્યાં પૂ.શ્રી પૂછે છે કે ત્યાં મારા જેવા 'બહુકૃતવેષ' માનવીનું શું ગજુ ? આ તો અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર છે. 'તત્ત્વમસિ' વાક્યથી સમજાતા એ અણુ-મેરુમાં વ્યાપ્ત પરમાત્માની સ્તુતિ છે, એનો જ જય જયકાર છે. હે તપસી ! એને તું બરાબર જાણી લે. હું જે કહું છું તેને હસી કાઢીશ નહીં, નહીં તો પસ્તાઈશ.

અહીં પૂ. શ્રીની નમ્રતા નોંધવા જેવી છે. 'કોણ રાંક હું બહુકૃતવેષ ?'

એમાં એ વ્યક્ત થઈ છે. 'રંકો રંગો પ્રાર્થયન્ દીનમેવ', 'મૂઢો રંગો રંગમાયા વિબદ્ધો', 'રંગદ્વારે ભેકો રે', 'રંગ સંતપદધૂળ' તો ઠેર ઠેર એમના સાહિત્યમાં મળે છે. પણ અહીં તો હદ કરી દીધી ! પોતે અનેક વેષ ભજવનાર છે એમ કહેવામાં શો હેતુ છે ? આપણે જાણીએ છે કે તે વેષધારી સાધુ નથી. તો પછી આ વિશેષણ ગાનાર ભક્ત પૂરતું જ મર્યાદિત છે ? ત્યાં પ્રશ્ન થાય કે શું બાપજી પોતે ત્યાં સ્તુતિ નથી ગાતા ? અને ત્યાં જ એક સમાધાન જડે છે. મનુષ્ય પરમાત્માને પામવા, સચ્ચિત્સુખસ્વરૂપ આત્મજ્ઞાન મેળવવા અનેક જન્મો સુધી પ્રયત્નો કરતો રહે છે અને એ અનેક જન્મો જ 'બહુકૃતવેષ' બને છે. ગીતા પણકહે છે :-

प्रयत्नाद् यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ।। ६.४५

અર્થાત્ :-

મથતાં ત્યાં ખંત થકી યોગી થઈ શુદ્ધ સકળ પાપોથીએ
પામી સિદ્ધિ બહુ જન્મ પછી પામે ગતિ પરમ પછીની એ.

(સંગીતગીતા ૬.૪૫)

પૂ. શ્રી સાક્ષાત્ દત્તસ્વરૂપ છે છતાં માનુષી લીલાના ભાગરૂપે

તેઓશ્રી પોતાને માટે આવું વિશેષણ વાપરી નમ્રતા બતાવે છે. આને બીજી રીતે પણ વિચારી શકાય. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને જે પ્રશ્ન થાય છે તેના જવાબમાં કહે છે તે યાદ રાખવા જેવું છે. અર્જુનનો પ્રશ્ન છે કે હે ભગવાન, તમે આ કર્મયોગ વિવસ્વાનને કહ્યો હતો; વિવસ્વાને મનુને અને મનુએ ઈક્ષ્વાકુને આનો બોધ આપ્યો હતો. જો આમ હોય તો આપના ઘણા સમય પહેલાં વિવસ્વાન આદિ થયા હતા તો એ યોગ તમે કેવી રીતે એમને કહી શકો ?



જગત્સુહૃદ્

ઉત્તરમાં ભગવાને કહ્યું :-

बहुनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥४.५॥

બહુનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન ।
તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ ॥૪.૫॥

બોલે હરિઃ જન્મ ઘણા મુજના તુજના પણ તેમ થયા અર્જુન;
જાણું હું એહ બધા સમ્યક્ , ના જ્ઞાન તને તેનું અણુ પણ. (સં.ગી.)

શ્રી કૃષ્ણ પરમાત્મા જાતે જ કહે છે કે તેઓના પણ ઘણા જન્મ થયા છે. તો પછી દત્તસ્વરૂપ પૂ. શ્રી પણ કહેતા હતા કે આપણો સંબંધ કંઈ આજનો થોડો છે ? જન્મ જન્માન્તરનો સંબંધ છે ! શ્રી ગુરુ દત્તાત્રેય અવિનાશી અવતાર છે કારણ કે એક પણ જીવ મોક્ષ મેળવવામાં બાકી રહ્યો હશે તો ત્યાં સુધી ગુરુ દત્તાત્રેયનું કાર્ય સમાપ્ત થવાનું નથી. આમ આ વિશેષણ ઊંડો અર્થ ધરાવે છે. તપસી ! એ ઉદ્‌બોધન તપસ્વીના અર્થમાં પણ લઈ શકાય. જે કોઈ આધ્યાત્મિક માર્ગે જતો હોય તે તપસી જ છે. પણ અહીં પરિવારમાં જાણીતી વાત છે કે પૂ. શ્રી એમના સખા ભક્ત સ્વ. શ્રી અમૃતલાલ મોદીજીને વહાલથી 'તપસી' કહેતા હતા. 'તપસી દુજું કાંઈ ન જાણું ભૂલ ગયો સંસારું' અથવા 'તપસી ! છોડ દિયા સંસાર !' કે 'સુન સુન તપસી જ્ઞાન સુનાવું,' વગેરેમાં અનેક ઠેકાણે સ્વ. મુ. મોદીકાકાને પૂ.શ્રીએ સંબોધ્યા છે.

આ 'દત્તભાવની' ત્રિવિધ તાપ દૂર કરવા માટે એટમબોમ્બ છે. કોઈ પણ સંકટ એવું નથી જે શ્રદ્ધાથી એના પાઠ કરવાથી ટળ્યું ન હોય ! પોતાને જે કંઈ અભીષ્ટ હોય, ઈચ્છિત હોય તો તે પણ એના પાઠથી પૂર્ણ થાય છે. આ માટે પૂ.શ્રીએ એક શરત અંદર જ મૂકી

છે અને બીજી આ સ્તોત્ર લખી મોકલતાં એની સાથેના પત્રમાં લખી છે. દત્તબાવનીમાં કહ્યું છે :



જગત્સુહૃદ્

યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ !

જ્યારે અવકાશ મળે ત્યારે બાવની બોલવી. અવકાશનો અર્થ શું ? આપણે જ્યારે નવરા પડીએ ત્યારે ? હા, નવરાશે એ જરૂર બોલાય પણ સકામ અનુષ્ઠાનમાં તો એ પછીના શબ્દો મહત્ત્વના છે અને તે છે નિત્ય અને નિયમસર. આપણે આપણી દિનચર્યા જોઈ આપણો અવકાશ નક્કી કરવો અને એને નિત્ય વળગી રહેવું. ૨૪ કલાકમાંથી કોઈ પણ અવકાશે નિત્યપાઠ કરવો. વળી નિયમસર એટલે યોગશાસ્ત્રમાં જે નિયમો કહ્યા છે તેનું પાલન કરીને ! નિયમ તો યમનું પણ નિયંત્રણ કરે. 'અવકાશ' નો એક સૂક્ષ્મ અર્થ પણ ધ્યાનમાં રાખવા જેવો છે. મન એ સંકલ્પ વિકલ્પો કર્યા જ કરે છે. એક સંકલ્પ ઊઠ્યો, પૂરો થયો ના થયો ને બીજો આવ્યો જ સમજો ! તેથી તો તેને ચંચળ કહ્યું છે. ઠરે જ નહિ ક્યાંય ! હવે એક સંકલ્પ પૂર્ણ થાય અને વિકલ્પ ઊઠે તે વચ્ચે સૂક્ષ્મ અવકાશ રહે છે જેને આધ્યાત્મિક સાહિત્યમાં 'સંધિકાળ' કહે છે. આ અવકાશને પ્રભુના સ્મરણથી, ધ્યાનથી, ચિંતનથી ભરી દેવાતો હોય છે. અને એ સંધિ જેટલી વધુ લંબાય અર્થાત્ સંકલ્પ પછી સ્મરણ જેટલું લાંબું ચાલે તેટલી પ્રગતિ સાધી ગણાય. પૂ.શ્રી આપણા સંધિકાળમાં, અવકાશમાં બાવની ભરી દેવાનું કહે છે. બાવની ગાતાં વાર તો લાગે જ ને ! એટલું સ્મરણ વધુ થાય, અવકાશ લંબાય, અને ગુરુવારે બાવન પાઠ કરો તો પ્રભુની કેટલા નજીક આવ્યા ' પછી 'યમરાજ કરે આવી પ્રણતિ' એમ જ થાય ને ? અને એક વખત મૃત્યુનો ડર મટી ગયા પછી 'આજ આનંદનું પૂર ઉરમાં વહે, છોળ બ્રહ્માંડમાં ના સમાયે !' એવી સ્થિતિ થાય અને બાવની ગાતાં ગાતાં બાવનની બહાર રહેલા, વાણીથી અતીત એવા પરબ્રહ્મને અનુભવવાનો જ રહે ને !

બીજી શરત છે : આદિ અંતમાં દત્તનામસંકીર્તનનો પાઠ ફળદાયી. પૂ. શ્રીએ દત્તનામસંકીર્તનમાં ભગવાનના ગુણાનુવાદ ગાયા છે ને ગુણો સાથે દત્ત દત્તનો એ અદ્વૈત શબ્દપરબ્રહ્મનો ૧૦૦૮ વાર પાઠ થઈ જાય છે. નામસ્મરણ સાથે જ બાવની ગવાય ! બીજી શરતમાં ઉપલી શરતનો અર્થ આવી જ જાય છે, જેને જે રીતે અનુકૂળ આવે તે રીતે ગ્રહણ કરી સ્વાર્થ, પરમાર્થ કે ઉભય સાધી લે ! દત્ત ભગવાન તો -

એકહસ્તે ધૃતસ્ત્યાગો ભોગશ્ચૈકકરે સ્વયમ્ ।
અલિપ્તસ્ત્યાગભોગાભ્યાં સોડવધૂતઃ શ્રિયેસ્તુ નઃ ॥
(ગોરક્ષસિદ્ધાંત સંગ્રહ)



જગત્સુહૃદ્

અર્થાત્ જેના એક હાથમાં ત્યાગ છે અને બીજા હાથમાં ભોગ છે પરંતુ પોતે એ ઉપરથી અલિપ્ત છે, અવધૂત છે. તેથી જ તો આયુરાજને પુત્ર આપ્યો; સહસ્રાર્જુનને પણ અનેક વરદાનો આપ્યાં. પાછળથી બંનેને જ્ઞાનની તરસ લાગતાં નિષ્કામ કર્મનો બોધ આપ્યો એ વાત જાણીતી છે.

આથી દત્તબાવનીના સેવનથી ભક્તહૃદય શ્રી કમળાશંકરભાઈનાં પત્ની ધનલક્ષ્મીબેનની તો બાધા-બીમારી ગઈ પણ સાથે સર્વનું કલ્યાણ કરતું સ્તોત્ર પરિવારને જ મળ્યું એમ નહિ; એ સ્તોત્રે તો સંપ્રદાયના, દેશના, નાતના, જાતના બધા જ સીમાડાઓ પાર કરી દીધા છે અને અનેક પ્રાર્થનાપોથીઓમાં એ સંગ્રહાઈ છે અને અનેક એનો પાઠ કરી સુખશાંતિ પામે છે. આપણે પણ ગાઈએ :

જય યોગીશ્વર દત્ત દયાળ,
તું જ એક જગમાં પ્રતિપાળ !!!

'સંગીતગીતા'



જગત્સુહૃદ્

અવલોકન :

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (Song of the Divine) નાં અનેક ભાષાંતરો થયાં છે. અનેક ભાષ્યો થયાં છે, હજી નવાં નવાં અર્થઘટનો થતાં જાય છે. નવા જમાનાના સંદર્ભમાં ગીતાના શ્લોકોનો મેળ બેસાડવાની મથામણ પણ થતી જોવા મળે છે. નિષ્કામ કર્મયોગનો આદર્શ આપીને ગીતાકારે બધા પ્રશ્નોનો ઉકેલ આપી દીધો છે. રંગ અવધૂતજીએ 'સંગીત-ગીતા' રૂપે એનું પદ્યરૂપાંતર આપ્યું છે, જેની પહેલી આવૃત્તિ સં. ૧૯૯૨માં (ઈ.સ. ૧૯૩૬માં) પ્રકાશિત થઈ હતી.

'શ્રીરંગપત્રમંજૂષા'માં પ્રસિદ્ધ પત્રકમાંક ૨૨૫માં 'ભાઈ મોદી'ને લખેલી સૂચના અહીં ઉદ્‌ધૃત કરીએ : ''××'સંગીતગીતા'નું લખાણ મોકલ્યું છે તે છપાવવાનો ખર્ચનો અંદાજ કાઢી મોકલશો.×× ટાઇપ લીલામૃતનો ઠીક પડશે.×× શરૂઆતમાં ટૂંકી પ્રસ્તાવના ને અંતે આપણા પુસ્તકની ટૂંકી જાહેરખબર, પૂંઠાના ત્રીજા પાન પર પુસ્તક મળવાનાં ઠેકાણાં×× ચોથે એવો બહારને પાને ગીતાસારના મથાળાથી 'ગીતા અજબ પઢાયા.....' તેમાં ગુરૂપસત્તિને બદલે ગુરુશરણની કફની ને સારથી સુંદરશ્યામને બદલે સારથિશ્રી વ્રજરાજ એ પ્રમાણે ફેરફાર કરવાનો. કિંમત ઓછી આવે એ દૃષ્ટિએ કાગળ વગેરેની પસંદગી કરવાની×× તમે માત્ર મૂળ સાથે વાંચી જશો ને કોઈ ઠેકાણે ફેરફાર કરવા જેવો હોય તો સૂચવશો. અધ્યાય ૧૮ શ્લોક ૬૭ના 'ચાશુશ્રૂષુવે'નો અર્થ મેં ! 'સેવા ન કરનાર' કર્યો છે.×× શુશ્રૂષુનો અર્થ 'સેવા કરવાની ઇચ્છા રાખનાર' થવો જોઈએ. 'સાંભળવાની ઇચ્છા રાખનાર' માટે કદાચ 'શુશ્રૂષુ' શબ્દ હશે. 'શુશ્રૂષુ'ના બંને અર્થ થતા હોય તો આપણો વધારે શોભતો હોવાથી કાયમ રાખવાનો 'સાંભળવાની ઇચ્છા રાખનાર' એવો એક જ અર્થ થતો હોય તો 'ના સેવે ગુરુજનને ભાવે'ને ઠેકાણે 'ના ઇચ્છે સાંભળવા ભાવે' એવો સુધારો કહી લેવાનો.''

પહેલી આવૃત્તિના નિવેદનમાં પ્રકાશક શ્રી અમૃતલાલ મોદી જણાવે છે : પૂ. મહારાજશ્રીનાં સ્તોત્ર-ભજનાદિ વાંચી કેટલાક ભક્તજનોએ એમની પાસે એમની અવધૂત શૈલીમાં ગુજરાતીમાં ગીતાપ્રસાદ માગેલો, ત્યારે પોતે સ્વાભાવિક બોલેલા : ''આપનાર હું કોણ ? ભગવાનની ઇચ્છા અવધૂત પાસે એ કામ કરાવવાની હશે

તો હાથ નિમિત્ત બનશે. બાકી અવધૂત સ્વયંપ્રેરણાથી કંઈ જ કરતો નથી. તમે શુભ સંકલ્પ પોષ્યા કરો. ભગવાન કોઈ દિવસ એ પાર પાડશે.'' અને ભક્તજનોનો એ શુદ્ધ સંકલ્પ આજે આ સંગીતગીતાના રૂપમાં પ્રગટ થાય છે. ''જેઓ સંસ્કૃત પૂરતું નથી જાણતા અને ભાષાંતરોથી જેમને સંતોષ નથી તેવાઓને મૂળ સંસ્કૃતનો ભાવ અને સરળ હોય ત્યાં શબ્દ પણ કાયમ રાખી, મતમતાંતરોના ઝગડામાં ન પડતાં, ભાષાપાંડિત્યના ખંડન-મંડનના નિબિડ રાનમાં ન પ્રવેશતાં, રાગરાગિણી કે વૃત્તોપવૃત્તની સાક્ષરી ગલીકુંચીમાં ન ટીચાતાં, સીધેસીધા લોકપ્રિય પ્રાકૃત આમરાહથી મૂળ ગીતાના જ અંતરંગમાં પ્રવેશ કરાવવાનો અને વચમાં સ્વમતનો આડપડદો ન રાખતાં સીધેસીધા ગીતાના કાળા અક્ષરોમાં લપાઈ રહેલા એ શ્યામસુંદર સાથે જ વાંચકને વાતો કરવા દેવાનો યત્ન છે. એ દ્વારા ગામડાનો અલ્પશિક્ષિત આમવર્ગ પણ ગીતાના રાજભવન સુધી જઈ શકે, સામાન્ય ભણેલો પણ સંસ્કારી એકાદ જુવારો સાચવતો ખેડૂત કે કાયમ ઢોર ચારતો ગોવાળિયો પણ ભગવાનનું એ અમર ગાણું લલકારતો પોતાનું અંતઃકરણ સાત્ત્વિક આંદોલનોથી ભરી નાખી આત્મનશામાં મસ્ત રહે એ આશય છે.''



જગત્સુહૃદ્

(રંગ અવધૂતજીએ 'ગીતા' સાથે મોકલેલા એક પત્રમાંથી)

''ગુજરાતીમાં આવો આ પહેલો જ કે નવો જ પ્રયત્ન છે એમ નથી. પણ શિક્ષિત-અશિક્ષિતને સાંધનારી એની અત્ર વિશિષ્ટતા અને લેખનની ઉચ્ચ ભૂમિકા માટે બે મત નહિ રહે એમ અમારું માનવું છે. માત્રામેળ છંદમાં રચાયેલી આ કૃતિ ગેય છે. રાજપીપલાની કન્યાશાળામાં પાઠ્યપુસ્તક તરીકેનું એનું સ્થાન હતું એમ સ્મરણ છે. કન્યાશાળાની બેનોને 'સંગીતગીતા'ના આ શ્લોકો ગાતી સાંભળી છે. એ ઉપરથી કૃતિ પ્રકાશિત થતાંમાં જ કેટલી લોકપ્રિય બની ગઈ હતી તેનું અનુમાન સ્હેજે થઈ શકે. બે પંક્તિ તોટક છંદમાં અને બે પંક્તિ સાખીની એવી એની રચના છે. ગીતાના બધા શ્લોકોનું ક્રમબદ્ધ ભાષાંતર ન કરતાં અવધૂતે કૃષ્ણપરમાત્માએ અર્જુનને જે ઉપદેશ આપ્યો એનું સારાત્મક નિરૂપણ કર્યું છે. સાથે છંદને સાચવવા કેટલાક શબ્દો ઉમેર્યા પણ છે. પહેલા જ શ્લોકમાં

''મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય'' નો અનુવાદ આપતાં એ ધર્મધરામાં શું બનિયું, તું કે 'મુજને સંજય શૂરા !! માં સંજય માટે 'શૂરા' વિશેષણને પ્રયોજીને છંદ સાચવી લીધો છે.

પછી મૂળના શ્લોક ૨થી ૨૦ સુધી સેનાનું વર્ણન છે. કોણ કોણ એ સેનામાં છે, કોણે કોણે શંખનાદ કર્યો, તેની વાતાવરણમાં કેવી અસર થઈ તેનું વર્ણન ન કરતાં અર્જુનને થયેલા વિષાદનું સારાત્મક નિરૂપણ કર્યું છે. ૪૭ શ્લોકોને ૧૬ શ્લોકોમાં સમાવ્યા છે. અભિવ્યક્તિનો લાઘવગુણ જોવા મળે છે.



જગત્સુહૃદ્

બીજા અધ્યાયમાં सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ખેદ કરતા તે અર્જુનને માટે અવધૂતે લખ્યું છે - ''ઊભો બાહુક સમ એમ તિહાં સેનાની બે મધ્યે એને.''

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ २.१९

જે આ(આત્મા)ને મારનાર જાણે છે અથવા જે આને મરાયેલો માને છે, તેઓ બન્ને નથી સમજતા કેમકે આ (આત્મા) નથી મારતો કે નથી મરાતો. અવધૂતે લખ્યું છે - હણનારો એને કહે, માને હત જે આંહ્ય,

બેઉ બિચારા ના લહે : હણે ન એ ન હણાય''

એમાં 'બેઉ બિચારા' શબ્દનો પ્રયોગ અધ્યાત્મદૃષ્ટિએ બંનેની દયાજનક સ્થિતિને સરસ રીતે દર્શાવે છે.

अव्यक्तोऽयमचिन्तोऽयम् अविकार्योऽयमुच्यते २.२५

અવધૂતે ''અવિકારી અચિંત્ય રહ્યો સઘળે, એ સાર લપાઈ અસાર ભવે'' લખ્યું છે જેમાં ''એ સાર લપાઈ અસાર ભવે'' પોતાનું મૌલિક વાક્ય ઉમેર્યું છે. એ પછીના શ્લોકમાં तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि નો અનુવાદ આપતાં ''શોક ન કર તું એહનો; હોનેહારી હોય !'' માં ''હોનેહારી હોય ! પોતાના તરફથી 'થવાનું હોય તે થાય' જેવો પ્રયોગ મૂળના ભાવની વ્યંજનાને મુખરિત કરી આપે છે.

अव्यकतादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिवेदना ॥ २.२८

આદિઅંતમાં ના દિસે ભાસે મધ્યે જેહ,
શોક નકામો તેહનો, ના ભાસે પણ તેહ-માં છેલ્લું ચરણ મૌલિક ઉમેરણ છે.

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्।
तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ २.३७

પડતાં તનું સ્વર્ગ, જયે ભૂરાજ્ય; ઉભયથા સૌખ્ય અહીં લડતાં,

માટે કૃતનિશ્ચય ઊઠ હવે, લહી દેહ તણી આ ભંગુરતા''માં છેલ્લું ચરણ વધારાનું છે કેમકે દેહની ભંગુરતા અર્જુનને સમજાવવા માટે ચર્ચા થાય છે.



જગત્સુહૃદ્

વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનન્દન ।
બહુશાખા હ્યનંતાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ।। ૨.૪૧

એનો પણ મુક્ત અનુવાદ કર્યો છે.

છે નિશ્ચયબુદ્ધિ એક અહીં, સુખકારક સઘળે એ જ સહી
અનિયંત્રિત બુદ્ધિ થકી જનની ભ્રમણાનો પાર ન જગત મહીં.

યાવાનર્થ ઉદપાને સર્વતઃ સંપ્લુતોદકે ।
તાવાન્સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ।। ૨–૪૬

એ શ્લોકનો સંક્ષિપ્ત અનુવાદ આપી થોડામાં ઘણું કહ્યું છે -

ચોગરદમ પાણી ભર્યું તેને સરવર જેમ,
વેદસંહિતા સર્વ એ બ્રહ્મજ્ઞાનીને તેમ.

યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।
ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ।। ૨–૬૦

કરતાં પણ યત્ન અરે ઇન્દ્રિય તોફાની ઘોડાની પેરે
ખેંચે મનને વિષયો ગમ જો, સંસ્કારે પૂર્વ તણા સ્વબળે !

આમ 'સંગીતગીતા'માં ગીતાના તત્ત્વજ્ઞાનના મુખ્ય મુખ્ય મુદ્દાઓને રજૂ કરી આમજનતાને ગીતાનો રસ પાયો છે. શબ્દશઃ ભાષાંતર ન કરતાં કેટલુંક છોડી દઈ કેટલુંક પોતાના તરફથી ઉમેરી, કેટલુંક ફેરફાર કરી ગીતાની મૌલિક રજૂઆત કરી છે.

અનુવાદનું સ્વરૂપ છેક સુધી આ પ્રકારનું કોઈ પણ અભ્યાસીને જોવા મળશે.

મૂર્ધન્ય કવિ, વિવેચક શ્રી સુન્દરમે 'અર્વાચીન કવિતા'માં 'સંગીતગીતા'ની નોંધ લીધી છે.

સંગીતગીતા-અ. ૩ કર્મયોગ :

પહેલો શ્લોક અનુસંધાન દર્શાવે છે, જે મૌલિક છે.

એવી મધુસૂદનની મીઠી સૂણી વાણી બોલે અર્જુન,
જોડી કર વ્યાકુળ ચિત્ત થકી : ના હાથ હવે રે' આ તનમન ! ૧

કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ।
ઇન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ।। ૩–૬



જગત્સુહૃદ્

એનો અનુવાદ આ પ્રમાણે છે -

રોકી કર્મેન્દ્રિય જે મનથી બેસે સ્મરતો વિષયો બકધી
ઢોંગી એ મૂરખ જાણ અહીં કૃતવેષ યથા નટ નર સ્થિતધી

એમાં 'બકધી' (બગલા જેવી બુદ્ધિવાળો) અને 'યથા નટ' શબ્દો અર્થ સમજવા માટે અવધૂતે પોતે ઉમેર્યા છે.

(શ્લોક ૮) એમાં નિયતં'નો અર્થ 'સુપ્રાપ્ત કર્મ' કર્યો છે.

''માટે કર કર્મ સુપ્રાપ્ત જ તું.''

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥९॥

(હે કૌન્તેય, યજ્ઞ માટેનાં કર્મ સિવાય બીજા કર્મમાં આ લોક કર્મરૂપ બંધનવાળો થાય છે; માટે હે અર્જુન ! ફલાસક્તિ ત્યજીને તું યજ્ઞ માટે કર્મ કર.)

એમાં 'યજ્ઞ માટે કર્મ કરે'ને બદલે અવધૂતે ''પ્રભુ પ્રીત્યર્થે કર્મ તું કર માટે ગતનેહ'' એમ ફેરફાર કર્યો છે જે વધારે ઉચિત લાગે છે.

कर्म ब्रह्मोद्भवं विद्धि (શ્લોક ૧૫)નો અર્થ ''કર્મને વેદથી ઊપજેલું તું જાણ'' અને ''કર્મને બ્રહ્મથી ઊપજેલું તું જાણ'' થાય છે. અવધૂતે બ્રહ્મનો અર્થ 'પ્રકૃતિ' કર્યો છે. ''કર્મ પ્રકૃતિથી બને.''

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः શ્લોક-૨૦ નો અનુવાદ કરતાં પ્રશ્નાર્થ મૂક્યો છે, જે વાતવાતમાં કર્મનો સિદ્ધાંત સમજાવતા હોય એમ લાગે છે. ''જનકાદિક કર્મ થકી જ અહીં પામ્યા સંસિદ્ધિ શું ન ભવે ?''

શ્લોક ૨૩ અને ૨૪નો અનુવાદ એક જ શ્લોકમાં આપી સારસંક્ષેપ કર્યો છે :

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्या पार्थ सर्वशः ॥२३॥
उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥२४॥

કરું કર્મ જો હું જ ના, પામે લોક વિનાશ,
કર્તા સંકરનો બનું, કરું પ્રજાનો નાશ

तत्त्ववित्तु महाबाहो गुणकर्म विभागयोः।
गुणा गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते ॥२८॥

એમાં 'ગુણો ગુણોમાં વર્તે છે' એમ અર્થ ન કરતાં ''વર્તે ઇન્દ્રિય

વિષયમાં' અર્થ કર્યો છે.

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥३३॥

એનો અનુવાદ કરતાં - શબ્દો મૌલિક પ્રયોજ્યા છે :

જ્ઞાની પણ પ્રકૃતિની અનુરૂપ અહીં વર્તે નિજ, ના સ્હામો;
પ્રાણીઓ પ્રકૃતિની અનુસાર કરે કર્મો, હક નક્કામો !

એમાં 'ના સ્હામો' અને 'હઠ નક્કામો' બે શબ્દ અર્થ સમજવા માટે પ્રયોજ્યા છે.



જગત્સુહૃદ્

'અર્જુન ઉવાચ' (શ્લોક ૩૬) માટે લખ્યું છે :

સૂણી વચન એ કૃષ્ણનાં બોલે અર્જુન એમ :

અને 'શ્રીભગવાનુવાચ' માટે

''બોલે હરિ : સાંભળ પાર્થ કહું એ ગૂઢ રહસ્ય બધું તુજને

એમાં 'બોલે હરિ' સિવાયના શબ્દો પોતાના છે. અર્જુનના પ્રશ્નના જવાબરૂપે કહેવાય છે એટલે એ શબ્દો વાચક માટે પણ અનુસંધાનમાં ઉપકારક નીવડે છે.

અ. ૪ કર્મબ્રહ્માર્પણયોગ

આ અવિનાશી યોગ મેં સૂર્યને કહ્યો હતો, સૂર્યે મનુને કહ્યો હતો અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો હતો. એટલે પરંપરાપ્રાપ્ત આ યોગને રાજર્ષિઓ જાણતા હતા. ''રવિએ મનુને, મનુએ સ્વમુખે ઇક્ષ્વાકુને, ન તથા નૂતન'' !! એમાં ''ન તથા નૂતન'' એ શબ્દો દ્વારા આ યોગ કંઈ નવો નથી એમ સૂચવ્યું છે. શબ્દો અનુવાદકના છે.

किं कर्म किमकर्मेति कवयोप्यत्र मोहिताः ।

એનો અનુવાદ કરતાં બોલચાલના તળપદા શબ્દો પ્રયોજ્યા છે.

''ખાએ ગોથાં સુજ્ઞ પણ કર્મ અકર્મે આંહ્ય.''

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥

ગતિ કર્મતણી ન કળાય અરે ! શું કર્મ, અકર્મ, વિકર્મ ખરે ?
જાણીને યોગ્ય અહીં વિચરે, ભવસાગરમાં આ તે જ તરે !!

એમાં બીજી પંક્તિ મૌલિક છે.

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥२३॥

યજ્ઞ માટે કર્મ કરનારાનાં સમગ્ર કર્મ નાશ પામે છે એવો બીજી

પંક્તિનો અર્થ થાય છે. અહીં ''કરતાં યજ્ઞાર્થે કર્મ બધું થાએ એ લીન સ્વરૂપ મહીં'' એમ અનુવાદ આપ્યો છે. સમગ્રં પ્રવિલીયતે માટે ''થાએ લીન સ્વરૂપ મહીં'' વધારે અનુરૂપ લાગે છે.



જગત્સુહૃદ્

ब्रह्मार्पणं ब्रह्म हविः, ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥२४॥

એનો અનુવાદ ચાર પંક્તિ સુધી વિસ્તાર્યો છે.

હવનક્રિયા તે બ્રહ્મ છે, હવનદ્રવ્ય પણ બ્રહ્મ;
બ્રહ્માગ્નિમાં હોમ તે કરનારો પણ બ્રહ્મ. ૨૪
'એ રીતે બ્રહ્મ જ કર્મ બધું' બુદ્ધિ સ્થિર એવી જેહ તણી,
પામે એ બ્રહ્મ જ કર્મ થકી ! ગતિ યજ્ઞાર્થે એ કર્મ તણી. ૨૫

વિસ્તાર કરીને ભાવાર્થ સ્પષ્ટ કર્યો છે.

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यति ॥३६॥

પાપીઓથી સહુએ પણ જો પાપી વધુ હોઈશ તું તોએ,
નાવે આ જ્ઞાન તણી જ તરીશ બધું એ પાપ વિના ભોએ.

એમાં 'વિના ભોએ' જેવો શબ્દ ઉમેર્યો છે.

અ.૫. કર્મ સંન્યાસસયોગ :

नैव किंञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित्।

એનો અનુવાદ ઉપદેશાત્મક છે.

''કરતો ના કાંઈ જ'' એમ લહી, રે'વું તત્ત્વજ્ઞે શાંત અહીં.

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥२६॥

એનો અનુવાદ - કામક્રોધવિમુક્ત જે, યતાત્મ યતિ જે ખાસ, જેણે આત્મા ઓળખ્યો, મોક્ષ તેહનો દાસ''

જેણે આત્મા ઓળખ્યો છે તેવા સાધકોને સર્વત્ર નિર્વિકલ્પ બ્રહ્મનો જ અનુભવ થાય છે એ વાત માટે 'મોક્ષ તેહનો દાસ' કહીને બ્રહ્મની સર્વત્ર અનુભૂતિ તે જ મોક્ષ એમ સમજાવ્યું છે.

અ. ૬. આત્મસંયમયોગ

अर्जुन उवाच – योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मदुसूदन ।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ॥३३॥

હે મધુસૂદન ! જે આ યોગ સમભાવરૂપે આપે કહ્યો એની સ્થિતિ (મનની) ચંચળતાને લીધે હું સ્થિર જોતો નથી. એના અનુવાદમાં અર્જુન

યોગમાં સ્થિરતા શી રીતે થાય તે અંગે પ્રશ્ન પૂછે છે :

સૂણી વેણ એ કૃષ્ણનાં બોલે અર્જુન ત્યાંય –
સમતાત્મક આ યોગ જે બોધ્યો તેં યદુરાય,
શી રીતે એ રહે સ્થિર હે મધુસૂદન તું જ કહે મુજને.
મન ચંચળ આ ન ઠરે ક્ષણ એક કહીએ મર્કટવત્ જોને !



જગત્સુહૃદ્

અ. ૭ જ્ઞાનવિજ્ઞાનયોગ

બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।
વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥ ૧૯ ॥

બહુ જન્મોને અંતે (આ) બધું 'વાસુદેવ જ છે' એવા જ્ઞાનવાળો જ્ઞાની મને પામે છે; - તે મહાત્મા અતિ દુર્લભ છે.

એ શ્લોક પછી બે પંક્તિઓ ઉમેરીને અર્થ સ્પષ્ટ કર્યો છે.

પામે એવા વિરલા મુજને, કરતાં બહુ જન્મ કઠણ સાધન,
મૂકી અક્ષય એવા મુજને દોડે ફળની વાંસે જ કૃપણ !!

અ. ૮ અક્ષર બ્રહ્મયોગ

પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા ।
યસ્યાન્તઃ–સ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં ततम् ॥૨૨॥

હે પાર્થ ભૂતો જેની અંદર રહ્યાં છે અને જેના વડે આ સર્વ વ્યાપેલું છે તે પરમ પુરુષ તો અનન્ય ભક્તિ વડે પ્રાપ્ત કરાય છે.

એનો અનુવાદ આપતાં છેલ્લે "ન તર્ક તહીં !" શબ્દો ઉમેર્યા છે.

જેનામાં ભૂત બધાં ય રહ્યાં, બાંધ્યું જેણે આ સર્વ અહીં;
ભક્તિથી એક અનન્ય જ એ પુરુષોત્તમ પ્રાપ્ય ન તર્ક તહીં !
ભક્તિથી પ્રાપ્ત થનાર પુરુષોત્તમ તર્કથી પ્રાપ્ત ન થાય.

અ. ૯ રાજવિદ્યા રાજગુહ્ય યોગ -

પહેલા શ્લોકમાં 'અનસૂયવે'નો અર્થ આપતાં 'દોષદૃષ્ટિ'ના તુજ મહીં' એમ 'દોષદૃષ્ટિ' એવો અર્થ આપ્યો છે.

૨૦માં શ્લોકનો અર્થ ચાર લીટીમાં આપ્યો છે.

ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગન્તિ પ્રાર્થયન્તે ।
તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોકમશ્નન્તિ દિવ્યાન્દિવિ દેવભોગાન્ ॥

પીઈ રસ સોમ તણો નિષ્પાપ કહી વેદોક્ત સુકર્મ અહીં,
માર્ગ યજ્ઞ યજ્ઞ થકી મુજને સ્વર્લોક સકામ જ જગત મહીં. ૨૦
પામી પુણ્યે એ તથા સ્વર્ગલોક એ જાણ,
દિવ્ય ભોગ તહીં ભોગવે દેવો સમ ક્ષણ માન. ૨૧

અ. ૧૦ વિભૂતિયોગ :

શ્લોક ૫નો અર્થ બે પંક્તિયુગ્મો સુધીમાં આપ્યો છે.

અહિંસા સમતા તુષ્ટિસ્તપોદાનં યશોયશઃ ।
ભવન્તિ ભાવા ભૂતાનાં મત્ત એવ પૃથગ્વિધાઃ ।
જ્ઞાન બુદ્ધિ શમદમક્ષમા અસંમોહ ને સત્ય
ભવ અભવ સુખ દુઃખ ને ભય અભય અકથ્ય, ૪

તપ દાન અહિંસા તૃષ્ટિ અને સમતા જશ અપજશ સર્વ અહીં,
આ ભાવ અનેક પ્રકાર બધા મુજથી જ સ્ફૂરે સહુ ભૂત મહીં. ૫



જગત્સુહૃદ્

ઇન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ ભૂતાનામસ્મિ ચેતના માં ચેતનાનો અર્થ 'બુદ્ધિ' એવો આપ્યો છે. ''ઇન્દ્રિયોમાં મન અરે, બુદ્ધિ પ્રાણીમાં એમ.''

અ. ૧૧ વિશ્વરૂપદર્શન

અનેકબાહૂદરવક્ત્રનેત્રં પશ્યામિ ત્વાં સર્વતોઽનન્તરૂપમ્।
નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિ પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપ ।।૧૬।।

અનેક મુખનેનો અહા, હાથ પેટ અનેક,
જોઉં ચારે ગમ તને અનંતરૂપ અશેષ
ના અંત ન મધ્ય ન આદિ હરે, વિશ્વેશ્વર ક્યાંય વિલોકું હા
હે વિશ્વસ્વરૂપ નમું તુજને, ચાલે ન મતિ સ્તવને મુજ હા ! (૧૭)

એમાં 'ચાલે ન મતિ સ્તવને મુજ હા' મૌલિક છે.

અનાદિમધ્યાન્તમનન્તવીર્યમનન્તબાહું શશિસૂર્યનેત્રમ્ ।
પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રં સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ ।।૧૯।।

આદિ મધ્ય કે અંત ના તુજને અનંતવીર્ય !
ચંદ્રસૂર્ય તુજ નેત્ર હા, અનંતબાહુ તું ઇડય !! ૨૨
એવો હું જોઉં તને મુખથી ઝળહળતા અગ્નિ સમો તેજે,
કરતો નિજ તેજ થકી આ વિશ્વ બધુંય પ્રદીપ્ત સદા તુજ જે ! ૨૩

એમ બે શ્લોક સુધી અનુવાદ વિસ્તાર્યો છે.

એવું જ શ્લોક ૨૦માં છે. બે પંક્તિનો ચાર પંક્તિ સુધી વિસ્તાર છે.

૨૧મા શ્લોકમાં પણ એમ જ છે.

स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः
स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः ।।२१।।

આ સિદ્ધ મહર્ષિસંઘ મુખે બોલી 'કલ્યાણ' સ્તવે તુજને,
સ્તુતિઓથી શ્રેષ્ઠ અરે ! ગોવિંદ ક્ષણેક કૃપાલો ત્યાં જોને ।।૨૭।।

ક્ષણેક કૃપાલો ત્યાં જોને ! એ શબ્દો મૌલિક ઉમેર્યા છે.

શ્લોક ૨૨નો અનુવાદ પણ ચાર લીટીમાં છે. શ્લોક ૨૪માં
દૃષ્ટવા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા ધૃતિં ન વિન્દામિ શમં ચ વિષ્ણો । ૨૪

જોઈ એવો તુંજને ન રહે ગભરાયું અંતર હાથ હરે !
છૂટી ધીરજ નવ શાંતિ રહે, તું પાહિ વિભો કરુણાકર રે ! ૩૩

એમાં 'તું પાહિ વિભો કરુણાકર રે' એ મૌલિક છે.

શ્લોક ૨૫

દંષ્ટ્રાકરालानि च ते મુખાનિ દૃષ્ટ્વૈવ કાલાનલસંનિભાનિ ।
દિશો ન જાને ન લભે ચ શર્મ પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૨૫॥



જગત્સુહૃદ્

પ્રલયાનલ જેવાં મુખો, દાઢો ભીષણ એહ,
જોઈ કંઈ કંઈ થાય ને ખાળી ન રહે દેહ ! ૩૪
સૂઝે ન દિશા, મન ચેન નહીં, ગોવિંદ મુરારે દોડ હવે !
જગદીશ પ્રસીદ હવે તો ના ર'વાય ત્વરા કર, દોડ જવે

"ગોવિંદ મુરારે દોડ હવે ! અને "ત્વરા કર દોડ જવે" શબ્દો ઉમેર્યા છે.

તથૈવ નાશાય વિશન્તિ લોકાસ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ॥૨૯॥
દોડે લોકો મુખમાં તુજ આ તેમ જ મરવાને જો બોળે ॥૩૯॥

બેળે એટલે બળપૂર્વક એમાં 'બેળે' બેળે બેળે'ના અર્થમાં 'બોરેબોરે' શબ્દ પ્રચારમાં છે. બોળે - જેવો શબ્દ પ્રચલિત નથી.

લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તાત્ લોકાન્સમર્ગ્ય વદનૈર્જ્વલદ્ભિઃ ।
તેજોભિરાપૂર્ય જગત્સમગ્રં ભાસંસ્તવોગ્રા પ્રલપન્તિ વિષ્ણો ॥૩૦॥

જ્વલંત મુખથી સર્વ આ ચારેગમથી લોક
ગ્રસી દેવા ચાહે અહા જીભ હરે નિઃશોક ।૪૦।
તેજઃ કિરણો તુજ જગત બધુંય ભરીને ચમકે ચોદિશ જો !
દુષ્ટોને તાપ દઈ વિષ્ણો, ફેલાવે તુજ ઉજ્જવલ યશ જો !! ૪૧

એમાં છેલ્લી પંક્તિ મૌલિક ઉમેરણ છે.

કેટલાક શ્લોકોનો અનુવાદ પછીની પંક્તિ સુધી વિસ્તરેલો હોય એવાં ઘણાં ઉદાહરણો છે, મુક્ત અનુવાદ છે, શબ્દશઃ નથી.

સંજયની ઉક્તિમાં - બોલે - સંજય : ધૃતરાષ્ટ્ર અરે !
સૂણી એહ વચન હરિનાં અર્જુન,

ધૃતરાષ્ટ્રને બનેલી હકીકતનું નિવેદન કરે છે એ વાત વાચકને યાદ આપે છે.

'ફીદા' 'બેઅદબી' જેવા શબ્દઃ પ્રયોગો ધ્યાનાર્હ છે.

જ્યમ પુત્ર તણા અપરાધ પિતા, નિજ મિત્ર તણા મિત્ર માફ કરે;
પ્રિય સ્ત્રીના કંથ, હરે ત્યમ તું કર મારા માફ ! ચલંત પડે !! ૬૪

એમાં 'ચલંત પડે' મૌલિક ઉમેરણ છે.



જગત્સુહૃદ્

આપ આપનું પૂર્વરૂપ બતાવો એવી પ્રાર્થના સાથે વિરાટ રૂપ સંકેલી લેવાનું કહે છે તે અવધૂતનું વાક્ય છે.

જગદીશ કૃપા કર, સંહર આ દેવેશ વિરાટ સ્વરૂપ હવે ! ૬૬

સૂણી એવું સહ હાસ્ય વદે, સંકેલી લીલા એહ હરિ - જેવાં અનુસંધાનાત્મક વાક્યો છે.

અ. ૧૨ ભક્તિયોગ-

શ્લોક ૧૫માં 'ભય'માં માટે 'ભો' શબ્દ પ્રયોજ્યો છે, બોલચાલનો શબ્દ

અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।
સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ।।૧૬।।

નિઃસ્પૃહ દક્ષ પવિત્ર જે, દુઃખે અડગ તટસ્થ;
ત્યજે કામ્ય ઉદ્યોગ જે, એ જ મને પ્રિય ભક્ત

મુક્ત અનુવાદ છે.

સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્ ।
અસક્તં સર્વભૃચ્ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃ ચ ।।૧૩-૧૪।।

એનો અનુવાદ સંક્ષેપમાં છે.

એમાં સહુ ઈન્દ્રિયના ગુણનો આભાસ, રહિત જે ઇન્દ્રિયથી
ભર્તા સહુનો; ન્યારો સહુથી ગુણભોક્તા નિર્ગુણ જાણ મથી !

ઇતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ।।૧૮।।

અધ્યાય ૧૫ પુરુષોત્તમયોગ :

૫મો શ્લોક -

દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈર્ગચ્છત્યમૂઢાઃ પદમવ્યયં તત્

પામે જ્ઞાની એહવા પદ અવ્યય મુજ તેહ,
જ્યાંથી પાછા ના ફરે કલ્પાંતે પણ ઓહ. ૧૦

અવ્યય પદ પામે છે એ વિચારનો બીજી લીટીમાં વિસ્તાર કર્યો છે.

૮મો શ્લોક

શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।
ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ।।

જ્યારે આ જીવ શરીર ગ્રહે, નીકળે ત્યાંથી વા બહાર યદા;
જ્યમ પુષ્પાદિકથી ગંધ હવિ, ત્યમ સાથ લઈ એ જાય તદા. ૧૩

'ત્યમ સાથ લઈ એ જાય તદા' એમાં છોડેલા શરીરની વાસનાઓ અને મન તથા ઇન્દ્રિયોને લઈને જ બીજા શરીરમાં જાય છે. એ અર્થ સ્પષ્ટ થતો નથી.



જગત્સુહૃદ્

અ. ૧૬ દૈવાસુરસંપદવિભાગયોગ

અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિશ્ચ પૈશુનમ્ ।
દયા ભૂતેષ્વલોલુપ્ત્વં મોર્દવં હ્રીરચાપલમ્ ।।૨।।

અહિંસા આર્જવ સત્ય ને ત્યાગ શાંતિ અક્રોધ,
અપૈશુન મૃદુતા દયા અલોપતા બ્હોત,
એમાં 'બ્હોત' શબ્દ ઉમેરેલો છે.

કામમાશ્રિત્ય દુષ્પૂરં દમ્ભમાનમદાન્વિતાઃ ।
મોહાદ્ગૃહીત્વા સદ્ ગ્રાહાન્પ્રવર્તન્તે શુચિવ્રતાઃ ।૧૦।
ચિન્તામપરિમયાં ચ પ્રલયાન્તા મુપાશ્રિતા

સદા અતૃપ્તકામના રાખી એ મન માંહ્ય,
અભિમાને અક્કડ ફરે દંભમદે જગ માંહ્ય ! ૧૦
પકડી ભૂસાં મોહે ખોટાં, વર્તે ભ્રષ્ટાચરણે અવળા,
કાઢે દિન ચિંતા માંહ્ય અરે બેહદ એ અંત સુધી નુગરા ! ૧૧

'ખોટા આગ્રહો' માટે ભૂસાં શબ્દ પ્રયોગ બોલચાલનો છે. માથે સદ્ગુરુ વિનાના એ અર્થમાં 'નુગરા' પ્રયોજ્યો છે. સામાન્ય રીતે 'નુગરો' ઉપકારની જેને કિંમત ન હોય, ઉપકાર ભૂલી જનાર એવા અર્થમાં પ્રયોજાય છે, તે કરતાં જુદો છે મરાઠી સંતપરંપરાનો છે.

અ. ૧૭ શ્રદ્ધાત્રયવિભાગયોગ -

સાત્વિક જનને એહવાં ગમે અન્ન તું જાણ !
રાજસને પ્રિય શું કહું સાંભળ આપી ધ્યાન. ૯

બીજી પંક્તિ અનુસંધાનાત્મક છે.

અ. ૧૮ મોક્ષસંન્યાસયોગ -

પંચૈતાનિ મહાબાહ્વો કારણાનિ નિબોધ મે ।
સાંખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્ ।।૧૩।।

એનો અનુવાદ ભાવાનુસારી છે.

જ્યાં જ્ઞાને કર્મસમાપ્તિ કહી તે સાંખ્યે કારણ પાંચ કહ્યાં,
સહુ કર્મ તણી સિદ્ધિ માટે, એ સાંભળ મુજથી હે ડાહ્યા (૧)

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुशूषवे वाच्यं न च मां योऽनसूयति ॥६७॥

न करे तप जे, ना भक्ति कदि ना सेवे गुरुजनने भावे
निंदे मुजने तेने कदि आ के'वुं ना ज्ञान, न फळ आवे. ६७

એમાં 'ન ફળ આવે' એ અર્થ સ્પષ્ટ કરવા ઉમેર્યું છે.



જગત્સુહૃદ્

कच्चिदेतत्श्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय ॥ ७२॥

सूण्युं के तें पार्थ हे, ज्ञान स्थिर मने एह ?
थयो नष्ट संमोह के अज्ञानात्मक नेह ?

અર્જુનને જે સંમોહ થયો તે અજ્ઞાનાત્મક નેહને લીધે છે. 'મોહ'એ અને 'નેહ'નો પ્રાસ તો બેસે છે. પણ 'નેહ'ને કારણે સંમોહ થયો તે વાત પણ વણાઈ ગઈ છે.

આમ 'સંગીતાગીતા' એ ભાવાનુસારી મુક્ત અનુવાદ છે. કોઈક વાર અર્થ સ્પષ્ટ કરવા બે કરતાં વધારે લીટીમાં અનુવાદ આગળ વધે છે. કોઈક વાર મૂળના જ શબ્દો યથાવત્ રાખે છે તો કોઈ વાર બોલચાલનો શબ્દ પક્ષ પ્રયોજાયેલ જોવા મળે છે. ગેયતા આ અનુવાદની વિશેષતા છે. એને લીધે ગીતા કંઠસ્થ થઈ શકે.



જગત્સુહૃદ્



'પત્રગીતા'*



જગત્સુહૃદ્

અવલોકન :

'પત્રગીતા'માં 'ઓંવી'છંદમાં લખાયેલા ૧૬ પત્રો છે. શ્રેયમાર્ગે જીવનને ગતિ આપવા માટે જિજ્ઞાસુઓને ઉપકારક નીવડે એવું સાધનાવિષયક માર્ગદર્શન એમાં નિરૂપાયેલું છે. 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા'ની તાત્ત્વિક પીઠિકા પર જીવન સાધનાનો માર્ગ અહીં ચીંધવામાં આવેલો છે. ૧૯૨૫માં વનવાસનું તપોનિષ્ઠ જીવન જીવતાં આધ્યાત્મિક આરોહણ કરીને પાંડુરંગ વળામેનું રંગ અવધૂતમાં રૂપાન્તર થયું. શ્રી અમૃતલાલ મોદીજી અવધૂતજીના પૂર્વાશ્રમથી સુહૃદ. તેથી બંને વચ્ચેનો પત્રવ્યવહાર પહેલેથી જ. તપોનિષ્ઠ જીવનકાળમાં એ મૈત્રી ગુરુ-શિષ્યના સંબંધમાં પરિણમી. શિષ્યભાવે અધ્યાત્મવિષયમાં પ્રશ્નો, શંકાઓ અવધૂતજીને શ્રીમોદીજીએ પૂછેલાં, તેના વિશદ અને રસિક ખુલાસાઓ તેમને પાઠવેલા, તેનો શ્રી મોદીજીએ આ સંચય લોકસંગ્રહની ભાવનાથી પ્રસિદ્ધ કરેલો.

'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા'ના શ્લોકોની પત્રોમાં કરેલી ગૂંથણી આ પ્રમાણે છે : **અધ્યાય-૨** શ્લોક ૨૩ (પત્ર-૭), શ્લોક-૪૭ (પત્ર-૪), શ્લોક ૭૧ (પત્ર-૫), **અધ્યાય-૪** શ્લોક ૩૪ (પત્ર-૮), **અધ્યાય-૬** શ્લોક ૨૬ (પત્ર-૯), શ્લોક ૩૦ (પત્ર-૧૦). **અધ્યાય-૭** શ્લોક ૩ (પત્ર-૧૪), શ્લોક ૭ (પત્ર-૧૫), શ્લોક-૧૪ (પત્ર-૧૩), શ્લોક-૧૯ (પત્ર-૧૧), **અધ્યાય-૮** શ્લોક ૧૩ (પત્ર-૬), અધ્યાય-૯ શ્લોક ૨૨ (પત્ર-૩), શ્લોક ૨૭ (પત્ર-૨) **અધ્યાય-૧૨** શ્લોક-૧૯ (પત્ર-૧૨), **અધ્યાય ૧૮** શ્લોક ૬૬ (પત્ર-૧) શ્લોક-૬૭ (પત્ર-૧૬). આ શ્લોકો અવધૂતજીએ દરેક પત્રમાં દરેક ચરણનો ત્રીજો અક્ષર ઊભી રીતે વાંચતા ઓળખી શકાય, એવી અંતરલાપિકાની કવિ-પ્રયુક્તિથી ગૂંથ્યા છે. ૧૭ અક્ષરોનો ઓંવી છંદ મરાઠી કવિતામાં વિપુલ રીતે પ્રયોજાય છે. પ્રત્યેક પત્રમાં ૩૫ ચરણો છે. 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપરાંત સંસ્કૃત શાસ્ત્રગ્રંથોમાંથી પણ અત્ર-તત્ર શ્લોકવાણી પણ ગૂંથવામાં આવેલી છે. બધા જ પત્રોમાં પ્રધાનબોધ આ છે :

---

*આવૃત્તિ ૧લી ૧૯૩૬, આવૃત્તિ ૨જી ૧૯૫૬, પ્રકાશન : નારેશ્વરસંસ્થાન 'પત્રગીતા'ના ૧૬ પદ્યપત્રો પરનું વિવરણ 'નારેશ્વરનો નાદ'-મે-૧૯૯૬થી જુલાઈ ૧૯૯૭ના અંકોમાં ક્રમશઃ પ્રસિદ્ધ થયેલું છે. એ લેખમાળા ડૉ. સુભાષ દવેએ લખેલી છે.

જેહ વાસુદેવ દત્ત ।
ડૂબાડી તેમાં સર્વ જગત ।
રે'વું સદાય સ્વાત્મતૃપ્ત ।
અપ્રમત્ત સાધને ॥



જગત્સુહૃદ્

આ માટે અવધૂતજી ધ્યાન ખેંચે છે કે,

"ઝીણી વાત એક એક ।
ના સમજાય આ નિઃશંક ।
માટે આત્માનાત્મવિવેક ।
કરવો ફરી ફરીથી ।

કર્મમાર્ગનું સાધન હોય, ભક્તિમાર્ગનું સાધન હોય કે જ્ઞાનમાર્ગનું સાધન હોય - આરંભ કોઈ પણ સાધનથી કરો, એની વિકસિત ગતિ ત્રણેનો અન્યોન્ય સંબંધ રચે છે, અને 'એક સાધન'માં તે પર્યવસાન પામે છે. સ્વાનુભૂતિનો રણકો આ 'પત્રગીતા'માં સાંભળવા-માણવાનો મળે છે. કોઈ એક સાધનની તરફેણ નહીં, વકીલાત નહીં, સઘળાં સાધનોનો જ્યારે એકાકાર અનુભવાય ત્યારે જ સાધના સફળ, એવો સ્વાત્માનુભવનો બોધ અવધૂતજીએ આપતાં લખ્યું છે :

થાય યદા બોધ સુસ્થિર ।
ત્યારે જ સાધના સફળ ।
નહીં તો નિરર્થ કેવળ ।
માવઠાનું જળ યથા ॥

'પત્રગીતા'ના ૧૬ પત્રોનું અધ્યયન કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે અધ્યાત્મસાધનાની બાબતમાં સંપ્રદાયનિરપેક્ષ દૃષ્ટિ કેળવવી અ-નિવાર્ય છે. બધા જ પત્રોમાં ઉપદેશની એકવાક્યતા સ્વરૂપસાક્ષિઅનુભવની પ્રતીતિ કરાવે છે. અવધૂતજીનું દર્શન 'तत्त्वमसि'નું છે. તું તે છે, એનો અનુભવ આધ્યાત્મિક આરાધકે લેવા ઉત્કટતા સેવવાની છે, હૃદયથી પોકાર કરવાનો છે. પત્ર-૭માં સૂત્રાત્મક રીતે અવધૂતજી ઉદ્‌બોધન કરે છે.

થા સમરસ સચ્ચિદ્‌ઘન, સૌખ્યસદન અમૃત

X

જેવી નૈ પોલી અંદર, તેવું મન જો માંહે નિર્મળ
તો જ કૃપા શ્રીગુરુવર, કરે સત્વર જાણ તું

સમરસ થવા માટે જડ-ચેતન સમસ્ત જગત સાથેનો આપણો નાતો શિષ્યત્વનો આંતરિક રીતે કેળવવાનો છે, એવો મર્મ અવધૂતજી અમૃતલાલ મોદીજીના માધ્યમથી આપણ સૌને સમજાવે છે.

'રંગતરંગ'*

અવલોકન :



જગત્સુહૃદ્

રંગઅવધૂતજીએ મરાઠી ભાષામાં લખેલાં નાનકડાં કાવ્યોનો સંગ્રહ તે 'રંગતરંગ'. તેમાં પ્રાર્થના, લોકપ્રબોધન, આત્મનિવેદન, પ્રભાતિયાં તથા તત્ત્વજ્ઞાનાત્મક પદ્યોનો સમાવેશ થાય છે.

નારેશ્વરસ્થાનના સર્વધર્મકર્મના આચાર્ય શિવપ્રસાદ જોંષીજીએ પુસ્તિકાના પ્રારંભમાં રાજપીપળાના ડેપ્યુટીસાહેબ સ્વ. લક્ષ્મીપ્રસાદ વસંતરાય મહેતા પર પ્રાતઃ સ્મરણીય બાપજીએ કરેલા અમૃતમય અનુગ્રહ વિષેનાં સંસ્મરણો અત્યંત રોમાંચક અને મનનીય છે. એક નાનકડો પ્રસંગ જોઈએ (પૃ. ૧૨,૧૩)

''એક વખત એક શિક્ષકમંડળ પૂજ્યશ્રીના દર્શનાર્થે આવેલું. આમતેમ થોડીઘણી વાતો કરીને બધા ઊઠતા હતા. તે વખતે પૂજ્યશ્રીએ સ્વાભાવિક રીતે કહ્યું કે તમારે બીજું કંઈ કામ હોય તો ભલે જાઓ. પણ કંઈ ખાસ કામ ન હોય ને સાહેબને મળવું હોય તો હમણાં જ સાહેબ અહીં આવશે. બેસવું હોય તો બેસો. બધા જ રોકાઈ ગયા. બન્યું એવું કે અર્ધા કલાકમાં જ સાહેબ આવી પહોંચ્યા. અહીં બનેલી હકીકત સાંભળીને સાહેબ તો ઘડીભર આભા જ બની ગયા. વિનમ્ર ભાવે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહેવા લાગ્યા કે હું તો બીજે જ જઈ રહ્યો હતો. પણ એકાએક ત્યાં જવાનું માંડી વાળીને આ તરફ આવ્યો છું. કંઈક અગોચર આકર્ષણે આ તરફ આવ્યો. આ બધી સાક્ષાત્ દત્તપ્રભુની લીલા છે.'' આવા સિદ્ધયોગી રંગ અવધૂતજીની ભજનવાણીનો પરિચય કરીએ.

'રંગતરંગ'માં બધાં થઈને ૬૦ જેટલાં ગીતો અને ભજનો ઉપલબ્ધ થાય છે.

શ્રીદત્તાત્રેય ભગવાનનું સંકીર્તન, સદ્‌ગુરુનું મહત્ત્વ, સાધુસંતોનો પરિચય, સદાચરણની આવશ્યકતા, શરણાગતિપૂર્વકનું આત્મનિવેદન ઇ. વિષયો તેમાં આવરી લેવાયા છે. પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીવાસુદેવાનંદજી ઉપરાંત મહારાષ્ટ્રના ખ્યાતનામ સંતકવિ જ્ઞાનેશ્વર, એકનાથ અને તુકારામની માનવતાવાદી ફિલસૂફી તથા ભાષાશૈલીનો

* પ્રકાશનઃ ૧૯૫૨, પ્રાપ્તિસ્થાન : નારેશ્વર પ્રકાશકઃ શ્રી સનત્કુમાર મહેતા

સઘન પ્રભાવ રંગઅવધૂતજીની પ્રસ્તુત કવિતાવલી પર જણાય છે.

અત્યંત ભાવવાહી તથા અર્થસભર વાણીમાં લખાએલાં આ ભજનો વિવિધ સંગીતમય ગીતો પર આધારિત હોવાથી અનેરું ગાન-માધુર્ય ધરાવે છે. દા.ત. ગુરુગુણ ગાવે પૃ.૧૦ મૂળ ગીત-ભાવ ધરા રે, દત્તાત્રેય રે પૃ. ૧૪ મૂળગીત બાળા જો જો રે, નકો નકો હા પૃ. ૧૮ મૂળ ગીત કેશવકરણી અગાધલીલા ઈ.



જગત્સુહૃદ્

લલિતમધુર પદાવલિ, સરળ ભાષાશૈલી તથા પદે પદે અભિવ્યક્ત થતી સંનિષ્ઠ ઉપાસકની આર્તતાને લીધે 'રંગતરંગ' આપણા હૃદયસાગરમાં ઉત્કટ ભક્તિભાવોની ઊર્મિ નિર્માણ કરે છે.

એટલે જ શ્રી દત્તાત્રેય પાં. નંદુરબારકરજીએ પોતાની પ્રસ્તાવનામાં નોંધ્યું છે તે પ્રમાણે, આજે પણ ઉત્સવપ્રસંગે નારેશ્વર, ગરુડેશ્વર, અમદાવાદ, નરસોબાની વાડી, ગાણગાપુર ઈ. અનેક ઠેકાણે પ્રસ્તુત ભજનો ગવાય છે.

જે પ્રમાણે પંઢરપુરમાં બે ઈંટો પર ઊભેલા કમર પર હાથ મૂકીને ભક્તોની રાહ જોતા વિઠોબાનું સર્વાંગસુંદર વર્ણન મહારાષ્ટ્રના સંતોએ કરેલું છે તે જ રીતે ઔદુંબર વૃક્ષની નીચે ઊભેલા તેજસ્વી સદાનંદ નૃસિંહસરસ્વતી પ્રભુનું આબેહૂબ આલેખન કરે છે :-

ઔદુંબર તળી ઊભા નરહરિ
ભક્તાંચી અંતરી વાટ પાહે ॥૧॥
સુંદર તે ધ્યાન પહાતાં તત્ક્ષણ
વેડાવલે મન નાચૂં લાગે ॥૨॥
અંગાચી તે કાંતિ કોણ વર્ણી દીપ્તિ
કોટી ચન્દ્ર જ્યોતિ નેત્રી વસે ॥૩॥ (પૃ. ૭)

આજ દત્ત દિગંબર બધાં સુખોનું નિધાન છે, સમગ્ર વિશ્વનો આધાર છે તથા ભક્તોનો પ્રિય મિત્ર પણ છે :-

સર્વ સુખાચે આગર, દેવ દત્ત દિગંબર ॥૧॥
સહા હાત ષડ્ વિભૂતિ, તીન શિરે સત્સુખજયોતિ ॥૨॥
કાંખે ઝોળી માધુકરી, નિત્ય નવી ભિક્ષા બરી ॥૫॥
વસ્ત્ર નાહી દિગંબર પરી બાપ વિશ્વંભર ॥૬॥
ભક્તસંગે 'રંગ' ધરી, દેહ વિદેહી નૃહરિ ॥૮॥

પણ આ દત્તાત્રેય ભગવાન ભક્તની કસોટી કરે છે, તેની આંતરિક ભાવનિષ્ઠાની ચકાસણી કરે છે. તેથી તેના વિરહમાં વ્યાકુળ

થયેલા નરસિંહ મહેતા, મીરાંબાઈ અને તુકારામની જેમ અવધૂતજી પણ તેને વારંવાર પોકારે છે :-



જગત્સુહૃદ્

કધીચા મી ઊભા દારી તવ દેવા
શ્વાન ચે કેશવા થાબૂ નકો ॥૧॥
તીળતીળ તૂટે જીવ હા માધવા
પાહોન કેશવા રૂપ તુઝે ॥૨॥ પૃ. ૮

જીવનાધાર દત્તપ્રભુનાં દર્શન વગર અવધૂતજીને ચેન પડતું નથી- જેમાં કામક્રોધાદિ વિષયોના તરંગ નિરંતર ઊછળે છે અને મમતારૂપી મગરનો કાયમ ભય રહેલો છે એવા ભવસાગરમાં ડૂબી મરવાનો ડર ક્ષણે ક્ષણે સતાવે છે :-

દત્તાત્રેય રે, જિવલગા પ્રાણવિસાવ્યા માઝયા ॥ધૃ
તુજ વિણ ચૈન નસે, ચૈન નસે, કામ ન સૂઝે
તારક કોણ અસે, નવ દીસે, આન ન કોણી ભાસે ॥
બુડતો ભયડોહી, પૈ લથડી સત્વરનેઈ કુડી
લાટા ઉસળતી વિષયાંચ્યા, કામક્રોધમોહાચ્યા ॥
મતામગરીને મજ ધરિલે કાહી ન માઝે માલે
પહાસી કાં ન અસા બા સધ્યા સંહર દુસ્તર માયા ॥૨॥

ભગવાન પોતે જેમની હાક સાંભળી દોડીને આવ્યા હતા એવા ભક્ત પ્રહ્લાદ, ગજેન્દ્ર અને સતી દ્રૌપદીનું ઉદાહરણ આપીને અવધૂતજી પ્રભુને બોલાવે છે :-

ધાવ ધાવ દત્તા કિતી બાડૂ આતાં
મૈ ન નસે મિતા યે ઈ વેગી પૃ. ૧૬ *અને,*
ધેનુ જેવી વત્સા, ધાવ દત્તા તૈસા
તુજ વિણ કૈસા રાહ જગી ॥ પૃ. ૧૭ *તથા*
પ્રહ્લાદાચે હાંકે સ્તંભ તો કડાકે
દિતિસુત ધાકે પાડિયેલા ॥૪॥
ગજેન્દ્ર ધરિલા વેગે સોડવિલા
વેળં કા લાવિલા દીનનાથા ॥૫॥
દ્રૌપદીકારણે ઓઢિતા ખલાને
વસ્ત્રરૂપ હોણે લોપલે કા ? ૬
બ્રીદાતે સાંભાળી અગા વનમાળી
રંગ પ્રતિપાળી પોરકા હા ॥૧૦॥ પૃ. ૨૩

આવા પ્રકારની આર્તપ્રાર્થનાઓને મરાઠી ભાષાસાહિત્યમાં 'ધાવા' તરીકે ઓળખવામાં આવે છે. મરાઠી અનેક સંત કવિઓએ આવાં 'ધાવા' કાવ્ય રચ્યાં છે.



જગત્સુહૃદ્

શ્રીમદ્‌ભાગવતમાં નિર્દેશેલી નવધા ભક્તિનું સતત અનુસરણ કરી જીવનને કૃતાર્થ કરવું એ જ તેમનું આલેખન નિમ્નલિખિત ભજનોમાં થયેલું છે.

ભક્તિનાં નવરત્નો આ પ્રમાણે છે -

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।।

ભાગવતપુરાણ ૭–૫–૨૩

વૈષ્ણવજનની માફક ઈશ્વરનું સતત શ્રવણ તથા કીર્તન કરતા અવધૂતજી તેની પાસે માગે છે તે ફક્ત સંતર્પક સ્મરણ, પાવન દર્શન તથા મુક્તિદાયક કૃપાદાન :-

જની વની વા સ્મશાની દેહ પડો ત્વત્સ્મરણી ॥૪॥
દત્ત દત્ત ઐસે ધ્યાન, મન વ્હાવે હે ઉન્મન ॥૫॥ પૃ.૨૩
માગણેં તે એક આહે, કૃપાદૃષ્ટિ બાળ પાહે ॥૧॥
નકો વૈભવસંપત્તિ, સદા રાહૂ દે સન્મતિ ॥૨॥ પૃ. ૨૭

અને

શરણ આલોં તુઝ્યા પાયાં, ભટકોની જગીં વાયા
આતા ધાડી ન પરતા, પાહૂં નકો રે પાત્રતા ॥૨॥
માયબાપ આલો દ્વારી, કૃપાભીક રંગ ઘાલી ॥૧૦॥ પૃ. ૩૧

વહેલી સવારે ગવાતું પ્રભાતિયું તે મહારાષ્ટ્રની ભૂપાળી જેને કવિશ્રી હોમાજી બાળાએ અત્યંત લોકપ્રિય કરી, પોતાની પ્રસ્તુત કૃતિથી :

ઘનશ્યામ સુંદરા શ્રીશ્વરા અરુણોદય ઝાલા
ઉઠી લવકરી વનમાળી ઉદયાચલી મિત્ર આલા...

રંગ અવધૂતજીએ પણ પોતાનાં બે પ્રભાતિયાંમાં ગુરુમાઉલીને જગાડતાં જગાડતાં ઉષઃકાલનું મનોહર પ્રાકૃતિક વર્ણન ખડું કર્યું છે :

દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા.
પહાટ ઝાલી પુરે ઝાઁપ આતા
ભક્જન હે ઉભે વાટ પાહતી સભે
દર્શને દેઈ ત્યાં શીઘ્ર શાંતા ॥ધૃ.॥

વનગંધર્વ હે સુસ્વરેં ગાઈતી
મોર કેકારવેં નૃત્ય કરિતી ॥
મુનિકુલેં ગર્જતી વેદમંથર ગિરા
ઉઠ બા શ્રીધરા રાઘુ પઠતી ॥૨॥



જગત્સુહૃદ્

આજે પણ આવું પ્રાતઃકાલીન દૃશ્ય નારેશ્વરમાં રંગમંદિરના દ્વારે જોવા મળે છે.

બીજા પ્રભાતિયામાં (પૃ. ૧૧) અવધૂતજી કહે છે કે કર્મોના બંધનથી તથા માયામોહના ભ્રમને લીધે લોકો અજ્ઞાન-અંધકારના ઓથારે ઊંઘે છે, પણ ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે તે પ્રમાણે

या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुने ॥२॥
(गीता अध्याय २ श्लोक ६९)

જ્યારે પરમહંસ પરમેશ્વર આંખો સામે પ્રકાશિત થાય છે ત્યારે સમગ્ર અજ્ઞાનનો લય થાય છે :-

જાગ રે રાજસા સચ્ચિદ્‌ઘન હંસા
પરમ પુરુષા જાગ વેગીં ॥૧॥
કર્મે બાંધિયેલે મોહે વ્યાપિયેલે
તેણે તળેમળે ઝાઁપી જીવ ॥૨॥
હંસ ઉઠિયેલા સોહંભાવ ઠેલા
કોહં માળળેલા 'ઁ' તમ ॥૮॥

અવધૂતજીએ સંસ્કૃત તથા ગુજરાતીમાં લખેલાં તત્સમ ગીતોનું સ્મરણ કરાવતાં આ પ્રભાતિયાંની રચના દોહરા છંદમાં કરેલી છે. 'રંગતરંગ'માં પ્રાપ્ત થતા કેટલાક દાર્શનિક વિચારો પણ મનનીય છે.

પરમતત્ત્વ શ્રી દત્તપ્રભુનું વર્ણન અવધૂતજીએ અનેક પદ્યોમાં કરેલું છે.

સગુણ સાકાર સ્વરૂપવાળા તથા ભક્તોના પ્રેમભાવથી દોડી આવતા ઈશ્વરનું આલેખન કરતા જ્ઞાનેશ્વર, નરસિંહ મહેતા, મીરાંબાઈ અને તુકારામના પગલે પગલે ચાલતા અવધૂતજી પણ કહે છે -

ભાવાચા ભુકેલા દેવ માઝા
ખાઈ ભાજીપાલા વિદુરાચા ॥૧૫
દુર્યોધનમેવા ન રુચે કેશવા
ઉંચનીચ હેવા નસે મની ॥૨॥

વેદશાસ્ત્રો પણ જેનું સચોટ આલેખન કરી શકતાં નથી, સત્ ચિત્ અને આનંદરૂપી જેનાં ત્રણ "મુખ છે તથા ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યના રૂપમાં છ હાથ ધરાવતા આ દત્તપ્રભુને જોતાં આપણી આંખો ધરાઈ જાય છે :-



જગત્સુહૃદ્

સગુણ નિર્ગુણ દોન્હી સમરસ ઝાલે
પહાતા નિવાલે નયન માઝે ॥૧॥
સચ્ચિદાનંદે મુખત્રિનય ધરિલે
ગુણૈશ્વર્ય ઝાલે ભુજષટ્ક ॥૨॥
વેદ મૂક ઝાલે નેતિ નેતિ ગાતો
શ્વાનરૂપી બાહતી પુઢે માગે ॥૩॥ (પૃ.૩૧)

ચરાચરમાં સર્વત્ર વ્યાપક એવા આ પરમેશ્વરનું પૂજન, ધ્યાન, આવાહન, આસન, સ્નાન ઈ. ઉપચારોથી શક્ય નથી એવું જેમ શંકારાચાર્ય અને સ્વામી મહારાજે સંસ્કૃતમાં નિવેદન કર્યુ છે તેવુંજ અવધૂતજીનું પ્રશ્નોક્તિ નિવેદન છે :

સર્વવ્યાપી નારાયણ, કૈસે કરું આવાહન ॥૧॥
અંતર્બાહ્ય સચ્ચિદ્‌ઘન, કૈસે કરું હો મી ધ્યાન ॥૨॥
કોઠે નસે તો આપણે, કાય અર્પુ હો આસન ॥૩॥
નાહી જેથે લેશ મળ કૈસે અર્પૂ સ્નાના જળ ॥૪॥
સૂર્યચંદ્ર તેજે તપે તેથે દીપ કૈસા ખપે ॥૫॥
સર્વભક્ષી કાળ ત્યાલા અર્પૂ નૈવેદ્ય કોઠલા ॥૬॥ (પૃ. ૩૩)

'ઈશાવાસ્યમિદં સર્વમ્' શ્રુતિવચન પ્રમાણે સૃષ્ટિના આરંભ અને અંતમાં કેવળ એક જ સત્ય શાશ્વત છે, વચમાં દેખાતો આ દુનિયાનો ભ્રમ, શંકરાચાર્ય કહે છે તે પ્રમાણે એક અધ્યાસ છે, માયાબજાર છે. એવો જ ઉદ્‌ઘોષ અવધૂતજી પણ વારંવાર કરે છે :-

આદિઅંતી એક બ્રહ્મ, મધ્યે કોઠોની હા ભ્રમ ॥૧॥
કૈક કાળામા મૂકલા, જીવ શોધી નિજ મૂળાં
આદિઅંતી એક દોર, મધ્યે ભુજંગમ ઘોર
ઝાલાન સોની ભાસલા, અજ્ઞ દેખોની ત્રાસલા ॥૮॥ (પૃ. ૫)
તેથી જ,
જેથે જાણણેં નેણણેં, વ્યર્થ શ્રમ હે બોલણેં ॥૫॥
મન વાણી પૈલ રંગ, દૃશ્યાદૃશ્ય સર્વ સોંગ ॥૬॥ (પૃ. ૧૬)

આપણાં શાસ્ત્રોએ ઉપદેશ કર્યો છે તેમ, આ પરમતત્ત્વને જાણવા

માટે ચંચળ મનને નિયંત્રિત કરવું પડે છે, વિવેક અને વૈરાગ્ય જેવા ગુણો કેળવવા પડે છે, માનવધર્મનું આચરણ કરવાનું હોય છે તથા દુર્જનોની સોબત ત્યજીને સારા માણસોનું સાન્નિધ્ય સેવવું પડે છે :-



મન બંધાચે કારણ, મન નેઈ સ્વર્ગો જાણ ॥૧॥
મન મોક્ષાચે જીવન, કરી અભ્યાસે બા ક્ષીણ ॥૨॥ (પૃ. ૨૬,૨૭)

અને

સાધન વિવેક વૈરાગ્ય નિઃશંક
અન્ય જે અશેખ પોટ પૂજા ॥૨॥

જગત્સુહૃદ્

ફક્ત શારીરિક જીવન જીવનાર પશુથી માણસને અળગો, બહેતર (Better) ઠરાવતો ધર્મનો સદાચાર તેને આત્મજ્ઞાન તરફ દોરી જાય છે :

પ્રાણે વિણ દેહ જૈસા ધર્મે વિણ નર તૈસા ॥૧॥
ચન્દ્રા વિણ કીતે રાતી, દીપ જૈસા વિણ વાતી ॥૨॥
ખાનપાન ભય મૈથુન નિદ્રા પશુત સમાન ॥૩॥
કોણ વિશેષ નૃદેહી જરી સારાસાર નાહી ॥૪॥
ધર્મ હેચિ ધન નરા, પ્રાણા પૈલ રક્ષા કરી ॥૫॥ (પૃ. ૨૪).

સંતોના સહવાસથી ધર્મનું પાલન થાય, ઈશ્વરનું ચિંતન થાય અને ધીમે ધીમે તેના સ્વરૂપનું આકલન પણ શક્ય થાય છે.[૧]-

મોક્ષાચે તે મૂળ સત્સંગ વિમળ
સાધન સકળં સિદ્ધ હોતી ॥૧॥
શ્રવણ મનન નિત્ય ક્ષણ ક્ષણ
દૃઢ બ્રહ્મજ્ઞાન હોત જેણે ॥૨॥
સદય તે સંત ઉદાર મહંત
સારાસારઅંત જિહી કેલા ॥૩॥
દગડ બ્રાહ્મણે બેસ વિલા કોડે
પૂજિતી રોકડે લોક સર્વ ॥૪॥
દેહી દેવ ઠેલા ન કળે અજ્ઞાલા
અનુગ્રહ કેલા 'રંગ' સંતે ॥૫॥ (પૃ. ૨૮)

સંસારની માયાથી સહેજ અળગા થઈને આપણે પણ આત્મચિંતન કરીએ તે માટે અવધૂતજી આપણને માર્ગદર્શન આપે છે.

નાનપણથી જ સરળ, સુશીલ અને પ્રેમાળ સ્વભાવ ધરાવતા અવધૂતજીને ચીલાચાલુ રીતરિવાજ, વિધિવિધાન તેમ જ અજ્ઞાનમૂલક

વિધિવિધાન (rituals) પ્રત્યે ચીડ હતી.

તેમણે જોયું હતું કે ધર્મના નામથી કહેવાતા બાવાઓ ભોળી જનતાને છેતરે છે અને ઘણી વખતે ગેરલાભ (exploit) લઈને તેમને પરેશાન કરે છે, તેમનું જીવન (જીવવું) હરામ કરે છે. શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ અવધૂતજીને આવા સાધુબાવાઓ પ્રત્યે અણગમો હતો, કારણ આવા લોકોના લીધે જ ધર્મને વિકૃત સ્વરૂપ અપાય છે અને લોકસમાજની બધી રીતે અધોગતિ થાય છે. તેથી જ પૂર્વસૂરિઓની જેમ અવધૂતજી પણ બાહ્ય આડંબર, કામક્રોધાદિ સ્વભાવદોષ તથા ખરાબ લોકોની સોબત ત્યજવાનું ફરી ફરીથી પ્રબોધન કરે છે, કારણ ભગવાનને જ આ ગમતું નથી :



જગત્સુહૃદ્

તોમિ સાધુ ભલા નકો ટિળે માળા
દેવાલા કંટાળા સોંગામા હમા ॥૨॥ (પૃ. ૨)

ટીલાં, ટપકાં અને ભગવો વેષ ધારણ કરનારા લોકોની હાંસી થાય છે કારણ તેમના અંતરમાં વિકારનો વિખાર ભરેલો હોય છે :

કૂપી કટુ નીર દુરુક્ત બાહેર
ગઢૂળ નિર્મળ તૈસેં તૈસેં ॥૨॥
વરપાંગી વેષ ટિકે ના કસાસ
હોત ઉપહાસ જગીં સર્વ ॥૩॥ (પૃ. ૪)

જેમ કોડિયામાં તેલ ન હોય તો દીવો પ્રકાશતો નથી, અંધારું દૂર કરી શકતો નથી, તેમ જ ઈશ્વર પ્રત્યે ભક્તિભાવ ન હોય તો સ્નાનસંધ્યાદિ જેવા આચાર કે કપાળે કરેલા ગંધથી કશો ભલીવાર થતો નથી, આધ્યાત્મિક ઉત્કર્ષ થતો નથી -

સ્નાન સંધ્યા ટિળે ટાળ, ભક્તિ વિણ વ્યર્થ માળ ॥૩॥
સ્નેહે વિણ દીપ જસા, ભક્તિ વિણ થાટ તસા ॥૪॥ (પૃ.૬)

એટલે જ બાલસખા મોદીજીએ પોતાના ફોઈના પૈસાના વિનિયોગ અંગે સલાહ માંગી હતી ત્યારે છેક ૧૯૨૫માં તેમના સન્મિત્ર પાંડુરંગ વળામેજીએ ચેતવણી આપી હતી :

આ સાલ અધિક.માસ છે, તેમાં દરરોજ કોઈ સારા ક્ષેત્રમાં રોજ જુદા જુદા- નાતી જાતના ભેદ વગર દસબાર ગરીબ મનુષ્યો ને ભોજન આપો. મને લાગે છે કે એટલા રૂપિયામાં આખો મહિનો ભોજન સમારંભ થઈ શકશે. ક્ષેત્રની પસંદગી તમે કરજો. નહિ તો એ... ના અધમ બાવાઓને માલપૂઆ ખવડાવવામાં વેડફાઈ જશે.

(શ્રી રંગપત્રમંજૂષા-૧ પૃ. ૭૦)



જગત્સુહદ્

આત્મસાધના કરનારને માટે જેમ બાહ્ય આડંબર ઉપયોગી નથી તેમ જ આંતરિક દુર્બળતા પણ કામ આવતી નથી. નાયમાત્મા બલહીનેન લભ્યઃ' મુંડક. ઉપ. ૩-૨-૪ એ શ્રુતિવચન પ્રમાણે સાધકે અંતરની શક્તિને પણ વધારવી જોઈએ કામ, ક્રોધ, લોભ ઇ. દુર્ગુણોથી તેની આત્મશક્તિ ઘટે છે એટલું જ નહિ પણ સાધનામાં તેઓ અવરોધ નિર્માણ કરે છે

એટલે જ અવધૂતજી ચેતવણી આપે છે કે સદ્‌ગુરુનું સાચું પૂજન કરવું હોય તો કામ અને ક્રોધ જેવા દુર્ગુણોથી મુક્ત થવું જોઈએ, ક્ષમા શાંતિ જેવા સન્મિત્ર સાચવવા જોઈએ અને પરોપકારી સંતોનું અમૃતમય સાન્નિધ્ય સેવવું જોઈએ :-

ગુરુગુણ ગાવે જરી તુજલા સૌખ્ય અસાવે ॥ધૃ॥
કામ ક્રોધ ષડ્રિપુ મર્દાવે, ક્ષમા શાંતિ સન્મિત્ર વરાવે
સદા સંતપદકંજ ધરાવે, તરીચ જગાવે ॥ જરી ॥૧॥
યમનિયમાદીં સાદર વ્હાવે, શીલપાલની દક્ષ અસાવે
પર ઉપકારી આધી મરાવે, બહુશ્રુત વ્હાવે ॥ જરી ॥૨॥

નદીમાં રહેલા મગરની માફક કે જંગલી જનાવરોની જેમ આ દુર્ગુણો માણસને ખાઈ જાય છે, તેનો સંપૂર્ણ નાશ કરે છે :-

કામ ક્રોધ મદ મત્સર નક્ર સૂસર જલમર ॥૪॥
મોહ અહંતેચ્યા લાટા, 'મન ધાવે દાહી વાટા ॥૫॥ (પૃ-૧૨)
સંકલ્પાચે વની કોંડાવલા જીવ
તૃષ્ણેચે કુંપણા ભાંબાવલા ॥૧॥
કામ ક્રોધ લોભ મદ તો મત્સર ।
વ્યાઘ્ર ક્ષિપ્ર ભયંકર ॥૨॥ (પૃ. ૩૬)

એટલે જ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે કે જેમણે પોતાના પર નિયંત્રણ રાખી કામ અને ક્રોધને કાબૂમાં રાખ્યા છે તેમની આસપાસ ભગવાન-પરમાત્માનો નિવાસ હોય છે :-

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितांत्मवान् ॥२६॥
सङ्गः सर्वात्मना त्याज्यः सचेद् हातुं न शक्यते ।
सद्भिः सह स कर्तव्यः सन्तः सङ्गस्य भेषजम्॥

સૂર્યનો પ્રકાશ, ચંદ્રની શીતલતા અને ભાગીરથી ગંગાની નિર્મળતા ધરાવતા સંતો આપણને હંમેશાં સારો અને સાચો માર્ગ બતાવે

છે. તેથી જ મનુષ્યસ્વરૂપમાં રહેલા સંત દેવોને સંપૂર્ણ શરણે જવા અવધૂતજી વારંવાર વિનવે છે :



જગત્સુહૃદ્

દેવ પાહૂ ઈચ્છી મન, ધરી સંતાંચે ચરણ ।
દૂર ઠેવી અભિમાન, પાયી અર્પી તનમન ॥૨॥ (પૃ. ૧૫)

અને

સદાત્ત્વાં ભાવે સંતાંચે ચરણ ધરાવે ॥ધૃ॥
ઉપદેશ જરી તે નવ દેતી, દર્શનમાત્રે જ ઉદ્ધરિતી
સ્વૈરાલાપે શાસ્ત્રે કથિતી, લક્ષ અસાને ॥ સંતાંચે ॥૧॥
વિદ્યાધનજનગર્વ ત્યજાવા, મૂક બોધ તો શ્રવણ કરાવા ।
અહંપણા મૂળી ખંડાવા, અલ્પ વદાવેં । સંતાંચે ॥૨॥ (પૃ. ૩૨)

સાચા સંતનો સ્વભાવવિશેષ દર્શાવીને, અવધૂતજી તેમનો સચોટ પરિચય આમ આપે છે :

સંત ઓળખાવે શીતળ સ્વભાવે ।
તનુ મન ભાવે સેવા કીજે ॥૧॥
મૃદુ નવનીત કઠિણ પર્વત ।
પ્રસંગ ઉદિત હોઈ જૈસા ॥૨॥
મુખી રામનામ અન્ય નસે કામ
પાહતા વિશ્રામ વાટે જીવા ॥૩॥
પર ઉપકારે ઝિજવિલી દેહ
બ્રહ્માંડી નિઃસ્નેહ વર્તતાતી ॥૪॥
આળપર નાહી નિઃસંગ સદા હી ।
રાગદ્વેષ કાહી નસે જેથે ॥૫॥
દયા તેમિ ધર્મ દાન તેમિ કર્મ ।
તિતિક્ષેમે વર્મ મૂર્તિમંત ॥૬॥
પતિત ઉદ્ધાર હાચિ કુલાચાર ।
'રઙ્ગ' મિથ્યાચાર લેશ નસે ॥૭॥ (પૃ. ૩૭)

એટલે જ 'અક્ષરગીતા'માં અવધૂતજી વિધાન કરે છે કે સંતોનું સાન્નિધ્ય તે ભવરોગ મટાડવા માટેનું ચોક્કસ ઓષડ છે, અક્સીર ઇલાજ છે :

ओषधं भगवन्नाम वैद्यः कारुणिको गुरुः ।
संसाररोगनाशाय, पथ्यं साधुसमागमः ॥१३॥

આત્મનિવેદન :



જગત્સુહૃદ્

Literature reflects author's thought and deeds' એ ન્યાયે સાહિત્યમાં લેખકનું જીવન તથા વિચારધન પ્રતિબિંબિત થાય છે. પરલક્ષી, પરમાત્મપ્રેરિત લખાણમાં અવધૂતજીના અંતરનો રણકો, તેમની નિઃસ્પૃહ વૃત્તિ તથા સન્નિષ્ઠ ગુરુભક્તિનો આછોપાતળો પરિચય અવશ્ય પ્રાપ્ત થાય છે.

ચિત્કલારૂપ માતા રુક્માંબા તથા યોગિવર્ય વિઠ્ઠલપંતના ઘરમાં જન્મેલા પાંડુરંગની આધ્યાત્મિક યાત્રા અનેક વર્ષોથી બલ્કે જન્મોથી આગળ ધપતી હતી, જેના પરિપાકરૂપે શ્રીદત્તભગવાનનો નારેશ્વરમાં સાક્ષાત્કાર થતાં તેઓ માનવ મટી મહામાનવ થયા. આવા જ સંતયોગીઓને ધ્યાનમાં રાખીને ભગવાન શ્રીકૃષ્ણે તેઓના સાધના સાતત્યની વાત કરી છે :-

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥६–४२॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ॥६–४३॥

પોતાને સતત પરમેશ્વરનું મનન અને ચિંતન, ધ્યાન તથા નિદિધ્યાસન જ કરવા મળે તે હેતુથી નારેશ્વરના જંગલમાં ભરજુવાનીમાં એકલા રહીને પાંડુરંગે જ્યારે તપશ્ચર્યા આદરી ત્યારે જાતજાતનાં પંખી, વીંછી, સાપ જેવાં હિંસક પ્રાણી, જૂના જોગી જેવાં પડછંદ તરુવર તથા સૂર્ય, ચંદ્ર, પવન અને ઈન્દ્ર જેવા દેવો તેમની સોબત કરતા હતા :

न पडो विसर अवधूत धूसर
अबाह्यअंतर तूमि देवा ॥४॥
जग हे निःस्सार तूमि एक सार
वृत्ति त्वदाकार होवो माझी ॥५॥ *(पृ. १९)*

अने

दिवारातो सूर्यचन्द्र पहारेगीर ।
करी केरझाड सुसमरि ॥७॥
ईन्द्र मागे आज्ञा वंदुनी चरण ।
कुबेर भंडारी सिद्ध जाण ॥८॥
व्याल व्याघ्र येती वस्तीसी राहती
सुस्वरे ते गाती पक्षीजाती ॥९)
मयूर नाचती केका ऐक विती

गंधवर्वाप्सरस लाजविती ॥१०॥ (पृ. ७)

આજ અવધૂતી મસ્તીનું વર્ણન આત્મસાધક પાંડુરંગના પત્રમાં વાંચવા મળે છે :- (દિ. ૨૩-૭-'૨૬)



''ઈન્દ્ર આવી નવાડી જાય છે, વરુણ પાણી ભરે છે. વાયુ કોઈ ન જાણે તેમ રાત્રે આવી પૂંજો કાઢી જાય છે. હનુમાનજી પોતાના યૂથ સાથે પહેરો ભરે છે. ગંધર્વો નિયમિત ગાન કરે છે. અપ્સરાઓનું નૃત્ય ચાલુ જ હોય છે. નિસર્ગદેવી જાતે વસ્ત્રાલંકારથી સજ્જ થઈ સેવામાં હાથ જોડી ચોવીસે કલાક ખડી છે.''

જગત્સુહૃદ્

જેનો મહિમા શ્રુતિ અને સ્મૃતિએ વારંવાર ગાયો છે અને જેના શરણે જવાથી માણસને પરમ શાંતિ અને સર્વોચ્ચ આનંદની અનુભૂતિ થાય છે એવા સદ્‌ગુરુની અભ્યર્થના અવધૂતજીએ પોતાના દરેક ગ્રંથમાં ભક્તિભાવથી કરેલી છે.

'રંગતરંગ'માં પણ યતિવર્ય વાસુદેવાનંદજીને તેઓ પ્રાર્થે છે :

तूमि मायबाप सखा, बंधूभगिनी आणि भ्राता
ईष्ट मित्र तूचि त्राता, भक्तांचा पालक ॥३॥
वेडे वाकुडे शेंबडे, बाळं ओंगळं धाकुटे
नाही औकिले देखिले, मायबापे अद्वे रिले ॥४॥

अने

नीचा हूनी नीच परी तव दास
करी ना उदास गुरुराया ॥४॥
येई रे येई तू अनाथांच्या नाथा
सद्‌गुरु समर्था धाव आतां ॥७॥ पृ.७०

परमात्माचरणे हवे मात्र एक ज प्रार्थना छे के

शरण आलो तुझ्यापायां, भटकोनी जगीं वाया ॥१॥
आता धाडी न परता पाहू नको रे पात्रता ॥२॥
मायबाप आलो द्वारी, कृपाभक्ति रज्ज घाली ॥१०॥ (पृ. ७१)

આમ પ્રાર્થના, ભજન, ગીત જેવા પદ્યવૈવિધ્યથી ભરપૂર 'રંગતરંગ'માં, પરમેશ્વર પ્રત્યેની આંતરિક શ્રદ્ધા સાથે પાંડુરંગની ચૈતન્યશીલ ક્રિયાત્મક દાર્શનિક વિચારસરણીનું પણ મનોરમ દર્શન થાય છે. લોકસમાજને ભાવાત્મક ભક્તિમાર્ગે વાળવા માટે કરેલું પ્રબોધન તો છે જ; સાથેજ પોતાનું આત્મવૃત્ત પણ પ્રસ્તુત પદ્યાવલિમાં તેમણે છતું કર્યું છે. ગીતગાગરમાં તત્ત્વસાગર છલકાવી દેતો 'રંગતરંગ' પરમ સંતર્પક અભંગસંગ્રહ છે.

'श्रीवासुदेवसप्तशती'

અવલોકન :



જગત્સુહૃદ્

રંગ અવધૂતજીએ મરાઠી ભાષામાં પદ્યસ્વરૂપમાં લખેલું ગુરુમહારાજ પ. પ. વાસુદેવાનંદસરસ્વતીશ્રીનું ચરિત્ર તે જ 'શ્રીવાસુદેવ સપ્તશતી'.

આ નાનકડા ગ્રંથની નોંધપાત્ર વિશિષ્ટતાઓ છે :

૧. પ.પ. સ્વામિમહારાજલિખિત સપ્તશતીગુરુચરિત્રસારની માફક આ ગ્રંથમાં પહેલા અધ્યાયથી શરૂ કરાતા, દરેક ઓંવીના ત્રીજા અક્ષરથી પ્રારંભ થતો ભગવદ્ગીતાનો ૧૫મો અધ્યાય (પ્રસ્તુત સપ્તશતીના) ૫૧મા અધ્યાય પછી લખાયેલી આરતીમાં સંપૂર્ણ થાય છે.

૨. સામાન્યતઃ રંગ અવધૂતજીના બીજા ગ્રંથમાં જોવા નહિ મળતી ફલશ્રુતિ (પ્રસ્તુત ગ્રંથ વાંચવાથી મળતી લાભપ્રાપ્તિ) સપ્તશતીના ઉપોદ્ઘાતમાં સ્પષ્ટ રીતે વર્ણવેલી છે :

આઢ્યતેલા કરુન દૂર, નિત્ય પઠની હોતાં સાદર,
દુઃખ દારિદ્ય ન રાહોલ, વરદાન શ્રીચે એમ
નાસે વા જાડ્ય તત્ક્ષણ, પાવે સંપત્તિ ઐશ્વર્યધન
મુમુક્ષુતે આત્મજ્ઞાન હોય અલ્પ દિનાંતી ॥૭॥
શ્રદ્ધા સુ દૃઢ અસાવી નીતિ સ્વપ્નીહિ ન સોડાવી
બેઠક શ્રીપદી મારાવી, પાદવી પ્રણતિ ગ્રંથામી
વાસુ દે વ યતીશ્વર જો, પ્રત્યક્ષ દત્તાવતાર
ગાંડાવર્ણિત તલ્લીલાઅપાર, તત્સાર અલ્પ યથા,
તપ વા ઽમય પારાયણે પડે પદરી અપ્રયન્તે
પ્રપંચી પરમાર્થ જેણે સાધૂન અંતી નિર્વાણા,
દ્વર ય દચ્છેં હે સાચે, મિળાંલે ઉઘડે મુક્તિચે
કારણ નાહી ભિત્યાચે, રિધાવે ચતુરી અંતઃપુરી ॥૧૧॥

૩. ભગવદ્ગીતાના શ્લોકોની માફક પ્રસ્તુત ગુરુચરિત્રમાં ૭૦૭ ઓવી છે.

૪. છેલ્લે આરતી પછી આપેલા નિર્દેશ પ્રમાણે ગ્રંથનો લેખનદિનાંક છે આષાઢ શુ. ૧ શક-૧૮૬૮ (ઈ.સ. ૧૯૪૬)

૫. સ્વામિમહારાજની જેમ સંસ્કૃતપ્રેમી અવધૂતજીએ પણ અનેક અધ્યાયોમાં સંસ્કૃત શ્લોકો (સ્વરચિત)ને સમાવિષ્ટ કર્યા છે; દા.ત. :

સકલાઃ સ્વનુતિષ્ઠેરન્ ઇતિ કૃત્વા સ્વયં તથા ।

दत्तावतारो लोकार्थं ह्यकामश्च चिरात्क्रियाः ।। ४-११।।

तथा

न गूढाः श्री गुरोरग्रे क्रिया : काश्चिद्भुवि क्वचित्

त्रीशमेनं न जानन्ति मोहजाल समावृताः-।।१३-१४।।



જગત્સુહૃદ્

પાદટીપમાં દરેક શ્લોકનું મરાઠીમાં રૂપાંતર ઓંવીમાં આપેલું છે :

શ્રીગુરુના ગુપ્ત નાહી, કર્મ જે કોણ તેહી મૂઢ

પડૂન ભવડોહી ત્યધીશ હ્યા નેણે ।।૧૩-૧૪।।

૬. દરેક અધ્યાયને સમર્પક નામ અપાએલું છે,

आजरेकाष्ठो थानकंनाम षष्ठोऽध्यायः ।।

अनुष्ठानरहस्यं नाम नवमोऽध्यायः ।।

आबागर्वहरणं नाम चतुर्दशोऽध्यायः ।।

सोहिरोबावृत्तकथनं नाम सप्तदशोऽध्यायः ।।

शिंदेरोगहरणादिनाम चतुश्चत्वारिंशोऽध्यायः ।।

गरुडेश्वरागमनं नाम पंचाशत्तमोऽध्यायः ।। ઇ.

૭. સંસ્કૃતમાં લખાયેલાં ઉપનિષદો, યોગસૂત્ર, ભગવદ્ગીતા, આશ્વલાયનસૂત્ર, દત્તપુરાણ, કૃષ્ણાલહરી સાથે જ મરાઠીમાં લખાએલ સ્વામી રામદાસપ્રણીત દાસબોધનો પણ સંદર્ભ આ ગ્રંથમાં જોવા મળે છે.

૮. સ્વામિમહારાજના જીવનમાં તેમના સાન્નિધ્યમાં આવેલી અનેક વ્યક્તિઓનું સંક્ષિપ્ત આલેખન અહીં ઉપલબ્ધ થાય છે, દા.ત. ગાંડા મહારાજ ઊર્ફે યોગાનંદ સરસ્વતી, નારાયણ યતિ, દુર્ગા માસી, ઢોરેશાસ્ત્રી, શિવરામશાસ્ત્રી, બંધુ સીતારામ, નારાયણ ઉકિડવે, કેશવરાવ ઇ.

૯. પોતાના વાસ્તવ્યથી જે જે સ્થાનોને સ્વામિમહારાજે પુનિત કર્યાં એવાં લગભગ ૮૦ જેટલાં નગરોનો ઉલ્લેખ સપ્તશતીમાં જોવા મળે છે, ઉદા. માણગાંવ, નરસોબાની વાડી, ગાણગાપુર ઔદુંબર, કુરુગડ્ડી, પીઠાપુર સાંગલી, વડોદરા, સાવંતવાડી, ગોકર્ણ, કોલ્હાપુર પંઢરપુર, માહુરગઢ, સારંગપુર, પરળી વૈજનાથ, ઉજ્જયિની, કુરુક્ષેત્ર, ચિખલદા, નિમાવર, બ્રહ્માવર્ત, ધાવડી કુંડ, મથુરા, ગિરનાર, તિલકવાડા, શિનોર, દ્વારિકા, ડાકોર, સિદ્ધપુર ઇત્યાદિ.



જગત્સુહૃદ્

૧૦. રંગઅવધૂતજીએ સંસ્કૃતમાં લખેલા 'વાસુદેવનામસુધાસ્તોત્ર'ની જેમ 'સપ્તશતી'માં પણ પોતાના સદ્‌ગુરુનું અસામાન્ય વ્યક્તિત્વ, પરિશુદ્ધ ચારિત્ર્ય, અનન્યસાધારણ પાંડિત્ય શ્રી દત્તઉપાસના સાથે જ લોકકલ્યાણાત્મક સત્કર્મ ઈત્યાદિનું સુપેરે ચિત્રણ કર્યું છે, પણ બન્ને સ્તવનોમાં પ. પ. સ્વામિમહારાજના વિવિધ ગ્રંથોનો કે તેમના અક્ષરસૌંદર્યનો કયાંય ઉલ્લેખ કર્યો નથી. (આવું કેમ એ ચિંત્ય છે.)

૧૧. મોટા ભાગના અધ્યાયોમાં ઓંવીની સંખ્યા અત્યલ્પ છે, દા.ત. ૪૫ અધ્યાયમાં ૫,૭ અને ૪૨મા અધ્યાયમાં ૬, ૩૮,૪૩ તથા ૫૦ મા અધ્યાયમાં ૭ અને ૩૧મા અધ્યાયમાં ૧૦ ઓવીઓનો સમાવેશ થાય છે. સમગ્ર ગ્રંથમાં ગીતાનો પંદરમો અધ્યાય ગૂંથવાનો હોવાથી અને સાતસો ઓવીઓમાં જ પ. પ. સ્વામિમહારાજનું દિવ્ય ચરિત્ર આલેખવાનું હોવાથી કદાચ આવી અસમાનતા અપરિહાર્ય થઈ હશે.

૧૨. लोकसंग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि ॥

શ્રી કૃષ્ણચંદ્રના આદેશ પ્રમાણે આચરણ કરતા પ્રાતઃ સ્મરણીય સ્વામિમહારાજની અગાધ અનુકંપા, અનન્યસાધારણ સહનશક્તિ તથા લોકકલ્યાણ કરવા માટેની અવિચલ મનોવૃત્તિનું સંતર્પક દર્શન કરાવતા પ્રસંગોની ફક્ત ઝલક આ નાનકડા ગુરુસ્તવનમાં જોવા મળે છે.

સારસંક્ષેપ

પ. પ. સ્વામિમહારાજનું આચરણ કેવું અણિશુદ્ધ હતું તેનું આલેખન કરતાં અવધૂતજી કહે છે :-

આચાર પ્રથમ ધર્મ, પાળિતા લાધે સર્વ શર્મ
તપઃસિદ્ધિચે હે વર્મ, ગુહ્યતમ જાણપાં ॥૨-૬॥
જો સ્વયં દત્તાવતાર, અલ્પાભ્યાસે સાંગે રસાળ,
પુરાણ જ્યોતિષ ઉપચાર, પરાર્થ રુગ્ણાદિકા ॥૨-૮॥

પોતાનાં ધર્મપત્ની જ્યારે પુત્રના મૃત્યુથી શોકાકુલ થયાં ત્યારે સ્વામિમહારાજે એમનું સાંત્વન કરતાં આત્મવિદ્યાનો બોધ આપ્યો - 'આ બધું જ્ઞાન સમજાય છે પણ મનમાં ટકતું નથી' એવું જ્યારે સતી અન્નપૂર્ણાએ પતિરાજને કહ્યું ત્યારે સ્વયં દત્તસ્વરૂપ સ્વામિમહારાજે પોતાની પત્નીના માથાપર અભયાનંદ પ્રદાન કરતો પોતાનો હાથ મૂક્યો અને તેમનાં ધર્મપત્ની કૃતાર્થ થયાં :-

બહુધા ઉપદેશિતી ઐસેં, મ્હણતી વિચારી સોડીપિસેં
અહંબ્રહ્મ સર્વી વિલસે, કૈસે તુજસી ઉમજેના ॥૨૦-૩॥

ऐकुनि ऐसे पतिवचन, अन्नपूर्णा म्हणती जाण,
सर्व खरे, परंतु ज्ञान टिके ना हें मच्चित्तीं ॥४॥
द्या देवा आशीर्वचन, कृपाप्रसादे आपुले मन
होवो शांत ऐसे म्हणून लोटांगण घालिती ॥
पत्न्याशय जाणूनि तदा, शिरी हस्त ठेविती श्री मुदा,
सुधादृष्ट्या पाहतां अद्धा, कृतकृत्यता बाणली ॥ २०-६॥



જગત્સુહૃદ્

ઉપનિષદો જેવા શ્રુતિગ્રંથોની જેમ ભક્ત કવિ રામદાસ વિરચિત 'દાસબોધ' પણ સમાન રીતે માર્ગદર્શક અને ઉદ્‌બોધક છે એવી શ્રદ્ધા ધરાવતા સ્વામિમહારાજ અવારનવાર પ્રસ્તુત પ્રાકૃત ગ્રંથનું પારાયણ કરતા :

तेथून जालवणी येती उपनिषदादि ऐक वितीं
दासनवमीस वाचिती प्रीति दासबोध लोकाग्रहे ॥
श्री वाचतांच ग्रंथ प्राकृत, शास्त्री तत्रस्थ खवळंत
धवितां त्यां श्रुतिसमानार्थ, गलित गर्व झांले ते ॥२४-७॥

સમગ્રશતીમાં અર્થપૂર્ણ અને મનનીય સુભાષિતો પણ ઉપલબ્ધ થાય છે, દા.ત. :

क्रोध न करावा साधूनें तपोभंग होतो तेणें
कर्मफल ज्याचें त्यानें, भोगिल्या विण सुटे ना ॥६-८॥

મેધાવી અને જિતેન્દ્રિય એવા સાક્ષાત્ હનુમાનજી જેમના વ્યક્તિત્વમાં આવિર્ભૂત થયા હતા એવા આંજરેકર બુવા પાડગાવમાં જ્યારે દત્તમૂર્તિની પ્રતિષ્ઠા કરવાની હતી ત્યારે ત્યાંના જાગીરદારે તે બંધ કરાવવાના હેતુથી વાજિંત્રો ઇ. ની મનાઈ કરી ત્યારે બહુ જ ગુસ્સે થયા અને જયાં શાપના અપશબ્દો તેઓ ઉચ્ચારવાના હતા ત્યાંજ પ. પ. સ્વામિમહારાજે ઉપર્યુક્ત (ઓવીનો) સદ્‌બોધ આપ્યો.

સંતપુરુષે ક્યારેય ક્રોધ ન કરવો જોઈએ, નહિ તો તેની તપસ્યા નિષ્ફળ થાય છે. જેવું કામ માણસ કરે છે તેવું ફળ તેને અવશ્ય ભોગવવું પડે છે.

ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતામાં કામ અને લોભ સાથે ક્રોધને પણ અધઃપતનનું કારણ બતાવ્યું છે. કામક્રોધને વશ થવાથી માણસ અભ્યુદય સાધી શકતો નથી.

ભગવાનના વચન પ્રમાણે જે મહાપુરુષ આવા દોષોથી મુક્ત હોય છે, તેમની આસપાસ ઈશ્વરનો વાસ, નિવાસ હોય છે :



जगत्सुहृद्

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम्।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ।। ५.२६।।
हो कां वस्पाद दैवापुढे, चाले ना कोणाचे घोडे,
गुरु चरणश्चरिता कोडे, वाकडे करी कोणा ॥१०.१७॥

माणगांवमां कुलकर्णी नामनो माणस रहेतो हतो. अत्यंत अभिमानी अने उद्दाम. तेणे प. प. स्वामिजीने पोतानी ग्रहदशा विषे पूछयुं त्यारे महाराजश्रीए कह्युं, 'तने शनि ग्रहनुं नडतर छे.' आ सांभळी पेलो माणस मोटे मोटेथी हसवा लाग्यो अने तेमनी हांसी उडाडवा लाग्यो. स्वामिमहाराजे तेने चेतवणी आपी के थोडा ज वखतमां तेने पस्तो जोवा मळशे अने रडवा लागशे. ते प्रमाणे अल्प काळमां रामनवमीना दिवसे कुलकर्णी पर खूननो आरोप मूकीने तेने हाथकडी पहेरावी राजदूतो पकडीने लई गया. त्यारे ज तेने स्वामिमहाराजनां अमोघ वचननी खातरी थई. पोते रडवा लाग्यो. पोताना ज्ञातिजनो मारफत स्वामीजीने करगरीने क्षमायाचना करी, पोतानुं रक्षण करवा माटे प्रार्थना करी.[1] करुणासागर स्वामीजीए ग्रहशांति करावववानो आदेश कर्यो. ते प्रमाणे करवाथी पेलो माणस जेलमांथी मुक्त थयो अने पछी श्रद्धापूर्वक रहेवा लाग्यो.

एटले उपर्युक्त पंक्तिओमां गुरुमहाराज उद्बोधन करे छे के माणसना बलवत्तर दैवनी सामे कोई प्रतिरोध करी शकातो नथी. एक सद्गुरुनी कृपाथी ज ते प्रतिकूळतानो सामनो करी शकाय छे.

पोतानी अनुकंपाभरी कृपाथी प.प. स्वामिमहाराजे अनेक भक्तोनुं प्रतिकूळ नसीब फेरवीने तेमने ईष्ट प्राप्ति करावी हती.

मनास लागला रोग दंभ न काढितां तो वृथाक्षोभ करुनि
दंडिता ईन्द्रिया, लाभ होण्याचा संभवनसे ॥३०-२२॥

प्रस्तुत ओंवीमां प. प स्वामिमहाराज माणसनी दांभिक वृत्तिथी थता नुकसाननी वात करे छे.

जे गुण पोतानामां नथी तेनो देखाव करवो ते दंभ. आपणा समाजमां दांभिक वृत्तिवाळा घणा लोको खास करीने कहेवाता साधुसंतो, शाळा कोलेजमां अध्यापननुं कार्य करता शिक्षको तथा राजकीय नेताओ, रोजेरोज जोवा मळे छे. भगवान श्रीकृष्णे आसुरी दुर्गुणोना समूहमां दंभने पहेलुं स्थान आप्युं छे :

दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ।। १६–४।।

માણસને અધઃપતન તરફ દોરી જતા દુર્ગુણોનું મૂળ કારણ દંભ હોવાથી પ.પ. સ્વામિમહારાજે તેનાથી દૂર રહેવાની ચેતવણી આપી છે. દંભનો નાશ કર્યા વગર ઈન્દ્રિયોનું દમન કરવાથી કોઈ ફાયદો થતો નથી અને માણસની અવનતિ ચોક્કસ થાય છે.



જગત્સુહૃદ્

પાલઘરમાં રહેતા વિષ્ણુબુવાનાં પત્ની મરણ પામ્યાં અને પછી તેઓ પરિભ્રમણ કરતાં કરતાં બ્રહ્માવર્ત તીર્થસ્થાને આવી પહોચ્યા, જ્યાં એક સોહામણી સ્ત્રીનું દર્શન થતાં જ તેઓ ચલિત થયા, કામાંધ થયા. થોડા વખત પછી તેમને પોતાના સ્ખલનનું ભાન થયું અને પોતા ઉપર જ ગુસ્સો આવ્યો. પોતાની આંખોને સજા કરવાના હેતુથી તેમણે રૂઈ (આકડો) નામની વનસ્પતિનો રસ નાખ્યો અને તેમની દૃષ્ટિ જતી રહી, અંધ થયા. પછી પસ્તાવો થયો. પ્રાતઃસ્મરણીય સ્વામિમહારાજને આ વાતની ખબર પડી એટલે એમણે વિષ્ણુબુવાને બોલાવીને તેમની આંખોમાં દિવ્ય ઔષધિનું અંજન કર્યું, તેથી તેમનું અંધત્વ દૂર થયું અને તે અંતરથી પણ શુદ્ધ થયો.

તેમને ઉપદેશ આપતાં ઉપર્યુક્ત સદ્‌બોધનું અવતરણ થયું છે.

કહેવાનું તાત્પર્ય એવું છે કે જો દંભ નામનો મનોરોગ નષ્ટ થાય તો જ બાકીના દુર્ગુણોનો પણ ધીમે ધીમે વિલય થાય છે.

સમસ્ત માનવજાતને અનંત કાળ સુધી ઉપયોગી થતાં આવાં ઉદ્‌બોધનો શ્રીવાસુદેવસમશતીમાં પદેપદે જોવા મળે છે, તે તેનું વૈશિષ્ટય છે.

સંસ્કૃત સુભાષિતો :

મરાઠી ભાષામાં લખાયેલી આ પુસ્તિકામાં સંસ્કૃત ભાષાનાં પણ ઘણાં સુંદર સુભાષિતો જોવા મળે છે.

થોડાંક જોઈએ

निवृत्तिः स्वान्तरे यस्य मग्नः प्रवृत्तिवारिधौ।
न लिप्यते यथा कज्ञानितीव बोधितुं हि सः ।।११–५।।

મહારાજશ્રીના કનિષ્ઠ બંધુ સીતારામજીને એક વખત કોઈ માણસે એક ગાય દાનમાં આપી (ગોપ્રદાન), જેનો એમણે સ્વીકાર કરતાં તેઓ સખત તાવમાં સપડાયા, ત્યારે પોતાના મોટા ભાઈની સલાહથી તેમણે ગાયની બમણી કિંમત આપી બ્રાહ્મણને તે પાછી આપી દીધી

એટલે એમની પ્રકૃતિ પૂર્વવત્ સ્વસ્થ થઈ.

કાલક્રમથી મહારાજશ્રી એકવીસ વર્ષના થતાં વડીલોના આગ્રહથી સાવંતવાડીમાં રહેતા ગોંડેપરિવારના અન્નપૂર્ણા સાથે લગ્ન કર્યા.



જગત્સુહૃદ્

ગૃહસ્થધર્મ પાળતા હોવા છતાં પાર્વતી પરમેશ્વરની જેમ તેઓ બન્ને વાસનાવિકારરહિત જીવન જીવતાં હતાં.

એટલે ઉપર્યુક્ત શ્લોકમાં રંગ અવધૂતજી કહે છે કે જેના અંતરમાં અનાસકિત છે તે માનવ અનેક પ્રવૃતિઓમાં મગ્ન હોવા છતાં જલકમલવત્ નિર્વિકાર હોય છે.

ભગવદ્ગીતામાં કહ્યું છે તેમ - પદ્મપત્રમિવામ્ભસઃ - પાણીમાં રહેવા છતાં કમળપત્ર ભીંજાતું નથી તેમ સંસારમાં રહેવા છતાં આવા યોગીપુરુષ લેપાતા નથી. કારણ -

यस्य नाहंकृतो भावो बुधिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान् न हन्ति न निबध्यते ।। गीता –१८–१७।।

લોકોની દૃષ્ટિએ પોતે પરણ્યા હોવા છતાં પ.પ. સ્વામિજી સંસારમાં અલિપ્ત રહેતા હતા. દીકરો, ભાઈ, પતિ અને ગૃહસ્થ તરીકેની ફરજ બજાવતા પણ તેઓ વિરકત હતા. બાહ્ય રીતે ઘરસંસારમાં વિવિધ પ્રવૃત્તિઓ કરતા હોવા છતાં તેઓ સંપૂર્ણ અનાસકત હતા. અંદરથી પરમાત્મા સાથે અતૂટ રીતે જોડાયેલા હતા. અંતરનો ભક્તિભાવનો તાર ક્યારેય ખંડિત થયો નહોતો.

ભગવાન શ્રીકૃષ્ણની જેમ લોકકલ્યાણ માટે તેઓ સતત કાર્યરત રહેતા હતા.

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त अेव च कर्मणि ।।३–२२।।
न गूढाः श्रीगुरोरग्रे क्रियाः काश्चिद् भुवि क्वचित् ।
त्रीशमेनं न जानन्ति मोहजालसमावृताः ।।१३–४४।।

ભક્તોએ કરેલાં કર્મો શ્રી સદ્ગુરુથી ગુપ્ત રહેતાં નથી, પણ દુન્યવી માયામોહથી ભ્રમિત થએલા લોકો ગુરુતત્વને યથાર્થ રીતે સમજતા નથી.

સાંગલી ગામમાં દિવાકર જડે નામનો શ્રીમંત ગૃહસ્થ રહેતો હતો. તેના ઘરઆંગણમાં સરસ મજાનું ફણસવૃક્ષ હતું. દિવાકરે એક દિવસ તે વૃક્ષને સમૂળ તોડી નાખ્યું અને તેની પડતી શરૂ થઈ. બગીચાનાં બાકીનાં વૃક્ષો પણ નિષ્ફળ થયાં, નકામાં થયાં. ઘરમાં કલેશ કંકાસ

વધી ગયો, તે ટાળવા માટે વડોદરામાં રહેતા પોતાના મિત્ર પાસે આવવા નીકળ્યો ત્યાં મિત્રનું મરણ થયું અને તેના આઘાતથી દિવાકર પણ મરણ પામ્યો.



જગત્સુહૃદ્

સ્વામીશ્રીને આ વાતની ખબર હતી, એટલે એમણે દીવાકરના ભાઈ ભાસ્કરને ફરીથી ફણસ રોપવાનો આદેશ આપ્યો અને દેવમૂર્તિની પ્રતિષ્ઠાપના કરવાનું કહ્યું. તે પ્રમાણે કરતાં જડે પરિવારની સમૃદ્ધિ પાછી આવી. અમુક દિવસો પછી તે વૃક્ષ તરફ દુર્લક્ષ કરવાથી ફરી ભાસ્કરના પર આપત્તિ આવી. તેનો દીકરો ભ્રમિષ્ત થયો. ફરીથી પ. પ. સ્વામીજીએ વૃક્ષારોપણનું ઉદ્યાપન તથા મૂર્તિપૂજનનો ઉપદેશ આપ્યો. તેથી ભાસ્કરનો દીકરો પૂર્વવત્ સજ્ઞાન થયો અને તેના કુટુંબમાં ફરીથી આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

આમ સર્વજ્ઞાની સદ્‌ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા ભાસ્કર જેવા ઘણા ભક્તો દુઃખી થયા.

स्तोतुं कः प्रभवेन्नूनं त्रीशं त्वा भक्तवत्सलम् ।
शास्त्रयोने दयासिन्धो त्राहि मां शरणागतम् ॥ १४–११॥

માણગાંવમાં રહેતા પ. પ. સ્વામીજીને મળવા માટે એક વખત નરસોબાવાડીના વિદ્વાન બ્રાહ્મણ આબાશાસ્ત્રી આવ્યા અને અષ્ટાંગ યોગનો શ્રુતિમાં ઉલ્લેખ ન હોવાથી મોક્ષપ્રાપ્તિ માટે તેનો કોઈ ઉપયોગ નથી, માત્ર આત્મજ્ઞાન જ તે માટે ઉપયોગી થાય છે તેવું પ્રતિપાદન કર્યું.

मौनं सर्वार्थसाधनम् ન્યાયથી પ.પ. સ્વામીજીએ કોઈ જવાબ કે પ્રત્યુત્તર આપ્યો નહીં. પોતાની વિદ્યા પર ગર્વ અને અભિમાન કરતા આબાશાસ્ત્રી જ્યારે પોતાના ઘરે પાછા આવતા હતા ત્યારે રસ્તામાં કોઈ એક બ્રહ્મચારી તેમને મળ્યો. તેણે, યોગાભ્યાસ વગર મનની સ્થિરતા ન થવાથી ધ્યાનની પ્રક્રિયા સુપેરે થતી નથી અને પરિણામે માણસને આત્મજ્ઞાન થતું નથી જ, એટલે અષ્ટાંગયોગની આવશ્યકતા છે એવું દૃઢ રીતે કહ્યું અને ક્ષણવારમાં તે ગુપ્ત થયો. એટલે આબાશાસ્ત્રીને સમજાયું કે પ.પ. સ્વામીજીના મન્તવ્યના દૃઢીકરણ માટે સાક્ષાત્ દત્તભગવાને યોગમાર્ગનું મહત્ત્વ આલેખિત કર્યું. આબાશાસ્ત્રીનો ગર્વ વિલય પામ્યો અને તેમણે પ.પ. સ્વામીજીની માફી માગી ઉપર પ્રમાણે એમની પ્રશંસા કરી.

ભક્તવત્સલ એવા આપ પ્રભુજીની સ્તુતિ કરવા કોણ શક્તિમાન

છે ? હે દયાસાગર, મને ક્ષમા કરો :



જગત્સુહૃદ્

ભક્તકામકલ્પદ્રુમ દત્તાવતારી સદ્‌ગુરુનું સમગ્ર શાસ્ત્રસમુચ્ચય પર પ્રભુત્વ હોય છે. તેમનો મહિમા અને સામર્થ્ય અગાધ હોવાથી કોઈ પણ વ્યક્તિ તેમને પામી શકતી નથી, તેમના પાંડિત્યનો તાગ મેળવી શકતી નથી.

ભગવાન શ્રીપાદશ્રીવલ્લભ હોય કે નરસિંહસરસ્વતી હોય, પ.પ. સ્વામિમહારાજ હોય કે શ્રી ગજાનન મહારાજ હોય, આ બધાંજ ભગવત્સ્વરૂપોનો યથાર્થ પરિચય આજ સુધી કોઈ માણસ પામી શકયો નથી.

જેમ સમુદ્રની ઊંડાઈ જાણવી શકય નથી કે પડછંદ પહાડની ઊંચાઈ માપવી શકય નથી તે જ રીતે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન સદ્‌ગુરુનું આંતર્બાહ્ય સ્વરૂપ સમજવું શકય નથી.

આમ મરાઠીભાષામાં, રંગઅવધૂતજી પ્રણીત 'શ્રી વાસુદેવ સમશતી' નામનું સ્તોત્ર તેમાં રહેલા પદલાલિત્ય, ભાવમાધુર્ય તથા અર્થસૌંદર્યને લીધે અત્યંત હૃદયસ્પર્શી લાગે છે.

સદ્‌ગુરુશ્રી પ.પ. સ્વામીજીના જીવનના પ્રમુખ પ્રસંગોના આલેખ સાથે જ, પ્રસ્તુત પોથીમાં આધ્યાત્મિક માર્ગદર્શન પણ અપાયું છે

અંતે, પ.પ. સ્વામીજી પ્રણીત કલ્યાણકારી સર્વતોભદ્ર તારકમંત્રથી પોથીની સમાપ્તિ થાય છે.

साकारता तारका सा
कापिसार रसापिका
रसाय मे मेयसार
तारमेय यमेरता ॥

સચ્ચિદાનંદસ્વરૂપ એવા બન્ને સદ્‌ગુરુનાં પાવન ચરણકમળને શતશઃ અભિવંદન !

'બાલબોધિની'*

અવલોકન :



જગત્સુહૃદ્

યોગેશ્વર ભર્તૃહરિએ લખેલા શ્લોકોના સંક્ષિપ્ત સંગ્રહ - 'સદ્‌બોધશતક' પરની રંગ અવધૂતજીએ ટીકા લખી છે; તે છે બાલબોધિની.

યોગર્ષિ ભર્તૃહરિ (ઈ.સ. પૂર્વે ૧૦૦ વર્ષ) એ - શૃંગાર, નીતિ અને વૈરાગ્યપરક શતકોની રચના કરી હતી. ખ્યાતનામ લેખક તથા ચિંતક કાકાસાહેબ કાલેલકરે નીતિ અને વૈરાગ્ય શતકમાંથી ૧૦૮ સરસ શ્લોકોની પસંદગી કરી. ઈ.સ. ૧૯૨૦-૧૯૨૨ માં અંગ્રેજ શાસકોએ તેમને જેલમાં મૂક્યા હતા ત્યારે તેઓએ આ શ્લોકોનું સંકલન કરી તેને 'સદ્‌બોધશતકમ્' એવું અન્વર્થક નામ આપ્યું.

તે જ સમયે તેમણે તેમના વિદ્યાર્થીમિત્ર પાંડુરંગ વિઠ્ઠલ વળામેને તેના પર સંસ્કૃતમાં જ વિશદ ટીકા લખવા અનુરોધ કર્યો. વિદ્યાગુરુની આજ્ઞા પ્રમાણે વળામેજીએ સરળ, રસપ્રદ ભાષાશૈલીમાં ટીકા લખી અને તેને યથાર્થ નામ આપ્યું 'બાલબોધિની'.

૧૯૨૩માં વળામેજીની ૨૫ વર્ષની વયે લખેલી આ ટીકામાં તેમની તલસ્પર્શી વિદ્વત્તા, સંસ્કૃત ભાષા- સાહિત્ય પરનું અગાધ પ્રભુત્વ તથા માનવી જીવનનું અસામાન્ય નિરીક્ષણ અભિવ્યક્ત થાય છે.

પ્રારંભિક મંગલાચરણમાં મંગલમૂર્તિ ગણપતિને વંદન કરી વળામેજી કહે છે કે ક્યાં તે વૈરાગ્યરત્નાકર ભર્તૃહરિ અને ક્યાં પોતે -એક સંસારી કીટક ! છતાં પોતાની પરિશુદ્ધિ કરવા માટે જ્ઞાનસાગરમાં મજ્જન કરે છે - શ્લોકોને સારી રીતે સમજાવવાનો પ્રયત્ન કરે છે :

वैराग्यवारिधिः क्वासौ क्वाहं विषयकीटकः।
तथापि मज्जनं कुर्यां स्वाङ्गकर्दमशुद्धये ।।३।।

રાજર્ષિ ભર્તૃહરિએ લખેલી ત્રિશતી-શૃંગાર, નીતિ અને વૈરાગ્યશતક-નું સમ્યક્ અવલોકન કરી જેમણે બાલોપયોગી સદ્‌બોધશતકનું સંપાદન કર્યું તેવા મહાત્મા ગાંધીજીના અનુયાયી કાકા કાલેલકરને વળામેજી સાદર વંદન કરે છે :

---

૧. ડૉ. ઉમા દેશપાંડેએ આ કૃતિનું અંગ્રેજી અને ગુજરાતી ભાષાંતર કર્યું છે અને ૧૯૯૯માં તે પ્રકાશિત થયું છે.

राजर्षिणां विरचिता त्रिशती प्रसिद्धा ।
तामेव मन्थनदशा बहुशो विलोक्य ।
बालोपयोगि शतकं विचितं सुबोधं
तस्मै नमोऽस्तु गुरवे सततं तमोध्नम् ।। ६॥



जगत्सुहृद्

पूर्वभूमिका :

भर्तृहरिनी त्रिशती पर अनेक टीकाओ लखायेली छे. तेमां ई.स. १२००मां कवि रामचंद्र बुधेन्द्रए लखेली टीका अत्यंत प्रशंसनीय अने ख्यातनाम छे.

संस्कृत साहित्यनां पांच महाकाव्यो पर सरस टीका लखनार आचार्य मल्लिनाथ जणावे छे के श्लोकोना अन्वय प्रमाणे तेओ समजूति आपे छे अने लखती वखते श्लोकमां न होय अने जे अभिप्रेत नथी तेवुं कंई पण उल्लेखता नथी.

इहान्वयमुखेनैव सर्वं व्याख्यायते मया ।
नामूलं लिख्यते किञ्चिन्नानपेक्षितमुच्यते ।।९॥
- रघुवंशपरनी संजीवनी टीका

टीकालेखननो आ ज आदर्श स्वीकारी वळामेजीए बालबोधिनी रचना करेली छे.

प्रत्येक श्लोकमांना दरेक शब्दनी समजूती आपी, भावार्थने समजावता वळामेजी अनेक ऐतिहासिक प्रसंगो आलेखे छे, सांस्कृतिक संदर्भो आपे छे अने विविध ग्रंथोमांथी सुयोग्य उद्धरणो टांके छे. तेमणे जे ग्रंथोमांथी पंक्तिओ उद्धृत करी छे तेमांथी थोडाकनां नाम आ प्रमाणे छे - प्रमुख उपनिषदो, भगवद्गीता, महाभारत, मनुस्मृति, याज्ञवल्क्य स्मृति, योगवासिष्ठ, हितोपदेश, पंचतंत्र, धम्मपद, योगसारावलि, प्रसंगरत्नावलि, कल्पतरु, अमर कोश, शंकराचार्यनां स्तोत्रो, कालिदास, बाणभट्ट, भवभूति तथा आचार्य दंडीनां मन्तव्यो महाराष्ट्रना संतश्रेष्ठ कवि ज्ञानेश्वरजीना दार्शनिक विचार ई.

'सद्बोधशतक'ना पहेला श्लोकमां भर्तृहरि विद्याधननी महत्ता वर्णवे छे :

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ।।

પ્રસ્તુત શ્લોકનો મધ્યવર્તી મર્મ સમજાવતાં વળામેજી અષ્ટાવક્ર અને સોક્રેટિસનાં દૃષ્ટાન્તો આપે છે, જેઓ કોઈ શારીરિક સૌંદર્ય ધરાવતા ન હતા પણ ઉત્કૃષ્ટ વિદ્યાના બળે તેઓ આજે પણ વંદનીય છે –



જગત્સુહૃદ્

विद्यावन्तः शरीरसौष्ठवहीनाः कुरूपा अपि सर्वत्र मान्या भवन्ति, यथाष्टावक्रसोक्रेटिसादयो न तथा केवलं बाह्यरूपमण्डिता इयर्थः। उक्तं च, विद्या–हीना न शोभन्ते निर्गन्धाः किंशुका इव । (पृ–३)

૧૯૪૧માં જ્યારે કાકાસાહેબનું 'सद्बोधशतकम्' નું સંપાદન પ્રકાશિત થયું, ત્યારે તેમાં મૂળ સંસ્કૃત શ્લોકો, ગુજરાતી અનુવાદ અને ટૂંકી નોંધો આપવામાં આવી હતી. પણ 'બાલબોધિની'નો તેમાં સમાવેશ નહોતો.

૧૯૬૦માં સ્વ. શ્રી. અમૃતલાલ નાથાભાઈ મોદીજીએ 'બાલબોધિની' ટીકા સાથે 'સદ્બોધશતક' નું નારેશ્વરસંસ્થાન તરફથી પ્રકાશન કર્યું. તેમાં કાકા કાલેલકરે હિન્દી ભાષામાં અભિનંદન લખીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી છે. સંસ્કૃતના પ્રોફેસર ડૉ. અરુણોદય જાનીએ સંસ્કૃતમાં स्वागतम् રજૂ કરી વળામેજીના તલસ્પર્શી જ્ઞાન, વિસ્તૃત વાચન તથા સર્વતોમુખ વૈદુષ્યની આદરપૂર્વક યોગ્ય પ્રશસ્તિ કરી છે.

પણ પોતાના મનમાંનો વસવસો પ્રગટ કરતાં કાકા કાલેલકર લખે છે –

''इन १०८ श्लोकों का तात्पर्य विद्यार्थियों के लिये प्रकट हो जाय ऐसी आधुनिक टीका इनके साथ हो तो यह काम पूरा गिना जाएगा ऐसा सोचकर मेरे तरुण विद्यार्थीमित्र श्री पांडुरंग वळामे (हालके श्री रंग अवधूत महाराज) को मैंने यह काम सोंप दिया । वे संस्कृतप्रेमी, विद्यार्थी वत्सल, अध्यापनकुशल थे ही । उन्होंने प्रसन्नता से, यह काम कर दिया और सद्बोधशतक बालबोधिनी टीका से भूषित हुवा ।

गूजरात विद्यापीठ की ओरसे (१९४१में) सद्बोधशतक प्रकाशित हुआ । ... किन्तु मन में वैषम्य रहा कि बालबोधिनी जैसी छातृभोग्य टीका का या व्याख्या का उपयोग मैं नहीं कर सका ।

अब वही चीज रंग अवधूत महाराज के कुछ शिष्योंने स्वतंत्र रूप से प्रकाशित करके मेरा वैषम्य दूर किया है ।

(लक्ष्मी चंचळ छे, प्राण तथा जीवन अने तारुण्य पण अस्थिर

છે. આ પ્રમાણે ચલાચલ એવા આ સંસારમાં માત્ર ધર્મ જ નિશ્ચલ-શાશ્વત છે.)



જગત્સુહૃદ્

અત્યંત પ્રાસાદિક શૈલીમાં પ્રસ્તુત શ્લોક સમજાવતાં વળામેજી લખે છેઃ-

चलेति । चल चञ्चला लक्ष्मीर्धनम् । प्राणा असवः । प्राणस्य स्थानवृत्तिभेदतत् प्राणापानादिपञ्चभिन्नत्वान्नित्य बहुवचनत्वम् । तेऽपि चला अस्थिराः। जीवितमायुर्यौवनं तारुण्यम् । तदपि चलं क्षणभङ्गुरम् । उक्तं च – लक्ष्मीस्तोयतरङ्गचपलाविद्युच्चलं जीवितम् इति । एवं चलाचलेऽत्यनतास्थिरे, प्रतिक्षणं विक्रियमाणे संसारे जगति, धर्म एको निश्चलः स्थिरः॥ अक्षयिष्णुरित्यर्थः। तस्यैव इहामुत्र च सुखप्रापकत्वात् । हि निश्चये । तस्माद् धनपरायणत्वं त्यक्त्वा धर्मसंचय एव कर्तव्य इति भावः। उक्तं च – धर्म एव सुहृन्नृणां धर्म एव सदा गतिः। तस्मात् सर्वप्रयत्नेन कर्तव्यो धर्मसंग्रहः। इति। वृत्तमनुष्टुप्।

હવે આપણે જોઈશું કે જીવન વધુ સુંદર બનાવવા માટે તથા સારા ચારિત્र्यઘડતર માટે મહર્ષિ ભર્તૃહરિએ કયા કયા માર્ગદર્શક ઉપાયોનો નિર્દેશ કર્યો છે અને વળામેજીએ પોતાની ટીકામાં તેનો કેવો સચોટ ખુલાસો કર્યો છે.

ભર્તૃહરિના મત પ્રમાણે જીવનમાં સાચા આનંદની પ્રાપ્તિ માટે માણસે નિમ્નલિખિત દુર્ગુણોનો સમૂળગો ત્યાગ કરવો જોઈએ.

૧) આશા, તૃષ્ણા, વાસનાને જીવનમાં મહત્ત્વ આપવું ન જોઈએ. આપણા ધર્મગ્રંથોમાં કહ્યું છે તે પ્રમાણે દાવાનળની જેમ વાસનાનો કદી ક્ષય થતો નથી અને જેમ જેમ તેની પૂર્તિ થાય તેમ તેમ તે વધુ લોભ લાલસાને ઉત્પન્ન કરે છે અને જો તેની પૂર્તિ ન થાય તો વિનાશક ક્રોધને જન્માવે છે, એટલે જ ભર્તૃહરિ ટકોર કરે છે :

तृष्णां छिन्द्धि, भज क्षमां, जहि मदं पापेरतिर्मा कृथाः
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं, सेवस्व विद्वज्जनान् ।

તૃષ્ણા અથવા કામના માણસના અધઃપતનનું કારણ બને છે અને સમાજમાં તે દાસ, યાચક તરીકે દીનતાથી આમતેમ ભટકતો રહે છે એવું સૂચન કરતાં વળામેજી ટીકામાં લખે છે :-

तृष्णां स्पृहाम् । आशामिति यावत् । छिन्द्धि विदारय । हे मनुष्य इति शेषः । तस्या एव सर्वानर्थमूलत्वादिति भावः । तदुक्तं महाभारते आशाया ये दासास्ते दासाः सर्वलोकस्य । आशा येषां दासी

तेषां दासायते विश्वम् ।। इति।।

એટલે જ રંગ અવધૂતજીએ 'અક્ષરગીતા'માં કહ્યું છે - આશાદાસો જગદ્દાસો નિરાશીરવનીપતિઃ । તેથી જ સદ્‌બોધશતકના શ્લોક ક્રમાંક ૬૨ પરની ટીકામાં સમુચિત સુભાષિત ટાંક્યું છે-



જગત્સુહદ્

अपि मेरूपम प्राज्ञमपि शूरमपि स्थिरम् ।
तृणीकरोति तृष्णैका निमेषेण नरोत्तमम् ।। (पृ-६०)

નગાધિરાજ મેરુ જેવડા મહાન વિદ્વાન, શૂરવીર તથા સ્થિતપ્રજ્ઞ માણસને (વિશ્વામિત્ર જેવા) પણ વાસના એક ક્ષણમાં ક્ષુદ્ર તણખલાની જેમ નિર્બળ બનાવે છે, નકામો કરી મૂકે છે.

માણસને દરિદ્ર બનાવતી આ તૃષ્ણા, આશાને કારણે તેને દુષ્ટ લોકોનાં ખરાબ વેણ સાંભળવાં પડે છે, વિવશ થઈને, આંસુ રોકીને ખોટું ખોટું હસવું પડે છે, આત્મસમ્માન બાજુ પર મૂકી, વિવેકશૂન્ય ઉન્મત્ત લોકોના પગે પડવું પડે છે અને તેને વશ થઈ પરાણે નાચવું પડે છે.

खलोल्लापाः सोढाः कथमपि तदाराधनपरैः
निगृह्यान्तर्बाष्पं हसितमपि शून्येन मनसां ।
कृतश्चित्तास्तम्भः प्रतिहतधियामञ्जलिरपि
त्वमाशे मोघाशे किमुपरमतो नर्तयसि माम् ।। ७।।

(દુષ્ટોની સેવા કરતાં કરતાં, તેઓનાં કડવાં વેણ મહામુસીબતે સહન કર્યાં, આંસુને અંતરમાં સંઘરીને, શૂન્ય મનથી હસતો રહ્યો, મનની લાગણી રોકીને, બુદ્ધિ વિનાના માણસોને હાથ પણ જોડયા, તો પછી, શૂન્ય અપેક્ષા વાળી હે આશા, તું મને હવે કેમ નચાવે છે ?)

પોતાની ટીકામાં વળામેજી, પણ આશા અથવા લાલસાને ઉદ્દેશીને કહે છે કે તારા લીધે મૂઢ લોકોના અપશબ્દો સહન કર્યા, અંતરનું દુઃખ વીસરીને લોકોને ખોટું ખોટું હાસ્ય બતાવ્યું અને મનને રોકીને, વિવેકહીન લોકોને સાદર વંદન કર્યાં, છતાં આ બધું કરવાથી પણ કાણી કોડીની પણ પ્રાપ્તિ ન થઈ, એટલે હે તૃષ્ણા, હવે તો તું મને છોડ ! સાથે જ પ્રસંગ રત્નાવલિમાંથી સમુચિત સુભાષિતનો ટીકાકાર સંદર્ભ આપે છે જમાં કવિ એમ કહે છે કે દુનિયાને સંમોહિત કરતી ઝેરીલી આશાનો જેમણે ત્યાગ કર્યો છે તે જ લોકો પુણ્યશાળી છે અને તે જ ભવસાગર તરી શકે છે -

ते धन्याः पुण्यभाजस्ते तैस्तीर्णः क्लेश सागरः ।
जगत्संमोहजननी यैराशाशी विषा जिता ॥

આ જ લાલસા પોતાનો લોભ સંતોષવા માણસને માગણ ગરીબડો બનાવે છે, એ વાતનો નિર્દેશ કરતાં ભર્તૃહરિ ચાતકની અન્યોક્તિ દ્વારા આપણને ચેતવે છે.



જગત્સુહૃદ્

રે રે ચાતક સાવધાનમનસા મિત્ર ક્ષણં શ્રૂયતામ્
અમ્ભોદા બહવો હિ સન્તિ ગગને સર્વેઽપિ નૈતાદૃશાઃ ।
કેચિદ્ વૃષ્ટિભિરાર્દ્રયન્તિ વસુધાં ગર્જન્તિ કેચિદ્ વૃથા
યં યં પશ્યસિ તસ્ય તસ્ય પુરતો મા બ્રૂહિ દીનં વચઃ ।।૩।।

(હે ચાતક મિત્ર ! ક્ષણવાર સાવધાન મનથી સાંભળ, આકાશમાં ઘણા મેઘ છે, પરંતુ સઘળા સરખા કે દયાળુ નથી. કેટલાક મેઘો, પૃથ્વીને વૃષ્ટિથી ભીંજવી દે છે અને કેટલાક નાહકના ગાજે છે. જેને જેને તું જુએ તેની તેની આગળ દીનતાના બોલ બોલીશ નહીં.)

ક્ષુદ્ર, નાનકડા ચાતક પક્ષીને મિત્ર તરીકે સંબોધતા કવિ ભર્તૃહરિ કારુણ્યસિંધુ છે એમ ટીકાકાર વળામેજીનું મન્તવ્ય છે, અને પછી પ્રસંગરત્નાવલીનો પેલો શ્લોક ઉદ્ધૃત કરે છે જેનો અર્થ છે કે તીક્ષ્ણ ધારવાળી તલવારથી જીભના બે ટૂકડા કરવા સારા, નહિ કે સ્વાભિમાન ત્યજીને 'આપઆપ' એવું બોલવું :

તીક્ષ્ણધારેણ ખડ્ગેન વરં જિહ્વા દ્વિધા કૃતા ।
ન તુ માનં પરિત્યજ્ય દેહિ દેહીતિ ભાષિતમ્ ।।

વળામેજી આગળ સલાહ આપતાં કહે છે કે દુર્દૈવથી માગવાનો પ્રસંગ આવે તો માણસે દાનશીલ સજ્જનો પાસે જવું જોઈએ, પણ બડાઈ હાંકતા દુર્જન આગળ કોઈ યાચના કરવી ન જોઈએ કારણ કે નીચેના સુભાષિતમાં કહ્યું છે તે પ્રમાણે જેમ સુકાએલી નદીનો માર્ગ ખોદવાથી પાણી ચોક્કસ મળે છે તેમ ગરીબ સજ્જન આપણને ક્યારેય નિરાશ કરતો નથી.

સાધુરે વાર્થિભિર્યાચ્યઃ ક્ષીણવિભોઽપિ સર્વદા ।
શુષ્કાપિ હિ નદી માર્ગે ખન્યતે સલિલાર્થિભિઃ ।।

સૂકાયેલ નદીના પટમાંથી ચોક્કસ પાણી પ્રાપ્ત થાય છે તેમ નિર્ધન હોવા છતાં પણ સારો માણસ યાચકને કદી નિરાશ કરતો નથી. મૂળે તો કોઈની પાસે યાચના કરવી એ જ ખોટું છે. જ્યારે માણસ હીન દીન થઈને કોઈની આગળ હાથ ફેલાવે છે ત્યારે તેનો અંતરાત્મા વ્યથિત થાય છે. શ્લોક ક્રમાંક ૯૬ પરની ટીકામાં ઉદ્ધૃત કરેલા શાર્ઙ્ગધરપદ્ધતિમાંના શ્લોકનો આ જ ભાવાર્થ છે.

देहीति वचनं श्रुत्वा हृदिस्था पञ्चदेवताः ।
मुखान्निर्गत्य गच्छन्ति श्रीह्रीधी–धृति–कीर्तयः।।

('મને કંઈ આપો એવું (વચન) સાંભળી યાચકના હૃદયમાં રહેલા પાંચ દેવતાઓ - શ્રી - લજ્જા, મેધા - ધીરજ, કીર્તિ તેના મોઢામાંથી નીકળી બહાર જાય છે, તેને ત્યજી દે છે)



જગત્સુહૃદ્

પોતાનાં પ્રવચનોમાં પણ રંગ અવધૂતજીએ ઠેર ઠેર આ યાચકવૃત્તિને વખોડી કાઢી છે, એટલું જ નહિ પણ પોતે ભૂખ્યા પ્યાસા નિર્ધન હોવા છતાં કોઈની પાસે એમણે કદી પણ કંઈ પણ માગણી કરી નથી. આજન્મ અયાચકવૃત્તિથી જીવેલા આ આચારવ્રત મહામાનવનો પ્રસ્તુત સદ્‌બોધ ખરેખર મનનીય છે ! : ''જગત કે જગદીશ કોઈની પાસે માગણની કશી જ કિંમત નથી. કદાચ બટકું મળે તોપણ તિરસ્કારથી, પરાયાની બુદ્ધિથી ...વિશ્વબાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઈ અશરણ અનાથની માફક ભિખારીવેડા શેં આચરો છો ? ઊઠો. જાગો અને, તમારા સ્વયંભૂ હકની જાણ સાથે એ અનાદિ હકની વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઈ બાળભાવે બાંગ પુકારો ને એની અખંડ યાદમાં નિર્ભય નચિંત થઈ મસ્ત વિચરો ને તમારી જન્મજાત બાદશાહતનો ઉપભોગ લો.''

(નારેશ્વર, વિ. સં. ૨૦૧૪, ૬૦ મી રંગજયંતી)

માનવજીવનમાં સદાચરણ અથવા સત્કર્મ પણ ઘણું અગત્યનું છે. શ્રી કૃષ્ણે ઉપદેશેલા કર્મયોગને સમર્થન આપતા ભર્તૃહરિના અનેક શ્લોકો સદ્‌બોધશતકમાં ઉપલબ્ધ થાય છે, દા. ત. ૨૧, ૩૩, ૪૧, ૬૪, ૬૫, ૭૦, ૯૦, ૯૩, ૯૪, ૧૦૪ ઈ.

દેવાધિદેવ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને સૂર્યને પણ જે નિયંત્રણમાં રાખી શકે છે એવી કર્મશક્તિને ભર્તૃહરિ વંદન કરે છે. तस्मै नमः कर्मणे–૯૪ અને કહે છે કે માણસ જેવું કર્મ કરે છે તેવું ફળ તેને મળે છે. કર્મની આટલી અગાધ શક્તિ સમજાવતાં વળામેજી સમુચિત્ સુભાષિતનો સંદર્ભ આપે છે જેમાં કવિ કહે છે કે હજારો ગાયોમાંથી વાછરડું પોતાની મા શોધી કાઢે છે તેમ પૂર્વજન્મમાં કરેલું કર્મ તેના કર્તાને કાયમ અનુસરે છે :-

यथा धेनुसहस्रेषु वत्सो विन्दति मातरम् ।
तथा पूर्वकृतं कर्म कर्तारमनुगच्छति ।।

જ્યારે ભર્તૃહરિ નીચેના શ્લોકમાં યથાયોગ્ય વિચાર કરીને કામ કરવાનો અનુરોધ કરે છે.



જગત્સુહૃદ્

कर्मायत्तं बलं पुंसां बुद्धिः कर्मानुसारिणी ।
तथापि सुधिया भाव्यं सुविचार्यैव कुर्वता ।।९२।।

ત્યારે ટીકાકાર વળામેજી ઋષિ વસિષ્ઠના વિધાનનું સ્મરણ કરાવે છે જેમાં તેઓ કહે છે કે સુખ કે દુઃખ કોઈ બીજો માણસ આપતો નથી કે માણસ પોતે તે માટે કશું કરી શકતો નથી, પણ સમગ્ર લોકસમાજ પોતાના કર્મથી બંધાયેલો છે :

सुखस्य दुःखस्य न कोऽपि दाता
परो ददाती इति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमानः
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ।।

જે શક્તિ દુષ્ટોને સજ્જન બનાવે છે, મૂર્ખને વિદ્વાન, શત્રુઓને મિત્ર તથા હળાહળ ઝેરને અમૃત બનાવે છે તેવી કલ્યાણકારી ભગવતી સત્ક્રિયાનું આરાધન કરવા ભર્તૃહરિ આપણને અનુરોધ કરે છે :

तामाराधय सत्क्रियां भगवती भोक्तुं फलं वाञ्छितम् ।

પ્રસ્તુત શ્લોકની ટીકામાં सर्वं पदं हस्तिपदे निमग्नम् । ન્યાયનો ઉલ્લેખ કરી વળામેજી સચોટ રીતે કહે છે કે સઘળા ગુણોનો સમાવેશ એક સત્કર્મમાં થાય છે :

सत्क्रियायां सर्वेषां गुणानामन्त र्भावारका सत्क्रियामेव भजस्वेत्यर्थः।

જેવી રીતે સત્કર્મ માણસને અભ્યુદય તથા આત્મકલ્યાણ તરફ દોરીને લઈ જાય છે તેમ સત્સંગ પણ તેને પરમાનંદ આપે છે.

ભર્તૃહરિએ અનેક શ્લોકોમાં સજ્જનોના સહવાસનો મહિમા ગાયો છે. શ્લોક ૧૬, ૧૭, ૨૨, ૨૫, ૨૬, ૩૦, ૩૭, ૩૮, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૬૩

શ્લોક ૧૭માં ભર્તૃહરિ દૂધ અને પાણીનું દૃષ્ટાંત આપીને દર્શાવે છે કે સજ્જન મિત્રો એકબીજાને હંમેશાં સંભાળી લે છે; તેથી જ પોતાના અનેક મિત્રોને જેમણે સુખદુઃખમાં સાથ આપ્યો, રક્ષણ કર્યું એવા પોતાના અનેક મિત્રોને વળામેજી સાચે જ ઉદ્‌બોધન કરે છે :

तस्मान्मनुष्यैः कृत्रिमसौहार्दं त्यक्त्वा, ईदृशी मैत्री एव विधातव्या ।

અને પછી 'સભાતરંગ'માંથી સુયોગ્ય શ્લોક પણ ઉદ્‌ધૃત કરે છે જેમાં મિત્રને પ્રેમરસાયણ પ્રેમપીયૂષ કહ્યું છે :

मित्रंप्रीतिरसायनं नयनयोरानन्दनं चेतसः ।
पात्रं यत्सुखदुःखयोः सह भवेन्मित्रेण तद्दुर्लभम् ।

જ્યારે કવિ ભર્તૃહરિ શ્લોક ૬૩ માં સવાલ કરે છે :

यदि सुहृद् दिव्यौषधैः कि फलम् । (જો મિત્ર હોય તો દિવ્ય ઔષધથી શું ફળ મળે ?) ત્યારે વળામેજીને તરત હિતોપદેશનો પેલો શ્લોક યાદ આવે છે જેમાં કવિ પૂછે છે કે માણસનો શોક દૂર કરનાર, તેને ભયમુક્ત કરનાર અને પ્રેમપૂર્વક તેને સહારો આપનાર મિત્ર નામનું રત્ન કોણે નિર્માણ કર્યું છે ?



જગત્સુહૃદ્

शोकारातिं भयत्राणं प्रीतिविश्रम्भभाजनम् ।
केन रत्नमिदं सृष्टं मित्रमित्यक्षरद्वयम् ॥

મિત્રની સોબત, સત્સંગતિ માણસને વિવિધ રીતે ઉપયોગી થાય છે.

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥

સત્સંગ બુદ્ધિની જડતા હરી લે છે, વાણીમાં સત્ય અર્પે છે, સ્વમાનની ઉન્નતિ બતાવે છે, પાપને દૂર કરે છે, મનને પ્રસન્ન કરે છે અને બધી દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. સત્સંગ માણસોને શું નથી આપતો ?

ગુણસમૃદ્ધ સજ્જનોનો ચિતાર આપતાં કવિ કહે છે :

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णास्
त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणुन्पर्वतीकृत्य नित्यं
निज हृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥४२॥

મનમાં વાણીમાં અને શરીરમાં પુણ્ય અમૃતથી ભરેલા ઉપકારોની પરંપરાથી ત્રણેય વિશ્વને પ્રસન્ન કરતા, બીજાના પરમાણુ જેવા ગુણને પર્વતના જેવા મોટા બનાવતા અને તેથી પોતાના અંતરમાં વિકાસ પામતા સજ્જનો કેટલા હોય છે ? બહુ જ થોડા.

સજ્જન, સત્કર્મ અને સત્સંગ વિષેના શ્લોકોની વિસ્તારથી સમજૂતી આપવાનું વળામેજીને સવિશેષ ગમે છે. તેથી આવા શ્લોકોની વ્યાખ્યા કરતા શ્લોકોના પ્રત્યેક શબ્દની છણાવટ કરીને, તેનો મર્મ

સમજાવવા તેઓ અનેક સુંદર સુભાષિતોનો સંદર્ભ આપે છે. પ્રસ્તુત શ્લોકની ટીકામાં પણ તેઓએ ત્રણ સુયોગ્ય સૂક્તિઓનો નિર્દેશ કર્યો છે.



જગત્સુહૃદ્

(૧) संत्यज्य शूर्णवद् दोषान् गुणान् गृह्णाति पंडितः ।
दोषग्राही गुणत्यागी पल्लोलीव हि दुर्जनः ।।

અનાજ સાફ કરવાના સુપડાની જેમ સજ્જન નિસ્સાર દોષોને ત્યજી ગુણોનું ગ્રહણ કરે છે, ત્યારે ખરાબ માણસ ગળણીની જેમ બીજાના દોષોનું ગ્રહણ કરી, ગુણોને ત્યજી દે છે, ધ્યાનમાં લેતો નથી.

(૨) શાર્ઙ્ગધર આચાર્ય પણ તારણ કાઢ્યું છે કે જગતમાં ચંદનવૃક્ષો કરતાં કડવા લીમડા વધારે જોવા મળે છે, ધરતી પર જ્યાં ત્યાં પથ્થરો પથરાયા છે પણ મૂલ્યવાન હીરો દુર્લભ છે. કાગડાઓનો કર્કશ અવાજ રોજ સંભળાય છે પણ કોયલનું ગુંજન ફક્ત ચૈત્ર માસમાં જ માણવા મળે છે. આવા સંસારમાં બે ત્રણ (અત્યંત ઓછા) સારા માણસો દેખાય છે.

(૩) મહાકવિ ભવભૂતિ 'માલતીમાધવ' નાટકમાં પણ આવો જ મત વ્યક્ત કરે છે :

व्यतिकरितदिगन्ताः श्वेतमानैर्यशोभिः
सुकृतविलसितानां स्थानमूर्जस्वलानाम् ।
अकलितमहिमानः केतनं मङ्गलानां
कथमपि भुवनेऽस्मिंस्तादृशाः संभवन्ति ॥

પોતાની તેજસ્વી કીર્તિથી દશે દિશાઓમાં છવાઈ જનાર, અત્યંત ઉચ્ચ સદ્‌ગુણ તથા મંગલમય વસ્તુઓના માનદંડસમા સજ્જનો ભાગ્યે જ જોવા મળે છે.

પોતાના અંગત જીવનમાં પણ ટીકાકાર વળામેજી સતત સજ્જનોના સાન્નિધ્યમાં રહેતા હતા. સુહૃદોના સહવાસમાં તેઓ આનંદ અને પ્રસન્નતાની લાગણી અનુભવતા. યોગીવર્ય ગાંડા મહારાજ, લંગડે સ્વામી, ઉપાસની બાબા, ખંડવાના મહારાજશ્રી ધૂનીવાલા બાબા, ગુલવણીજી મહારાજ, નાના મહારાજ તરાણેકર, શ્રીમોટા, વિનોબા ભાવે, વેદમૂર્તિ સાતવળેકરજી જેવા અનેક સંતોને આવકારી, તેમનાં સત્કર્મોની કદર કરી, તેમનું આદરપૂર્વક સમ્માન વળામેજીએ વારંવાર કર્યું છે. પોતાનો પરિચય પણ જગત્-સુહૃદ્ તરીકે આપ્યો છે.

સમારોપ :

આચાર્ય દંડીએ કહ્યું છે.

गद्यं कवीनां निकषं वदन्ति ।

સંસ્કૃતગદ્યમાં લખવું અઘરું કામ છે. તેમાં લેખકની કસોટી થાય છે.



જગત્સુહૃદ્

તે દૃષ્ટિએ વળામેજીનું ટીકાલેખન સરળ ભાવહી અને રસપ્રદ છે. પ્રાસાદિક શૈલીમાં લખાયેલી પ્રસ્તુત 'બાલબોધિ'માં શુદ્ધ પાંડિત્યનું પ્રદર્શન નથી પણ ભાવમધુર ઉદ્‌બોધન છે, દાર્શનિક ઉપદેશ નથી પણ માર્ગદર્શક સદ્‌બોધ છે.

તેનું પ્રયોજન પંડિતોની બુદ્ધિને કસવાનું નથી પણ જીવનમાં આગળ ધપવાનો પ્રયત્ન કરતા છાત્રોને, યુવાનોને સાચું પથદર્શન કરવાનું છે. આદર્શ શિક્ષક તરીકે વળામેજીને વિદ્યાર્થીઓ તરફ અનહદ પ્રેમ અને વિશ્વાસ હતો. એટલે 'બાલબોધિની' દ્વારા તેમને પોતાનું ચારિત્ર્ય ઘડવા માટે, જીવનને વિકાસલક્ષી બનાવવા માટે તથા અજ્ઞાનના અંધારામાંથી બહાર નીકળી અમૃતમય જ્ઞાનજ્યોતિની પ્રાપ્તિ કરવા માટે માર્ગદર્શન મળી રહે તે હેતુથી સહજસુંદર પદ્ધતિથી લખાણ કર્યું છે. આશ્વાસક સહારો આપ્યો છે.

છાત્રોને દેવ-ભગવાન માનતા મહાપુરુષે ટીકાને અંતે પોતાનું પ્રસ્તુત લેખન તેમને જ સમર્પિત કર્યું છે :

इत्येषा वाङमयी पूजा भावनम्रेन चेतसा ।
अर्पिता तेन तुष्टाः स्युश्छात्रदेवाः सदा मम ॥

વળામેજીએ આ ટીકામાં પોતાનું જ્ઞાનવૈશિષ્ટ્ય પણ છતું કર્યું છે केयूरा न विभूषयन्ति पुरुषं (શ્લોક ૨)ના શ્લોકમાં वाण्येका समलंकरोति पुरुष या संस्कृत धार्या તે એની ટીકામાં એનો સીધો સરળ અર્થ આપ્યા પછી બીજો અર્થ આપતાં લખે છે : असंस्कृत वाक्तु पुरुषं नैवालंकरोति, किन्तु समलं मलसहितं करोति। दूषयतीत्यर्थः। अस्मिन् पक्षे 'या असंस्कृत धार्यते सा पुरुषं समलं करोति इति पदच्छेदः'।

એ જ રીતે सतां लक्षणम् (શ્લોક ૧૧) ના શ્લોકમાં मान्यान् मानय–નો એક અર્થ मान्यान्, पूज्यान् मानय। કરી અથવા મા अन्यान् इति पदच्छेदः। तस्मिन पक्षे अन्यान् अपूज्यान् मा मानय। मा पूज्येत्यर्थः। એમ બે અર્થ કર્યા છે જે આપણામાં તેમના પ્રત્યે પૂજ્યભાવ પ્રગટાવે છે.

પ્રશ્નોત્તરગીતા*



જગત્સુહૃદ્

અવલોકન :

મહાભારતથી માંડીને આદ્ય શંકરાચાર્યની અને અન્ય મળી ૭ 'પ્રશ્નોત્તરમાલિકાઓનો આ સંગ્રહ છે. અવધૂતજીએ તેનું વિવરણ પણ પ્રસ્તુત કરેલું છે. પ્રશ્નોત્તરમાલિકાઓનો સંચય અને તેના પર વિવરણ અવધૂતજીએ તેમની ૨૭-૨૮ વર્ષની વય જેટલું વહેલું કરેલું છે. 'શ્રીરંગપત્રમંજૂષા' (આ.૨) ના પત્રકમાંક ૯૨(પૃ.૮૨)માં 'પ્રશ્નોત્તર ગીતા' (બીજું સૂઝેલું શીર્ષક 'પ્રશ્નોત્તર પંચક)ના પ્રકાશન વિશે શ્રી અમૃતલાલ મોદીને લખેલા પત્રમાં (તા. ૬-૩-૧૯૨૭) જરૂરી સૂચનો કરે છે, એ પણ ૧૭-૯-૩૩નો લખેલો બીજો પત્ર (પૃ. ૧૬૯/પત્રકમાંક ૧૯૨) સૂચવે છે, તે પ્રમાણે તે હજી પ્રકાશિત થયેલ નથી. આ પત્રમાં આ કૃતિ મિત્ર મોદીજીને અર્પણ કરવાની ઇચ્છા પણ પ્રદર્શિત થયેલી છે.

'પ્રશ્નોત્તરગીતામાં સંગૃહીત કૃતિઓ આ પ્રમાણે છે : (૧) યક્ષ-યુધિષ્ઠિરસંવાદ (મહાભારતમાંથી), (૨) 'પ્રશ્નોત્તરમાલિકા' (શ્રીમદ શંકરાચાર્યવિરચિત), (૩) આનંદગિરિકૃત 'આનંદામૃતવર્ષિણી', (૪) પંડિત કૃષ્ણાનંદ સરસ્વતી લિખિત 'પ્રશ્નોત્તમાલિકા', (૫) તુલસીદાસવિરચિત 'પ્રશ્નોત્તરી' અને (૬) રંગ અવધૂત વિરચિત 'પ્રશ્નોત્તરમાલિકા.'

ગુરુ-શિષ્યની સંવાદની નિરૂપણ-પરિપાટીની જેમ 'પ્રશ્નોત્તરી'ની નિરૂપણ- પરિપાટી પણ સંસ્કૃત-સાહિત્ય પરંપરાની એક એનોખી દેણ છે. પ્રશ્નોની માંડણી અને ઉત્તરોની બાંધણીમાં ઉક્તિલાઘવના વિશેષ વિસ્મય-સ્ફોટ દ્વારા તત્ત્વવિચાર અને શ્રેયાર્થબોધ વાચકને મનનભાજી બની રહે છે. જિજ્ઞાસાવૃત્તિ એ શિષ્યત્વનું લક્ષણ છે. જિજ્ઞાસાવૃત્તિ

---

*(૧) પ્રકાશન : નારેશ્વરસંસ્થાન. આજ સુધીમાં ત્રણ આવૃત્તિઓ પ્રસિદ્ધ થયેલી છે. છેલ્લું પ્રકાશન પ્રો. ડૉ. જયેન્દ્ર દવે (શાસ્ત્રી)એ પોતાનો 'પ્રશ્નોત્તરમાલિકા'નો અભ્યાસ જોડીને સંપાદિત કરેલું છે.

(૨) પ્રો.ડૉ. ઉમા દેશપાંડેએ 'શ્રીરંગઅવધૂતનું સંસ્કૃત સાહિત્ય' (પ્રકાશન-સંસ્કૃત સાહિત્ય અકાદમી) માં આ કૃતિનો વિશદ પરિચય પ્રસ્તુત કરેલો છે.

(૩) અવધૂતજી વિરચિત 'પ્રશ્નોત્તરમાલા' નો પદ્યાનુવાદ શ્રી જયંતીલાલ આચાર્યજીએ કર્યો છે. પ્રકાશન-નારેશ્વર સંસ્થાન, આવૃત્તિ ૧લી ૧૯૯૬

સ્વને કે પરને (જગતને) મનોમન કે પ્રગટ પ્રશ્ન ઉઠાવે જ અને જગતશિક્ષણની ચઢતી-ઊતરતી પ્રાપ્ત થતી રહેતી પ્રક્રિયા દ્વારા તેનાં સમાધાનો તે મેળવતી રહે, એ ઉજાગર થયેલા માનવની નિયતિ છે. સ્વ-પરનો બોધ કરવા - કરાવવા માટેનું 'પ્રશ્નોત્તરમાલા' સાહિત્ય એક અનોખું માધ્યમ છે. લોકવિદ્યાપીઠની ગરજ સારે તેવું તેનું મહત્ત્વ છે.



જગત્સુહૃદ્

અર્ચન :

''આ 'પ્રશ્નોત્તરગીતા'માં અવધૂતજીએ જે પાંચ પ્રશ્નોત્તરીઓનું વિવરણ લખ્યું છે, તેમાંની પ્રથમ મહાભારતમાંનો 'યક્ષ-યુધિષ્ઠિર સંવાદ' છે. એના પરના અવધૂતજીના વિવરણપ્રકાશમાં અત્રે તેનું વિશદ અવલોકન રજૂ કરવાનો ઉપક્રમ છે, જેથી તેમાંનું તત્ત્વજ્ઞાન સુપેરે સ્પષ્ટ થાય.

आनृशंसस्य परो धर्मस्त्रयीधर्मः सदाफलक।
मनो नियम्य न शोचन्ति सन्धिः सद्भिर्नः जीर्यते ।।

આ શ્લોક પરનું અવધૂતજીનું વિવરણ સમજવા જેવું છે. તેઓ લખે છે : त्रयीधर्म–मोक्षमन्त्रयी એ મોક્ષમંત્ર છે. એ શ્રુતિથી ત્રયીનો અર્થ અહીં ત્રિમાત્રાત્મક પ્રણવ અને તેનો ધર્મ એટલે અદ્વૈત બ્રહ્મપ્રતિપાદક ધર્મ. પ્રણવની 'અ'કાર, 'ઉ'કાર અને 'મ'કાર એ ત્રણ માત્રાઓ અનુક્રમે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરની નિદર્શક છે. તેમાં 'અ'કારનો 'ઉ'કારમાં, સ્થૂલનો સૂક્ષ્મમાં અને સૂક્ષ્મનો કારણમાં - એમ પૂર્વ પૂર્વનો ઉત્તર ઉત્તરમાં લય કરી અર્ધમાત્રાના લક્ષ્યાર્થ તુરીય બ્રહ્મમાં અવસ્થિતરૂપ ત્રયી ધર્મ જ મોક્ષદાયી હોવાથી અવિનાશી ફળદાયી અતએવ સદાફળદાયી છે ! અવધૂતજી આ શ્લોક સમજાવતાં કહે છે કે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણના લય વડે મનોનિગ્રહ કરવાથી થતી જ્ઞાનપ્રાપ્તિ એ ફળદાયી ધર્મ છે; કારણ કે મનોનિગ્રહથી માણસને શોક કરવો પડતો નથી. મનોનિગ્રહનો માર્ગ સત્સંગથી પ્રાપ્ત થતો હોવાથી સત્સંગ ક્યારેય નિષ્ફળ જતો નથી.''

ડૉ. જયેન્દ્ર દવે (શાસ્ત્રી)
('નારેશ્વરનો નાદ' મે-૯૬)માંથી

'પ્રશ્નોત્તરમાલિકા' વિશે



જગત્સુહૃદ્

''રંગહૃદયમ્''માં જ્ઞાનહૃદયમ્-વિભાગમાં પ્રથમ 'તત્ત્વચિંતનમ્' (પ્રભાતિયારૂપે ગવાતી) એ પંચશ્લોકાત્મક રચના પછી 'અક્ષરગીતા' અને બોધમાલિકા જેવી જ્ઞાનગહન રચનાઓ પૂર્વે 'પ્રશ્નોત્તરમાલિકા' (૩૧ શ્લોક)ની રચના ગ્રંથરચનાઓમાં તેની અગ્રિમતાની સૂચક છે. x x કુલ ૭૮ પ્રશ્નોના ઉત્તરો અહીં અપાયા છે.

''પ્રથમ પ્રશ્ન છે : 'કઃ સાધુઃ ?' આ એક એવો પ્રશ્ન છે કે અવધૂતજીનો અભ્યાસમાં આવેલી પાંચેય પ્રશ્નોત્તરીમાં ઉઠાવાયો છે. x x શ્રી અવધૂતજીએ (અન્ય પાંચ દ્રષ્ટાઓથી ફંટાઈને) પહેલો જ આ પ્રશ્ન ઉઠાવ્યો છે ને એમનાં ચિંતનમાંથી જે જવાબ આવ્યો છે તે છે - સાધનવાન. સાધનોથી યુક્ત હોય તે સાધુ. x x આ પ્રશ્નને સર્વોપરી લેખીને શાથી પ્રથમ સ્થાન આવ્યું ? x x સાધન કયાં ? x x વિવેક, શમાદિ ષટથી યુક્ત ચતુઃસાધન સંપન્ન જે છે તે.'

('રંગ-પ્રશ્નોત્તરમાલા' એક વિવરણ :
લે. ડૉ. જયેન્દ્ર દવે (શાસ્ત્રી) પૃ. ૬ થી ૮, આવૃત્તિ-૧,
ઈ.સ. ૨૦૦૦ પ્રકાશન : નારેશ્વર સંસ્થાન)

'શ્રી રંગપત્રમંજૂષા'*

અવલોકન :



જગત્સુહૃદ્

અવધૂતજીએ તેમના પૂર્વાશ્રમમાં સહાધ્યાયી અને અંગત મિત્રો શ્રી અંબાલાલ વ્યાસ અને શ્રી અમૃતલાલ મોદી તેમ જ નારેશ્વર સ્થાનમાં તેમની તપોસાધનાની પરિણતિનો અનુભવ કરનારાં રણાપુર, સાયર, દિવેર, સરખેજ જેવાં સ્થાનોમાં રહેતાં કેટલાંકની સ્વજનશીલતા ઝીલતાં તેઓને પણ પત્રો લખેલા, તેનો મુદ્રિત સંચય તે 'શ્રીરંગપત્રમંજૂષા.' શ્રી અંબાલાલ વ્યાસ આ પત્રોનું મહત્વ નિર્દેશે છે 'આમુખ'માં : ''અમારા પત્રો તો અમારા વ્યક્તિગત કાર્યને પોષક નીવડે તે પ્રકારના હતા. પરંતુ એમાં એ વખતની પરિસ્થિતિ જાહેર જનતાને પણ ઉપયોગી વાચન પૂરું પાડશે. ×× આમાં જનતાને તે વખતની પરિસ્થિતિનો તથા અવધૂતની સ્થિતિનો, એમની એક વિચારસરણીનો યત્કિંચિત્ પરિચય થશે તો આ સંગ્રહ કરેલા પત્રોની સાર્થકતા થશે.''

૧૯૧૭ થી ૧૯૪૧ અને ૧૯૫૦માં એક વર્ષના ગાળામાં લખાયેલા પત્રો સીધા અવધૂતજીની કલમે છે, તો ૧૯૪૭ના બે પત્રો નવસારીથી કોઈ ભક્તના લખેલા અહીં મૂકેલા છે. પરિશિષ્ટરૂપે અન્ય આઠ પત્રો પણ અહીં છે. તેમાંનો એક ૧૯૪૬માં શ્રી અંબાલાલ વ્યાસે શ્રી અમૃતલાલ મોદીને લખેલો છે. નારેશ્વરમાં તે વર્ષે ઉજવાયેલી દત્તજયંતીના ઉત્સવમાં તેઓ હાજર રહેલા અને સન્મિત્ર પાંડુરંગને પૂ. રંગ અવધૂતજીના રૂપમાં મળી કરેલા વાર્તાલાપ અને વાતાવરણની પ્રસન્નતા દર્શાવી સ્થાનમાં ઉત્સવમેળા સંબંધી કેટલાંક મહત્ત્વનાં સૂચનો પણ કર્યાં છે. ૧૯૫૭માં બીજા પત્રો અવધૂતજીની સૂચનાથી અને ૧૯૫૮માં શ્રીકૃષ્ણરાવને અમૃતલાલ મોદીએ લખેલા ઉત્તરો છે, ૧૯૬૫ અને '૬૬માં એ જ રીતે અવધૂતજીની સૂચનાથી અનુક્રમે શ્રીજગન્નાથ, ભાનુપ્રસાદ જોશી વગેરેની સેવામાં તેમ જ શ્રી બાલકૃષ્ણને અમૃતલાલ મોદીએ લખેલા પત્રો છે.

× દ્વિતીય આવૃત્તિ વર્ષ, ૧૯૯૭



જગત્સુહૃદ્

અવધૂતજીના તરુણ, પ્રૌઢ તેમ જ જૈફાવસ્થાના કાળને આવરી લેતો સમયગાળો આ પત્રોમાં અંકિત થયો છે. પહેલો પત્ર ઓગણીસ વર્ષની વયે લખાયેલો પ્રાપ્ત થયો છે. મિત્ર અંબાલાલ વ્યાસને એ લખાયેલો છે : પાંડુરંગ કૉલેજના વિદ્યાર્થી છે. અભ્યાસમાં મિત્રોનો પરસ્પર સહયોગ વાંછવાની વૃત્તિ છે, વિષમ આરોગ્ય અને આર્થિક સ્થિતિ દૈવાધીન છે, એવી સમજ પોતે ધરાવે છે, તેથી જ લખે છે : 'અનેક અડચણો ધૈર્યની કસોટી કરવા ઊભી છે જ. અસ્તુ. જે ઈશ્વરની કૃપાથી અત્યાર સુધીની-કે જેમાંની કેટલીક ઘરનાં મનુષ્યો વગર બીજાને ભાગ્યે જ માલુમ હોય- સર્વ મુશ્કેલીઓ દૂર થઈ તે જ ઈશ્વર શું આ વખતે ભગ્નહૃદયને નિરાશ કરી વધારે દુઃખી કરશે ? હૃદય સાક્ષી પૂરે છે કે ના !' આવી શુદ્ધ આસ્તિક્યની વૃત્તિ તરુણવયે હોવી, એ આઠ વર્ષની વયે જ પ. પ. પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજનો આશીર્વાદ પ્રાપ્ત કર્યાનું સદ્‌ભાગ્ય જ સમજવું જોઈએ. આ વૃત્તિનું જ પરિણત ફળ તે જીવનભર 'શ્વાસે શ્વાસે દત્તનામ' લેવાની આવેલી સૂઝ.

આ જ પત્રમાં અવધૂતજીના તરુણ વ્યક્તિત્વનો, એક ચિન્તનશીલ વ્યક્તિત્વનો ઉન્મેષ પણ અનુભવાય છે, આ વાક્યોમાં 'પત્રવ્યવહાર એ એક જ્ઞાન વધારવાનું ને ખેદ નસાડવાનું સાધન છે અને તેથી જ હું કેટલીક વખતે મારી અલ્પ મતિ પ્રમાણે કેટલીક સ્વાનુભવની, સ્વનિરીક્ષણની અથવા આવી જ કોઈ બાબત પત્ર દ્વારા લખું છું. જો તમો પણ તેમ કરો તો કેવું સારું ! શું આ ઇચ્છવા જેવું નથી ? સાક્ષર કવિ લલિત એક ઠેકાણે લખે છે કે

નાહી લેજે, કંઈ ભીંજવજે, અંજલિ એય લેજે !
પોતાવીતી કહી સ્વજનનું દુઃખ ભૂલાવી દેજે.
લુછાવતાં તું પણ લૂછજે સ્નેહીનાં આંસુડાંને
આંસુડાના વિનિમયમહીં જન્મસાફલ્ય હા ! છે.''

સંસારજીવનમાં સુખદુઃખના સહભાગી થવાની વૃત્તિની જિકરનો અહીં નિર્દેશ અવધૂતજીએ આપેલા 'પરસ્પરદેવો ભવ'ના અમર આદેશની પાયાની ઈંટ ગણવી જોઈએ.

૧૯૧૭ થી ૧૯૨૮ના ગાળામાં લખાયેલા અવધૂતજીના પત્રો ગુજરાતી પત્રસાહિત્યમાં અનન્ય સ્થાનના અધિકારી છે. અભ્યાસનિષ્ઠા, દેશનિષ્ઠા અને જીવનશ્રેયનિષ્ઠા અવધૂતજીમાં ગોપિત થઈ ગયેલા

પાંડુરંગમાં ક્યાંથી, કેવી રીતે ઘાટ લેતી ગઈ અને જીવનયાત્રાને સર્વોચ્ચ શિખરે પહોંચી; લોકસંગ્રાહક જગત્સુહૃદ્ અવધૂત તરીકે દેવતુલ્ય પ્રતિષ્ઠિત થયા; બાવીસ-ત્રેવીસ વર્ષની વયથી ત્રીસેકની વય સુધીમાં વ્યવસાય જીવનને છોડી મહાભિનિષ્ક્રમણ કરનાર અવધૂતજીએ શિર સાટે તપશ્ચર્યા કરી અને 'અનાર્યત્વ'માંથી 'આર્યત્વ' પ્રાપ્ત કર્યું વગેરે વિશેની આત્મકથની નિર્વ્યાજ શૈલીમાં આપણને મળે છે.



જગત્સુહૃદ્

આત્માનુભૂતિઓનું હવામાન આ પત્રસૃષ્ટિમાં ભર્યું ભર્યું છે. આત્મક્રીડ, આત્મનિષ્ઠ, અનિકેત અવધૂતના અભયનું ઓજસ અને નિજ-પરરહિતભાવે લોકાભિમુખ રહીને શ્રેયાર્થી પ્રવૃત્તિઓ રૂપે સૌ કોઈ માટે આધિ-વ્યાધિ-ઉપાધિની નિવારણતત્પરતા ઓળખવા માટે આ પત્રમંજૂષાને લૂંટવી જ જોઈએ.

અર્ચન :

''આ પત્રો વાંચતાં રંગ અવધૂતની સંવેદનાનો વ્યાપ કેવડા મોટા ફલક પર વિસ્તરેલો હતો તેની ઝાંખી થાય છે. એક બાજુ અવધૂતી મસ્તી ને બેપરવાઈ અને બીજી બાજુ ભક્તિભાવભીના પચરંગી આર્ત ભક્તો પ્રત્યેની અસીમ આર્દ્રકરુણાનું યુગપદ દર્શન થાય છે.''

''x x આ પત્રો રંક ગુજરાતી પત્રસાહિત્યનું એક નજરાણું છે. આમાંથી શ્રીરંગ અવધૂતના વ્યક્તિત્વનાં અનેક પાસાંનો સુપેરે પરિચય થાય છે. એમનું વિશાળ વાંચન, તેજસ્વી અધ્યયન, મર્માળુ હાસ્ય, આયુર્વેદ અને મુદ્રણશાસ્ત્રનું સારું એવું જ્ઞાન, એમનાં તપ, ત્યાગ, તિતિક્ષા અને લોકકલ્યાણ તથા માનવ-સેવાની લગનનું અનેક પત્રોમાં દર્શન થાય છે.''

– પ્રો. ડૉ. રણજિત પટેલ (કવિ 'અનામી')

અમર આદેશ*



જગત્સુહૃદ્

અવલોકન :

વ્યક્તિનું અસ્તિત્વ રહસ્યમય છે. ચિત્ત અને બુદ્ધિ વડે એનો તાગ મેળવવા જ્યારે એ બેસે છે, ત્યારે પેલાં સાધનો વડે અરધે રસ્તે આવી પહોંચ્યા જેવુ લાગે છે, અને એનો ઉત્સાહ ઉભરાતો પણ અનુભવાય છે. પરંતુ એનું અસ્ખલિત નિર્ઝર વહેતું નથી. એવી ક્ષણ આવે છે, જ્યારે બુદ્ધિ હેઠી પડે અને અંતર મૂંઝાવા માંડે ! અસ્તિત્વનો અર્થ કોયડારૂપ જ રહે !

એ કોયડાને ઉકેલવો, એ આધ્યાત્મિક પથિકનો ધર્મ છે. એનો સકલ જીવનપુરુષાર્થ એના ઉત્તરની શોધમાં કહો કે ઉત્તરરૂપે જ હોવાનો. એવા પથિકની અનુભવનિષ્કર્ષ - વાણી જીવનમાં શ્રદ્ધાનો પ્રાણવાયુ સંચારી શકે અને જીવનને નવ જીવનની તાઝગી બક્ષે.

'અમર આદેશ' અસ્તિત્વના સાફલ્યની ગુરુકિલ્લી બક્ષે છે. વ્યક્તિને અન્ય વ્યક્તિના સહવાસની કે સંનિકર્ષની હાજત રહે જ છે, એ સમાજશાસ્ત્રનું સત્ય સ્વીકારી, એને આધ્યાત્મિક ભૂમિકાએ પ્રસ્થાન કરાવવાનો ઉત્ક્રાન્તિશીલ ઉપક્રમ અવધૂતશ્રીએ પ્રબોધ્યો છે. એમ કરવામાં અસ્તિત્વને આધ્યાત્મિક પરિવેશમાં ગૂંચવ્યું નથી, એ આ આધ્યાત્મિક પુરુષની સિદ્ધિ છે.

વ્યક્તિને વ્યવહારુ લાગે, આચરણમાં મૂકવું અશક્ય ન લાગે, રહસ્યમયતાનો ઓથાર હળવો બની જાય, એવી હૃદ્ય પરાવાણીમાં વ્યક્તિજીવનની દૈનંદિની પૂજ્યશ્રીએ રચી આપી છે. એમાં આદેશ અવશ્ય છે, પણ સ્વયંભૂ વાણીનો રણકો એમાં હોવાથી વ્યક્તિ આત્મનિરીક્ષણની પ્રેરણા અને દૃષ્ટિ સદ્ય પ્રાપ્ત કરતી થઈ જાય છે, એ મોટો ચમત્કાર છે.

---

* આવૃત્તિ પમી (૨૦૦૧) કિં. રૂ. ૧૦-૦૦. બાજવા, નારેશ્વર, ડાકોર, ધર્મજ, કણભા, દ્વારિકા, નવાગામ, અંબાજી, કંપાલા અને જયપુર શ્રીરંગજયંતીઉત્સવો નિમિત્તે થયેલાં ઉદ્બોધનો ઉપરાંત ૧૩ પ્રાસંગિક પ્રવચનો, ૧૮ આશીર્વાદાત્મક ઉત્તરો અને પૂ. શ્રી રામચંદ્ર કામતજી સાથેનો પત્રવ્યવહાર 'અમર આદેશ'ની પાથેય સામગ્રી છે. બોદ્ધિકોને પ્રતીતિજનક બને તેવાં 'પ્રાસંગિક પ્રવચનો' અને પત્રવ્યવહારોમાં અવધૂતજીએ કરેલાં આધુનિક અર્થઘટનો મનનીય છે.



જગત્સુહૃદ્

વ્યક્તિને અન્ય વ્યક્તિના કે સમાજના સંપર્કમાં આવવું પડે, હરેક ક્ષણે, એ સ્વાભાવિક છે. એ સંપર્કમાં એવું ઉદ્દિષ્ટ જાણ્યે-અજાણ્યે એક જ રહેવાનું કે મારો સંપર્ક સાર્થક નીવડો. આ સાર્થકતાની સિદ્ધિ માટે વ્યક્તિ અન્ય વ્યક્તિ કે સમાજ સાથે અનુકૂળ થવાને મથે છે. એ મથામણમાં જીવનની આચારસંહિતાનાં બીજ રહેલાં છે. સાર્થકતા અનુભવાતી લાગે, જે વ્યવહારમાં, તેમાં એ આચારસંહિતાનું સાફલ્ય છે. અને સફળતાને બળે જ વ્યક્તિનિષ્ઠ આચારસંહિતા સમષ્ટિગતરૂપ પામતી જાય છે અને અંતે એમાંથી સાંસ્કૃતિક મૂલ્યો સ્થાપિત થાય છે. આવા ક્રમે પ્રસ્થાપિત થયેલાં મૂલ્યોએ આજે માનવધર્મને શ્રેષ્ઠધર્મ ગણ્યો છે. એ માનવધર્મ એટલે શું, એની સરળ-વિશદ વાણીમાં, સમજ, અવધૂતશ્રી, આપતાં કહે છે :

એક બીજા તરફ દેવદૃષ્ટિથી જોતા શીખો,
દાનવદૃષ્ટિથી નહિ,
દરેક વ્યક્તિમાં રહેલા દેવત્વને-
દૈવી અંશને પિછાનો
અને એક બીજાનું મંગલ ઇચ્છી જગતમાં
માંગલ્ય વરસાવો !
વાંછો તો સર્વનું કલ્યાણ વાંછો,
માત્ર સ્વકલ્યાણ નહિ !

સર્વનું કલ્યાણ અને મંગલ ઇચ્છવાની ભાવનામાં માનવતાનાં સર્વ લક્ષણોનો સમાવેશ થઈ જાય છે. પરંતુ આ ધર્મને વ્યક્તિએ આચારમાં મૂકવો કેવી રીતે, એ પાયાનો પ્રશ્ન છે. માનવધર્મની સાધનાનો ક્રમ અવધૂતશ્રીએ આત્મીય વાણીમાં વર્ણવી દીધો છે. સર્વનું કલ્યાણ વાંછનારે વિચાર, વાણી અને વર્તનમાં એકતાનું આચરણ કરવું ઘટે. સદા આશીર્વાદ, નહીં કે અભિશાપ, એની વાણીમાં પ્રગટ થાય, પ્રશાંત ચિત્તે સદાય કાર્યદત્ત રહે, સહિષ્ણુતાપૂર્વક અન્યને ઉપકારક થવાની અભીપ્સા સેવે અને સ્વાશ્રયી રહી આત્મનિરીક્ષણ કરતો રહે. સાધનાની આ પ્રક્રિયામાં જે સાધકની શ્રદ્ધાપૂર્વકની ગતિ છે, એનો વિજય-જીવન સાફલ્યની અનુભૂતિ-સુનિશ્ચિત છે.

પ્રત્યેક વ્યક્તિ જન્મજાત બાદશાહતની ભોગી છે. વિશ્વ-બાપની અનંત સમૃદ્ધિનો એ વારસ છે. પરંતુ એની અજ્ઞાનજન્ય અવસ્થા એને છિન્નભિન્ન કરી મૂકે છે. કોઈ અશરણ અનાથની માફક ભિખારીવેડાનું



જગત્સુહૃદ્

આચરણ કરાવે છે. વ્યક્તિત્વના છિન્નભિન્ન ટુકડાઓ એક-બીજા સાથે સંઘર્ષમાં ઊતરી હુંકારને ચગવે છે, ફુલાવે છે. પ્રત્યેકને અહંનો અંચળો વળગે છે અને અનેક હુંમાં રહેલી એકતાને વિસરાવે છે. પરિણામે સંવાદસંગીતને બદલે વિસંવાદના સૂરો સંભળાય છે અને જીવન પ્રત્યે વિરતિનો અનુભવ થાય છે. જાગતિક પદાર્થો પ્રત્યે ભોગભાવનાનો પરિત્યાગ ઉદ્‌ભવે, બાળકની નિર્દંભ, નિર્દોષ ને નિરપેક્ષ વૃત્તિ વડે સમર્પણની સદ્‌ભાવના પ્રગટે તો વ્યક્તિ વિશ્વંભરમાં સંક્રાંત થઈ જાય. અર્થાત્ એનું જીવન દિવ્ય જીવન બની જાય. આ રૂપાંતરને ચરિતાર્થતા આપવાની સરળ પ્રક્રિયા અવધૂતશ્રી સમજાવે છે : 'એક પણ શબ્દ એવો ન ઉચ્ચારો જેથી એના વિશ્વસંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઉઠાવો, એક કર્મ પણ એવું ન કરો, જે એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઊઠવા દો - એક શ્વાસ પણ એવો ન લો, જેથી એની વિશ્વશાંતિમાં તલપૂર પણ વિક્ષેપ ઊભો થાય !'

વિજ્ઞાનની પ્રચંડ શોધખોળોએ માનવને એવો તો અભિભૂત કર્યો છે કે એણે એના જીવનમાં સદીઓથી સ્વીકારેલો ઈશ્વરના સંદર્ભનો સદંતર છેદ ઉરાડી દીધો. ઈશ્વર એને કપોલકલ્પિત અને તેથી હાસ્યાસ્પદ પાત્ર લાગ્યું. ધર્મવિચ્છેદવાળું એનું જીવન થતાં એ પ્રમાદમાં આવી અહંની યશગાથા ગાવા મંડી પડ્યો. પરંતુ એ ગાથાએ જ એની પરિમિતતા છતી કરવા માંડી જ્યારે, ત્યારે એ બેચેન બની ગયો. ન રહી એને ધર્મમાં આસ્થા કે ન રહી એની વિજ્ઞાનની શોધોના સમુચિત ઉપયોગ પર પકડ. વિજ્ઞાનરૂપી જીને એવું પ્રચંડ રૂપ બતાવવા માંડ્યું કે એ જીનને બોલાવનાર માનવશક્તિ એની પાસે લઘુતમ બની રહી ! અવધૂતશ્રી માનવહૃદયની આ ગૂંગળામણના પ્રત્યક્ષ સાક્ષી છે. એથી જ એમનું સંતહૃદય આમવાણી ઉચ્ચારે છે : ''આજકાલ શબ્દોની સાઠમારી વધી ગઈ છે, શુષ્ક દલીલોની ચાલબાજી ચાલી રહી છે ને દુનિયા રસાતાળ જઈ રહી છે. જ્યાં જુઓ ત્યાં અશાંતિ, આશંકા ને વિતંડાનાં વાદળ ઘેરાઈ રહ્યાં છે, અસંતોષની આગ સળગી રહી છે, ભૌતિકવાદના રાક્ષસી પંજામાં દુનિયાની આશા-આકાંક્ષાઓના ભુક્કા ઊડી રહ્યા છે, આધ્યાત્મિકતાની ઓહો થઈ રહી છે, માનવતા મરી પરવારવા બેઠી છે, ચોમેર દાનવતાનું નગ્ન તાંડવ ચાલી રહ્યું છે, જગત સમસ્ત પ્રસવવેદનામાંથી પસાર થઈ રહ્યું છે.''

આવા વિશ્વમાં વસતી સૌ વ્યક્તિઓ વ્યકિતત્વહીન જાણે બની ગઈ છે! અસ્તિત્વના ચૂરેચૂરા થઈ ગયા હોય અને એનો બોજ અસહ્ય બનતો જતો હોય એવી હતાશાના ઓથાર તળેની ભીંસવાળી વ્યક્તિની સ્થિતિ હોય, તો પરમ શાંતિનો અનુભવ પ્રગટાવે, એવી પરમ શ્રદ્ધા એને ક્યાંથી હાથવગી હોય ? ધર્મના કોઈ સંપ્રદાય પાસેથી તો હરગીજ નહીં. પરંતુ ધર્મના કોઈ એક સંપ્રદાયના સંકુચિત ખ્યાલને વેગળો મૂકી એને માનવજીવનધર્મનો સંદર્ભ આપી તાજગીભર્યું અર્થઘટન કરી ધાર્મિક વિચારણાઓ પરત્વે આસ્થાળુ બનાવી શકાય જરૂર. જ્યાં સુધી પૃથ્વી પર માનવનું સહઅસ્તિત્વ છે ત્યાં સુધી માનવતાધર્મની સુવાસ સર્વ કાળે વત્તાઓછા પ્રમાણમાં ફેલાતી રહેવાની છે. અને એમ થયા કરતાં કાળક્રમે વ્યક્તિજીવનને ધર્મનો સંદર્ભ પ્રાપ્ત થશે ને જીવન જીવવા જેવું ત્યારે બની જશે. એ જ માનવધર્મનો પ્રબોધ અવધૂતશ્રીએ વૈષ્ણવધર્મીઓના પરમ ઉપાસ્ય સ્વરૂપ શ્રી રણછોડરાય પાસેથી ગેબી નાદરૂપે સાંભળ્યો છે, ને આપણ સૌને સંભળાવ્યો છે : સાંપ્રદાયિક સંકુચિત સંદર્ભ ખંખેરીને :



જગત્સુહૃદ્

રણછોડરાયના પ્રસાદરૂપ માખણમિસરીની મીઠાશથી તમારાં જીવન ભરી દો. માખણની મૃદુતા-કરુણા અને મિસરીની મીઠાશ-પ્રેમભાવથી તમારું વર્તન ઓતપ્રોત થવા દો. રણછોડરાયના મુગટના તપ્ત સુવર્ણ માફક તમારું જીવન સંયમાગ્નિમાં તવાઈ પરિશુદ્ધ બનવા દો. એના લલાટના ચંદનની માફક બીજાને માટે ઘસાઈને તમારા જીવનની સુગંધ ને સૌન્દર્ય ચોમેર પ્રસરી સર્વત્ર આહ્લાદનું વાતાવરણ જામી રહો. એના મુખની બંસરીની માફક તમારા મીઠા મુખમાંથી અહંશૂન્ય મધુર સંગીત ટપકવા દો, ને એના અમૃતશ્રવણથી દુ:ખદુગ્ધાને ચિંતામાંથી કરમાતી ને શેકાતી દુનિયાના જીવનમાં ઉલ્લાસ પ્રગટો. એની પુષ્પમાળાનાં સુવાસિત પુષ્પોની માફક તમારાં અંતર નિર્મળ ને પ્રફુલ્લિત બની પોતાની સેવાસુવાસથી દુનિયાને મઘમઘાવી મૂકો. એનાં ચરણમાં પડેલી તુલસીની માફક તમારાં જીવન વિનમ્ર બની જગતને તંદુરસ્ત અને બલપ્રદ નીવડો. એને ધરાવાતા ભોગની માફક દૈવવશાત્ જે કાંઈ આવી મળે તે વહેંચીને ખાતાં શીખો. એની આંખની સ્થિરતા ને નિર્વિકારતાથી તમારી દૃષ્ટિ ભરી દો. અસહ્ય અને અનંત ટાંકણાંના ઘા સહન કરીને હરકોઈ પરિસ્થિતિમાં સ્થાણુવત્ અડગ ઊભેલ એની નિતાન્ત નયનમનોહર ને આકર્ષક મૂર્તિની માફક તમારું

આખું જીવન દુનિયાનાં મહેણાંટોણાં ને ઝંઝાવાતો સામે અડોલ ઊભી બળીઝળી રહેલી દુનિયાને દૃષ્ટાન્ત ને આકર્ષણરૂપ બની રહો.



જગત્સુહૃદ્

ભગવાન શંકરાચાર્યના કેવલાદ્વૈત વેદાન્તનું અર્થઘટન પણ માનવતાપ્રેમ, સર્વપ્રાણીસમભાવના સંદર્ભમાં કરી પ્રાંતવાદ, ભાષાભેદ, પક્ષભેદ, ધર્મભેદ વગેરે વગેરે અનેક ભેદની ભૂતાવળના ભડકામાં હોમાતી માનવજાતને વિશ્વના મૂળમાં રહેલી એકતા અનુભવવાનો - અદ્વૈતનો સાક્ષાત્કાર કરવાનો અનુરોધ અવધૂતશ્રીએ કર્યો છે. ગુજરાત રાજ્યના સ્થાપનાદિનના એક સંદેશામાં આથી જ એમણે કહ્યું છે કે 'તમે બધાં અહર્નિશ એકબીજાના શ્રેયનું ચિંતન કરો. એક જ શરીરના ભિન્ન ભિન્ન અવયવોની માફક વિરાટ પુરુષના તમે બધા અંગ છો. બધાંનો આત્મા, અંગી એક જ છે, એની તમને અહોનિશ યાદ રહો. પરસ્પર એકતાની ભાવનાનું તમને બધાને સ્વપ્નમાંય વિસ્મરણ ન હો અને ફાવે તેવો પ્રસંગ ઉપસ્થિત થાય તોપણ તમારું બધાંનું હૃદય એક રહો !!'

આવો ધર્મ જ વ્યક્તિ અને સમાજને ધારણ કરી રાખે, છિન્નભિન્ન થતો અટકાવે, અધઃપતનમાંથી બચાવે, ઊર્ધ્વગામી કરે. ધર્મની આવી સમજ અને એનું મહત્વ પ્રગટે ત્યારે જ ધર્મના ઝઘડાની નિરર્થકતા સમજાય. ધર્મનું સાચું સ્વરૂપ જ એવું છે કે એનું આચરણ ઝઘડાને સ્થાને સંવાદિતા રચી આપે. ભિન્ન મતોને સાંધનાર વજ્રરસ તરીકે પણ આથી ધર્મને અવધૂતશ્રી ઓળખાવે છે. અખંડ સુખ અને શાંતિની અનુભૂતિનો એકમેવ રાજમાર્ગ ચીંધતાં પણ અવધૂતશ્રી કહે છે : ''ભૂતકાળ તમારા હાથથી સરકી ગયો છે, એને ભૂલી જાવ. ભવિષ્ય તમારા હાથમાં નથી, એ તમે જાણતા નથી. એની ભીષણ કલ્પનાઓથી કંપવાનું મૂકી દો ને નક્કર વર્તમાનનો બને તેટલો સારો ઉપયોગ કરી આનંદમાં મસ્ત રહો ! હરદમ પ્રભુની યાદમાં રહો, પ્રભુની યાદમાં રહો, પ્રભુની યાદમાં રહો!!''

દુઃખ, દૈન્ય, ભીતિ, કલેશ જેવી વૃત્તિઓ ચિત્તને ઉદાસીનતાનો ઓથાર ચાંપે ત્યારે એમાંથી નિર્મુક્ત થવા માટે પ્રાર્થનાને અમોઘ શસ્ત્ર, અવધૂતશ્રીએ, ગણ્યું છે. હૃદયમાં આશાની જ્યોત સતેજ કરી ભગ્નહૃદયમાં માનવીને ફરીથી કર્તવ્યપથે કટિબદ્ધ કરવાની અંતરના ઊંડાણમાંથી પ્રાર્થના ઉદ્ભવવી જોઈએ, એ એની શરત છે.

માનવસમૂહની નિગૂઢ શક્તિનો Harmonious અને

Progressive સંવિકાસ સાધવાનો સમય હવે પાકી ગયો છે, એવું અવધૂતજી સ્પષ્ટ સૂચન કરે છે. કેળવણીનું પરમ ઉદ્દિષ્ટ આ જ છે. વિશ્વમાનવ ને વિશ્વધર્મના સંદર્ભમાં વિચારતાં માનવધર્મની સર્વવ્યાપક તત્ત્વેષણા કરી ધર્મશિલ્પની આકૃતિ કેવી રીતે ઊપસે તેનું ઇંગિત અવધૂતજીનાં આ પ્રવચનોમાં સર્વત્ર છે. અવધૂતશ્રીએ માનવસંવિકાસ માટેની દિવ્ય પ્રક્રિયા હૃદ્ય વાણીમાં પ્રગટાવી સ્વાનુભૂતિની વાસ્તવની ભોંય પર એની ચરિતાર્થતા પ્રતિપાદિત કરી છે. પ્રસ્તુત કૃતિનું આ દૃષ્ટિએ વિશેષ મૂલ્ય છે. ખરે જ માનવજીવનના સાફલ્યની સહૃદયી સત્યદિશાની સમજ આપતા લોકસંગ્રહી ન્યારા સંતહૃદયના ઊંડાણમાંથી ઉદ્‌ભવેલી પરાવાણીનો સંગ્રહ છે, 'અમરઆદેશ'.



જગત્સુહૃદ્

આચમન :



જગત્સુહૃદ્

૨. નારેશ્વરનો નાદ

વ્હાલાં આત્મસંતાનો !

હરેક પળે, હરેક સ્થળે, હરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો. હરતાંફરતાં, ઊંઘતાંજાગતાં, ઊઠતાંબેસતાં કે કામ કરતાં એના સાન્નિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસે શ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો નસેનસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો !

રામ કહો કે રહેમાન કહો, ઈષ્ટ કહો કે ક્રાઇસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઈશ્વર કહો કે અલ્લાહ કહો, જિન કહો કે જિહોવાહ કહો, ગોડ કહો કે ગણેશ કહો, અઉર્મઝ્દ કહો કે આત્મમસ્ત કહો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પીવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો, મેરી કહો, મરિયમ કહો કે માતા કહો, કે બીજું કાંઈ કહો, પુલ્લિંગી, સ્ત્રીલિંગી કે નપુંસકલિંગી ફાવે તે નામથી એને પોકારો, જે કાંઈ છે તે એ જ છે. અનંત નામોમાં એ એક જ અખિલાધાર અનામી રહેલો છે ! અનન્ત રૂપમાં એ એક જ અરૂપી લપાયેલો છે !!

પર્વતોમાં એનું સ્થાણુત્વ નિહાળો, નદીઓમાં એની દયાર્દ્રતા અનુભવો, સૂર્ય, તારા નક્ષત્રોમાં એના ક્ષણે ક્ષણે નવીનતાભર્યા સૌન્દર્યની ઝાંખી કરો ! પ્રાણીમાત્રમાં એ હરતા ફરતા, 'સત્યં શિવં સુન્દરમ્' ને પિછાનો. જાતિજાતિમાં (species) એ અજાતને જોતાં શીખો ! તમારું સર્વ વાસ્તુ રોમરોમ એનાથી ભરી દો. તમારું બધું જીવન એના અસ્તિત્વથી ઓતપ્રોત બનાવો. તદ્રૂપ થાઓ-તન્મય બનો !!

હાથથી એના મંગલ કાર્યમાં સાથ દો. પગથી એના આશીર્ધામમાં ડગ માંડો. મુખથી એનું પુણ્ય નામ ઉચ્ચારો, શબ્દેશબ્દમાં એની મૃદુતાનો સ્પર્શ કરો !

એક શબ્દ પણ એવો ન ઉચ્ચારો જેથી એના વિશ્વસંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઉઠાવો, એક કર્મ પણ એવું ન કરો, જેં એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઊઠવા દો, એક શ્વાસ પણ એવો ન લો, જેથી એની વિશ્વશાન્તિમાં

તલપૂર પણ વિક્ષેપ ઊભો થાય !

અહંનો અંચળો ફેંકી દઈ એક નિર્દોષ નિરપેક્ષ નગ્ન બાળકની માફક, નિર્દંભ દિગંબર ડિંભની જેમ એની સમક્ષ ઊભા રહો. માગણની માફક હરગીજ નહિ ! 'આ આપ' 'તે આપ' ની વૃત્તિથી કદી નહિ. નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહો ને જુઓ શી મઝા આવે છે ! એના પગનો ફૂટબોલ થઈને ઊછળો ને જુઓ કે એના અનંત ઐશ્વર્યઆકાશમાં તમે કેવા ઊડો છો ! બાળકે ખાધુંપીધું કે નહિ, એ ઉઘાડું છે કે ઢાંકેલું, સ્વચ્છ છે કે ગંદુ, બીમાર છે કે તંદુરસ્ત - એ બધાયની ચિંતા એની માને છે, બાપને છે. બાળક થઈને રહો અને એની અમર હૂંફ અનુભવો ! જગત કે જગદીશ કોઈની પાસે માગણની કશી જ કિંમત નથી, કદાચ બટકું મળે તોપણ તિરસ્કારથી - પરાયાની બુદ્ધિથી. પણ નિર્દોષ બાળકને જોતાં જ દુશ્મનમાં પણ આત્મીય ભાવ પ્રગટ થાય છે, એ ખૂબ યાદ રાખો ! વિશ્વબાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઈ અશરણ અનાથની માફક ભિખારીવેડા શેં આચરો છો ? ઊઠો, જાગો અને તમારા સ્વયંભૂ હકની જાણ સાથે એ અનાદિ હકની-વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઈ બાળભાવે બાંગ પુકારો ને એની આંખ યાદમાં નિર્ભય નચિંત થઈ મસ્ત વિચરો ને તમારી જન્મજાત બાદશાહતનો ઉપભોગ લો !!



જગત્સુહૃદ્

सर्वे वैरविनिर्मुक्ताः परस्परहितैषिणः।
स्वस्थाः शान्ताः समृद्धाश्च सर्वे सन्त्वकुतोभयाः ।।

નારેશ્વર
કાર્તિક શુકલ નવમી
વિ. સં. ૨૦૧૪/૧૯૫૮ જગત્સુહૃદ્
૬૦મી રંગજયંતી રંગઅવધૂત

'દત્તયાગપદ્ધતિ'*



જગત્સુહૃદ્

અવલોકન :

પરમાત્માને ભજવાની અનેક પદ્ધતિઓ માણસ અપનાવે છે. વૈદિક કર્મકાંડની પદ્ધતિ પણ મનુષ્યની આવી જ કોઈ આંતરિક ભાવનાથી વિકસી છે, ફૂલી છે, ફાલી છે. હજારો વર્ષો વહી જવા છતાંય આ પદ્ધતિ અસ્ખલિત રીતે વહ્યા કરે છે. અને તેને અપનાવનારનું કલ્યાણ પણ થતું રહે છે. સોમયાગ, અશ્વમેધયાગ, રાજસૂય યાગ, વિષ્ણુયાગ, રુદ્રયાગ, ગણેશયાગ, ચંડીયાગ વગેરે અનેક યાગપદ્ધતિઓના માધ્યમથી ભિન્નરુચિ લોક સ્વહિત સધાય એવી કોશિશ કરે છે અને ક્રમમુક્તિના નિયમાનુસાર અંતે પરમ પુરુષાર્થ સાધે છે.

સંવત ૧૯૯૫માં રાજપીપળામાં પૂ.શ્રીનો પ્રાગજીભાઈની વાડીમાં મુકામ. પ્રાગજીભાઈ દર વર્ષે નવચંડી કરાવતા. પૂ. શ્રીની ઉપસ્થિતિમાં એ ધાર્મિક કાર્ય થાય એવી એમની ભાવના. એમણે એમના મિત્ર શિવપ્રસાદભાઈને વાત કરી. શિવપ્રસાદભાઈએ એક નવીન પ્રયોગ સૂચવ્યો. જેમ વિષ્ણુયાગ થાય છે તેમ દત્તયાગ પણ થઈ શકે. બન્ને મિત્રો પૂ.શ્રી પાસે પહોંચ્યા. જોશીજીએ રજૂઆત કરી કે જેમ વિષ્ણુયાગ થાય છે તેમ દત્તયાગ કરીએ અને આપે લખેલ દત્તાત્રેયની સહસ્રનામાવલિ છે તે દ્વારા લક્ષ આહુતિનો હોમ કરીએ. વિષ્ણુયાગ પદ્ધતિનું અનંતદેવરચિત પુસ્તક પણ પૂ.શ્રીને તે વખતે આપ્યું.

પૂ.શ્રી પુસ્તક ફેરવી ગયા અને બોલ્યા કે આમાં જેમ વિષ્ણુભગવાનનાં યંત્ર, આવરણ વ. છે તેવાં જ દત્તાત્રેય ભગવાનનાં યંત્ર આવરણ પણ છે, એમ કહી પ્રાચીન પરંપરાનાં એ યંત્ર, આવરણ વગેરે બતાવ્યાં. એ યંત્ર, આવરણ વગેરે લેવાં અને પ્રધાન હોમમાં પોતાની લખેલી સહસ્રનામાવલિ ન લેતાં પ.પૂ. વાસુદેવાનંદજીએ લખેલી દકારાદિ સહસ્રનામાવલિનો ઉપયોગ કરવો અને આમ પ્રથમ દત્તયાગ પ્રાગજીભાઈની વાડીમાં પૂ.શ્રી ની છાયામાં થયો. જઘડીઆમાં

---

૧. સંશોધક : રંગ અવધૂત, પ્રથમ આવૃત્તિ ૧૯૭૩, દ્વિતીય આવૃત્તિ - ૧૯૯૮, પ્રાપ્તિસ્થાન - નારેશ્વર. 'ચાક્ષુમતિ સ્તોત્ર', 'શ્રીદત્તમાલામંત્ર' અને 'શ્રીસૂક્તમ્' નાં પ્રકાશનોમાં પણ અવધૂતજીની સંશોધનશક્તિનો ઉન્મેષ પ્રગટ થયો છે.

બીજો દત્તયાગ પૂ. શ્રીની જન્મજયંતીએ નગીનભાઈ મોદીને ત્યાં થયો. ભક્તો એનો જ આગ્રહ કરવા લાગ્યા એટલે વેદોક્ત પ્રયોગનું સંશોધન કરવું જ રહ્યું એમ લાગ્યું.



જગત્સુહદ્

માર્કંડેયપુરાણમાં સહસ્રાર્જુનને દત્તાત્રેય ભગવાન પાસેથી વરદાન પ્રાપ્ત થયાં એ વાત આવે છે તે વખતે એવો ઉલ્લેખ પણ છે કે જે દિવસે સહસ્રાર્જુનને વરદાન પ્રાપ્ત થયાં તે દિવસે પ્રત્યેક વરસે તે દત્તયાગ કરતો અને તેને સમૃદ્ધ જોઈને તેની પ્રજા પણ દત્તયાગ કરતી.

એટલે નક્કી થાય છે કે દત્તયાગ પહેલાં થતા હતા અને એની પદ્ધતિ પણ હતી.

પહેલાં એ દત્તયાગ થયા તેમાં આવરણ, યંત્ર વગેરે દત્તનાં લીધાં હતાં અને બીજું વિષ્ણુયાગ પદ્ધતિ પ્રમાણે લીધું હતું, પણ તેમ ન કરતાં બધું જ વિષ્ણુયાગપદ્ધતિ પ્રમાણે લીધું હોત તોપણ ચાલત કારણ કે દત્તાત્રેય એ તો વિષ્ણુના અવતાર છે.

આમ યજ્ઞયાગાદિના ઉત્થાન જોડે દત્તાત્રેયનું નામ અત્યંત નિકટતાથી સંકળાયેલું જોવા મળે છે તેથી દત્તયાગપદ્ધતિની એ પ્રક્રિયા શોધી કાઢવામાં રસ પડતો ગયો.

સ્વયં ભગવાન એ કાર્ય કરવા બેસે. પૂ. અવધૂતજીને નિમિત્ત બનાવીને ત્યારે એ દત્તદિગંબરની પૂજાપદ્ધતિ, યાગની પદ્ધતિ વગેરે શોધી કાઢવામાં શી મુશ્કેલી પડે ?

પ.પૂ. સ્વામિમહારાજની પરંપરામાં દત્તમાલામંત્ર મળી આવ્યો અને તેમણે એ ક્યાંથી લીધો હશે એ ખોળતાં દત્તાત્રેય ઉપનિષદમાં તેનું મૂળ જડ્યું. હવે રહી એ પ્રધાન હોમના મંત્ર અગાઉ બોલવાના વેદોક્ત મંત્રોની વાત. તે પણ મળ્યા. ત્રિમૂર્તિના સૂચક આ ત્રણેય મંત્રો બધા જ વેદોમાં પ્રાપ્ય છે અને એ દત્તયાગ પદ્ધતિ ધીરે ધીરે પ્રત્યક્ષ થતી ગઈ.

ચંદ્રકાન્ત શુકલ, વિષ્ણુભાઈ શુકલે એ બધું વ્યવસ્થિત રીતે ગોઠવ્યું. શિવપ્રસાદજીએ એને પાનપોથી ઉપર સુંદર રીતે ઉતાર્યું. ગ્રંથ તૈયાર થયો. સં. ૨૦૧૦ માં રંગજયંતી પર નવાપુરમાં શ્રી ચંદ્રકાન્ત શુકલના આચાર્યપદે સૌ પ્રથમ વેદોક્ત દત્તયાગ થયો. એની નકલો થવા લાગી. કાશી, મહારાષ્ટ્ર, ઔરંગાબાદ વગેરે સ્થળે યાજ્ઞિકો દ્વારા સંમાન પામી એના પ્રયોગો થવા લાગ્યા. દેવલગાંવ રાજામાં પૂ. દત્તાત્રેય કવીશ્વર શાસ્ત્રીજીના પિતાશ્રી ભક્તરાજ પૂ. શ્રી ઢુંઢીરાજ શાસ્ત્રીજીની



જગત્સુહૃદ્


રૌદ્રશાંતિ સમયે ગુજરાતી વૈદિક યાજ્ઞિકો મારફત શ્રી શિવપ્રસાદજીના અગ્રેસરપદ નીચે દત્તયાગનો પ્રયોગ થયો. પૂ. શ્રી ગુલવણી મહારાજની રૌદ્રીશાંતિ સમયે પણ એ પ્રયોગ એ જ જોશીજી વગેરે ગુજરાતી શાસ્ત્રીઓની ઉપસ્થિતિમાં થયો હતો. મુંબઈ માધવબાગમાં પણ પૂ. શ્રીની છત્રછાયામાં પણ એ પ્રયોગ અતિ ભવ્યતાથી શતદલપદ્મકુંડ બનાવી યોજાયો હતો. શ્રી શિવપ્રસાદ જોષીજીએ વર્ષો પછી ગાણગાપુર મુકામે અવધૂત પરિવાર પાસે મંદિરના દરવાજે મંડપ રચાવીને દત્તયાગ કરાવેલો અને સદ્‌ગુરુશ્રી નૃસિંહસરસ્વતી મહારાજે યાગ સ્વીકાર્યાનો અહેસાસ આપ્યો હતો. મઠના પૂજારીએ તેમનો સત્કાર કર્યો અને પૂજ્ય પાદુકાજીની છાંટી પ્રસાદી ઓઢાડી હતી.

સહસ્રાર્જુન કાર્તવીર્ય નર્મદાકિનારે રાજ્ય કરતા હતા અને નર્મદાકિનારે જ એ દત્તયાગપદ્ધતિને પુર્નજીવન પ્રાપ્ત થયું એ પણ એક સુભગ સૂચક યોગ છે.

આ દત્તયાગપદ્ધતિમાં વેદોક્ત અને પુરાણોક્ત એમ બન્ને પ્રયોગ થઈ શકે તેવી પદ્ધતિ પ્રથમથી જ છે. આજે અવધૂત પરિવારમાં ને અન્યત્ર અનેક પ્રયોગ થઈ રહ્યા છે.



જગત્સુહૃદ્



અવધૂતદર્શન



જગત્સુહૃદ્

"દેહભાવે દાસ હું, જીવભાવે ત્વદંશ,
આત્મભાવે તું જ હું, થયો દ્વૈતનો ભ્રંશ."

– શ્રી ગુરુલીલામૃત' અધ્યાય-૧, દોહરો ૬૪

વ્યક્તિ અને સમાજ ઉભય પરત્વેની અવધૂતદૃષ્ટિનું આ દર્શન છે. જડ અને ચેતન સ્વરૂપ આ જગત ક્ષર, અક્ષર અને અક્ષરાતીત એવું ત્રિપરિમાણી છે. નાશવંત કે પરિવર્તનશીલ તે ક્ષર, અવિનાશી કે શાશ્વત તે અક્ષર અને આ બંને સ્વરૂપોમાં સર્જન-સંરક્ષણ-સંહારની ત્રિસત્તા ધરાવતું નિરાકાર સ્વરૂપ તે અક્ષરાતીત. અવધૂતજીએ જીવનસાધના દ્વારા સદ્‌ગુરુ અંતરયામીની કૃપા ભાળી લીધી અને અક્ષરાતીતમાં સ્વયં ભળી ગયા અને 'ભવે ભાવથી ભવ'ના અંતર-સ્ફુરિત સ્વ-ઉદ્‌ગારને ચરિતાર્થ થતો અનુભવ્યો.

અક્ષરાતીત અવધૂત આત્મક્રીડ આનંદસમ્રાટ રૂપે આપણને દર્શન આપે છે :

તટસ્થ શોભતો યોગી તટસ્થ ભાવના ધરી,
*કૂટસ્થ રૂપમાં જાણે સ્ફુટસ્થ ન્યાળતો હરિ.**

બાલવયથી જ મૈત્રી અને કરુણાના સંસ્કારનું સીંચન થયું છે એથી પોતે અવધૂતી મસ્તીમાં ઉન્મની થયા છતાં જગત સમસ્ત સાથેનો નાતો જગત્સુહૃદ્ તરીકેનો જ રહ્યો છે. કેવળ કૌપીનવંત છતાં બ્રહ્મ-ઓજસથી દીપ્તિમંત દેહષ્ટિ ધરાવતા અવધૂતજીની અકિંચન બાદશાહી મસ્તીનું દર્શન કરીએ :

ભઈ મતવાલી, પિયા કે દીદાર પાયે !
અંગ ભભૂતિ કટિ લંગોટી, બને બડે અવધૂતા,
શિરપે સોહે જટાલટૂરી,
જ્ઞાન કે નશે મેં ભોલે બન અલમસ્ત ધાયે ! - ભઈ૦૧
જંગલ છોડા બસ્તી છોડા, કિયા મસાણ નિવાસા,
ગૈયા કૂત્તે ખેલેં ચંગે,
માંગ લાન ટુકડે બાબા શૌકસે ખિલાયે ! - ભઈ૦૨

* જુઓ : 'અવધૂતદર્શન', કર્તા : મોતીસિંહ જેઠાભાઈ કવિ, પ્રકાશન ૧૯૪૩

ઝગમગ જ્યોતિ બહે નૈનસે ફીકા સૂરજ ચંદા,
ઝોલી ઝંડા કછુ નહિ ફંદા,
નિરંજન નિર્ભે સાધો અલખ કહાયે ! - ભઈ૦૩
ધરતી કા તો બના સિંહાસન, છત બાદલ તરુ ફૈલા;
મારુત મંદા ચમર ડુલાવે,
*બૈઠા બાદશાહા 'રંગ' અજબ દિખાવે ! - ભઈ૦૪**



જગત્સુહૃદ્

વીસમી સદીની આધ્યાત્મિક સાક્ષાત્કારી વિભૂતિઓમાં અવધૂતજી મોખરે શોભે છે. પૂ. રામકૃષ્ણ પરમહંસ, પૂ. સ્વામી વિવેકાનંદ, મહર્ષિ રમણ ભગવાન, મહર્ષિ અરવિંદ, શ્રી શ્રી આનંદમયી માઁ, મહાત્મા ગાંધી, સ્વામી રામતીર્થ, જે.કૃષ્ણમૂર્તિ, પૂજ્યશ્રી મોટા, પૂ. નિત્યાનંદ અવધૂત, પૂ. સત્યસાંઈબાબા આદિ પ્રજ્ઞાવંત વિભૂતિઓએ જીવનશ્રેયના પોત-પોતાના પથનું દર્શન કરાવ્યું છે. એ રીતે અવધૂતજીએ પણ પોતાની જીવનયાત્રાને 'અનાર્ય'માંથી 'આર્ય'ની યાત્રારૂપે સૂચિત અર્થમાં ઓળખાવીને, સ્વરચિત ઉન્મની ઉદ્‌ગારો આપણને સંપડાવ્યા છે. આ અગાઉના બંને પ્રકરણોમાં સાધનાપથિક અને સારસ્વતની ભૂમિકાઓને સમજવાનો આપણે પ્રયત્ન કર્યો છે. અહીં એ સમજના સારરૂપે અવધૂત-વિચારધારાનું દર્શન ગ્રહણ કરીને એનું આચરણ કરવા માટે કૃતનિશ્ચયી થઈએ.

અવધૂતજીનું દર્શન અદ્વૈત-વિચારનું પુરસ્કર્તા છે. જીવ-શિવનું દ્વૈતદર્શન મોહનું કારણ છે. અઘટિતઘટનાપટીયસિ માયાનો એ ખેલ છે. એથી મોહ છૂટે તો જ જ્ઞાનનો પ્રકાશ લાધે. આ દર્શનની પરંપરા જગદ્‌ગુરુ શંકરાચાર્યજીએ પ્રતિષ્ઠિત કરી હતી. તેથી અવધૂતજી એ દ્રષ્ટાને શરણાંજલિ અર્પે છે : ''મોહાસુરપ્રમથનાય ધૃતાવતારં / તં શંકરં પરમહં શરણં પ્રપદ્યે ।卐 એ જ રીતે 'અવધૂતગીતા'માંથી અવધૂતજીએ 'સમરસત્વ'નું દર્શન આત્મસાત કર્યું છે : 'સમરસત્વ'માં અદ્વૈતથીય મૂઠી

---

* જુઓ : 'અવધૂતી આનંદ' (આવૃત્તિ ૧૦મી) પૃ. ૧૬૬, ભજન, ક્રમાંક ૧૮૦

卐 જુઓ 'રંગહૃદયમ્' (આવૃત્તિ ત્રીજી) પૃ.૨ સ્તોત્ર ૨ 'મંગલમ્'



જગત્સુહૃદ્

ઊંચેરી ભૂમિકા અવધૂતજીએ અનુભવી છે* સ્વપ્રજ્ઞાથી આ બે વિચારધારાનું અવધારણ કરી પોતાનો આચાર જીવનભર એમણે ગોઠવ્યો હતો. ભારતીય સંસ્કૃતિના શાસ્ત્રગ્રંથોમાં અંતર્નિહિત સનાતન જ્ઞાનતત્ત્વની પ્રખર પ્રતિષ્ઠા સ્થિર કરવી, એને એમણે પોતાનું સહજ કર્મ ગણ્યું હતું. સામાજિક જીવનની પરિવર્તનશીલતા સાથે એમણે સંઘર્ષ નહીં, સંવાદની ભૂમિકાએ જ વ્યવહારો રાખ્યા છે; શંકરાચાર્યજીના અદ્વૈતદર્શનને સાંપ્રત સમયના પરિપ્રેક્ષ્યમાં વિનિયોજી સર્વકાલીન જીવનનિષ્ઠાનો મર્મ ચીંધ્યો છે. પ્રસંગ હતો, ગુજરાત રાજ્યના સ્થાપનાદિનની ઉજવણીનો. એ નિમિત્તે તેમણે સંદેશો પાઠવ્યો છે : ''આજે ભગવાન શંકરાચાર્યની જન્મજયંતી છે. આવા પવિત્ર અને મંગલટાણે ગુજરાતના નૂતન રાજ્યનું સર્જન થાય છે, એની પાછળ કોઈ ઈશ્વરી સંકેત હોય એમ લાગે છે. ××× ભગવાન શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન એટલે કેવાલાદ્વૈતનું તત્ત્વજ્ઞાન, અદ્વૈતનો - અંતરઆત્માની એકતાનો સંદેશ. જ્યાં દ્વૈત છે, ભેદભાવ છે, ઊંડે ઊંડે પણ મારાતારાની લાગણી છે, ત્યાં દુઃખ-દારિદ્રય, ભીતિ, શોક, મોહ, અવિશ્વાસ વગેરેનું વાતાવરણ છે, જ્યાં અદ્વૈતનો અનુભવ છે, એકત્વની ભાવના છે, આપપરાયાની પ્રતારણાના આભાસનો પણ અભાવ છે ત્યાં આબાદી, આનંદ અને સુખસમૃદ્ધિનું સામ્રાજ્ય છે. અને દેશને અને વિશ્વને સારાયને અત્યારે કોઈ તત્ત્વની વધારેમાં વધારે જરૂર હોય તો તે અદ્વૈતની છે. માનવમાત્રમાં રહેલી એ આત્માની એકતાના સાક્ષાત્કારની છે.

આજે જ્યાં જુઓ ત્યાં ભેદભાવની - પ્રાંતભેદ, ભાષાભેદ, પક્ષભેદ, ધર્મભેદ વગેરે વગેરે અનેક ભેદોની - ભૂતાવળ ભડકા કરી માનવજાતને ભડકાવી રહી છે. જગ આખુંય આજે ચકડોળે ચડ્યું છે. એમાંથી

---

* પાંડુરંગ વળામે ગોધરાનિવાસી બાલમિત્ર ચંદ્રશંકર શુકલને તેના લગ્નપ્રસંગે ઉપનિષદનો એક ગુટકો ભેટ મોકલાવે છે. તે ભેટ પરનું લખાણ આવું છે : ''feeling, as I do, that practical vedant is the only way to salvation, this book is presented to Mr. C.P. shukla by me at the time of his marriage as a token of sincere love I feel for him." (જુઓ : શ્રી રંગપત્રમંજૂષા-પત્રક્રમાંક ૨૧ આ લખાણ અવધૂતજીની ૨૧ વર્ષની વયે પાંડુરંગની પૂર્વાશ્રમની ભૂમિકાએ થયું છે, તે વયથી જ વેદાન્તને વ્યવહારુ પરિપ્રેક્ષ્યમાં ઝીલી જીવનમુક્તિની ઝંખના અહીં મૂર્ત થાય છે, એ નોંધપાત્ર છે. (સંપાદકો)

ઉગરવાનો કોઈ આરો હોય, તો તે આ વિશ્વના મૂળમાં રહેલી એકતા અનુભવવાનો - અદ્વૈતના સાક્ષાત્કારનો છે. સપાટી પરના સ્થૂલ ભેદો તો રહેવાના જ. એની બાહ્ય વિભિન્નતા સૃષ્ટિની ખૂબી છે. એ આભાસિક ભેદો ભાંગ્યા ભંગાવાના નથી, તોડ્યા તોડાવાના નથી, ભૂંસ્યા ભૂસાવાના નથી. પણ એની પાછળ રહેલી અભંગ એકતા પિછાની જીવનમાં ઉતારવી એટલી બધી મુશ્કેલ નથી.



જગત્સુહૃદ્

ભિન્ન રંગનાં પુષ્પોની માળાને એકત્ર રાખનાર અંદર છૂપાયેલા દોરાની એકતા તરફ લક્ષ રાખીને, એ રંગબેરંગી પુષ્પોના સૌન્દર્ય ને ખુશબોને માણવાનાં છે. ××× એકતાની ભાવના અંતઃકરણમાં જાગ્રત કરી ×× તમે બધાં એક બીજાનાં પૂરક બનો, એકબીજાનાં સુખદુઃખોમાં સાથે ઊભાં રહો, એકબીજાની અડી અડચણોમાં માત્ર લૂખી હમદર્દી નહીં, પણ જીવંત, સક્રિય સાથ આપો, અને પરમાત્માએ આપેલી સાધનશક્તિ ને ભક્તિ સાથે એકબીજાની વહારે દોડી જાઓ ને આ વિષમય ગણાતા સંસારને એક રસાળ, સુંદર અને અમૃતમય બગીચો કરી મૂકો, એવી મારી અંતરની પ્રાર્થના અને આશિષ છે.''*

અદ્વૈત એટલે પ્રેમભર્યો સંવ્યવહાર એવી વિભાવના, આમ, અવધૂતજીએ અહીં, સ્ફુટ કરી છે. નામ કામ અને દામનું દિવાનાપણું છોડીને અદ્વૈતાનુભવ માટેની સાચી લગની હોવી જોઈએ, એવું સમજાવતાં એક દૃષ્ટાન્ત આપતા : 'તમે જ્યાં બેઠા છો તે જગ્યાએ નીચે પાણી તો છે જ, પણ એ મેળવવાની લગની હોય અને ધીરજપૂર્વક ખોદકામ કરવાની તૈયારી હોય તો જ પાણી મળવાનું, બાકી તો થોડું ખોદ્યા પછી પાણી ન નીકળે ને બીજે ખોદવા મંડીએ ને એમ વારંવાર ઓછી લગને ઓછી ધીરજે જગ્યાઓ બદલતા રહીએ તો પાણી કેવી રીતે મળવાનું ?!

લગની ને ધીરજની આડે આવતું મન છે. એને 'દો દિનની ચમન દિવાલી'♦નું ખેંચાણ રહે છે. પરંતુ દુનિયા તો આ મનનું મટકું છે ! નિદ્રાનું મોહક સ્વપ્ન છે. એક દિન બધું છોડી દઈને મૃત્યુને વ્હાલુ કરવાનું છે, ગોરું ગુલાબી ચાંદ જેવું મુખડું ક્ષણેક્ષણ કરમાતું હોય છે; મખમલ ગાલીચા ને ચંદન-ખાટનો વૈભવ છોડવો જ પડે

---

* જુઓ : 'અમર આદેશ' પૃ. ૯૭-૯૮, આવૃત્તિ પમી.

♦ જુઓ : 'અવધૂતી આનંદ' પૃ. ૬૩, પૃ. ૬૫,



જગત્સુહૃદ્

છે ! કોમળ કાયા ચિતાનલમાં ભડભડ બળવાની છે ! અંદર-બાહિરનો આપણે વિચાર કરતાં શીખવું જોઈએ. એથી વિવેકનો ઉદય થાય, વિરક્તિનું વલણ વિકસે. સદ્‌ગુરુને પાયલાગણ આ માટે અ-નિવાર્ય, તેથી તન-મન-ધનનું અભિમાન છોડવું જોઈએ. જીવનમુક્તિનો સહજ આનંદ ત્યારે જ અનુભવવા મળે. પણ મન તો અળવિતરું છે. હા અને ના વચ્ચે એ હૃદયને ઝોલાં ખવડાવશે* પણ લગની હશે તો જ સજાયાની તીક્ષ્ણ ધારે ચઢી શકાશે. આ 'જીવતાં મૃત્યુ લાધવાનો' માર્ગ છે. મન જીતીને મનાતો 'મૃત્યુનો સાદ' અનેરો અનુભવાતો લાગવાનો.

વિદ્યા વિનય સંહારે તો તેવી વિદ્યા 'ભૂત'યોનિ જેવી મલિન કહેવાય અને પીડાકર બને ! વિદ્યાથી તો 'ભાન' આવવું જોઈએ. એ 'ભાન' એટલે દેહમંદિરમાં દેવ બિરાજે, અનહદ વાજાં વાગેજી !* / ''ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત ! / નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત !!''* / ''રમે રામ સહુ ઘટ વિષે, રહીમ દયાઘન એ જ / હિન્દુ મુસલમીન કાં લડો ! રંગ નૂર તે તેજ !''*

વિદ્યાસંસ્કારથી ગર્વ-અહંકાર વધતો લાગે તો મનનું માન હેઠું પાડવા માટે પરમાત્માભિમુખ દૃષ્ટિ કેળવવી જોઈએ. સામાન્ય રીતે આપણે સૌ અવસ્થા દૃષ્ટિમાં જીવીએ છીએ, વ્યવહાર કરીએ છીએ અને પ્રતિક્રિયા એમાં નિયત તત્ત્વ બની જાય છે. રુચિ-અરુચિ કે ઉદાસીનતા / ઉપેક્ષા રૂપે પ્રતિક્રિયાઓ પ્રકાશતી આપણે જોઈ શકીએ, જરા 'ભાન'થી અંતરમાં ડોકિયું કરીએ તો ? અંદર ગોતું લગાવતાં તત્ત્વદૃષ્ટિનો ઉદય થવાનો જ, એવી પોતાની આત્માનુભૂતિ હોવાથી શ્રવણ, મનન અને નિદિધ્યાસનની સાધનાપ્રક્રિયા અવધૂતીરીતિએ તેઓશ્રી ઉદ્‌બોધે છે :

''વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ વાંચવા જો ચાહના,
*વાંચવું ન અન રહે, મિટે સમૂળ વાંછના !**

વિશ્વગ્રંથ એટલે જગત રૂપી ગ્રંથ. જડ - ચેતન સ્વરૂપના અનંતવિધ આવિષ્કારો. એને વાંચવાના એટલે નિરીક્ષવાના. પંચજ્ઞાનેન્દ્રિયોની ભિન્ન ભિન્ન ક્રિયાઓને માટે આપણે ભિન્ન ભિન્ન શબ્દ-સંકેતો રચેલા છે : જેમકે આંખ જુએ (વાંચે), કાન સાંભળે

* જુઓ : 'અવધૂતી આનંદ' પૃ. ૭૦, ૧૩૪, ૧૪૨, ૧૪૩, ૧૪૫ (આવૃત્તિ-૧૦મી)

(વાંચવાનું સાંભળીને પણ થાય), નાક સૂંઘે, જીભ ચાખે અને ત્વચા સ્પર્શે અવધૂતજીએ કવિકર્મથી આ બધા ભિન્ન ભિન્ન ક્રિયાસંકેતોને એક જ સંકેત - 'વાંચ'માં ગોપિત કરી દીધા છે. જ્ઞાનેન્દ્રિયોની તેમના વિષયો પરત્વેની મન-ચિત્ત-બુદ્ધિ અને અહંકાર દ્વારા રહ્યા કરતી દોસ્તી ઇચ્છાઓનો વસતીવિસ્ફોટ કર્યા કરે છે ! પરિણામે પ્રતિક્રિયાઓમાં આપણી અખંડ ચેતના ખંડ-ખંડમાં વિભક્ત રહે છે; અવસ્થાદૃષ્ટિનો આ આતંક છે. અંતરમાં ડોકિયું કરવાથી આ આંતરિક આતંકની ઓળખ થવા માંડે છે ને 'મિટે સમૂળ વાંછના'ની એટલે કે નિરીચ્છની ભૂમિકામાં હરકોઈ પોતાને લાવી શકે છે. સ્વજાગૃતિથી જગતનું નિરીક્ષણ (શ્રવણ), જગતના આવિષ્કારોનું મનન અને જગતના વિવિધ-વિભિન્ન આવિષ્કારોને ઓળખનારા આત્માની અનુભૂતિ (નિદિધ્યાસન) લેવા માટે અવધૂતજી કહે છે : દૃષ્ટિ ફેરવી વિલોક, રંગ એહ અવનવા / મેઘધનુષ સમ મૂળ એક રૂપ, જૂજવાં !''



જગત્સુહૃદ્

'શ્રીગુરુલીલામૃત'માં જ્ઞાન, કર્મ અને ઉપાસનામૂલક ચરિત્ર-દૃષ્ટાન્તો નિરૂપીને મનોજય માટેની જ જિકર ચીંધી છે. રાજવી અલર્કને એની ઉદ્વિગ્ન વિવશ ચિત્તસ્થિતિમાંથી ઉગરવા માટેનો દત્તપ્રભુએ ઉપદેશ આપ્યો હતો. તેનું વિશદ કથન કરતાં અવધૂતજીએ મનોજયનું મહત્ત્વ અને મનોજયની સાધનાનું દર્શન આમ કરાવ્યું છે :*

માની મજૂર ઇન્દ્રિયો, કરાવવું નિજ કામ,
સાવધાન ઉપર રહી, અખંડ આત્મારામ.
જેમ મુકાદમ મજૂર પર રાખે ધનિક સુજાણ,
તેમ ઇન્દ્રિયો પર નકી મન મુકાદમ જાણ.
થાએ ના ઉદ્દામ એ, મજૂર ઇન્દ્રિયો તેમ,
કરે બતાવ્યું કામ, ના પડે પ્રમાદે એમ.
વિત્ત મુકાદમને વધુ આપી અન્યથી જાણ,
રાખે ખુશ સદા સુધી, તેમ અહીં પણ માન,
પ્રસન્ન મન રાખે સદા, આપી ઉચ્ચાનંદ,
જોડી મદ્રૂપે નકી, ત્યજી વિષયની ગંધ.
મન માગે સુન્દર અતિ ! મન્મૂર્તિથી તેમ,
ના સુન્દર કોઈ વધુ, જાણ ત્રિભુવને એમ !!

* જુઓ : 'શ્રીગુરુલીલામૃત' જ્ઞાનકાંડ, અધ્યાય-૪૦ (દોહરા ૯૨ થી ૯૯)

માટે જોડે એહને, વારંવાર સુજાણ,
મોહક મદ્રૂપે નકી, ઠરે તોજ એ માન.
થાએ સિદ્ધિ યોગની, થાય મુક્ત નર એમ,
સગુણકમે નિર્ગુણ મહીં, થતાં મનોલય તેમ !!



જગત્સુહૃદ્

મનની પ્રસન્નતા માટે પ્રભુપરાયણતા ખીલવવા પર અવધૂતજીનો ભાર છે : 'સબ સૂત્ર પ્રભુ કે હાથો હૈં'* એવો દૃઢતાપૂર્વકનો નિશ્ચય કેળવવો જોઈએ. દુઃખનાં રોદણાં રડનારને દુનિયા દિલથી સાથ નહિ આપે, હસતાની સાથે જ દુનિયા તાલ મિલાવશે. દુનિયાની આવી તાસીર દર્શાવી પુનરુચ્ચાર કરે છે કે "પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં, ઈકતાર નિહાર ફિરો મનુવા / દિન સૂરજ રાત શશી તારે, સબ રંગ બિરંગ વહી પ્યારે !"*

અને, છતાં, મન મર્કટ જેવું નિત નિત નૂતન ડાળીએ હૂપાહૂપ કરતું રહે તો નામસુધારસ એને ચખાડવાનું પણ સૂચવે છે. 'આપ મહીં સમરસ' થવાની પ્રક્રિયા લેખે સંતમહંતોએ આ ભજનસુધારસ પીધો છે, એની ગવાહી પોતે આપે છે. સત્ત્વ, રજસ અને તમસની ત્રિગુણાત્મક વૃત્તિઓમાં ઘેરાયેલું મન ભલે ઠરી-ઠામ થતું ન લાગે ! આત્મ-કાનુડા સાથેનો એ દડા-ખેલ રમતાં 'મન ચલે તો ચલન દે' એવી ધરપત રાખવાનું અવધૂતજીનું દર્શન ભાવે એવું છે ! મિત્ર મોદીજીને 'તપસી'નો સંકેત આપી મનોજયનું દર્શનજ્ઞાન આપણ સૌને આપે છે : પ્રથમ તન સ્થિર રાખો એટલે કે સ્થિરાસન થાઓ. મન ભટકે તો એની ભટકણ નિહાળ્યા કરો. એ નિહાળનારને ભીતરમાં નિહાળવાનોય પ્રયત્ન જારી રાખો. કવિતાની ભાષામાં અવધૂતજીએ આ સાધનાપ્રક્રિયાને રૂપક આપીને વર્ણવી છે :*

ગિલ્લી દંડા ખેલ ચલાયા,
ગિલ્લી ઊડે આભ,
ગિરત ગિરત ફિર દંડા મારા,
ફિર ફિર ઊડે આપ.
મન મરકટ નિશદિન ભટકત હૈ,
ભટકત ભટક સ્થિર આપ,
ગોલી સુરત બેહોશ બનાકે,
તદાકાર કર થાપ.

---

* જુઓ : 'અવધૂતી આનંદ' પૃ. ૧૮૨ અને ૩૬ ભજનક્રમાંક ૨૦૫, ૨૨ અને ૩૮ આવૃત્તિ ૧૦મી

સુરતાનુસંધાન માટે ધ્યાન-અભ્યાસ, વિરતિશીલ વ્યવહાર અને સદ્‌ગુરુનું શરણસેવન એવી અ-નિવાર્ય દિનચર્યાનો આગ્રહ અવધૂતજીએ રાખ્યો છે. મનનાં મૂળિયાં આવી દિનચર્યાથી નિર્મૂળ થશે જ, એવી અવધૂતજીની બાંહેધરી છે. નિરીચ્છ મનમાં સ્પંદનો ઊઠે ખરાં, પણ એ નિરપેક્ષ નિઃસંકલ્પ મનોભૂમિકામાંથી ઊઠતાં હોવાથી વૃત્તિ ખેચરી (નિરાલંબ) થઈ હોવાથી નામ-રૂપનું વિસ્મરણ થયેલું હોય છે. એથી જ એની ગતિવિધિનું વર્ણન કરતાં કવિતાની ભાષામાં બોલે છે. ''ઊર્મિ ઊઠે જરી બ્રહ્મસાગર મહીં, ફેલતાં ફેલતાં નષ્ટ થાએ !''*



જગત્સુહૃદ્

માટે પાયાની વાત, આ સ્વપ્નાની માયા સઘળે વિસ્તરેલી છે, જૂઠીબાજી બાજીગરની છે, એવું મનને શીખવાડવાની છે. 'અસલ ઘર'ની શોધમાં એને જોતરવાનું છે. એ 'અસલ ઘર' એવું અનોખું છે કે ત્યાં નિરંતર ''મેવા, મિઠાઈ, દરાખ, દાડમ, કેળ અને ચંદનવૃક્ષની મનભાવન સંપત્તિ છે. એ ઘરમાં 'બાલમુકુન્દ'નો નિવાસ છે. અને સુખદ આશ્ચર્ય તો એ છે કે એ ઘરમાલિક તો આપણી કેડે જ બેઠેલો છે ! અને છતાં એની ગમ નથી પડતી, એ આપણો મોટો દોષ છે. એને દૂર કરવાનો છે, અન્યના દોષોને નહીં.

સમાજસંબદ્ધ આપણું અસ્તિત્વ છે; ને એથી એની સાથેનો નાતો તો નિભાવવાનો જ હોય, પણ 'દૃષ્ટિ ફેરવી'ને, દોષ દૃષ્ટિથી નહીં. ગુણદૃષ્ટિથી સમરસભાવે જીવાય તો એની મઝા-મ્હેક જીવનને ભર્યું ભર્યું રાખે છે. આ માટે સ્વજીવનના નિષ્કર્ષરૂપે સૂત્રદર્શન આપ્યું છે : 'परस्परदेवो भव।'卐 ગુણદૃષ્ટિએ વ્યક્તિ-સમષ્ટિની કદરદાની કરવી, એ પ્રત્યેક સંસારીની ફરજ છે. જો તેને સ્થાને દોષદૃષ્ટિએ રાગદ્વેષથી પીડાઈને કપટવૃત્તિથી ટીકાઓ ને દંભીવ્યવહાર કરતા રહીએ તો સમાજજીવનના સંવાદસુખનો જાણ્યે-અજાણ્યે ભોગ લેવાઈ જાય છે ! એથી અવધૂતજીએ વત્સલભાવે પુનરુચ્ચારો કરીકરીને ધ્યાન ખેંચ્યું છે

---

* જુઓ : 'અવધૂતી આનંદ' પૃ. ૨૪, ભજન ક્રમાંક ૨૨, આવૃત્તિ ૧૦મી

卐 જુઓ : (૧) પરસ્પરદેવો ભવ' (એક કીર્તન) લે. વિઠ્ઠલભાઈ જ. પાઠક (કીર્તનકેસરી) આવૃત્તિ વિ.સં. ૨૦૫૫

(૨) 'અમર આદેશ' વિવરણ : લે ડૉ. ધીરુભાઈ જોષી

(૩) 'રંગસત્સંગ' : લે ડૉ. દેવદત્ત જોષી (પૃ. ૬)

(૪) જુઓ : અર્ઘ્ય વિશેષાંક, દત્તમંદિર, ગાંધીનગર, લે. ડૉ. સુભાષ દવે, નારેશ્વરનો નાદ, જૂન-૭૮, લે. પ્રો. દિનેશ પાઠક.



જગત્સુહૃદ્

કે ''એકબીજાને આશીર્વાદ આપો, અભિશાપ નહિ. ભલું ઇચ્છો, ભૂંડું નહિ. રૂડું કરો, કૂડું નહિ. એકબીજાના પોષક બનો, શોષક નહિ. તારક બનો, મારક નહિ. ઉપકારક બનો, અપકારક નહિ. ×× પ્રત્યેક પ્રતિ સહિષ્ણુતા કેળવો, વિદ્વિષતા નહિ. ×× કરો તો સત્કર્મ, દુષ્કર્મ નહિ. વાંછો તો સર્વકલ્યાણ વાંછો, માત્ર સ્વકલ્યાણ નહિ !''*

ગુણદૃષ્ટિ કેળવવા માટે વ્યક્તિએ પોતે ચિત્તશુદ્ધિ કરવી જોઈએ. સામાન્યતઃ સમાજવ્યવહારમાં મીઠાશ રાખવાનું આમ તો વલણ સૌ કોઈનું (થોડાક પરપીડનવૃત્તિ ધરાવનારાનો અપવાદ તો મળી આવવાનો) હોય છે. પણ ઝીણી નજરે અવધૂતજી દર્શન કરીને આપણું ધ્યાન ખેંચે છે : ''મુખથી જ સદા સાકર ઘોળી કાગળ પર શાહી બધી ઢોળી / ખાધા વિશ્વાસુ જનો ફોલી, એવા મ્હોં-શૂરામાં રામ નથી !''卐 પરમાત્માનું ઢોંગને ખાતર નામ લે ને હાથમાં માળા લે, અને એની અંદર કોઈ પણ જાતનું પથ્ય કે ચરી પાળવામાં ન આવે તો એ બધો પ્રપંચ જ છે. યમિન અને શમિન થઈને બીજાને માટે તન-મન-ધન (આત્મશ્રી સાથે)નો યથાશક્તિ ઉપયોગ કરાય તો તે સદુપયોગ કહેવાય 'परार्थे यजिनः सदा' એ અવધૂતજીની ઉક્તિનો આવો મર્મ પોતે જ ખુલ્લો કરીને લોકૈષણાનો પણ લોભ છોડવાની શીખ આપી છે.

ઈશ્વરપૂજન એટલે શું ? અવધૂતજી કહે છે કે 'આપણને આપેલી કોઈ પણ શક્તિથી, કોઈ પણ વસ્તુથી કોઈ પણ પ્રાણીની આંતરડી ઠારીએ એ જ સાચું ઈશ્વરપૂજન છે. ધન, વિદ્યા, સશક્ત શરીર જે કંઈ ઈશ્વરદત્ત આપણી સંપત્તિ છે તેનો પરમાત્માપ્રીત્યર્થે પ્રાણીમાત્ર માટે વિનિયોગ કરવો, એ પરમાત્માનું પૂજન જ છે, ઉપકારબોધને ઉજાગર રાખવા માટેની વિચારધારાને આગળ વધારે સ્પષ્ટ કરતાં કહે છે ''*આપણને જે કંઈ મળ્યું છે એ આપણા એકલાના પુરુષાર્થથી નથી મળ્યું તમે એક સામાન્ય વિચાર કરશો કે કોઈ પણ વ્યક્તિ મોટી થઈ તે કેવી રીતે થઈ ? એ જન્મ્યો ત્યારથી માનું ધાવણ એને ન મળ્યું હોત તો એ શું આગળ જાત ? આડોશી-પાડોશીની સહાનુભૂતિ ન હોય તો એ શું આગળ જાત ? તમે આ દીવો કર્યો. એ દીવાની

*જુઓ : 'અમર આદેશ' (આવૃત્તિ પમી) પૃ. ૧-૨ આ ઉદ્બોધનનું અંગ્રેજી પ્રસિદ્ધ છે.

卐અવધૂતીઆનંદ ભજન ક્રમાંક ૬૪ પૃ. ૫૫ (આવૃત્તિ ૧૦મી)

અંદર જ માનો કે મેં આ બહુ પુણ્ય કર્યું. એક માટીના કોડિયાના દીવાની વાત કરું છું. માટી ખોદનારનો પણ એમાં હિસ્સો છે. કોડિયું બનાવનાર કુંભારનો પણ એની અંદર હિસ્સો છે. કોડિયાં બજારમાંથી લાવનાર ગધેડાનો પણ એમાં હિસ્સો છે. તમે બે પૈસા આપો એટલે કંઈ થતું નથી. આટલું કર્યું તેની અંદર કપાસ વાવનારનો પણ હિસ્સો છે. પીંજનારનો પણ હિસ્સો છે. દિવેટ બનાવનારનો પણ હિસ્સો છે. એની અંદર ઘી આવ્યું તેની અંદર જેની ગાય તેનો પણ હિસ્સો છે. તેને ઘાસ ખવડાવનારનો પણ હિસ્સો છે. એટલે આપણે જે અત્યારે છીએ તે અનેક લોકોની સહાય લઈને બન્યા છીએ. એથી આપણે જે મેળવવીએ છીએ તે આપણા એકલાના પ્રારબ્ધનું નથી. ×× હજારો લોકોનું પ્રારબ્ધ રહેલું છે. માટે તે બધાને આપણાથી બને તેવી રીતે મદદ કરવી, સહાય કરવી, એ એક મોટો યજ્ઞ છે. તમે બધા યજ્ઞ કરનારા થાઓ.''



જગત્સુહૃદ્

પ્રાચીન યજ્ઞવિધિકર્મને આમ અવધૂતજી આધુનિક પરિપ્રેક્ષ્યમાં મૂકીને ભારતીય સંસ્કૃતિની વિચારધારામાં અંતર્નિહિત શાશ્વત મૂલ્યોનું દર્શન આપણને કરાવે છે, એ આપણે ધ્યાનમાં લઈએ.

સદ્‌બોધવિચાર સૌ કોઈ બુદ્ધિથી સ્વીકારે છે, પણ સ્વજીવનમાં તેનો આચાર રચવામાં લાચારીના ભોગ મોટા ભાગના બની જતા હોય છે, એવો આપણો અનુભવ રહે છે ! બુદ્ધિથી ગ્રહણ કરાયેલા સદ્‌બોધની આડે ગળથૂંથીગત સ્વાર્થબુદ્ધિ જ કદાચ મોટું વિઘ્ન બનતું જણાય છે. સ્વાર્થબુદ્ધિના મૂળમાં ભયવૃત્તિ રહેલી છે. એથી એને નિર્મૂળ કરવાનું લક્ષ્ય કેળવવાનું છે, એમ અવધૂતજીના વિચારદર્શનમાંથી સૂચિત થાય છે. ભયવૃત્તિની અભિવ્યક્તિ ચિંતાદ્વારા ઇચ્છા-અનીચ્છાએ થાય છે, એ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાની ઓળખવાળા અવધૂતજી તેથી જ પ્રાર્થનાઉદ્‌બોધન કરે છે : ''ધાર્યું તે થાવાનું મારી વ્યર્થ કાં પછાડ ? / વ્હાલા, વ્યર્થ કાં પછાડ ?/ તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ !!'' (અવધૂતી આનંદ - ભજનક્રમાંક ૨૧૯, પૃ. ૧૯૨ આવૃત્તિ ૧૦મી)

'તારે શરણે' એટલે કોને શરણે ? અવધૂતજીના સમગ્ર અક્ષર-આરાધનલોકમાંથી પસાર થઈએ એટલે આ પ્રશ્નનો એક જ ઉત્તર મળે સદ્‌ગુરુના શરણે ! સદ્‌ગુરુ કોણ ? અને કયાં ? આ બે પ્રશ્નોના દિશાભ્રામક ઉત્તરો આપનારાનો તોટો નથી ! અવધૂતજીની નજર બહાર

* જુઓ : 'અમર આદેશ' - (આ.થમી) પૃ. ૫૨-૫૩



જગત્સુહૃદ્

આ પરિસ્થિતિ નથી જ : ''ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો, જેહને જે ગમે તેને મુંડે / મુંડને મોક્ષ એ સૂત્ર સોંઘું થયું, વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે ? અપપંથી બધા આત્મ નવ ઓળખે, દેવને ભૂલી મંદિર પૂજે ! / રંગ મૂંગો થઈ તુંહિ તુંહિ ઓચરે, તું વિના આન નવ કાંઈ સૂઝે !!''* અવધૂતજી સદ્‌ગુરુની ઓળખ આમ કરાવે છે : ''અંતરયામી સત્ચિત્સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.'' વિભૂતિ અને વિરાટનો સમન્વય જ્યાં ભળાય તે સદ્‌ગુરુ, એવી અવધૂતજીની દર્શનધારા છે. ગુરુપૂર્ણિમા (વિ.સં. ૨૦૩૭ / ઈસ. ૧૯૮૧)ના પર્વનિમિત્તે, ભૂતકાળમાં પૂ. શ્રીએ એક સાધકને લખેલા પત્રમાંથી નારેશ્વરસંસ્થાન તરફથી સદ્‌વિચારનો પ્રસાર કરેલો, તેમાંથી આ દર્શનધારા ઉદ્‌ધૃત કરીએ :

સદ્‌ગુરુનો અર્થ જીવંત આદર્શ living ideal - એવો સમજવાનો હોય. એ આદર્શ આપણે નજરે અનુભવીએ તો એ કક્ષા શક્ય છે. એની ખાતરી થાય. એટલે જીવનમાં હારી જનારાને હતાશ કે નિરાશ થનારાને એવા જીવંત આદર્શ નજર સામે જોવાથી ઓછીવત્તી હિંમત આવે, પ્રોત્સાહિત થઈને પુરુષાર્થ કરવાનું બળ મળે અને હાલી ગયેલી શ્રદ્ધા સ્થિર થવા પામે. જેમ એક અનુભવી નિષ્ણાત દાક્તરને જોતાં જ દરદીમાં એક પ્રકારની શ્રદ્ધા જન્મે છે અને તેનો બધો રોગ એ દાક્તરને મુખેથી બે શબ્દ સાંભળતાં જ જતો રહે છે, તેમ એ જીવંત આદર્શને પોતાની આંખ સામે હરતો ફરતો જોતાં ભવરોગીના અંતરમાં શાંતિ અને સમાધાનનો સંચાર થવા પામે છે.

જીવંતસત્પુરુષની અવેજીમાં કોઈ સમાધિસ્થ મહાપુરુષ પર જો ચિત્ત સ્થિર થાય અને એમાંથી આપને સર્વદા પ્રેરણા મળ્યા કરે તો એવી વ્યક્તિને અંતઃકરણના સિંહાસને સદ્‌ગુરુપદે બિરાજમાન કરવામાં કોઈ કશોય વાંધો નથી. વળી એ વ્યક્તિ અમુક જાતિ, વય, દેશ કે કાળની હોવી જોઈએ એવું પણ નથી. એવા સંતસત્પુરુષની એ બધાં બંધનો-સાંસારિક, માયિક, વ્યાવહારિક બંધનો-થી પર છે.

ગુરુભાવ એ અંતઃકરણનો ધર્મ છે. એટલે હૃદયની ભાવના જ્યાં સંલગ્ન થાય જેના સ્મરણમાંથી હૃદયવીણાના તાર ઝણઝણી ઊઠે, જેના ચિંતનથી શાંતિ અને સમાધાન, શાતા અને સાત્ત્વિક આનંદનો અનુભવ

* જુઓ : 'અવધૂતી આનંદ' ભજનક્રમાંક ૯, પૃ. ૭ આવૃત્તિ ૧૦મી, જુઓ દત્તાબાવની ભજનક્રમાંક ૨૪૨ પૃ. ૨૯૭

થાય, ગમે તેવા હલમલાવી નાખે એવા ઝંઝાવાતોમાં પણ જેની હૂંફથી લાગ્યા કરે કે આપણા ઉપર સમર્થ મહાપુરુષનો પંજો છે અને આપણે સુરક્ષિત છીએ એવી અંતરમાં એક પ્રકારની અડોલ, સ્વયંભૂ શ્રદ્ધા રણકયા કરે એવી કોઈ પણ જીવંત કે સમાધિસ્થ વ્યક્તિને ગુરુપદે સ્થાપિત કરવામાં કલ્યાણ છે.''



જગત્સુહૃદ્

'ગુરુકૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્'* અવધૂતજીનું જીવનગીત છે. 'ત્યજ સંસારમ્ ભજ રે સારં, સર્વાધારં શ્રીદત્તમ્'* એમનો જીવનસાર છે. કારણ સ્પષ્ટ જણાવે છે, ''ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક / જીન પાયે સબ પા લિયા, દત્ત દત્ત દો ભેદ.'' શ્રી દત્તપ્રભુ આદિગુરુ તરીકે પ્રતિષ્ઠિત છે. એથી સદ્‌ગુરુ અને દત્તપ્રભુ પર્યાયવાચી સંજ્ઞાઓ લેખે અવધૂતજી ખપમાં લે છે. આ સૃષ્ટિના સર્જક, સંરક્ષક અને સંહાર તરીકે સદ્‌ગુરુ શ્રીદત્તપ્રભુના સાકાર અને નિરાકાર (અનંત આકાર) સગુણ અને નિર્ગુણ (ત્રિગુણાતીત) વ્યક્તિ-વિભૂતિ અને વિરાટ સ્વરૂપને સ્વરચિત અક્ષરસૃષ્ટિમાં પરમ દૈવત તરીકે ઉપાસે છે :

''માણગ્રામે જનિર્યસ્ય ટેમ્બેનામ્નિ સુવંશકે ।
*અત્રિગોત્ર ત્રયીશાત્મન્ વાસુદેવ નમોઽસ્તુ તે ॥''**

×

*''ગુરુદેવ દત્ત દયાળ સ્વામી, વંદના તુજને હજો''*卐

×

દત્તાં ત્વયા નિખિલમેવ નિજં પરાર્થે
ત્વાં દત્તમાહુરમરા નૃવરાશ્ચ સર્વે ।
ત્રીશ ત્વમેવ જગદાદિજ ઉત્કદોસિ
*ત્વામેવ દેવ પ્રણમામિ પ્રસીદ દત્ત ॥**

અવધૂતજી તેથી જ આપણને 'દત્તનામસ્મરણ'માં બોધ આપે છે.

વૃથા શાસ્ત્ર ને શસ્ત્ર કૂટાવી મારે,
વળી સ્નાન ને ધ્યાન યોગાદિ આ રે ।
હરે વાવકૂવાદિ હા પ્રાણવિત્ત,
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥

ચિત્તશુદ્ધિની પ્રક્રિયા માટે આમ જપયજ્ઞ અવધૂતજીએ મહત્ત્વનો

---

* જુઓ 'રંગહૃદય પૃ. ૧૪૨, પૃ. ૧૨ પૃ. ૯૨ પૃ. ૨૬

卐 જુઓ : 'અવધૂતી આનંદ' પૃ. ૨૧૬ ભજનક્રમાંક ૨૪૬



જગત્સુહૃદ્

ગણ્યો છે. નામસ્મરણ એવું વિશિષ્ટ રસાયણ છે, જેથી જીવદશા જતી રહે છે છે અને શિવદશા સંપ્રાપ્ત થઈ જાય છે. પછી કુતર્ક કે કુશંકાની ભીતિ ચિત્તને નડતી નથી. મળ, વિક્ષેપો અને આવરણનું મારક એવું આ રસાયણ સેવતાં અલબત્ત ચરી પાળવી જ પડે, એવી અવધૂતજીની ચિમકી પણ આપણે ધ્યાન ધરવી જ પડે : ''હરિનામ ગ્રહી ચરી જો વિસર્યો, સાધનમાં તેના ભૂલ નડી !' (અવધૂતી આનંદ ભજનક્રમાંક ૬૫) ××''તનુ વર્મ શીલનું દૃઢ ધરી, ઊર્મિની હેઠે જાય જરી, દેખે એ મુકતા રંગ હરિ !'' (પૃ. ૧૩૦) હૃદયમંચકને સાફ રાખવો પડે, પ્રેમજલનું પાદ્ય પ્રયોજીને પ્રભુના ચરણ ધોવા પડે, સત્ય શૌચાદિ પુષ્પોથી અર્ચન કરવું પડે, કામક્રોધને બાળીને તેનો ધૂપપરિમલ પ્રસારવો પડે, દ્વૈતભાવનું ભોજન, પાપબુદ્ધિનું પેય, વૃત્તિઓનું તાંબૂલ હૃદયસ્થ દેવતાને ધરવું - આ સૂચિત ઉપાસના - પદ્ધતિ કેવી ભાવનાત્મક છે ! એનો સ્વીકાર જ ચિત્તશુદ્ધિને સ્વયંસંચાલિત કરી દે. અવધૂતજીનો આ સહજ ઉપાસનાવિધિ સર્વસંમત બને એવો ઉદારતાભર્યો જીવન્ત છે.

શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ ઉપરનિર્દિષ્ટ આચારવિધિ પ્રમાણે થવા માંડે ત્યારે દત્તપ્રભુ કેવળ ત્રિમૂર્તિ રહેતા નથી, કેવળ વ્યક્તિવિભૂતિ સદ્‌ગુરુ રહેતા નથી, પણ વિશુદ્ધ થયેલી શિષ્યચેતનામાં સ્વયં ત્રિમૂર્તિ અને સદ્‌ગુરુ એકાદાર થઈ જાય છે, અને 'જીવ-શિવનું ભૂત' ભાગી જાય છે !

પ્રશ્ન ઊઠે કે આવું શક્ય ખરું ? અવધૂતજીએ આ પ્રશ્નને રદિયો આપી દીધો છે : ''પરમાત્માનું સતત સ્મરણ કરવાથી આપણને એક એવી જાતનો આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય કે ફાવે તેવો પ્રસંગ આવે તો એ અનંત સર્વવ્યાપી શક્તિ મારી પડખે છે, મારે ડરવાની કોઈપણ જાતની જરૂર નથી અને એવો આત્મવિશ્વાસ ઉત્પન્ન કરવા માટે જ પરમાત્માનું સ્મરણ કરવાનું છે. અને એ આત્મવિશ્વાસ જેની અંદર ઉત્પન્ન થયો એનો ડંકો બધે જ વાગે છે. એ આત્મવિશ્વાસ ઉત્પન્ન થયો તો પાંચ મિનિટ પરમાત્માનું સ્મરણ કર્યું તે પણ સફળ છે અને આત્મવિશ્વાસ ન ઉત્પન્ન થયો તો રોજની સો માળાઓ જપ્યા કરો તો પણ કંઈય વળવાનું નથી !'' (અમર આદેશ-પૃ.૪૦)

અંતે, સમગ્રતયા, અવધૂતજીના દર્શનને મિતાક્ષરે કંડારીએ તો કહેવું પડે કે દુર્વૃત્તિજન્ય પ્રાપંચિક વ્યવહાર પ્રત્યે આપણે સાવધાન થવું જ જોઈએ, એ માટે અંતઃકરણની જ મૈત્રી કેળવવી જોઈએ એથી સ્વયં આત્મવિશ્વાસનું અવતરણ થશે જ અને જીવનકૃતાર્થતાનું એ શૂન્યશિખર છે.

પરિશિષ્ટ-૧

ક્ષરજીવનાવલિ



જગત્સુહૃદ્

નામ : **પાંડુરંગ વિઠ્ઠલ વળામે**
માતા : **રુકિમણી/રુકમામ્બા** લઘુબન્ધુ : **નારાયણભાઈ**

- કારતક સુદ નોમ, સંવત ૧૯૫૫ : તા.૨૧મી નવેમ્બર, ૧૮૯૮, સોમવાર — જન્મ સ્થળ : ગોધરા.
- સંવત ૧૯૫૭ : પિતાશ્રી દ્વારા રામનામનો મંત્ર મળ્યો (દોઢ વર્ષની ઉંમરે)
- સંવત ૧૯૬૦ : પિતાશ્રીનું મૃત્યુ (પાંચ વર્ષની ઉંમરે)
- સંવત ૧૯૬૧ : 'પોથી વાંચ'નો આદેશ
- સંવત ૧૯૬૩ : ઉપનયન સંસ્કાર અને પ.પૂ. સ્વામી મહારાજના નરસોબા વાડીમાં દર્શન
- સંવત ૧૯૭૮ (ચૈત્ર સુદ પાંચમ) : આજન્મ અવિવાહિત રહેવાનો નિર્ણય
- સંવત ૧૯૮૦ (સને ૧૯૨૪) : ભરૂચમાં શ્રીદત્તપુરાણની પ્રાપ્તિ
- સંવત ૧૯૮૧ માગસર વદ-૪ (તા.૪-૧૨-૧૯૨૫) : નારેશ્વરમાં પ્રથમ આસન મૂક્યું શ્રી દત્તપુરાણના ૧૦૮ પારાયણની શરૂઆત
- સંવત ૧૯૮૩ અષાઢસુદ-૧૪ : વાંકડી ગામે (મહારાષ્ટ્ર) પૂ.શ્રી ગાંડા મહારાજ (ગુરુબંધુ)નું મિલન.
- સંવત ૧૯૮૩ : નર્મદા પરિક્રમા - વાંકડી છોડ્યું શ્રાવણ વદ નોમ. પરલી વૈજનાથ જ્યોતિર્લિંગના દર્શન કરી પાછા પૂ. ગાંડા મહારાજને મળી ભાદરવા સુદ બીજે નાગનાથના દર્શન કરી પ્રથમ નર્મદા પરિક્રમાર્થે ગમન.
- સંવત ૧૯૮૪ (જેઠ વદ ૧૪ તા. ૧૬-૬-૨૮) : ભરૂચમાં શ્રીગુરુમૂર્તિચરિત્ર છપાવવા માટે મુકામ શ્રીવાસુદેવનામસુધા સ્તોત્રની રચના
- સંવત ૧૯૮૫ માગસર સુદ ૧૫ : પ્રથમ દત્ત જયંતીની ઉજવણી
- સંવત ૧૯૮૬ : નર્મદા પરિક્રમા - બીજી વાર
- સંવત ૧૯૮૮ (ગુરુ દ્વાદશી) : શ્રીગુરુલીલામૃત ગ્રંથની સમાપ્તિ
- સંવત ૧૯૯૧ મહાસુદ એકમ (તા.૪-૨-૧૯૩૫) : શ્રીદત્તભાવનીની રચના, સઈજ (કલોલ, ઉ.ગુ.)
- સંવત ૧૯૯૨ જેઠ સુદ ૯ (તા. ૨૯-૫-૧૯૩૬) : નાનાભાઈ શ્રી નારાયણભાઈનું નિધન



જગત્સુહદ્

- સંવત ૧૯૯૭ (કારતક સુદ ૯) : જાહેરમાં રંગજયંતીની પ્રથમ ઉજવણી, દિવેર મુકામે.
- સંવત ૨૦૦૦ (ચૈત્રવદ પાંચમ) : શ્રીબોધમાલિકાની રચના
- સંવત ૨૦૦૯ : પાદરામાં ૫૫મી રંગજયંતી દબદબાપૂર્વક ઉજવાઈ શ્રી ગુણવંતરામ પાઠકને ત્યાં.
- સંવત ૨૦૧૪ : ૬૦મી રંગજયંતી નારેશ્વરમાં ભારે દબદબાપૂર્વક. (૬૧મી રંગજયંતી ડાકોર, ૬૫મી રંગજયંતી દ્વારકા, ૬૬મી રંગજયંતી નવાગામ, ૬૮મી રંગજયંતી અંબાજી, ૭૦મી રંગજયંતી કંપાલા (આફ્રિકા), ૭૧મી રંગજયંતી જયપુર)
- સંવત ૨૦૨૧ : નારેશ્વરમાં સર્જિકલ કૅમ્પ
- સંવત ૨૦૨૨ (તા.૨૭-૩-૬૬) : નારેશ્વરમાં રાયફલ કૅમ્પ
- સંવત ૨૦૨૩ (તા.૧૩-૩-૬૭) : ભાગવત વિદ્યાપીઠ, સોલાનું ખાતમુહૂર્ત
- સંવત ૨૦૨૩ (જેઠ સુદ ૧૧) : પૂ. રુકમાબા દેહવિલય
- સંવત ૨૦૨૩ : પરદેશ ગમન
- સંવત ૨૦૨૫ (કારતક સુદ ૯) : જયપુરમાં રંગજયંતી - છેલ્લી
- સંવત ૨૦૨૫ કારતક વદ અમાવાસ્યા (તા. ૧૯-૧૧-૧૯૬૮) : હરદ્વારમાં બ્રહ્મલીન
- સંવત ૨૦૨૫ માગસર સુદ બીજ તા. ૨૧-૧૧-૧૯૬૮ : નારેશ્વરમાં અંત્યેષ્ટિ સંસ્કાર

નારેશ્વરથી હરદ્વાર

(તપોભૂમિથી મહાપ્રયાણભૂમિ)

રેવાતટે તપઃ કુર્યાત્ મરણં જાહ્નવી તટે
રેવાતટે તપશ્ચર્યા મૃત્યુ ગંગાતટે હજો.

(સંવત ૨૦૨૪ના આસો વદ એકમ ને સોમવારથી
સંવત ૨૦૨૫ની કારતક વદ અમાવાસ્યા ને મંગળવાર સુધી)
(૭મી ઓક્ટોબર, ૧૯૬૮થી ૧૯મી નવેમ્બર, ૧૯૬૮)

- સંવત ૨૦૨૪ના આસો વદ એકમ ને સોમવાર તા. ૭-૧૦-૧૯૬૮ના રોજ મળસ્કે ચાર વાગે શણગારેલી ટાયરગાડીમાં નારેશ્વરથી પ્રસ્થાન.
- નારેશ્વર રોડ સ્ટેશનથી મિયાગામ અને મિયાગામથી લોકલમાં બેસી ઉતરસંડા ઉતરી નડિયાદ રંગભક્ત શ્રી શિવાભાઈ વૈદ્યને ત્યાં મુકામ. ભક્તે ફટાકડા ફોડી દિવાળી મનાવી.

- તા. ૧૮-૧૦-૬૮ના રોજ નડિયાદથી અરેરા ગામે શ્રી મણિભાઈ પટેલને ત્યાં મુકામ. ગુરુદ્વાદશીનો ઉત્સવ થયો.
- તા. ૨૦-૧૦-૬૮ને ધનતેરસના રોજ અરેરાથી કપડવંજ તરફ પ્રયાણ. કપડવંજમાં મુકામ. ધનતેરસ ને કાળીચૌદસ ભેગા હતાં.
- તા. ૨૭-૧૦-૬૮ને રવિવારે નડિયાદ થઈ લોકલમાં અમદાવાદ-સાબરમતીમાં મુકામ. બધી વ્યવસ્થા લીંચ નિવાસી પૂ. બચુભાઈ (હાલના પૂ. પ્રેમ અવધૂત) દ્વારા. શ્રી વિષ્ણુભાઈ પુરોહિત, (પૂ. બચુભાઈના બનેવી)ને ત્યાં મુકામ.
- તા.૨૮-૧૦-૬૮ને સોમવારે સવારે વિમાન દ્વારા જયપુર તરફ પ્રયાણ. સેવામાં ભજન ભાસ્કર શ્રી સુમનભાઈ પુરોહિત.
- તા. ૨૮-૧૦-૬૮ જયપુરમાં શ્રી શાંતિભાઈ પંડ્યાને ત્યાં મુકામ.
- તા. ૨૯-૧૦-૬૮ કારતક સુદ નોમ ૭૧મી રંગજયંતીનો મહોત્સવ.
- તા. ૫-૧૧-૬૮ કારતકી પૂર્ણિમાને મંગળવાર. જયપુરથી પ્રસ્થાન અને વિમાન દ્વારા શ્રી જયશંકરભાઈ શુક્લને ત્યાં મુકામ. સેવામાં ડૉ. રતિલાલ પંડ્યા (નારેશ્વર મંદિરના પૂજાધિકારી)
- તા. ૫-૧૧-૬૮ની રાત્રે ટ્રેન દ્વારા હરદ્વાર માટે દિલ્હીથી પ્રસ્થાન.
- તા. ૬-૧૧-૧૯૬૮ને બુધવાર કારતક વદ એકમના રોજ હરદ્વારમાં ગંગાકિનારે આર્યનિવાસમાં મુકામ. આર્યનિવાસ શેઠ શ્રીનાનજી કાળીદાસે બંધાવ્યું છે.
- તા. ૭-૧૧-૧૯૬૮ને ગુરુવારથી તા. ૧૩-૧૧-૬૮ને બુધવાર સુધી આરામમાં દિવસો વિતાવ્યા.
- તા. ૧૪-૧૧-૧૯૬૮ને ગુરુવારના રોજ સપ્તર્ષિ ગયા. એ જ દિવસે પૂ. શ્રીરામસ્વરૂપાનંદજીના ગુરુ મંડળ આશ્રમ ગયા અને પૂ. શ્રીરામસ્વરૂપાનંદજીએ ભાવસભર સ્વાગત કર્યું.
- તા. ૧૫-૧૧-૧૯૬૮ કારતક વદ દશમ ને શુક્રવાર. શેઠ શ્રી શ્રીનાનજી કાળીદાસની નાદુરસ્ત તબિયત થતાં તેમના દીકરી સવિતા દીદીએ પૂ.શ્રીના આશીર્વાદ માંગતો તાર કર્યો. પૂ.શ્રીએ તારથી આશીર્વાદ પાઠવ્યા.
- તા. ૧૬-૧૧-૧૯૬૮ નાદુરસ્ત તબિયતવશ આરામ મળે એ માટે આર્યનિવાસમાં જ રહ્યા.
- તા. ૧૯-૧૧-૧૯૬૮ને કારતક વદ ચૌદશ ને મંગળવાર - નાદુરસ્ત તબિયત. રાત્રે ૯ વાગીને ૧૦ મિનિટે બ્રહ્મલીન. ૐ ૐના રટણ સાથે બ્રહ્મલીન થયા ત્યારે અમાવાસ્યા શરૂ થઈ ગઈ હતી.



જગત્સુહૃદ્

♦ ♦ ♦

તા. ૧૯-૧૧-૧૯૬૮ના રોજ રાત્રે પૂ. શ્રી બ્રહ્મલીન થયા પછી એમના પાર્થિવ દેહને વિમાન દ્વારા અમદાવાદ લાવી, ત્યાંથી શણગારેલી ટ્રકમાં ગામોગામ ભક્તોને દર્શન કરાવતાં નારેશ્વર લાવી તા. ૨૧-૧૧-૧૯૬૮ને ગુરુવારની રાત્રીએ (યોગાનુયોગ જન્મ તારીખ) અંત્યેષ્ટિ સંસ્કાર કર્યા. આ જ જગ્યાએ સને ૧૯૭૦માં શ્રીરંગમંદિરનું સર્જન થયું.

આશીર્વાદાત્મક શ્લોકો

(જયપુરમાં રંગજયંતી પ્રસંગે)
(છેલ્લું પ્રવચન)



જગત્સુહૃદ્

સર્વેઽત્ર જયિનઃ સન્તુ જપયોગ પરાયણાઃ ।
જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-ભવરોગ સુપારગાઃ ॥ જ ॥

યમિનઃ શમિનઃ સર્વે પરાર્થે યાજિનઃ સદા ।
યાતાયાતવિનિર્મુક્તાઃ શ્રેયઃ પથ-પ્રવાસિનઃ ॥ ય ॥

પુરેઽસ્મિન્ સૌખ્યપુરઃ સ્યાત્પુણ્ય કર્મૈકશીલતા ।
પારસ્પરિક-બન્ધુત્વં પરમતસહિષ્ણુતા ॥ પુ ॥

રમાનાથ કૃપાયોગાદ્ રિદ્ધિસિદ્ધિર્યશોબલમ્ ।
લબ્ધ્વા સર્વેઽતિમોદન્તાં મોદન્તાં ભદ્રદર્શિનઃ ॥ ૨ ॥

સર્વેઽત્ર જયિનઃ સન્તુ સર્વે સન્તુ યશસ્વિનઃ ।
પુણ્યકર્મરતાઃ સર્વે રમન્તાં પુત્રપૌત્રિકાઃ ॥

અર્થ :

તમારો દરેક ઠેકાણે, દરેક કાર્યની અંદર બધે જય જયકાર થાવ. તમે બધા પરમાત્માના અનુસંધાનની અંદર હમેશાં મગ્ન રહો. (આવી રીતે કરશો તો) જન્મ, મૃત્યુ, જરા (બુઢાપો) અને એની મુશ્કેલીઓ એ બધાંની અંદરથી બહુ સહેલાઈથી પસાર થઈ જાવ. (૧) (જ)

તમે બધા સદાચારયુક્ત રહો. તમે બધા યમયુક્ત (ઇન્દ્રિયદમન કરો) અને શમયુક્ત (મનોનિગ્રહ કરનાર) થાવ. તમારી પાસેનું પરાર્થે (બીજાને માટે અને પરમાત્મા પ્રીત્યર્થે) વાપરો - એવો યજ્ઞ કરનારા થાવ. ખોટી દોડધામમાંથી મુક્ત થાવ અને પરમ શ્રેય, શાંતિ અથવા મોક્ષ પથના પ્રવાસી થાવ. (૨) (ય)

આ નગરની અંદર સુખ, સમૃદ્ધિ ખૂબ વહ્યા કરો અને બધા પુણ્યને માર્ગે પડો. એકબીજાને તમે ભાઈબહેનની માફક ચાહો અને બીજાના મતની સહિષ્ણુતા વધો. (૩) (પુ)

પરમાત્માની કૃપાથી તમે બધા રિદ્ધિ, સિદ્ધિ, યશ કીર્તિ, બળ વગેરે પામો અને બધા જ લોકો હમેશાં આનંદની અંદર મસ્ત રહો અને તમને બધાંને કલ્યાણને માર્ગે પ્રભુ લઈ જાય. (૪) (૨)

પરિશિષ્ટ-૨

અક્ષરજીવનાવલિ

રંગ અવધૂતજીના સાહિત્યની સૂચિ

પ્રાપ્તિ - પ્રકાશન : નારેશ્વરસંસ્થાન



જગત્સુહૃદ્

પુસ્તક	પ્રસિદ્ધિ વિ.સંવત	વિશિષ્ટ દિવસ	તારીખ
નારેશ્વરમાહાત્મ્ય	૧૯૮૨	ગુરુપૂર્ણિમા	૨૫-૭-૧૯૨૬
દત્તનામસ્મરણ (સં.)	૧૯૮૩	શ્રી દત્તજયંતી	૧૯-૧૨-૧૯૨૬
શ્રીવાસુદેવનામસુધા	૧૯૮૪	દત્તજયંતી	૮-૧૨-૧૯૨૮
શ્રીદત્તપંચપદી	૧૯૮૫	શ્રાવણ વદ પાંચમ	૨૬-૮-૧૯૨૯
દકારાદિસહસ્રનામાવલિ	૧૯૮૫	શ્રીકૃષ્ણજયંતી શ્રાવણ વદ આઠમ	૨૮-૮-૧૯૨૯
ઉપઃપ્રાર્થના	૧૯૮૭	પૂ. ગાંડા મહારાજ પુણ્યતિથિ	૧૫-૩-૧૯૩૧
અવધૂતી આનંદ	૧૯૮૭	રામનવમી	૨૮-૩-૧૯૩૧
રંગહૃદયમ્	૧૯૮૮	વલ્લભજયંતી	૧-૫-૧૯૩૨
શ્રીનર્મદાષટ્પદી	૧૯૮૮	ગંગાસપ્તમી	૧૨-૫-૧૯૩૨
શ્રી ગુરુલીલામૃત (જ્ઞાનકાંડ)	૧૯૯૦	વિજયાદશમી	૧૭-૧૦-૧૯૩૪
દત્તભાવની	૧૯૯૧	શ્રીવાસુદેવાનંદ પુણ્યતિથિ	૧-૭-૧૯૩૫
શ્રીગુરુલીલામૃત (કર્મકાંડ)	૧૯૯૧	વિજયાદશમી	૭-૧૦-૧૯૩૫
સંગીતગીતા	૧૯૯૨	નવરાત્રી આસો સુદ-૧	૧૬-૧૦-૧૯૩૬
ઊભો અવધૂત	૧૯૯૩	જ્ઞાનેશ્વરી પુણ્યતિથિ કારતક વદ-૧૩	૧૧-૧૨-૧૯૩૬
શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ)	૧૯૯૪	શ્રીવાસુદેવાનંદ જયંતી	૧૫-૮-૧૯૩૬
શ્રીદત્તરક્ષાસ્તોત્રમ્	૧૯૯૪	દત્તજયંતી	૧૭-૧૨-૧૯૩૭
શ્રીદત્તસ્તોત્રસંગ્રહ	૧૯૯૪	શ્રીવાસુદેવાનંદ જયંતી	૧૯-૮-૧૯૩૮
શ્રીગુરુલીલામૃત (સંપૂર્ણ)	૧૯૯૪	શ્રીવાસુદેવાનંદ જયંતી	૧૫-૮-૧૯૩૮
પત્રગીતા	૧૯૯૫	નાગપંચમી	૧૯-૮-૧૯૩૯
દત્તનામસ્મરણ (ગુજરાતી)	૧૯૯૬	વૈશાખ સુદ-૮	૧૫-૫-૧૯૪૦
બેઠો અવધૂત	૧૯૯૭	નૃસિંહજયંતી પોષ સુદ-૨	૩૦-૧૨-૧૯૪૦
બોધમાલિકા	૨૦૦૦	નારાયણભાઈ પુણ્યતિથિ	૩૧-૫-૧૯૪૪
વાસુદેવસમશતી	૨૦૦૩	વાસુદેવાનંદ પુણ્યતિથિ	૧૯-૬-૧૯૪૭



જગત્સુહૃદ્

અષ્ટગરબી	૨૦૦૪	નૃસિંહ જયંતી	૧૩-૧-૧૯૪૮
સ્તોત્રષટકમ્	૨૦૦૫	પરશુરામ જયંતી વૈશાખ સુદ ત્રીજ	૧-૫-૧૯૪૯
ગ્રામઅવધૂત	૨૦૦૬	વિજયાદશમી	૨૦-૧૦-૧૯૫૦
રંગતરંગ (મરાઠી)	૨૦૦૮	નૃસિંહ જયંતી	૩૧-૧૨-૧૯૫૧
દત્ત ઉપાસના (હિંદી)	૨૦૦૯	પોષ સુદ બીજ	૩૦-૧-૧૯૫૩
એક ઊડતું પ્રવસચન (ગુજરાતી)	૨૦૦૯	હનુમાન જયંતી	૩૦-૩-૧૯૫૩
અબુધ અવધૂત	૨૦૧૩	નૃસિંહ જયંતી	૩-૧-૧૯૫૭
અભણ અવધૂત	૨૦૧૩	–	–
આરતીસંગ્રહ	૨૦૧૫	૬૧મી રંગજયંતી	૧૯-૧૧-૧૯૫૮
અવધૂતી મૌજ (હિંદી)	૨૦૧૫	૬૧મી રંગજયંતી	૧૯-૧૧-૧૯૫૮
દત્તભાવની (હિંદી)	૨૦૧૫	ગુરુપ્રતિપદા	૨૪-૨-૧૯૫૯
સદ્બોધશતકમ્	૨૦૧૬	શંકરજયંતી (વૈશાખ સુદ ૫)	૧-૫-૧૯૬૦
અમર આદેશ	૨૦૨૧	મહાશિવરાત્રિ	૨-૩-૧૯૬૫
શ્રી સૂકતમ્	૨૦૨૬	વસંતપંચમી	૧૦-૨-૧૯૭૦
શ્રી દત્તરક્ષાસ્તોત્રમ	૨૦૨૬	ગુરુપૂર્ણિમા	૧૮-૭-૧૯૭૦
શ્રીસપ્તશતી ગુરુચરિત્ર સમાનુવાદ	૨૦૨૭	નૃસિંહ જયંતી	૩૦-૧૨-૧૯૭૦
વિષ્ણુપુરાણની વાતો	૨૦૨૮	ગુરુપૂર્ણિમા	૨૬-૭-૧૯૭૨
દત્તયાગપદ્ધતિઃ (સંસ્કૃત)	૨૦૨૯	શંકરજયંતી	૭-૫-૧૯૭૩
શ્રીરંગપત્રમંજૂષા-૧	૨૦૩૪	માગસર સુદ ૧૦	૧૯-૧-૧૯૭૫
પ્રશ્નોત્તરગીતા	૨૦૩૨	જન્માષ્ટમી	૧૮-૮-૧૯૭૬
શ્રીરંગપત્રમંજૂષા-૨ હસ્તલિખિત શ્રીગુરુલીલામૃત	૨૦૪૨	જન્માષ્ટમી	૨૭-૮-૧૯૮૬
શતાબ્દી દ્વિતીય આવૃત્તિ	૨૦૫૪	શ્રીરંગજયંતી શતાબ્દી	૨૦-૧૦-૧૯૯૮
(પ્રથમ આવૃત્તિ)	૨૦૪૩	-	૧-૩-૧૯૮૭)

નોંધ : 'ગીર્વાણભાષા પ્રવેશ' ભા ૧, ૨, 'ઉપનિષદોની વાતો', 'ત્યારે કરીશું શું ?', 'ટોલ્સ્ટોય અને શિક્ષણ' - એ ચાર પુસ્તકોનાં પ્રકાશન રંગ અવધૂતજીના પૂર્વાશ્રમનાં છે, તેમની પ્રકાશનસંસ્થા અલગ છે. આજે એ પુસ્તકો અપ્રાપ્ય છે.

પરિશિષ્ટ-૩ અર્ચનાવલિ

પૂ. શ્રીપ્રેરિત તથા પૂ.શ્રી ઉપર લખાયેલ સાહિત્યસૂચિ અકારાદિક્રમે
(*ફુદડીવાળી રચના પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં પ્રગટ થયેલી હતી.)



જગત્સુહૃદ્

૧. અક્કલકોટના સ્વામીની વાતો - જગદીશ કાપડિયા
૨. અર્ઘ્ય - સંપાદન ગાંધીનગર અવધૂત પરિવાર
૩. અનન્ય ઉપાસના - પૂ. બાલ અવધૂત
૪. અ. નિ. ટ્રસ્ટ સુવર્ણજયંતી (સંપાદિત)
૫. અમરઆદેશ (સવિવેચન) હ. શિ. જોષી
૬. અમૃતબિન્દુ (૪૨મો ખ્યાલો) સદ્‌વિચારપરિવાર
૭. અમૃતરંગપિલાવે - નારાયણભાઈ પટેલ
૮. *અલૌકિક અવધૂત - દેવીદાસ પ્રજાપતિ
૯. અવધૂત - સંપાદિત
૧૦. Avadhut & His Philosophy – Shantilal Thakar
૧૧. અવધૂતની અવળવાણી-જગન્નાથ ત્રિપાઠી
૧૨. અવધૂતકૃપાપ્રસાદી (મરાઠી) દ્વારકાનાથ ગંજખાને
૧૩.* અવધૂત-દર્શન-મોતીસિંહ કવિ
૧૪. અવધૂતપ્રસાદ - બહેચરભાઈ પટેલ
૧૫. *અવધૂત - પ્રશસ્તિ : (સંસ્કૃત) - વિવિધ લેખકો
૧૬. *અવધૂત ભજનામૃત - સ્વામી પ્રસાદ
૧૭. અવધૂત રંગદર્શન- શી. સી. બ્રહ્મભટ્ટ
૧૮. *અવધૂતી મસ્તી ભા.૧ જમિયતરામ અધ્વર્યુ
૧૯. *અવધૂતી મસ્તી ભા.૨ જમિયતરામ અધ્વર્યુ
૨૦. *અવધૂતી મસ્તી ભા.૩ જમિયતરામ અધ્વર્યુ
૨૧. અવધૂતી મસ્તી શતાબ્દીપૂર્તિ - વિવિધ લેખકો
૨૨. અવધૂતસમીપે - બહેચરભાઈ પટેલ
૨૩. *અવધૂત સ્મરણ - ગોવિન્દ ઉપાધ્યાય
૨૪. અવધૂતેર રંગ - કુલીન ઉપાધ્યાય
૨૫. *અક્ષરગીતા - જમિયતરામ અધ્વર્યુ
૨૬. *આત્મલિંગતીર્થ - પૂ. બાલ અવધૂત
૨૭. * આનંદરંગ ભજનાવલિ - ચાકણકર મહારાજ
૨૮. ઉપાસનાનું મહત્ત્વ અને દત્તમાલામંત્ર સંબંધ વિચાર - લક્ષ્મીશંકર શાસ્ત્રી
૨૯. એકસોપચીસમી (૧૨૫) સ્વામી મહારાજ જયંતી - સંપાદિત
૩૦. અંતરનો અવાજ - કંચનબેન છત્રીવાલા



જગત્સુહૃદ્

૩૧. ૐકારનાં સ્વરૂપો અને ગુરુપાદુકા - ડૉ. ત્રિકમલાલ વાણી
૩૨. ઔદુંબર - સંપાદિત
૩૩. ઔદુંબર-કલ્પવૃક્ષ-સંપાદિત
૩૪. કૃષ્ણં વન્દે જગદ્‌ગુરુમ્ - કુલીન ઉપાધ્યાય
૩૫. કૃપામૂર્તિ શ્રીનૃસિંહસરસ્વતી (મરાઠી) કૃષ્ણાનંદ
૩૬. Call of Nareshwar (અંગ્રેજી) એ. બી. સોલંકી
૩૭. ગુરુચરિત્ર (ગુજરાતી) - અંબાલાલ શાસ્ત્રી
૩૮. ગુરુચરિત્ર (હિન્દી) વૈજનાથ ઉપાધ્યાય
૩૯. *ગુરુભજનાવલિ - જગદીશ કાપડિયા
૪૦. Gurulilamrut - Shantilal Thakar
૪૧. ગુરુલીલામૃત ઉદ્‌બોધન - પૂ. બાલ અવધૂત
૪૨. * ગુરુલીલામૃતચિત્રાવલિ - પ્રમોદ પટેલ
૪૩. ગુરુલીલામૃતની પાર્શ્વભૂમિકા - કુલીન ઉપાધ્યાય
૪૪. ગાંડા મહારાજ - અમર વશી
૪૫. *ગાંડા મહારાજનું ચરિત્ર - જમિયતરામ અધ્વર્યુ
૪૬. ગોવિન્દગાથા રંગની - હ. શિ. જોષી
૪૭. ચાલો મા નર્મદાની પરિક્રમાએ - સ્વામી આત્મકૃષ્ણ
૪૮. જીવનરંગરતિ - રતિલાલ શાહ
૪૯. તત્ત્વમસિ-કુલીન ઉપાધ્યાય
૫૦. *ત્રિભેટો - રમણલાલ જોષી (બિચારો)
૫૧. તે રંગને વંદના - હ. શિ. જોષી
૫૨. *દત્ત અવધૂત અંક - મંગલજી શાસ્ત્રી - હ. શિ. જોષી
૫૩. *દત્ત ઉપાસના (હિન્દી)
૫૪. *દત્ત ઉપાસનાનો ઉદ્ભવ અને વિકાસ (અંગ્રેજી) - હ. શિ. જોષી
૫૫. *દત્ત જયંતી દર્શન (નવાપુર) - સંપાદિત શ્રી ચંદ્રવદન ઓઝા
૫૬. *દત્ત જયંતી દર્શન (વર્ણન-કાવ્ય) જમિયતરામ અધર્વ્યુ
૫૭. દત્તનામસંકીર્તન - પ્રા. ડૉ. અ. ન. જાની અને કુલીન ઉપાધ્યાય
૫૮. દત્તનામસંકીર્તન - (અંગ્રેજી) સંપાદિત
૫૯. દત્તપુરાણ - અનુ. શિવપ્રસાદ દવે
૬૦. દત્તપુરાણની વાતો - જ. શં. આચાર્ય
૬૧. દત્તબાવની : એક ઝાંખી - જગન્નાથ ત્રિપાઠી
૬૨. દત્તબાવની : એક પરિચય - સી. ટી. ચોકસી
૬૩. દત્તબાવની - કલિયુગની સંજીવની - સુરેશ શુકલ
૬૪. દત્તબાવની - વરદ વાર્તિક - કુલીન ઉપાધ્યાય
૬૫. દત્તબાવનીની કથાઓ - પીયૂષ જાની
૬૬. દત્તબાવની : એક પરિચય - પરિમલ દેસાઈ (મુંબઈ)

૬૭.* દત્તમહિમ્નસ્તુતિ : (સંસ્કૃત) સતીન્દ્રચંદ્ર ભટ્ટાચાર્ય
૬૮.* દત્તલીલાસાર - ભા.૧ - જયંતીલાલ આચાર્ય - જગજીવનદાસ ગાંધી
૬૯.* દત્તલીલાસાર - ભા.૨ - જયંતીલાલ આચાર્ય - જગજીવનદાસ ગાંધી
૭૦.* દત્તલીલાસાર - ભા.૩ - જયંતીલાલ આચાર્ય - જગજીવનદાસ ગાંધી
૭૧.* દત્તસ્તોત્રરત્નાકર - સં. ગણપતિશંકર શાસ્ત્રી
૭૨. દાસકાકા - અ.ના. મોદી
૭૩. દક્ષિણનું દર્શન - દેવદત્ત જોષી
૭૪. ધૂન - કુલીન ઉપાધ્યાય
૭૫. નચિકેતા વિશેષાંક - સં. કરસનદાસ માણેક - હ.શિ. જોષી
૭૬. નર્મદાપરિક્રમા અને રંગમિલન - પૂ. લાલજી મહારાજ
૭૭. નર્મદાલહરિ - અનુ. અ.ન. જાની
૭૮. નવધાભક્તિ - કુલીન ઉપાધ્યાય
૭૯. નારેશ્વર ચે સંત (મરાઠી) -
૮૦. નારેશ્વરની વિકાસ વિભૂતિ - મા રુકમાબા - પૂ. બાલઅવધૂત
૮૧. નારેશ્વરનો નાથ - અ.ના. મોદી
૮૨. નારેશ્વરનો સંત (ભજનો) વિવિધ લેખકો
૮૩.* નારેશ્વરનો સંત (ચરિત્ર) - પૂ. નર્મદાનંદજી
૮૪. નિજાનંદ - કુલીન ઉપાધ્યાય
૮૫. નિર્વાણદીપ - કુલીન ઉપાધ્યાય
૮૬. પત્રનાં પુષ્પો - સં. અશોક શુકલ
૮૭. પરસ્પરદેવો ભવ (કીર્તન) વિ. જ. પાઠક
૮૮. પાલ્લાનો પયગામ - પૂ. બાલ અવધૂત
૮૯. પુષ્પાંજલિ - સંપાદિત
૯૦. પ્રણતિત્રયી - સં. જ. શં. આચાર્ય
૯૧. પ્રવાસી અવધૂત - ૧ જમિયતરામ અધ્વર્યુ
૯૨. પ્રવાસી અવધૂત - ૩ જમિયતરામ અધ્વર્યુ
૯૩. પ્રવાસી અવધૂત - ૨ સં. જ. શં. આચાર્ય
૯૪. પ્રશ્નોત્તરમાલા - 'જયેન્દ્ર દવે
૯૫. પ્રશ્નોત્તર માલા (અનુવાદ) જ. શં. આચાર્ય
૯૬. પૂજ્યશ્રી અને સરખેજ - દીનાનાથ ત્રિપાઠી
૯૭. પૂ. માજી - સંપાદિત
૯૮. પંચામૃત - વલસાડ પરિવાર સંપાદિત
૯૯. પંચામૃતમ્ - કુલીન ઉપાધ્યાય
૧૦૦. બાવની ષટ્કમ્ - કુલીન ઉપાધ્યાય
૧૦૧. બાવની સપ્તકમ્ - વિ. જ. પટેલ
૧૦૨. બીલીમોરાની શ્રદ્ધાંજલિ - પૂ. મુક્તાનંદબાબા
૧૦૩. બોધમાલિકા - પૂ. તદ્રૂપાનંદજી



જગત્સુહૃદ્



જગત્સુહૃદ્

૧૦૪. બોધમાલિકા - દેવદત્ત જોષી
૧૦૫. ભગવતી રુકમામ્બા પૂજનપદ્ધતિઃ - (સંસ્કૃત) મ.વ. ઉપાધ્યાય
૧૦૬. ભગવાન દત્તાત્રેયનાં ૨૪ નામ - હ. શિ. જોષી
૧૦૭. ભક્તિ ગાન ગાથા (મરાઠી) ન. ભા. સ્વર્ગે
૧૦૮. ભુક્તિમુક્તિનું પાથેય આ - સં. રમણભાઈ શુકલ
૧૦૯. ભગવતસ્મરણિકા - કાંદિવલી મંડળ સંપાદિત
૧૧૦. મનનિકા - સંપાદિત
૧૧૧. મા રુકમામ્બાનો રંગ - જગદીશ સોની
૧૧૨. મેસેજ ઈન્ટરનલ (અંગ્રેજી) સંપાદિત
૧૧૩. મોદીકાકાનો કર્મયોગ - પૂ. લાલજી મહારાજ
૧૧૪. રીમુવલ ઓફ ટેન્શન - કોલ્ધેકર (અંગ્રેજી ચરિત્ર)
૧૧૫. રંગ અવધૂત (અંગ્રેજી) જે. કે. શુકલ
૧૧૬. રંગ અવધૂત (ચરિત્ર) - કુલીન ઉપાધ્યાય
૧૧૭.* રંગ અવધૂત (હિન્દી ચરિત્ર) - અનુ. હ. શિ. જોષી
૧૧૮. રંગ અવધૂત : જીવન દર્શન - જગન્નાથ ત્રિપાઠી
૧૧૯. રંગ અવધૂત : અનુભવપ્રસ્તુતિ (મરાઠી) - શારદાતાઈ વારેકર
૧૨૦. રંગ અવધૂત લીલામૃત (મરાઠી ઓવી બદ્ધ) લીલાતાઈ જોષી
૧૨૧. રંગ અવધૂતજી (અંગ્રેજી) - જગદીશ કાપડિયા
૧૨૨. રંગ અવધૂતનું સંસ્કૃત સાહિત્ય - ઉમાબેન દેશપાંડે
૧૨૩. રંગઅર્ચના - જ. શં. આચાર્ય
૧૨૪. *રંગઆનંદલહરિ - (પદ્યાત્મકચરિત્ર)
૧૨૫. રંગકલા - જયંતીલાલ બ્રહ્મભટ્ટ
૧૨૬. રંગકીર્તન - મોતીરામ સાધુ
૧૨૭. રંગકૃપાવર્ષા - રમણભાઈ પટેલ
૧૨૮. *રંગગુણગરિમા (સંસ્કૃત) - વિવિધલેખકો
૧૨૯. રંગગુંજન - વિષ્ણુપ્રસાદ ભટ્ટ
૧૩૦. રંગચરણે - સંપાદિત
૧૩૧. રંગચરિત્ર અને રંગ સીત્તેરી - બચુભાઈ કેળાવાળા
૧૩૨. *રંગચિન્તામણિ - ચિન્તામણિપ્રસાદ પંડ્યા
૧૩૩. રંગચિત્રદર્શન - ભા. ૧ સંપાદિત
૧૩૪. રંગચિત્ર દર્શન - ભા. ૨ - સંપાદિત
૧૩૫. રંગ જન્મ શતાબ્દી સંકેત - ૧ કુલીન ઉપાધ્યાય
૧૩૬. રંગ જન્મ શતાબ્દી સંકેત - ૨ કુલીન ઉપાધ્યાય
૧૩૭. રંગ જન્મ શતાબ્દી સંકેત - ૩ કુલીન ઉપાધ્યાય
૧૩૮. રંગ ઝરણાં - શંકરલાલ દીક્ષિત
૧૩૯. રંગતરંગ - ગુજરાતી સંપાદિત
૧૪૦. રંગદેવનામસુધા - જ. શં. આચાર્ય

૧૪૧. રંગધારા - યોગિનીબેન અલમૌલા
૧૪૨. રંગનિર્ઝરિણી - મધુસૂદન વ્યાસ
૧૪૩. રંગપત્રમંજૂષા (મરાઠી) ઉમાબેન દેશપાંડે
૧૪૪. રંગપીયૂષ : અનંત જોષી
૧૪૫. રંગપૂજનપદ્ધતિ - કુલીન ઉપાધ્યાય
૧૪૬. રંગની રંગત - વિ. જ. પાઠક
૧૪૭. રંગ રટણ - વિશ્વનાથ દેસાઈ
૧૪૮. રંગલીલામૃત - ગોવિન્દ ઉપાધ્યાય
૧૪૯. રંગલીલાનો ઘૂઘવતો સાગર - રમેશ પંડ્યા
૧૫૦. રંગપ્રપા - ગણપતિશંકર ઉપાધ્યાય અને કુલીન ઉપાધ્યાય
*૧૫૧. રંગપ્રશસ્તિ : (સંસ્કૃત) વિવિધ લેખકો
૧૫૨. રંગપ્રસંગરંગ : ભા. ૧ થી ૪ - કુલીન ઉપાધ્યાય
૧૫૩. રંગ પ્રેમામૃતવાણી - કુલીન ઉપાધ્યાય
૧૫૪. રંગમૌક્તિક - હ. શિ. જોષી
*૧૫૫. રંગબત્રીસી - આત્મા - બચુ
*૧૫૬. રંગભાવની - જ. ન. અધ્યર્યુ
*૧૫૭. રંગમંગલ માલિકા (સંસ્કૃત) - સતીન્દ્રચંદ્ર ભટ્ટાચાર્ય
૧૫૮. રંગવિચારધારા (મરાઠી) દત્તાત્રેય નંદુરબારકર
*૧૫૯. રંગવન્દના (સંસ્કૃત) સંપાદિત
૧૬૦. રંગવન્દના (ગુજરાતી) - દિનેશ પાઠક
૧૬૧. રંગવિરહ - રમણલાલ જોષી (બિચારો)
૧૬૨. રંગહૃદય મહાલાકા - (સંસ્કૃત) હરિ જોષી
૧૬૩. રંગશલાકા - સી. એમ. સુર
૧૬૪. રંગસપ્તશતી - ગોવિન્દ ઉપાધ્યાય
૧૬૫. રંગસત્સંગ - દેવદત્ત જોષી
૧૬૬. રંગસમાધિ - પ્રભાવતીબેન પજવાણી
૧૬૭. રંગસૂક્તિ સુધા - જ. શં. આચાર્ય
*૧૬૮. રંગસ્તવન - સંપાદિત
*૧૬૯. રંગાવધૂત - સગુણોપાસના (મરાઠી) રામ કવિ સોલાપુરકર
*૧૭૦. રંગાવધૂત માનસપૂજા - મ. વ. ઉપાધ્યાય
૧૭૧. રંગાવધૂત સપ્તશતી ગુરુચરિત્ર - નારાયણ દહીવેલકર
*૧૭૨. રુકમામ્બા ગરબાવલિ - સં. સુમનલાલ પુરોહિત
૧૭૩. રુકમામ્બા સપ્તશતી - ગોવિન્દ ઉપાધ્યાય
૧૭૪. રુકમામ્બા સ્મરણે - ગાંધીનગર પરિવાર સં.
૧૭૫. રેવાનો યોગી - સં. અ. ના. મોદી
૧૭૬. રેવાનો રંગ - સં. સુમનલાલ પુરોહિત
૧૭૭ વંદના : શ્રી અરુણોદય જાની - કુલીન ઉપાધ્યાય



જગત્સુહૃદ્



જગત્સુહૃદ્

૧૭૮. વિષ્ણુદત્ત ઉપાસના - કુલીન ઉપાધ્યાય
૧૭૯. વેદનિવેદન સ્તોત્ર - અનુ. શિવપ્રસાદ દવે
૧૮૦. હરિ ભજનનો રંગ - હ. શિ. જોષી
૧૮૧. હૃદયવેણ - યોગિનીબેન અલમૌલા
૧૮૨. શતાબ્દી સ્મૃતિ - સંપાદિત - રાજપીપલા
૧૮૩. શરણાગતનો તારણહાર - વિવિધ લેખકો
૧૮૪. શિવપ્રસાદ જોષી દાદા - જ્યેન્દ્ર દવે
૧૮૫. શ્રદ્ધાંજલિ પૂ. શ્રીને - સંપાદિત
*૧૮૬. શ્રદ્ધાનું ફળ - જયાબેન મજમુદાર
૧૮૭. Shri Ranga Avadhut – P. Y. Devata
*૧૮૮. ષષ્ટિપૂર્તિ રંગજયંતી મહોત્સવ (હિન્દી) સંપાદિત
૧૮૯. ષોડશસ્તોત્રાણિ - સંપાદિત
૧૯૦. સત્યદત્તવ્રતકથા - સંપાદિત
*૧૯૧. સદ્‌ગુરુપૂજનવિધિ - ગોવિન્દ ઉપાધ્યાય
૧૯૨. સદ્‌ગુરુ મહિમામૃત - કુલીન ઉપાધ્યાય
૧૯૩. સદ્‌બોધશતક - અનુ. ઉમાબેન દેશપાંડે
૧૯૪. સદ્‌ગુરુ સંત રંગ અવધૂતની છત્રછાયામાં - પૂ. નર્મદાનંદજી
૧૯૫. સપ્તર્ષિ - પૂ. બાલ અવધૂત
૧૯૬. સપ્તસિન્ધુ - પૂ. બાલ અવધૂત
*૧૯૭. સપ્તાહમાંથી સપ્તતીર્થી - સંપાદિત
૧૯૮. સહસ્રચંદ્રદર્શન શાંતિ સોહળી (મરાઠી) સંપાદિત
૧૯૯. સાઈઠમી રંગ જયંતી વર્ણન - સંપાદિત
૨૦૦. સાધક સાથે સુસંવાદ - ન. ભા. સ્વર્ગે
૨૦૧. સિસોદરાનો શંખધ્વનિ - પૂ. બાલ અવધૂત
૨૦૨. સેવાસૌરભ - પૂ. પ્રેમ
૨૦૩. સેવાતપ કલિતાર - સંપાદિત
૨૦૪. સંગીત અવધૂત-૧
૨૦૫. સંગીત અવધૂત-૨
૨૦૬. સંગે સદ્‌ગુરુ શ્રીરંગના - સુમનલાલ પુરોહિત
૨૦૭. સંત મહંતનું જીવન એ છે - ના. રે. પટેલ
૨૦૮. સંભારણાં - કુલીન ઉપાધ્યાય
૨૦૯. સંહિતા - કૃષ્ણ મોહન ત્રિપાઠી
૨૧૦. સ્વરૂપાનુસંધાન - પૂ. બાલ અવધૂત
૨૧૧. સ્વાનંદસમ્રાટ અવધૂત - પૂ. બાલ અવધૂત
૨૧૨. Songs of Avadhut - Shantilal Thaker

પરિશિષ્ટ-૪

અવધૂતપ્રશસ્તિ



જગત્સુહૃદ્

(અવધૂત પરિવારના ભક્તકવિસંમેલનોમાં
અપાયેલી પાદમૂર્તિઓ પૈકીની કેટલીક)

અજબ લીલા તમારી છે !
અમારી જાત ક્યાં નૈયા, મળ્યા ના હોત જો રંગા !
અમારે રંગને દરબાર સલામત છે બધાં નરનાર.
અવધૂતનો આદેશ જગતના માનવીને તારશે.
અવધૂતની વાતો જગતમાં વાયરે વ્હેતી રહે.
અહીં શ્રીરંગલીલાની હવે તો બહાર આવી છે.
આચાર એ જ અવધૂત તણો પ્રચાર
આફત મહીં અવધૂત તો રસ્તા હજારો આપશે.
એવા રંગમહર્ષિના ચરણમાં પ્રેમે નમું સર્વદા.
ઉદ્ધાર કરવા જગતનો અવતાર અવધૂતનો થયો.
ઋણ ચુકવવા રંગ લાવ્યા અમોને હરિદ્વારમાં
ઋણ રુકમાનું ઘણેરું રંગભક્તોને શિરે.
કેમ ના આવે કોઈ, આ તો રંગનો દરબાર છે !
કોઈ ઉદાસી જોઈ નથી, જ્યાં રંગ અમારી આશા છે.
કોઈનું કાંઈ નથી ભાઈ બધું છે રંગ અવધૂતનું
ખરેખર રંગલીલાનો હવે આરંભ લાગે છે.
ગમે ના ગુરુને એવું કદમ કોઈ નથી ભરવું !
ગુરુલીલામૃત દીવાદાંડી કલિયુગના ઝંઝાવાતે
જગતની પ્રેરણામૂર્તિ વિભૂતિ રંગ અવધૂત છે,
તિમિર ભેદીને તેજ ભરી દે રંગ અમારા જીવનમાં
તૂટી પડે આકાશ તોય રંગમાં વિશ્વાસ છે.
નથી પરવા મને જગની કદી અવધૂત રીઝે તો.
બધા દેવોનાં દર્શનમાં મને દેખાય છે અવધૂત.
બધાયે સિદ્ધ સન્તોમાં અમારો રંગ ન્યારો છે.
મને તો રંગ ધામે તેજના અંબાર લાગે છે !



જગત્સુહૃદ્

મૂડી મહામૂલી અમારી રંગમાં અનુરાગની
યુગના યુગો વહી જાય પણ અવધૂત ભૂલાશે નહિ.
યુગવિભૂતિ રંગ સંત ક્રાન્તિકારી છે.
રણછોડ સાથે રંગ પણ રમતો મળે ડાકોરમાં
રંગ ને રણછોડની લીલા અલૌક્કિ હોય છે
રંગજનની માત રુકમાના ચરણકમલે નમું
રંગ તારા નામની એ જ તો બલિહારી છે
રંગ તારણહાર છે તો આ જિંદગી તરી જઈએ.
રંગ તારું નામ તો મારું જીવનસંગીત છે.
રંગ તારા નામમાં કેવી ગજબ તાકાત છે.
રંગના જીવનકવનનો જોટો આજે ક્યાં મળે ?
રંગની રંગત નિરાળી છે.
રંગનું જીવન જગતને માર્ગદર્શન આપશે
રંગનો આચાર જગતની શાંતિનો આધાર છે.
રંગ વિણ બીજું કંઈ ગાવું મને ગમતું નથી.
રંગે જલાવી જ્યોત અંતરમાં સદા જલતી રહો.
સદાયે સ્મરણ રંગનું વિજયની દિવ્ય ચાવી છે.
સમર્પણ સર્વ ઓછાં છે ચૂકવવા ઋણ ગુરુજીનાં.
સેવ્યાં ના ચરણો કદી ગુરુતણાં તો શાંતિ ક્યાંથી મળે ?
સ્મરી લે સ્મરી લે ગુરુ રંગનામ
હું શું ગણાવું ને વખાણું આપની લીલા પ્રભો !

પરિશિષ્ટ-૫

નારેશ્વરસંસ્થાન



જગત્સુહૃદ્

પૂ. શ્રીની એક વિશેષતા એ છે કે તેમણે નારેશ્વરમાં રહીને તપ કર્યું અને એ સ્થાન એમના આવ્યા પછી જાહેરમાં આવ્યું છતાં નારેશ્વર નારેશ્વર જ રહ્યું. રંગનું નામ ન જોડાયું.

નારેશ્વર મહાદેવનું પુરાણું નામ કપર્દીશ્વર. નારોપંતને સ્વપ્ન આવ્યું ને કપર્દીશ્વરનું રેલમાં તણાઈ ગયેલ, દટાઈ ગયેલ શિવલિંગનો જીર્ણોદ્ધાર થયો ને નારોપંતના નામ સાથે જોડાઈ નારેશ્વર થયું. પૂ.શ્રીએ અહીં આવ્યા બાદ સંશોધન કરી આ બધું શોધ્યું જે નારેશ્વરમાહાત્મ્યમાં ગ્રથિત છે.

પૂ.શ્રી અહીં આવ્યા અનુષ્ઠાન કરવા. 'દત્તપુરાણ'ના ૧૦૮ પારાયણો અને મંત્રજપ કરવાના હતા. તેથી પાકું કશું કરવું નહીં એવું કહેવા છતાં ઉત્સાહી દાસકાકાએ પાકી કુટિર કરી, જે શરુમાં દત્તકુટિર, પૂ.શ્રીના નિવાસ સ્થાન તરીકે ઓળખાઈ. અહીં જ ૧૦૮ પારાયણો થયાં. પછી ગુફા બંધાઈ. શરૂમાં તે નાની હતી. પાછળથી જીર્ણ થતાં આજની નવી ગુફા થઈ. એ અર્પણ કરતી વેળા અંદર "પૂ.શ્રીના રહેવા સારું." એવા શબ્દો ઠરાવમાંથી પૂ.શ્રીએ નિઃસ્પૃહતાપૂર્વક કઢાવી નાખ્યા. કોઈકે કહ્યું : ટ્રસ્ટીઓ તમને કાઢી મકશે તો ? પૂ.શ્રી એટલું જ બોલ્યા : હું ટ્રસ્ટીઓને જોઈને નથી આવ્યો !

આ ટ્રસ્ટ પૂ. શ્રીના આવ્યા પછી ૧૯૩૧ની સાલમાં થયું. અહીં પૂ.શ્રીનો સ્થાયી નિવાસ હતો જ નહીં. પણ નારાયણભાઈની તબિયત બગડી અને તેઓ પૂ. માજી સાથે ૧૯૩૫માં આવ્યા અને ૧૯૩૬માં ભાઈ ગુજરી ગયા તેથી પૂ. માજીનું વાસ્તવ્ય થતાં પૂ. શ્રીનું એ કાયમી નિવાસસ્થાન બન્યું. તેથી દત્તકુટિર વિશાળ થવા લાગી ને માતૃકુટિરમાં ફેરવાઈ ગઈ. પૂ. માજીએ અહીં જ દેહ મૂક્યો.

૧૯૩૬થી ૧૯૬૭ના ગાળામાં સ્થાનનો જબરજસ્ત વિકાસ થયો પૂ. માજીના વાસ્તવ્યને જ એ બધું આભારી છે. જ્યાં પૂ. માજીનો અગ્નિસંસ્કાર થયો હતો તે સ્થળે આજે માતૃસ્મૃતિશૈલ છે જેની સ્થાપનાના પાયામાં શ્રીયંત્ર શ્રી સૂક્તના અનેક પાઠસહિત ધાર્મિક વિધિ કરી પધરાવ્યું છે. એ અગાઉ પૂ. માજીની હયાતિમાં જ પૂ. માજીની આરસપ્રતિમા પધરાવવામાં આવી હતી.



જગત્સુહૃદ્

પૂ. માજી અહીં નારાયણભાઈ સાથે આવ્યાં ત્યારે અત્યારે જે ઑફિસનું મકાન છે ત્યાં અતિથિભવનનું કામ ચાલતું હતું. ભક્તો એટલા ઉત્સાહી હતા કે ગરાડા ખોદ્યા તે માણસ સમાય એટલા ઊંડા હતા જેથી એક લાખ ઇંટ તો એના પાયામાં પુરાઈ ગઈ. અલબત્ત એનું કામ થતાં અનેક અડચણો આવી પણ ભગવાનની દયાથી ઉકલી ગઈ. આજે એના ઉપર એક માળ પણ ચણાયો છે અને 'ક્લોક ટાવર' મૂકવાની તૈયારીઓ થઈ ગઈ છે.

પૂ. શ્રીને પાછલાં વર્ષોમાં લોકોની અવરજવરને કારણે પૂરતો આરામ મળતો નહીં. કુદરતી હાજતે બહાર નીકળે કે ટોળું ઊભું જ હોય. તેથી ગુફામાં બધી જ સગવડ હોય, પોતાને દિવસો સુધી બહાર ન આવવું હોય તોય અંદર બધી જ સગવડ હોય એવું નવું મકાન બન્યું અને પૂ. શ્રીએ એનું નામ આપ્યું : ''શાંતિનિકુંજ''.

એક વખત દ્વારકાપીઠના શંકરાચાર્યજી પધાર્યા. તેમના ગયા પછી પૂ. શ્રીને લાગ્યું કે શિષ્યો સાથે પધારનાર આવી મોટી હસ્તી માટે એક અલાયદું મકાન હોય તો સારું. અને બંધાયું 'સંતનિકેતન'. મુ. ભવાનીશંકર શાસ્ત્રીજી તરફથી એ બધું થયું.

પ્રથમ સર્જીકલ કેમ્પ યોજાયો ૧૯૬૫માં. ડૉકટરોને રહેવા તથા જુદા જુદા તપાસરૂમો જોઈએ. તેને ધ્યાનમાં રાખી આંબાવાડિયાના ખેતરમાં ૧૬ રૂમો બંધાઈ. ત્યાં રસોડા માટે પણ વ્યવસ્થા થઈ. પાછળથી બીજા ત્રણ હૉલ એમાં ઉમેરાયા.

આ અગાઉ વિસનગર પરિવારે ત્યાં સાધનાકુટિરો બાંધી. એ તરફ તે વખતે 'રુકમામ્બા ઔષધાલય' માટે રૂમો વગેરે બંધાયાં.

પૂ. શ્રીની ઉપસ્થિતિમાં જ ડૉ. વાણીકાકાએ જમીન લઈ બંગલો બાંધ્યો જે પાછળથી સ્થાને રાખ્યો. મોટી કોરલમાં તપ કરીને પૂ. લાલજી મહારાજ નારેશ્વર બાર વર્ષ મૌન તપ માટે વસ્યા. તેમની સેવામાં પૂ. કૃષ્ણાબેન પણ હતાં. તેમને સ્થાને જગ્યા આપી તેમાં રામનિવાસનું નિર્માણ થયેલું છે. પૂ. કૃષ્ણાબેનનો નિવાસ રામનિવાસમાં આજે પણ છે. એની પાછળ નર્મદાકિનારે ડૉ. ઈન્દુભાઈ પ્રેરિત રંગસેવાસદન બંધાયું અને ઊંઝા-ઉનાવાપરિવાર પણ એમની બાજુએ મકાન બંધાવવાના છે.

આ અગાઉ નદીના રસ્તે થોડી રૂમો આવનાર યાત્રાળુઓ માટે બંધાઈ અને હવે એની ઉપર માળ પણ થયો છે.

આ અગાઉ મહાદેવ પાસેની રૂમો ને સ્ટેજ સાંસ્કૃતિક કાર્યક્રમોને ધ્યાનમાં રાખી બંધાયાં.

બુચિયાની સમાધિ તો પૂ. શ્રીની પ્રાણી પ્રત્યેની, વિશેષતઃ બુચિયા પ્રત્યેની માની મમતાને ધ્યાનમાં રાખી બંધાયેલી હતી જ.



જગત્સુહૃદ્

પછી લાયબ્રેરીનું મકાન અલગ જોઈએ એમ લાગવાથી 'સરસ્વતી મંદિર' લીમડા-બોધીવૃક્ષની સામે બંધાયું. એની અગાસીમાં પૂ. શ્રીના બ્રહ્મલીન થયા પછી પ્રદર્શન યોજાયું તે જોઈ લાગ્યું કે અહીં પૂ. શ્રીનું કાયમી સ્મૃતિમંદિર હોય તો સારું એ રીતે સ્મૃતિમંદિર, ધ્યાનમંદિર થયું. અંદર સોળ કબાટોમાં પૂ.શ્રીની વિવિધ સ્મૃતિઓ સંગ્રહાયેલી છે. ગોઠવતીવેળા મુ. શ્રી જયંતીલાલ આચાર્યે સૂચન કર્યું કે ચરણથી મસ્તક સુધીની વપરાતી વસ્તુઓ ક્રમશઃ ગોઠવાય જેથી. પૂ. શ્રીના એ રીતે સૂક્ષ્મ દર્શન થઈ રહે. પેસતાં જ પાદુકાઓ તથા છેલ્લે મુગટો. કબાટની બહાર પણ કેટલીક ચીજો મુકાઈ જેમાં કેવળ ગ્યાસતેલની વાટથી સળગતા દીવાના આધારે ચાલતો પંખો ધ્યાનાર્હ છે.

લીમડાની પાછળનું મચ્છરબંગલાનું મકાન પૂ. શ્રી સૂતા હોય ત્યારે મચ્છરથી રક્ષણ મળે તે રીતે બંધાયું છે. ગુફાની નજીક દત્તની પાદુકાનું સ્થાન છે. તે પાદુકા પાસે ઔદુમ્બર હતો. મોટો થતાં ત્યાં લાકડાનું કેબિન થયું જેથી દત્તનામસંકીર્તનના અભિષેકસહિત પૂજા થઈ શકે. ઔદુમ્બર મોટો થયો. લાકડાનું કેબિન સિમેન્ટની કેબિનમાં પલટતા ઔદુમ્બર જતો રહેલો. હવે કેબીનની પાછળ કુંડામાં વાવ્યો છે. દત્તભગવાનના સોળ અવતારોનાં નામ આપી જુદે જુદે સ્થળે ૧૬ ઔદુમ્બરો રોપવાનો વિચાર હાલના પૂજાધિકારી નરહરિભાઈ ત્રિપાઠીને આવ્યો ને એ રીતે ૧૬ ઔદુમ્બરો ઉછર્યા.

લીમડાની પાછળ એકાંતમાં પારાયણ થઈ શકે તે અર્થે નાની ભોંયરાવાળી કુટિર - વાસુદેવ કુટિર - થઈ જેમાં પૂ. શ્રીએ પ્રથમ અનુષ્ઠાન કર્યું. એ પછી આણંદના શ્રી જશભાઈ દેસાઈએ સ્વખર્ચે બીજી છ કુટિરો બાંધી સ્થાનને અર્પણ કરી. આજે એ કુટિરો અનુષ્ઠાનાર્થીઓ વાપરે છે.

પાદુકામંદિરની નજીક જ એક લતામંડપ છે જેમાં પૂ. શ્રી વ્યક્તિગત મુલાકાતો આપતા હતા. અનેક મહાનુભાવોએ, જનતાએ પ્રશ્નોત્તરીમાંથી જ્ઞાનનો લાભ લીધો છે. એવો જ જ્ઞાનનો લાભ અનેકે લીમડા નીચે પણ લીધો છે. આ લીમડો પૂ. શ્રીના બોધગ્રહણ કરી

કરી નીચો-નમ્ર બન્યો છે ને મીઠો પણ થઈ ગયો છે. એની વિશેષતા એ છે કે એ વર્ષમાં બે વાર પુષ્પાન્વિત થાય છે.



જગત્સુહૃદ્

'રંગમંદિર'ની આગળ પતરાનો શેડ કરીને ઘણાં વર્ષો પૂજન, ભજનાદિ થતાં રહ્યાં. પછી લંડનપરિવારની ભક્તિના બળે આરસનો સુંદર સભામંડપ, ગુફાને પણ આવરી લઈ થયો. એ થતાં યજ્ઞ વગેરે કરવા માટેની જગા જોઈએ જે પહેલાં સોમયાગ થયો હતો ત્યાં યજ્ઞશાળા-શાસ્ત્રોક્ત પદ્ધતિથી બંધાઈ. એનું શ્રેય પણ લંડનપરિવારને જ જાય છે.

પૂ. શ્રી બ્રહ્મલીન થયા પછી જે સ્થળે એમના દેહને અગ્નિસંસ્કાર થયા તે જ સ્થળે 'રંગમંદિર' થયું. મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા પૂનાના યેદૂરકર શાસ્ત્રીજીના હસ્તે થઈ. પૂ. મુક્તાનંદ બાબા, પૂ. ગુલવણી મહારાજ, જેરે શાસ્ત્રીજી, પૂ કવીશ્વરજી સહિત અનેક ઉપસ્થિત હતા.

પૂ. શ્રીની દૈહિક ઉપસ્થિતિમાં એક અને પછી અનેક સર્જીકલ કેમ્પો થયા. એમાંથી ઉદ્‌ભવી હૉસ્પિટલ બાંધવાની પ્રેરણા. ૨૫ લાખના ખર્ચે ચાર રસ્તા ઉપર ભવ્ય હૉસ્પિટલ થઈ જેનું ખાતમુહૂર્ત કર્યું - ભાગવત વિદ્યાપીઠના સ્થાપક-અધિષ્ઠાતા ભાગવતમાર્તંડ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ કર્યું હતું અને ઉદ્‌ઘાટન થયું દ્વારકાપીઠાધી શક શ્રી સ્વરૂપાનંદજી મહારાજશ્રીના શુભહસ્તે. લોહી વગેરેની તપાસની લેબોરેટરી, એક્સરેમશીન આદિ અદ્યતન સુવિધાઓવાળી આ હોસ્પિટલ દિવસે-દિવસે લોકોમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરતી જાય છે. એ ૧૦૦ પથારીની હોસ્પિટલ થઈ શકે એવી શક્યતા વિચારી એનો 'પ્લાન' થયો છે. જેમા હાલ તો અડધું જ બાંધકામ થયું છે. ડોક્ટરોના રહેણાંકો, મોબાઈલવાન માટેનો પ્લાન વગેરે ભવિષ્યમાં એની ઉપયોગિતા નક્કી વધશે. દરમ્યાન આંખ, હાડકાં સર્વરોગનિદાન, વગેરેના નાનામોટા કેમ્પ ચાલુ જ છે. પૂ. શ્રી નો આદર્શ માંદાની માવજતનો નજર સામે રાખી એમાં મળતી સુવિધાઓ માટેની ફીઓ અત્યંત કિફાયત રાખવામાં આવી છે. અને જરૂરતમંદો પૈસાના અભાવે આવી સુવિધાઓ લેતાં ન અટકે તે માટે અમૂલ્ય સેવાઓની પણ જોગવાઈ અપાય છે.

દવાખાના સામેનું સબપોલીસ સ્ટેશન સ્થાનમાં આવતી વિવિધ સ્વભાવની વ્યક્તિઓને ધ્યાનમાં રાખીને હાલ જ બંધાયું છે.

પૂજયશ્રીની નિર્હેતુક લોકસંગ્રહાત્મક લીલાઓથી આમ નારેશ્વરસંસ્થાન જીવંત તીર્થક્ષેત્રની તપોભૂમિ તરીકે ગુજરાતના નકશામાં સુપ્રસિદ્ધ થયું છે.



